# અનુક્રમણીકા ( ગુજરાતી મજલીસો )


| | | |
|---|---|---|
| ૧ . | હઝરત મોહમ્મદ (સ.અ.વ.)ના અખ્લાક અને વફાત | ૧ |
| ૨. | સુર એ દહર નાઝીલ અને કારણ અને જ. સય્યદા (સ.અ.)ની વફાત | ૯ |
| ૩. | હઝરત અલી ( અ.સ.) ના ફઝાએલ અને શબે ઝરબત | ૧૭ |
| ૪. | હઝરત અલીની વિલાદાત અને શહાદત | ૨૩ |
| ૫. | હઝરત ઈમામે હસન (અ.સ.)ના ફઝાએલ અને શહાદત | ૩૦ |
| ૬. | મુબાહેલાનુ બયાન અને ઈ. હુસૈન (અ.સ.)ની કબ્રથી રૂખ્સતી | ૩૫ |
| ૭. | મોતની હકીકત અને ઈમામે હુસૈન (અ.સ.)ની મદીનાથી રૂખ્સતી | ૪૧ |
| ૮. | દોરુદની ફઝીલત અને જનાબ અ.ની શહાદત | ૪૫ |
| ૯. | હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) અને હઝરત અલી યતીમ પરવરી અને જનાબે મુસ્લિમ બિન અકીલના ફરઝન્દોની શહાદત | ૫૨ |
| ૧૦. | હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ની મહેમાન – નવાઝી | ૫૮ |
| ૧૧. | હઝરત ઈમામે હસન અસ્કરી(અ.સ.) અને બહલુંલ વચ્ચે વાતચીત, જ. હુરની શહાદત અને બુરૈરનું પાણી લાવવું | ૬૫ |
| ૧૨. | ઈમાન બિલ ગયબની તફસીર અને જ. કાસીમ (અ.સ.)ની શહાદત | ૭૧ |
| ૧૩. | જંગે ખયબર અને હઝરત અબ્બાસ (અ.સ.) ની શહાદત | ૭૬ |
| ૧૪. | મોવદ્દતની આયત અને જ. અલીઅકબર (અ.સ.) શહાદત | ૮૨ |
| ૧૫. | જ. હસનૈન (અ.સ.)ના ફઝાએલ અને જ. અલીઅસગર (અ.સ.)ની શહાદત | ૮૮ |
| ૧૬. | શબે આશુર | ૯૩ |
| ૧૭. | રોઝે આશુરા, હ. ઈમામે હુસૈન (અ.સ.)ની શહાદત | ૯૭ |
| ૧૮. | શામે ગરીબા | ૧૦૧ |
| ૧૯. | જનાબે નુંહ (અ.સ.) અને જ. ઈબ્રાહીમ (અ.સ.)નુ ઇમ્તેહાન અને અહલેબૈત (અ.સ.)નુ કરબલાથી રવાના થવું | |
| ૨૦. | જ. સય્યદાનુ શાદીમાં જવું અને ઉમ્મે હબીબાની રિવાયત | ૧૦૮ |

# અહ્વાલે કરબલા

## (ગુજરાતી મજલીસો)

## મજલીસ : ૧

જનાબે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ના અખ્લાક, આપની રહમદિલીના પ્રસંગો, શક્કુલ કમરનો મોઅજિઝો તથા આપની વફાત.

## બિસ્મિલ્લાહિર્ રહ્માનિર્ રહીમ

**કાલલ્લાહો અઝઝ ઈસ્મોહુ ફી કિતાબેહિલ મજીદે વ ફુરકાનેહિલ હમીદ : 'વ ઈન્નક લઅલા ખોલોકિન અઝીમ.' (પરવરદિગારે આલમ પયગમ્બરે ઈસ્લામના અખ્લાક વિષે ઈરશાદ ફરમાવે છે કે : બેશક! તમારા અખ્લાક મહાન છે.)**

હઝરાત ! પયગમ્બરે ઈસ્લામ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ના અખ્લાકની ખલ્લાકે આલમે આ આયતમાં તઅરીફ કરી છે. કારણ કે આપના ઉમદા અખ્લાકથી આકર્ષાઈને અરબોની જાહિલ કૌમો પણ હિદાયત મેળવી શકી અને ફકત ત્રેવીસ વર્ષના અલ્પ સમયમાં એ અજ્ઞાન અને જાહિલ અરબોને રાહે રાસ્ત પર લાવી દીધા. આપના ઝમાનાના જંગલી અરબો વાત વાત ઉપર ઝગડી પડતા હતા. જહાલતના અંધારા આખાય

અરબસ્તાન ઉપર છવાઈ ગયાં હતાં. સામાન્ય વાતમાં અને નાની નાની બાબતો ઉપર ખુન વહાવવું રમત વાત થઈ પડી હતી.

કેટલાક કુટુંબો ખુન અને હત્યા કરનારને બહુજ ઈઝઝતથી જોતા હતા, કેટલાક કુટુંબો દીકરીઓને પોતાના હાથે જીવતી દાટી દેતા હતાં. પણ પયગમ્બરે ઈસ્લામ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)મે પોતાની દુખ્તર જનાબે ફાતેમતુઝઝહરા સલામુલ્લાહે અલયહાની એવી રીતે તઅઝીમ કરતા હતા કે, જયારે જનાબે રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ની પાસે જનાબે સય્યદા (સલામુલ્લાહે અલયહા) આવતા હતા ત્યારે આપ ઉભા થઈ જતા હતા. કારણ કે, જાહિલ અરબોને સબક આપવો હતો કે જુઓ, દીકરીઓ ઉપર અત્યાચાર ન કરવો જોઈએ પણ તેને ઈઝઝત આપવી જોઈએ.

ઈતિહાસમાં આપના મોઅજિઝા તથા અખ્લાકના સેંકડો પ્રસંગો નોંધાએલા છે. હું આપની સામે આપના અખ્લાકનો એક પ્રસંગ બયાન કરીશ કે, જેથી આપને માઅલુમ થઈ જશે કે, ગેર મુસ્લિમો સાથે પણ આપ કેવી સલુકાઈથી પેશ આવતા હતા !

લખે છે કે, આપ જે રસ્તેથી પસાર થતા હતા તે રસ્તા ઉપર એક યહુદી ઔરત પોતાના ઘરમાંથી આપની ઉપર કચરો ફેંકતી હતી અને એ તેણીની હંમેશની ટેવ પડી હતી.

એક દિવસ જયારે આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) ત્યાંથી પસાર થયા ત્યારે યહુદી ઔરતના ઘરમાંથી કચરો ફેંકાયો નહીં, આપને નવાઈ લાગી અને તેણીના પાડોશીને પુછ્યું : આજે આ ઘરની માલિકા કયાં ગઈ છે ? પાડોશીઓએ જવાબ આપ્યો : તે બિમાર છે.

હઝરાત ! ઈન્સાનના સ્વભાવમાં હોય છે કે, જયારે પોતાના દુશ્મન ઉપર મુસીબત આવવાના સમાચાર સાંભળે છે ત્યારે તેને ખુશી અને આનંદ થાય છે. પરંતુ ખુલ્કે અઝીમના માલિક અને સમસ્ત વિશ્વ ઉપર રહમત થઈને આવેલ રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) ખુશી થવાને બદલે દુ:ખી થયા. દોસ્તો આ અમારા માટે એક ઉમદા સબક છે કે, દુશ્મન ઉપર મુસીબત આવે તો ખુશી ન થવું જોઈએ. ખૈર ! હઝરતે તેણીના મકાન ઉપર જઈ અવાઝ આપી, અંદરથી ખાદિમાએ પુછ્યું કોણ છે? આપે ફરમાવ્યું ? હું હઝરત અબુતાલિબનો ભત્રીજો મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) છું. તારી માલિકાને કહે કે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) આવેલ છે.

ખાદિમા પોતાની માલિકા પાસે ગઈ અને તમામ વાત કરી. તેણીની યહુદી માલિકા ડરી ગઈ. તેને ખયાલ આવ્યો કે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) બદલો લેવા આવે છે, તેણીએ કહ્યું ભલે, તેઓને અંદર આવવા દો. ખાદિમા હઝરત પાસે આવીને કહ્યું : ચાલો, રજા મેળવી આવી છું. જયારે હઝરત તે ઔરત પાસે પહોંચ્યા ત્યારે તેણીનું આખુંય શરીર કંપી રહ્યું હતું. હઝરતને જોઈ તેણી ધીમા સાદે બોલી : આપ બદલો લેવા માટે બહુજ ખરાબ વખતે આવ્યા છો, આ સમય બદલો લેવાનો નથી, મને માફ કરો, હઝરતે ફરમાવ્યું : નહી, નહીં, તમે ગભરાવ નહીં, હું તમારી અયાદત (ખબર - અંતર પૂછવા) અને ખિદમત માટે આવ્યો છું. એમ ફરમાવી આપે દોઆ કરી તેણીનો તાવ ઉતરી ગયો.

ખુલ્કે અઝીમના માલિક તરફ યહુદી ઔરત હૈરતથી જોઈ રહી. થોડીવાર પછી બોલી : હઝરત ! મેં આપથી આવી સારી આશા નહોતી રાખી. જો ઈસ્લામનું શિક્ષણ આવું જ હોય તો, અય મુસલમાનોના રસુલ ! મને પણ મુસલમાન સમજો, એમ કહી કલમો પડી તેણી મુસલમાન થઈ ગઈ. (સલવાત)

હઝરાત ! પયગમ્બરે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)નો એક મોઅજિઝો આપની સામે બયાન કરી મસાએબ ઉપર મજલીસને તમામ કરીશ. 'નાસેખુત તવારીખ'માં છે કે હબીબ બિન માલિક કન્દી કુરેશના આગ્રહથી શક્કુલ કમરના (ચાંદના બે ટૂકડા કરવાના) મોઅજિઝા માટે તાએફથી આવ્યો અને તેણે હઝરતને મોઅજિઝો કરી બતાવવા કહ્યું. તારીખ નક્કી થઈ. એ વાત પવન વેગે ચોતરફ ફેલાઈ ગઈ અને જયાં ને ત્યાં એ વિષેની જ વાતો થતી હતી કે, અબ્દુલ્લાહનો યતીમ ચાંદના ટુકડા કરવાનો દા'વો કરે છે. જોઈએ તે કયાં સુધી પોતાના દા'વામાં સાચો છે. હિજરત પહેલા ત્રણ વર્ષ અગાઉ ચઉદમી ઝિલ્હજની આ વાત છે.

અબુ કોબૈસના પહાડ ઉપર માણસો એકઠા થવા લાગ્યા. હબીબ બિન માલિક પણ કુરૈશના સરદારો સાથે આવ્યો અને ચાંદીની ખુરશી ઉપર બેઠો. જનાબે રસુલે ખુદા મોહમ્મદે મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ગુસ્લ કર્યું. પોશાક પહેર્યો અને નમાઝ પડીને મુનાજાત કરી. જિબ્રઈલે અમીન ખુદાના હુકમથી નાઝીલ થયા અને કહ્યું : યા રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) જો તમો કહો તો અમો આસમાનને ઝમીન સાથે મેળવી દઈએ, હઝરત આદમ (અલય્હિસ્સલામ)ની પયદાઈશ પહેલાં એક હઝાર વર્ષ અગાઉ ચાંદને આપની તાબેદારીનો હુકમ આપવામાં આવ્યો છે. આ સાંભળી હઝરતના ચહેરા ઉપર ખુશીની નિશાની દેખાઈ. જનાબે ખદીજતુલ કુબરાને આપે ફરમાવ્યું : તમો દોઆ કરો કે આજે દીને ખુદાની આબરૂ રહી જાય.

બયતુશ્શરફમાંથી રિસાલતનો ચિરાગ જાહેર થયો, આપના પડખામાં કમરે ઈમામત જનાબે અમીરૂલ મોઅમેન અલી ઈબ્ને અબી તાલિબ (અલય્હિસ્સલામ) હતા. આપની પાછળ જનાબે હમઝા, જનાબે જાઅફર, જનાબે અબ્બાસ અને જનાબે અકીલ હતા, આફતાબે રિસાલત અને કમરે ઈમામતના આવવા સાથે એક શોર બલંદ થયો. હબીબે આપની તઅઝીમ કરી

અને અર્ઝ કરી : પહેલે દોઆ કરો કે ચાંદ ઉપર એવી રીતે અંધારૂં છવાઈ જાય કે તે બિલકુલ દેખાય નહીં. એ પછી ચાંદના બે ટુકડા કરી બતાવો.

હઝરાત ! આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)મે દોઆ માટે હાથ ઉંચા કર્યા અને દોઆ કરી, જનાબે અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)મે આમીન કહી. તુરંત જ ચોતરફ અંધારૂ છવાઈ ગયું. એટલે સુધી કે લોકો હેરાન પરેશાન થઈ ગયા. એ વખતે હબીબે અરજ કરી : અય પયગમ્બરે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) ! હવે અંધારૂ દુર કરો અને ચાંદને હુકમ આપો કે, બે ટુકડામાં વહેંચાઈ જાય. હઝરતે પોતાની આંગળી મુબારકથી ચાંદ તરફ ઈશારો કર્યો. ઈશારો થતાં જ ચાંદના બે ટુકડા થઈ ગયા, એક ટુકડો આસમાનમાં રહ્યો, બીજો ટુકડો રિસાલતની સલામી માટે ઝમીન ઉપર ઉતરીને પહેલે કઅબાનો તવાફ કર્યો, પછી હજરતની પાસે આવી ગવાહી આપી : અશ્હદો અલ્લાએલાહ ઈલ્લલ્લાહ વ અશ્હદો અન્ન મોહમ્મદર રસુલુલ્લાહ.

હબીબ બિન માલિક આપનો મોઅજિઝો જોઈને આપની રિસાલતનો કાએલ થયો અને ઈમાન લાવ્યો કે આપ ખુદાના સાચા રસુલ છો. (સલવાત)

દોસ્તો ! પયગમ્બરે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)મે શક્કુલ કમરનો મોઅજિઝો બતાવ્યો અને એ જ પયગમ્બરના વસી જનાબે અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબીતાલીબ (અલય્હિસ્સલામ)મે આફતાબને પલટાવી દુન્યાને મોઅજિઝો બતાવ્યો. આફતાબને એ જ પલટાવી શકે કે, જે રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)નો સાચો જા-નશીન હોય.

અઝાદારો ! પયગમ્બરે ઈસ્લામ પોતાના આખરી દિવસોમાં વસિયત કરવા ચાહ્યું પણ કોઈએ આપને કલમ અને દવાત આપ્યા નહીં. સાચું કહું છું જો આપને કલમ અને દવાત આપવામાં આવેલ હોત તો આજે ઉમ્મત

આટલી બધી ગુમરાહીમાં ન હોત, કલમ અને દવાત આપવાને બદલે કહેનારાઓએ કહી દીધું કે : હસ્બોના કિતાબુલ્લાહ - અમારા માટે ખુદાની કિતાબ પુરતી છે ! અફસોસ, આ જવાબથી પયગમ્બરે ઈસ્લામ નિરાશ થઈ ગયા, આપની આશા ટુટી ગઈ. આપે એવું કહેનાર માણસ તરફ એક હસરતભરી નિગાહ કરી અને કહ્યું : 'કુમુ અન્ની - અહીંથી દૂર થઈ જા.'

અફસોસ, પયગમ્બરે ઈસ્લામની વાતોને ઘણાઓએ ન માની. આપ મસ્જીદમાં ફરમાવતા હતા કે : મારી વફાતનો સમય નઝદીક છે. અય્યોહન્નાસ ! "ઈન્ની તારેકુન ફી કોમુસ્સકલયન કિતાબુલ્લાહે વ ઈતરતી અહલેબયતી" - "હું તમારી વચ્ચે બે ભારી ચીઝો છોડી જાઉં છું, એક કિતાબે ખુદા અને બીજી મારી ઈતરત !" આ બન્ને ચીજોને જો તમે વળગી રહેશો તો હરગિઝ ગુમરાહ નહીં થાઓ, આ બન્ને એક બીજાથી અળગા નહીં થાય, એટલે સુધી કે કયામતના દિવસે હવઝે કવસર ઉપર મને મળશે, તમારા ઉપર લાઝિમ છે કે, આ બન્નેની વિરૂધ્ધ ન જાવ, નહીતર હલાક થઈ જશો.

ત્યાર પછી આપ ઉમ્મે સલમાના ઘરમાં તશરીફ લાવ્યા. જનાબે ઉમ્મે સલમાએ આપની અજીબ હાલત જોઈ તો અરજ કરી : યા રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) ! મારા મા-બાપ આપ ઉપર કુરબાન થાય. આજે આપની કેવી હાલત છે ? આપે ફરમાવ્યું : મારી વફાતનો સમય નઝદીક છે. આજ પછી તમો મોહમ્મદની અવાજ સાંભળશો નહીં. આ સાંભળી જનાબે ઉમ્મે સલમાની આંખોમાં આંસુ આવી ગયાં. એ પછી હઝરતે ફરમાવ્યું : અય ઉમ્મે સલમા, મારી પારએ જીગર બેટી ફાતેમા (અ.)ને બોલાવો કે, તેનાથી હું વિદાઅ થઈ લઉં.

જયારે જનાબે સય્યદા (સલામુલ્લાહે અલયહા) આવ્યા ત્યારે તેઓએ જોયું કે, અબ્બાજાન ગશમાં છે અને થોડીક પળોના મહેમાન છે. આપ સીનએ મુબારકથી લિપટી ગયા અને હઝરતના મુખ ઉપર પોતાનું મુખ રાખી રડી રડીને કહેવા લાગ્યા : 'યા અબ્તાહો, વ યા રસુલલ્લાહે નફસી લે નફસેકલ

ફેદાઅ - અય બાબા જાન, મારી જાન આપ ઉપર ફિદા થાય' હું ફાતેમા છું. જનાબે રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)મેં આંખો ખોલી અને ફરમાવ્યું : બેટી ! પરેશાન ન થાવ, તું મને સર્વથી પહેલા મળીશ. અય બેટી ! હસનૈનને બોલાવો કે, હું તેમને મળી લઉં અને તેઓ મને મળી લે.

જયારે હસનૈન (અલય્હિસ્સલામ) આવ્યા ત્યારે આપે પોતાના બન્ને હાથ મુબારક ફેલાવી બન્નેને છાતી સાથે ચાંપી દીધા અને ઘણીવાર સુધી સાહેબઝાદાઓને પ્યાર કરતા રહ્યા.

એટલામાં જિબ્રઈલ જન્નતની કાફુર લઈ નાઝીલ થયા અને સલામ બાદ અરજ કરી : ખુદાવંદે તઆલાએ આ જન્નતની કાફુર આપને હદિયા Çરૂપે મોકલેલ છે અને સલામો દોરૂદના તોહફા બાદ ઈરશાદ ફરમાવે છે કે, આ જન્નતની કાફુરમાંથી આપ પોતાના હુનુત માટે રાખો અને બાકીનું અહલેબયતને વહેંચી આપો.

હઝરત રસુલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) મે તે કાફુરના ચાર ભાગ કરીને એક ભાગ પોતા માટે રાખ્યો, બાકીના ત્રણ ભાગ જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા), હઝરત અલી (અલય્હિસ્સલામ), અને ઈમામે હસન (અલય્હિસ્સલામ)ને વહેંચી આપ્યા. જયારે ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)મે જોયું કે, જન્નતની કાફુરમાંથી પોતાને કંઈ હિસ્સો મળ્યો નહીં તેથી આપ નારાજ થયા અને રડતાં રડતાં અર્ઝ કરી : નાનાજાન ! આપ મારા ઉપર પ્રેમ અને મમતા તો ઘણી રાખો છો. તો પછી મને કેમ જન્નતના કાફુરમાંથી હિસ્સો ન આપ્યો ? શું મારા કિસ્મતમાં એ કાફુર નથી ? શું હું એને લાયક નથી ?

આહ નાનાજાન આ પ્યારા નવાસાના મનનું કેવી રીતે સમાધાન કરે ? અઝાદારો ! હઝરત રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)

ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને કેવો જવાબ આપે છે તે દિલ પકડીને સાંભળો.

જયારે હ. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)મે એ પ્રમાણે ફરિયાદ કરી ત્યારે હઝરત રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) તાબેઝબ્ત ન લાવી શકયા. એકદમ હ. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ને પોતાની ગોદમાં લઈ લીધા, ગળે લગાડયા, ઘડીક હોઠ અને દાંતને ચુમતા હતા, તો ઘડીક ગરદન ઉપર બોસો દેતા હતા, અઝાદારો ! સમજી તો ગયા હશો કે, હઝરત રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) હ. ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ના લબો દંદાન (હોઠ અને દાંતોને) અને ગરદનને શા માટે ચુમતા હતા ? આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)એ બેચૈન થઈને ફરમાવ્યું :

અય મારા પ્યારા ફરઝંદ ! કાફુર ન મળવાનો અફસોસ ન કરો, શહાદતનો દિવસ હવે દૂર નથી, રાહેખુદામાં શહીદ થનારને કાફુરની જરૂર રહેતી નથી.

અય હુસૈન ! તમો એવા મઝલુમ છો કે જેને કરબલાના જંગલમાં ત્રણ દિવસના ભુખ્યા અને તરસ્યા ગોસફન્દની જેમ ઝબ્હ કરવામાં આવશે. બેટા ! જન્નતના કાફુરથી તમારો શું વાસ્તો ? અરે ! જંગલની રેતીથી તમારૂં હુનુત થશે અને તમારા લોહીથી તમારૂં ગુસ્લ થશે !

લખે છે કે, જયારે પયગમ્બરે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) બેહોશ હતા અને જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા) અબ્બાજાનની પાસે બેઠા હતા, એવામાં કોઈએ બારણાની સાંકળ ખખડાવતા કહ્યું : યા રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) આપ ઉપર સલામ થાય, હું એક મુસાફર છું અને પયગામ લઈને આવ્યો છું. જો રજા મળે તો ખિદમતમાં હાજર થાઉં. જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા)એ જવાબ

આપ્યો : અય શેખ, અત્યારે હઝરત કોઈની મુલાકાત કરી શકે એવી સ્થિતિમાં નથી, માટે તમો જાવ.

પણ તે અરબે ચાલ્યા ન જતાં ફરીવાર રજા માંગી અને જનાબે માઅસુમાએ ફરીથી તેને મના કરી.

ત્રીજીવાર ભયાનક અને બિહામણી અવાજ સાથે અંદર આવવાની રજા માંગી, એ અવાજ સાંભળી જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલયહા) કંપી ગયા અને આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વઆલેહિ વસલ્લમ)ની આંખો પણ ઉઘડી ગઈ. આપે જનાબે સય્યદા (અલય્હિસ્સલામ)ને પુછ્યું : બેટી શું છે ? જનાબે સય્યદાએ પેલા અરબની વાત કરી.

એ સાંભળી હઝરતે ફરમાવ્યું : અય નુરેનઝર તમે નથી સમજી શકયા કે તે કોણ છે ? બેટી, તે સ્ત્રીઓને બેવા કરનાર છે, બાળકોને યતીમ કરનાર છે, આશાઓને ભાંગનાર છે - તે મલેકુલ મૌત છે. જયારે તે કોઈ જગ્યાએ જવાનો વિચાર કરે છે ત્યારે તેને કોઈ અટકાવી શકતું નથી. બેટી, તે મલેકુલ મૌત છે. અલ્લાહ તઆલાએ તમારા ઘરના દરવાઝાને એવી ઈઝઝત આપી છે કે મલેકુલ મૌત પણ રજા વિના દાખલ ન થઈ શકે. બેટી! તેને કહો કે અંદર આવે.

આ સાંભળતા જ જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલયહા)એ એક આહ કરી અને પુકારી ઉઠયા : હાય અફસોસ ! હવે મદીના વિરાન થયું, હઝરતે મોહબ્બતથી જનાબે સય્યદાનો હાથ છાતી સાથે લગાવ્યો. મલેકુલ મૌતને ઈજાઝત મળતા ઘરમાં દાખલ થયા અને અર્ઝ કરી: અય હબીબે ખુદા (સલ્લલ્લાહો અલયહે વઆલેહિ વસલ્લમ) ખલ્લાકે આલમ સલામના તોહફા બાદ ઈરશાદ ફરમાવે છે કે, જો આપ અમારી મુલાકાત ચાહતા હો તો મૌત ઉપર રાઝી થઈ જાવ. તમામ હુરો, ગિલમાન અને રિઝવાન આપને મળવા માટે આતુર છે. જો મૌત મંજુર ન હોય તો જયાં સુધી ચાહો ત્યાં સુધી

દુનિયામાં રહો. આપે ફરમાવ્યું : મલેકુલ મૌત, મને એટલો સમય આપો કે જિબ્રઈલ મારી પાસે આવે અને મને ખુશખબરી સંભળાવે.

અઝાદારો, એ વખતે જિબ્રઈલ નાજીલ થયા અને ખુશખબરી સંભળાવી. જે વખતે જિબ્રઈલે આ ખુશખબરી સંભળાવી કે, કયામતના દિવસે અલ્લાહ તઆલા આપની ઉમ્મતને એવી રીતે બક્ષી આપશે કે આપ રાઝી થઈ જશો. એ વખતે આપે ફરમાવ્યું : હવે હું ખુશ થયો, અય મલેકુલ મૌત? હવે ખુદાવંદે આલમનો હુકમ બજાવી લાવો.

અઝાદારો, રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)નો આખરી વખત છે, આપની નજર આપની પારએ જીગર અને પ્યારી દુખ્તર જનાબે ફાતેમા ઝહરા તરફ હતી અને પયગમ્બરે ઈસ્લામની ‌ઋરૂહ પરવાઝ કરી ગઈ. જ. માઅસુમા (સલામુલ્લાહે અલય્હા)મે રડતા રડતા કરતા કહ્યું, હું બરબાદ થઈ ગઈ. મદીના ઉજડી ગયું. એટલું કહેતાં આપ ઝમીન ઉપર પડી જઈ બેહોશ થઈ ગયાં, હ. ઈ. હુસૈન (અલય્હિસ્સલામ)મે માથા ઉપરથી અમામો ફેંકી દીધો અને રોવાનો એક શોર બુલંદ થયો. મદીનાવાળાઓએ જાણ્યું કે, ખાતેમુન્નબી દુનિયાથી સીધાવી ગયા. જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા) ઝારઝાર રડવા લાગ્યા, હસનૈન (અલય્હિસ્સલામ) નાનાજાનની જુદાઈમાં તડપવા લાગ્યા.

આહ, અઝાદારો ઈસ્લામના પયગમ્બર દિલમાં કેટકેટલી આરઝુઓ લઈને ગયા, અરે, દીનો દુનિયાના શહેનશાહને દફન કરવા અને કાંધો દેવા માટે જનાબે અમીર (અલય્હિસ્સલામ) અને તેમના બે કમસીન શાહઝાદાઓ અને બની હાશિમમાંથી અબ્બાસ અને તેમના બે ફરઝંદો હતા. હઝરત અલી (અલય્હિસ્સલામ)મે રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ને ગુસ્લ આપ્યું, કફન પહેરાવ્યું અને જનાઝો તય્યાર કર્યો.

અઝાદારો રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ની લાડલી દીકરીની એ હાલત હતી કે, કયારેક રોતા હતા તો કયારેક માતમ કરતા હતા. ફઝલ બિન અબ્બાસ અને જનાબે અમીર (અલય્હિસ્સલામ)મે રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ને કબ્રમાં ઉતાર્યા, જયારે પયગમ્બરે ઈસ્લામ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ને દફનાવીને ઘરે આવ્યા ત્યારે જનાબે સય્યદાએ અજબ હસરતથી પૂછયું, પોતાના રસુલને પોતાના હાથોથી દફન કરી આવ્યા? એટલું કહેતા તો આપ બેહોશ થઈ ગયાં. અરે, જનાબે સય્યદાને પુરસો આપવા માટે મુસલમાનો હાજર હતા. મલેકુલ મૌત રજા વિના ઘરમાં દાખલ થતા નહોતા. કારણ કે, આ રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)નું ઘર હતું. અને રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ની દુખ્તરનો એહતરામ કરતા હતા. પણ હાય, અફસોસ, એ કેવા મુસલમાનો હતા કે, એ જ રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ની દુખ્તરના પહેલુ ઉપર દરવાઝો પછાડયો. અરે, એટલેથી ન અટકતા હ. અલી (અલય્હિસ્સલામ)ના ગળામાં રસ્સી બાંધી અને ઘર જલાવી દેવા માટે આવ્યા.

અઝાદારો, કરબલાના ઝુલ્મોની ઈબ્તેદા થઈ ગઈ. ઝાલિમોની જુરઅત વધી ગઈ અને મોહર્રમની દસમી તારીખે જયારે જ. ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ના ફરઝંદ શહીદ થઈ ચુકયા ત્યારે અહેલેબયત (અલય્હિસ્સલામ)ના ખૈમાઓમાં ઝાલીમોએ આગ લગાવી દીધી. બીબીઓની ચાદરો છીનવી લીધી. અરે, નેઝાઓની અણીઓથી સતાવવાનું શરૂÇ કર્યું એટલા ઉપર બસ ન કરતાં નાના બાળકોના કાનમાંથી ગોશવારા (એરીંગ) એવી રીતે ઉતારી લીધા કે, કાન ચીરાઈ ગયા અને ખુન જારી થઈ ગયું અને ચારો તરફ ફરિયાદનો શોર બલંદ થઈ ગયો.

અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝ ઝાલેમીન.

## <u>મજલીસ : ૨</u>

# સુરએ દહર નાઝીલ થવાનું કારણ અને જનાબે સય્યદા (અલય્હિસ્સલામ)ની વફાત

# બિસ્મિલ્લાહિર્ રહ્માનિર્ રહીમ

*કાલલ્લાહો અઝઝ ઈસ્મોહુ ફી કિતાબેહિલ મજીદે વ કુરકાનિલ હમીદ : યુફુન બિન્નઝરે વ યખાફુન યવમન કાન શર્રોહુ મસ્તતીરા વ યુત્એમુનત્તઆમ અલા હુબ્બેહી મિસ્કીનંવ વ યતીમંવ વ અસીરા, ઈન્નમા નુત્એમોકુમ લે વજહિલ્લાહે લા નોરીદો મિનકુમ જઝાઅંવ વલા શોકુરા.*

ખુદાના નેક બંદાઓ એવા છે કે, જે ખુદાથી નઝર કરી લે છે અને તેને પુરી પણ કરે છે અને તે દિવસથી ડરે છે કે જેની બુરાઈ બહુ જ લાંબી છે અને તેઓ ખુદાની મોહબ્બતમાં મિસ્કીન, યતીમ અને અસીરને ખવરાવે છે અને કહે છે કે અમો તમોને આ ખાણું ફકત કુરબતન એલલ્લાહ ખવરાવીએ છીએ, ન તમારી પાસે બદલાની આશા રાખીએ છીએ ન શુક્રગુઝારીની. અમો અમારા પાલનહારથી એ દિવસ માટે ડરીએ છીએ કે જે ખુબ જ પરેશાન કરનાર હશે.

આ આયતના વિષે સુન્નત જમાતના એક મહાન આલીમ સોઅલબીએ પોતાની તફસીરમાં લખ્યુ છે કે, આ સુરો એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ની શાનમાં નાઝીલ થયેલ છે, આ સુરા માટે હું તો એમ જ કહીશ કે, કુદરતે એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ની સખાવતની દાદ આપતા

એમની તા'રીફમાં એક કસીદો રચ્યો છે. અને એ વાત પણ સાચી છે કે, એહ્લેબૈત (અલય્હેમુસ્સલામ)ની તા'રીફ તો ખલ્લાકે આલમ જ કરી શકે છે.

આ આયતના નાઝીલ થવાના કારણમાં તફસીર લખનારા લખે છે કે, જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા)ના શેહ્ઝાદા ઈ. હસન અને ઈ. હુસૈન (અલય્હિસ્સલામ) બહુજ બિમાર પડી ગયા. દિન બ દિન અશક્તિ વધતી ગઈ, એક દિવસ જિબ્રઈલે અમીન જનાબે રસુલ. ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ની ખિદમતમાં આવ્યા અને અરજ કરી : આપના પ્યારા નવાસાઓને શફા થવા માટે એની સિવાય બીજો  ઈલાજ નથી કે, આપ હઝરત અલી (અલય્હેમુસ્સલામ) અને જનાબે જ. ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ને કહો કે ત્રણ દિવસ રોઝા રાખવાની માનતા કરે અને જયારે શફા થઈ જાય ત્યારે આ માનતા પુરી કરે. ઈશાની નમાઝ બાદ આં જનાબ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) પોતાની પ્યારી બેટી ફાતેમાએ ઝહ્રા (સલામુલ્લાહે અલય્હા)ના ઘરે તશરીફ લાવ્યા અને જિબ્રઈલે અમીન સાથે જે વાત થઈ હતી તે બયાન ફરમાવી. એ જ વખતે જનાબે અમીર (અલય્હિસ્સલામ) અને જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા)એ મન્નત કરી કે : અમારા બાળકોને શફા થશે તો અમો તારી ખુશી માટે ત્રણ રોઝા રાખીશું. શહેઝાદાઓએ જયારે સાંભળ્યું ત્યારે તેઓએ પણ પોતાના મા-બાપની પયરવી કરતા મન્નત કરી. ત્યાં જનાબે ફિઝઝા પણ બેઠા હતા. તેઓને શહેઝાદાઓ સાથે એવી જ મોહબ્બત હતી જેવી મોહબ્બત એક માને પોતાના ફરઝંદ સાથે હોય છે - તેમણે પણ માનતા કરી.

ખલ્લાકે આલમે શહેઝાદાઓને શફા અતા ફરમાવી. નઝર પુરી કરવાનો વખત આવ્યો, પાંચે બુઝુર્ગવારોએ રોઝા રાખ્યા, હઝરાત ! હસનૈન (અલય્હિસ્સલામ)નો આ પહેલો રોઝો હતો. દુનિયામાં દસ્તુર છે કે જયારે બાળકોનો પહેલો રોઝો હોય છે તો ઈફતારી વખતે ખુબ ધામધુમ થાય છે. કુટુંબીઓને બોલાવાય છે. બીજાઓને ઈફતારી માટે આમંત્રણ દેવાય છે. મા-

બાપ સ્વાભાવિક રીતે જ એમ ઈચ્છે છે કે, અમારા બાળકોનો પહેલો રોઝો શાનદાર થાય! પણ દોસ્તો ! હ. હસનૈન (અલય્હિસ્સલામ)નો પહેલો રોઝો કેવી શાનથી થયો? તે દિવસે સય્યદાએ આલમના ઘરમાં ખાવાનું પણ ન હતું! એવી સ્થિતિમાં નબીઝાદી ઈફતારીની શું ધામધુમ કરે? અરે, ધામધુમ તો બહુ મોટી વાત છે, બાળકોને ખાવા માટે રોટી પણ ન હતી! પણ તેઓને અલ્લાહની ખુશનુદી સિવાય દુનિયાની કોઈ નેઅમતની જરૂર ન હતી. તોય ઈન્સાનની ઝિંદગી માટે ખાવું પીવું જરૂરી છે. જનાબે સય્યદાએ જનાબે અરૂમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ને કહ્યું, અય અબુલહસન! આપ તો જાણો છો કે, આપણા ઘરમાં આજે ખાવા માટે કશું જ નથી. બની શકે તો એટલી ગિઝા લાવો કે ઈફતાર પછી મારા બાળકો ખાઈ શકે, મારા બાળકો હજુ તો કમસીન છે, વળી તેઓનો પહેલો રોઝો છે, બિમારીમાંથી હજુ હમણા ઉઠયા છે. તેઓ ભુખ સહન નહીં કરી શકે.

જનાબે અમીર (અલય્હિસ્સલામ) એક યહુદી પાસેથી થોડી ઉન કાંતવા અને તેની મઝદુરીના થોડા જવ લઈ આવ્યા અને કહ્યું : અય બિન્તે રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) ! આ ઉન કાંતવા માટે લાવ્યો છું અને તેની મજુરીમાં અગાઉથી આ જવ પણ લેતો આવ્યો છું.

જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા)એ તે ઉનના ત્રણ હિસ્સા કર્યા અને જવના પણ ત્રણ હિસ્સા કર્યા. પહેલે ઉનનો એક હિસ્સો કાંત્યો પછી તેની મજુરી જેટલા જવ લઈ પોતે જ પિસ્યા, પોતે જ આટો બનાવ્યો અને પોતે જ પાંચ રોટીઓ પકાવી. જયારે ઈફતારીનો વખત થયો ત્યારે પાંચે બુઝુર્ગવાર ઈફતારી માટે બેઠા. એવામાં એક સાઈલની અવાજ આવી : અય એહલેબૈતે રસુલ ! હું મદીનાના મિસ્કીનોમાંથી એક મિસ્કીન છું અને ભુખ્યો પણ છું, મને ખવરાવો, ખુદા તમને જન્નતના દસ્તરખ્વાન ઉપર ખવરાવશે. આ સાંભળતાં જ જનાબે અમીર (અલય્હિસ્સલામ) પોતાની રોટી લઈ ઉભા થયા, જનાબે માઅસુમા (સલામુલ્લાહે અલય્હા) એ કહ્યું : અય અબુલહસન! શાયદ એક રોટી

એને પુરતી નહીં થાય, મારી રોટી પણ સાથે લેતા જાવ. શાહઝાદાઓએ અરજ કરી : અબ્બાજાન ! કદાચ એ બાલ-બચ્ચાવાળો પણ હોય, અમારી રોટીઓ પણ સાથે લેતા જાવ. આકાના કદમ કદમ પર પગલા માંડતા જનાબે ફિઝઝાએ પણ પોતાની રોટી મૌલાને હવાલે કરી, પાંચે ય રોટીઓ સાઈલની ઝોળીમાં પડી. બધાય પાણીથી ઈફતારી કરી.

બીજે દિવસે રોઝો રાખ્યો, ઈફતારીનો સમય થયો. રોટીઓ શેકાઈ, સુફરો બિછાવાયો, એહલેબૈત (અલયહેમુસ્સલામ) અને તેમની કનીઝ રોઝો ખોલવાની તૈયારીમાં હતા. એવામાં અવાજ આવી : અય એહલેબૈતે રસુલ ! મદીનાનો યતીમ છું, મને ખવરાવો, ખુદા તમને જન્નતના દસ્તરખ્વાન ઉપર ખવરાવશે. દોસ્તો ! પાંચે પાંચ રોટીઓ યતીમને આપી દીધી. ત્રીજા દિવસની ઈફતારી વખતે અવાજ આવી: હું કયદી છું અને ભુખ્યો છું એહલેબૈત (અલયહેમુસ્સલામ) અને ફિઝઝા તો તે દિવસે પણ ભુખ્યા રહ્યા અને કૈદીને રોટીઓ આપી દીધી.

હઝરાત ! આપે આ ઘરાનાની સખાવત જોઈ? દુનિયામાં આવા સખીઓની જોડ મળી શકશે ખરી? લખે છે કે, જયારે ત્રણ દિવસ એહલેબૈત (અલયહેમુસ્સલામ)મે ભુખમાં ગુઝાર્યા તો ખલ્લાકે આલમે પોતાના રસુલ પર વહી નાઝિલ કરી કે, જ. ફાતેમા (સલામુલ્લાહે અલયહા)ના ઘરે જાવ અને સુરએ દહરની તિલાવત કરો

આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વઆલેહિ વસલ્લમ) જનાબે સય્યદા (સલામુલ્લાહે અલયહા)ના ઘરે આવ્યા, જોયું કે ભુખથી બધાયની સ્થિતિ ખરાબ થઈ ગઈ છે. હ. હસનૈન (અલયહિસ્સલામ) અશકત થઈ સુતા છે. આપે નવાસાઓને પ્યારથી ગોદમાં લઈ લીધા. એ પછી જનાબે સય્યદા (સલામુલ્લાહે અલયહા)ને ફરમાવ્યું : બેટી! ભુખથી મારા બાળકોની આવી હાલત થઈ જવા છતાંય તમે મને ખબર ન આપી? જનાબે સય્યદા (સલામુલ્લાહે અલયહા)એ અરજ કરી : અબ્બાજાન ! મારા ઘરની પરિસ્થિતિ

વિશે આપને કહેતાં મને શરમ આવી. આ સાંભળી હઝરતની આંખોમાં આંસુ આવી ગયા અને ફરમાવ્યું : બેટી ! હું તને મુબારકબાદ આપું છું કે, અલ્લાહની બારગાહમાં તમો બધાયની ઈબાદત કબુલ થઈ છે. બેટી ! તારો મરતબો મરીયમથી પણ વધુ છે. અય બેટી ! તમારી તારીફમાં આ સુરો નાઝીલ થયો છે. આ સાંભળી સર્વે ખુશી થયા.

અફસોસ ! હઝરાત, આવા સખી અને કરીમ ઘરના સાથે દુનિયાવાળાઓએ કેવો સુલુક કર્યો? જનાબે સય્યદા ઈરશાદ ફરમાવે છે:

**સુબ્બત અલય્ય મસાએબુન લવ અન્નહા**

**સુબ્બત અલલ અય્યામે સિરના લયાલિયા.**

જે મુસીબતો મારા ઉપર પડી છે તે દિવસ પર પડત તો તે અંધારી રાત થઈ જાત. અઝાદારો એ જ મુસીબતો જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા) માટે જીવલેણ નીવડી. અઝાદારો, અબ્બાજાનના ગમમાં આપની એ હાલત હતી કે, ઉઠવું બેસવું પણ મુશ્કીલ થઈ પડતું. માથા મુબારક ઉપર દર્દના કારણે પાટો બંધાયેલો જ રહેતો હતો, રાત દિવસ : હાય બાબા તમો કયાં ચાલ્યા ગયા? ઘર વિરાન છે, મસ્જીદ વિરાન છે, મદીના ખાલી છે. એવી ફરિયાદ કરતા અને રડતા હતા. એટલે સુધી કે એહલે મદીનાએ જનાબે અમીર (અલય્હિસ્સલામ)ને શિકાયત કરી કે : યા અલી ! જનાબે મઅસુમા (સલામુલ્લાહે અલય્હા)ના રડવાથી અમારી શાંતિમાં ખલલ થાય છે. આપ તેઓને સમજાવો અને રોવા માટે સમય નક્કી કરે. હાય અફસોસ ! જનાબે રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ની પ્યારી બેટીને રડવાથી પણ અટકાવવામાં આવે છે!

જયારે મદીનાના લોકોએ એ પયગામ જનાબે અમીર (અલય્હિસ્સલામ)ને આપ્યો અને જનાબે અમીરે જનાબે સય્યદાને આપ્યો ત્યારે મઅસુમા (સલામુલ્લાહે અલય્હા)ને બહુજ આઘાત લાગ્યો અને કહ્યું :

અય અબુલ હસન તે લોકોને કહી દો કે, ફાતેમા થોડાક દિવસોની મહેમાન છે. આખર જનાબે અમીર (અલય્હિસ્સલામ)મે કબ્રસ્તાનમાં એક જગ્યા મુકર્રર કરી કે, ત્યાં તે મઝલુમા પોતાના બન્ને ફરઝંદોને લઈને જતા હતા અને આખો દિવસ બાપની જુદાઈમાં રડતા હતા. સાંજના જનાબે અમીર (અલય્હિસ્સલામ) સમજાવીને લઈ આવતા હતા.

અઝાદારો ! જયારથી જનાબે રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) વફાત પામ્યા હતા. બીલાલે અઝાન આપવી છોડી દીધી હતી કે, રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ની પછી કોના માટે અઝાન પુકારે? એક દિવસ જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા)એ ઈચ્છા કરી કે આજે અબ્બાજાનના મોઅઝઝીનની અઝાન સાંભળું, બિલાલ અઝાન આપવા માટે ઉભા થયા. જયારે બિલાલે 'અલ્લાહો અકબર' કહ્યું ત્યારે જનાબે મઅસુમા (સલામુલ્લાહે અલય્હા)ને અબ્બાજાનનો ઝમાનો યાદ આવી ગયો અને આપ રડવા લાગ્યા, જયારે બિલાલે કહ્યું : 'અશ્હદો અન્ન મોહમ્મદર રસુલુલ્લાહ' ત્યારે જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા) દુ:ખનો પોકાર કરી ઝમીન ઉપર પડી ગયા અને બેહોશ થઈ ગયા. લોકો સમજયા કે બાપની ચાહવાવાળી દુનિયાથી ઇન્તિકાલ કરી ગઈ. બિલાલને કહેવામાં આવ્યું કે અઝાન બંધ કરો, દુખ્તરે રસૂલ દુનિયાથી ઈન્તિકાલ કરી ગઈ. બિલાલે અઝાબ બંધ કરી. થોડીવાર પછી જનાબે મઅસુમા (સલામુલ્લાહે અલય્હા)ને હોશ આવ્યો ત્યારે આપે બિલાલને ફરમાવ્યું : બિલાલ! અઝાન તમામ કરો. જવાબ આપ્યો કે શહેઝાદી ! માફ કરો, મને ડર છે કે શાયદ આપ ગુજરી જાઓ.

જયારે જનાબે સય્યદાની આખરી રાત આવી અને આપને ઈલ્હામથી જાણ થઈ ગઈ, સવારથી જ આપ હસનૈન (અલય્હિસ્સલામ)ને નવરાવવા ખવરાવવા વગેરેની તૈયારી કરવા લાગ્યા.

જનાબે અમીર (અલય્હિસ્સલામ) ઘરમાં તશરીફ લાવ્યા અને આપે જોયું કે જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) એક સાથે કેટલાય કામ કરી રહ્યાં છે. તો આપે ફરમાવ્યું : અય ફાતેમા ! મેં આપને દુનિયાના બે કામ એકી વખતે કરતા નથી જોયા. શું કારણ છે કે, આજે બિમાર હોવા છતાંય એકી સાથે ત્રણ કામ કરી રહ્યા છો?

અય અબુલ હસન (અલય્હિસ્સલામ) જુદાઈની વેળા આવી પહોંચી છે. દિલ ચાહે છે કે, મારા બાળકોને નવરાવી લઉં, ખવરાવી લઉં, કારણ કે હું દુનિયાથી ગુજરી જઈશ ત્યારે આપ મારા માતમમાં હશો, મારા બાળકોની કોણ ખબર લેશે? કોણ ખવરાવશે? આ સાંભળી જનાબે અમીર (અલય્હિસ્સલામ) રડવા લાગ્યા અને ફરમાવ્યું : 'ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઉન' અય દુખ્તરે રસુલ ! આપના બાબાજાનની વફાત પછી મને આપથી કંઈક દિલાસો હતો. હવે તો તમે પણ દુનિયાથી જઈ રહ્યા છો. મારાથી આ મુસીબતો ઉપર મુસીબત કેમ સેહવાશે? મઅસુમા (સલામુલ્લાહે અલય્હા)એ કહ્યું અય અબુલહસન ! જેવી રીતે તમે અબ્બાજાનની વફાત ઉપર સબ્ર કરી, તેવી જ રીતે મારા દુ:ખમાં પણ સબ્ર કરજો. એટલું કહેતા તો આપ થાકી ગયા. પણ માતાની મહોબ્બતે ફરઝંદોના કામથી અળગા ન થવા દીધા. બાળકોની ભોળીભોળી અને નિર્દોષ સુરત જોતા હતા અને રડતા હતા. અરે, અઝાદારો! કેમ ન રડે? માનું દિલ છે અને મા પણ કેવી? બધી માતાઓથી વધુ મમતા દાખવનારી, ચકકી ફેરવતા ફેરવતા હાથમાં ફરફોલા ઉપસી આવતા પણ બાળકોનો ખ્યાલ ચક્કી ઉપરથી હાથ હટાવવા દેતો ન હતો! એવી એવી મુસીબતો ઉઠાવી ઉછેરેલાં બાળકો કાલે મા વગરના થઈ જશે, નમાયા કહેવાશે! એ વિચાર જ જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા)ને તડપાવવા માટે પુરતો હશે. અઝાદારો! જે માતા નાના નાના બાળકો મુકીને મરી જતી હોય એવી માતાના દિલને પુછીએ તો જ ખબર પડે કે, એ વખતે માતાના દિલની વેદના કેવી હોય છે? જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા)ને એ ખ્યાલ તો આવતો જ હશે કે, કાલે મારા આ ફરઝંદોના માથા ઉપર માની

મમતાથી હાથ ફેરવનાર ઓરત કોઈ નહીં હોય, કાલે મારા લાડલાઓને દિલાસો દેનાર કોઈ નહીં હોય, અત્યાર સુધી માનતાઓ માની માનીને ઉછેરેલ આ બાળકોને છાતીએ લગાડી બોસાઓથી વહાલ કરનારૂં કોઈ હશે નહીં, ગોતી ગોતીને થાકી જશે તો ય કાલે મારા લાડલાઓને એની અમ્મીજાન નહીં જડે.

જનાબે અમીર (અલય્હિસ્સલામ)મે બન્ને ભાઈઓને ફરમાવ્યું : 'ફરઝંદો! તમો ખુદાના પ્યારા છો અને હબીબે ખુદાના નવાસા છો. નાનાજાનના રોઝા ઉપર જાઓ અને તમારી અમ્મીજાનના માટે દોઆ કરો. શહેઝાદા રડતા રડતા નાનાજાનના રોઝા ઉપર ગયા.

જનાબે ફિઝઝાથી રિવાયત છે કે, જયારે મારી શહેઝાદીની હાલત બહુ જ ખરાબ થઈ ગઈ તો મેં મસ્જીદમાં જઈ જનાબે અમીર (અલય્હિસ્સલામ)ને ખબર આપી. આપ ઘરમાં તશરીફ લાવ્યા, જનાબે મઅસુમા (સલામુલ્લાહે અલય્હા) ગશમાં પડયા હતા. જનાબે અમીર (અલય્હિસ્સલામ)મે કેટલીય વાર નામ લઈ લઈને બોલાવ્યા પણ સય્યદા (અલય્હિસ્સલામ) તરફથી કશો જવાબ ન મળ્યો. પછી આપે ફરમાવ્યું યા બિન્તે ખદીજતુલ કુબરા ! ફ અનબ્નોક અમ્મેક - અય ખદીજતુલ કુબરાની બેટી! હું તમારો ઈબ્નેઅમ છું.' એ વખતે જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા)એ આંખો ખોલી, હઝરત તરફ નિગાહ કરીને કહ્યું : હમણાં મારા અબ્બાજાન તથા અમ્મીજાન મારી પાસે હતા અને મને જન્નતમાં બોલાવી રહ્યા હતા, આ સાંભળી હઝરત અલી (અલય્હિસ્સલામ)ને જનાબે મઅસુમા (સલામુલ્લાહે અલય્હા)ની મૌતનું યકીન થઈ ગયું. ગરમ પાણીથી આપનું મોઢું ધોવરાવ્યું અને દિલાસો આપ્યો. એ વખતે જનાબે સય્યદાએ કહ્યું : અય અબુલ હસન! જુદાઈનો વખત આવી પહોંચ્યો છે. મારી થોડીક વસિય્યતો સાંભળી લો.

એ પછી જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા)એ વસિય્યત કરતા કહ્યું : યા અબુલ હસન! હું વર્ષોથી આપની સાથે રહું છું મારાથી કશી ખતા થઈ ગઈ હોય તો માફ કરો. એ સાંભળી જનાબે અમીર (અલય્હિસ્સલામ)મે

કહ્યું : અય બિન્તે રસુલ! તમો તો માઅસુમા છો, તમારાથી શી ખતા થઈ શકે? બીજી વસિય્યત કરતા જનાબે સય્યદાએ કહ્યું : મારા ઈન્તીકાલ પછી આપને ઘરના કામકાજ માટે ઓરતની જરૂર પડશે. તો અબુલ હસન ! હું આપથી આશા રાખું છું કે, મારી માસીયાઈ બહેન ઓમામાની સાથે શાદી કરજો, તેણી મારા બાળકોને બહુ જ પ્યાર કરે છે. અય અબુલ હસન! તેના સહારે મારા બાળકો મોટા થઈ જશે, પરંતુ મૌલા એક રાત પત્ની પાસે રહેજો તો એક રાત મારા બાળકો પાસે રહેજો, હજુ તેઓ એકલા સુવાને ટેવાયેલા નથી.

અય અબુલ હસન! મારા બાળકો હજુ નાના છે. નાનાજાનના મૃત્યુથી એમના દિલ દુ:ખાયેલાં છે. એમાં મારા મૃત્યુનો દાગ પણ તેઓના નાઝુક દિલ ઉપર લાગશે. અબુલ હસન! હજુ તેઓ નાની વયના છે. તેઓથી કાંઈ એવું કામ થઈ જાય તો નમાયા બાળકો સમજીને દરગુજર કરશો.

યા અલી ! તમે પોતે જ મને ગુસ્લ આપજો, ગુસ્લના વખતે મારૂં પહેરણ અલગ ન કરતા, મને મારી માતાની ચાદર અને પિતાની રિદાથી કફન આપજો. જનાઝા ઉપર નમાઝ પણ તમે જ પડજો અને મારા દુશ્મનોને આવવા ન દેજો.

યા અબુલ હસન! મારો જનાઝો રાતના અંધારામાં ઉઠાવજો, જેથી મારા જનાઝા ઉપર કોઈ પરાયા પુરૂષ (ના મહરમ)ની નજર ન પડે. મને તમે પોતે જ કબરમાં ઉતારજો. યા અબુલ હસન! હું ઘરમાં કોઈ દિવસ એકલી નથી રહી અને હવે હું એવા સ્થળે થઈ રહી છું કે, જયાં કોઈ સાથી નથી. ચાહું છું કે આપ મને ભુલી ન જતા, મારી કબ્રને ફાતેહાખ્વાનીથી મહેરૂમ ન કરતા.

જયારે જનાબે અમીર (અલય્હિસ્સલામ)મે જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા)ની આવી ગમઅંગેઝ વસિય્યતો સાંભળી ત્યારે આપ રડી પડયા અને કહ્યું : અય ફાતેમા! જયારે તમો તમારા પિતાની સેવામાં પહોંચો ત્યારે મારા ઉપર જે જે મુસીબતો પડેલ છે તેને બયાન કરજો.

એવામાં જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા) બેહોશ થઈ ગયા, હસનૈન (અલય્હિસ્સલામ)મે જયારે અમ્મીજાનની આવી હાલત જોઈ ત્યારે ચિલ્લાઈને રડવા લાગ્યા. વાહરે, માની મમતા! બાળકોના Çરૂદનની અવાજ સાંભળી આંખો ખુલી ગઈ અને છાતીથી લિપટાવી દીધાં.

એ પછી આપે અસ્માને કહ્યું : મને કમરામાં લઈ જા, થોડી વાર પછી મને સાદ કરજે, જો જવાબ ન મળે તો સમજ્જે કે, હું દુનિયાથી ઇન્તિકાલ કરી ગઈ છું.

અસ્મા કહે છે કે મઅસુમાને કમરામાં પહોંચાડી હું બાહર આવી અને દરવાઝા પાસે બેઠી, એવામાં મેં સાંભળ્યું કે જનાબે મઅસુમા (સલામુલ્લાહે અલય્હા) કહી રહ્યા છે કે : ઈલાહી વ સય્યદી, અસ્અલોક બિલ્લઝીન ઈસ તફય તહુમ અન તગફેરા લે શીઅતી વ શીઅતે ઝુર્રીયતી - અય મારા માલીક, અય મારા સરદાર! તારી કનીઝ તારાથી આશા રાખે છે કે, મારા અને મારી ઔલાદના શીઆઓને બક્ષી આપ.'

દોસ્તો! જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા)ને તમારા તરફ કેવી મોહબ્બત હતી કે, ઝિન્દગીની છેલ્લી ઘડીઓમાં પણ તમારી મગફેરતની દોઆ કરતા હતા!

ગરઝ, અસમા કહે છે કે થોડીવાર પછી મેં જનાબે સય્યદાને સાદ કર્યો. પણ કશો જવાબ મળ્યો નહીં. હુ દોડતી દોડતી અંદર ગઈ, મઅસુમાના મુખ ઉપરથી ચાદર હટાવી તો મેં જોયું કે કવનૈનની શાહઝાદી દુનિયાથી ઉઠી ગઈ છે. એ જોઈને હું રડવા લાગી. એટલામાં હસનૈન (અલય્હિસ્સલામ) ઘરમાં આવ્યા અને આવતાં જ પૂછયું : અસમા! અમારી મા કયાં છે? એ શહેઝાદાઓને હું શું જવાબ આપું! આંખોમાંથી આંસુઓનો ધોધ વહેવા લાગ્યો. મેં બાળકોને છાતીએ લગાડી દીધાં અને કહ્યું શહેઝાદાઓ! તમારી મા

નાનાજાન પાસે ગયા, બાળકો! સબર કરો. એ સાંભળતાં જ શહેઝાદાઓએ પોતાના માથા ઉપરથી અમામા ફેંકી દીધા અને રોવા લાગ્યા.

જનાબે અમીર (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, મેં વસિય્યત અનુસાર મારા હાથે સય્યદાને ગુસ્લો કફન આપ્યું અને જ્યારે ચાહ્યું કે કફનના બંધ બાંધું ત્યારે મેં અવાઝ આપી કે : અય હસન અને હુસૈન! અય ઝયનબ અને ઉમ્મે કુલસુમ! આવો અને તમારી માતાનો આખરી દિદાર કરી લો, હવે પછી કયામત સુધી તમે એમને નહીં મળી શકો!

અવાઝ સાંભળતાં જ બાળકો દોડતાં દોડતાં આવ્યા. હસનૈન (અલય્હિસ્સલામ) રોઈ રોઈને કહેવા લાગ્યા : અય મા ! જ્યારે તમો નાનાજાનની ખિદમતમાં પહોંચો ત્યારે અમારા તરફથી કહેજો કે, આપની વફાત પછી અમારા ઉપર ઘણાં ઝુલ્મો વરસી ગયા અને બે મહીના વિત્યા ન વિત્યા એટલામાં તો અમે માં વગરના પણ થઈ ગયા.

જ. અમીર (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, હું ખુદાની સાક્ષીએ કહું છું કે, એ વખતે મઅસુમાની મય્યત કંપી ગઈ અને હસનૈન તરફ હસરત ભરી નજર કરી અને બન્ને હાથો ફેલાવી હસ્નૈનને છાતી સાથે લગાવી દીધા. એટલામાં હાતિફની અવાઝ આવી : યા અલી! હસનૈન (અલય્હિસ્સલામ)ને લઈ લો. મલાએકાઓ આસમાન ઉપર રડી રહ્યા છે. અને રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) પોતાની પુત્રીને મળવા ઈન્તઝાર કરી રહ્યા છે.

દોસ્તો! આજે હુસૈન (અલય્હિસ્સલામ) માતાની મય્યતથી લીપટીને રડે છે. તે મલાએકાથી જોયું જવાતું નથી. તેઓ પણ હુસૈન (અલય્હિસ્સલામ) સાથે રડે છે. અરે રોઝે આશુરા મલાએકાની કેવી હાલત થઈ હશે, કે જ્યારે હુસૈન (અલય્હિસ્સલામ) કયારેક કાસિમ (અલય્હિસ્સલામ)ની લાશ પર રોઈ રહ્યા હતા, કયારેક નવજવાન દીકરાની લાશ પર રોઈ રહ્યા હતા, કયારેક

ભાઈ અબ્બાસની ચુરચુર થઈ ગયેલ મય્યતને આંસુઓથી ગુસ્લ દઈ રહ્યા હતા તો કયારેક છ મહીનાના બાળકની કબ્ર ઉપર આંસુઓનાં ફુલ ચડાવી રહ્યા હતા!

જયારે દિવસ આથમી ગયો અને રાત્રીનાં અંધારાં દુનિયાને ઘેરી વળ્યાં અને જનાબે અમીર (અલય્હિસ્સલામ) મઅસુમાને ગુસ્લો કફન આપી ફારીગ થયા તે વખતે મઅસુમાનો જનાઝો ઉપાડયો. કારણ કે મઅસુમાની વસિય્યત હતી કે, યા અલી! મારો જનાઝો રાત્રીના અંધારામાં ઉપાડજો. જેથી મારી મય્યત ઉપર કોઈ પરાયાની નિગાહ ન પડે. દોસ્તો! કુફા અને શામના બાઝારો તથા દરબારો યાદ આવે છે? ગરઝ, જયારે દફન કરવાની જગ્યાએ પહોંચ્યા ત્યારે એક તરફથી અવાઝ આવી : એલય્ય એલય્ય - યા અલી! અહીં લાવો. હઝરતે જોયું કે કબ્ર તૈયાર છે. જનાબે અમીર (અલય્હિસ્સલામ) અને હસનૈન (અલય્હિસ્સલામ)મે મઅસુમા (સલામુલ્લાહે અલય્હા)ને કબ્રમાં ઉતાર્યા, એ વખતે જનાબે અમીર (અલય્હિસ્સલામ)મે કહ્યું : યા રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)! મારા તરફથી તથા આપની બેટી તરફથી સલામ થાય.

કબ્રમાંથી બે હાથ નીકળ્યા અને અવાજ આવી. યા અલી! મારી અમાનત મને પાછી સોંપી દો. હઝરતે તેમના હાથોમાં મઅસુમા (સલામુલ્લાહે અલય્હા)ની મૈયત મુકી દીધી. પિતાએ પુત્રીની મૈયત લઈ લીધી અને કબ્ર આપોઆપ બિડાઈ ગઈ.

અમીર (અલય્હિસ્સલામ)મે કબ્રને ઝમીન જેવી ઝમીન બનાવી દીધી. કારણ કે કબ્રનુ નિશાન ન રહે. એ પછી આપ ત્યાં જ બેસી ગયા અને રડવા લાગ્યા. વરકા બીન અબ્દુલ્લાહ કહે છે કે : મેં અરજ કરી કે : મૌલા! આપ તો ઈમામે સાબીર છો, આવી રીતે કેમ રડો છો! આપે ફરમાવ્યું : અય વરકા! હું એટલા માટે રડું છું કે, તે કોરડાના નિશાનો જે એમના શરીર ઉપર હતા તે નથી ભુલાતા, જેનાથી એ નાઝુક શરીરની ચામડી કાળી પડી ગઈ હતી.

મૌલા! થોડાક કોરડાના ઝખ્મો જોઈને આપની એવી હાલત થઈ કે, આપની આંખો આંસુઓ નો'તી રોકી શકતી. આકા! શામના કેદખાનામાં તો આવો આપના હુસૈનની યતીમ બેટી ઇન્તિકાલ કરી ગઈ છે. ગસ્સાલા ગુસ્લ દેવા આવી છે. બાળકીએ પહેરેલું પહેરણ ઉતરતું નથી. કારણ કે, ઠેકઠેકાણેથી ચિટકી ગયુ છે. ગસ્સાલા પુછે છે : આ બાળકીને શું બિમારી હતી? મૌલા જરા ઝયનબના દિલ ઉપર હાથ મુકી દેજો. ઝયનબને દિલ ભાંગી નાખે એવો જવાબ દેવાનો છે. મૌલા! સાંભળો, આપની બેટી જવાબ આપે છે : અય બહેન! બિમારી તો યતીમીની હતી, અને આ ઝખ્મો શિમ્રના ચાબુક અને ભાલાઓની અણીઓના છે.

**અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝઝાલેમીન.**

# મજલીસ : 3

# જનાબે અમીર (અલય્હિસ્સલામ)ના

# ફઝાએલ અને શબે ઝરબત

## બિસ્મિલ્લાહિર્ રહ્માનિર્ રહીમ

*કાલલ્લાહો અઝઝ ઈસ્મોહુ ફી બિતાબેહિલ મજીદે વ ફુરકાનેહિલ હમીદ : ઈન્ન અવલિયા અલ્લાહે લા ખવફુન અલયહિમ વલાહુમ યહઝનુન.' (બેશક ખુદાના દોસ્તોને ન ખોફ થશે, ન તે ગમગીન થશે.)*

હઝરત રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ના સમયમાં દરેક જણ ખુદાની વિલાયતનો દાવો કરતો હતો. નાનાથી મોટા સહુ કોઈ ઝબાનથી કહેવા માટે તૈયાર હતા કે અમો ખુદાના વલી છીએ, એ દાવો કરનારામાં ઘણાય એવા પણ હતા કે, જેઓ હકીકતમાં ખુદાના વલી નહોતા, જેથી સાચા અને જુઠાની પરખ કરવી મુશ્કીલ હતી એટલે કુદરતે જુદે જુદે ઠેકાણે ખુદાના વલીની નિશાનીઓ બતાવી દીધી કે જેનામાં આ નિશાની હોય તેની સિવાય બીજો કોઈ ખુદાનો વલી નથી થઈ શકતો. પહેલે ઈરશાદ ફરમાવે છે : 'ઈન્નમા ઝાલકોમુશ્શયતાનો યોખવ્વેફો અવલિયા - શયતાન પોતાના વલીઓના દિલમાં ખૌફ પૈદા કરી દે છે.' કહેવાનો મતલબ એ છે કે, જો ખુદા સિવાય બીજા કોઈનો ખૌફ દિલમાં હોય તો તે શયતાનનો વલી છે

અને શયતાનનો વલી ખુદાનો વલી થઈ નથી શકતો. ભલે પછી તે સાંપ કે વીંછીથી ડરે કે પછી મયદાને જંગમાં ડરે, તે ડરનારો ખુદાનો વલી નથી થઈ શકતો. પણ ખુદાનો વલી તો એ જ છે કે જે હજી તો ઝુલામાં ઝુલતો હોય અને સાંપને ચીરી નાંખે. **(સલવાત)**

ખુદાના વલી હોવાની એક નિશાનીથી સંભવિત છે કે, સાચા વલીની પરખ ન થઈ શકત. હવે કુદરત બીજી નિશાની કહે છે કે, 'માકાનુ અવલિયાઓહુ ઈન અવલિયાઓહુ ઈલ્લલ મુત્તકુન - આ લોકો ખુદાના અવલિયા નથી, તેના અવલિયા તો સિર્ફ પરહેઝગારો જ છે.' હવે શોધી લો કે પરહેઝગાર કોણ છે? કારણ કે, પરહેઝગાર મુત્તકી હશે તે જ ખુદાનો વલી છે. ઈમામ ફખરૃદીન રાઝી 'તફસીરે કબીર'ની પહેલી જિલ્દમાં મુત્તકી માટે લખે છે કે : 'નેક કામ સિવાય ખરાબ કામ ન કરે.' બીજા શબ્દોમાં 'ઈસ્મત' થાય છે. તો એથી મતલબ એ થયો કે, જે મઅસુમ હશે તે જ મુત્તકી એટલે પરહેઝગાર હોઈ શકે.

ખુદાના સાચા વલીની કુરઆને શરીફમાં ઘણી નિશાનીઓ બતાવાઈ છે. પરંતુ મજલીસ લંબાઈ જવાના ભયથી ટૂંકમાં કહું છું કે, વલીનો એવો મહાન મરતબો છે કે અલ્લાહે પોતાને વલી કહેલ છે. એટલે હવે તો અલ્લાહ જેને વલી કહે તેને જ વલી કહેવો જોઈએ. નહીંતર અલ્લાહનો લકબ ગસબ કર્યો કહેવાશે. ઈરશાદે કુદરત છે કે : **'ઈન્નમા વલિયોકોમુલ્લાહો વ રસૂલોહુ વલ્લઝીન આમનુલ્લઝીન યોકીમુનસ્સલાત વયુઅ તુનઝઝકાત વહુમ રાકેઉન** - બસ, તમારો વલી ખુદા છે અને તેનો રસુલ અને એ લોકો કે જેઓ નમાઝને કાયમ કરે છે અને રૂકુઅની હાલતમાં 'ઝકાત' આપે છે.

હઝરાત! આપ ખુબ જાણો છો કે, આ આયત હઝરત અલી (અલય્હિસ્સલામ)ની શાનમાં નાઝીલ થઈ હતી, કે જયારે આપે હાલતે રૃકુઅમાં સાઈલને અંગુઠી ઈનાયત ફરમાવી હતી. આજે તે અંગુઠી વિષે એક

નવીન વાત હું આપને કહેવા ચાહું છું. તે અંગુઠી જનાબે સુલયમાન પયગમ્બર (અલય્હિસ્સલામ)ની હતી. અમ્બિયાનો ઈતિહાસ જોવાથી જાણ થાય છે કે હઝરત સુલયમાન (અલય્હિસ્સલામ)ની તાબેદારીમાં ઈન્સાનો સિવાય જિન્નાત અને જાનવરો પણ હતા અને તે બધાય આપના હુકમને તાબે હતા. જનાબે સુલયમાનની એ મહાન શહેનશાહતનું કારણ એ અંગુઠી હતી કે જે આપના હાથમાં હતી!

આપના ઇન્તિકાલ પછી એ અંગુઠી કયાં ગઈ તે કદાચ આપ નહીં જાણતા હો, ખુબ શોધખોળ પછી એમ જાણવા મળે છે, કે એહલે સુન્નતના ઈમામ ગીઝાલી લખે છે કે, એ અંગુઠી સુલયમાન નબીની પછી ખુદાવંદે આલમે ખાસ પોતાની હિફાઝતમાં રાખી હતી. જયારે સરદારે અમ્બિયા હિજરત કરીને મદીના તશરીફ લાવ્યા ત્યારે ખુદાવંદે તઆલાએ ફરિશ્તાઓને હુકમ કર્યો કે, તે વીંટી અમારા હબીબની ખિદમતમાં લઈ જાવ. એ સાથે હઝરતને પૈગામ મોકલ્યો કે, આ અંગુઠી તમારા ભાઈ અલી ઈબ્ને અબીતાલીબને અતા ફરમાવો. પયગમ્બરે ખુદાએ તે વીંટી હઝરત અલી (અલય્હિસ્સલામ)ને સુપૂર્દ કરી. જનાબે અમીર (અલય્હિસ્સલામ)મે પોતાની આંગળી મુબારકમાં પહેરી લીધી.

જનાબે અમીર (અલય્હિસ્સલામ) નમાઝ પડી રહ્યા હતા અને તે અંગુઠી આપના હાથ મુબારકમાં હતી, સાઈલે મસ્જિદમાં આવી સવાલ કર્યો. એક રિવાયત મુજબ ત્રણ વાર સવાલ કર્યો પણ કોઈએ જવાબ આપ્યો નહીં ચોથી વાર આસમાન તરફ હાથ બલંદ કરીને અર્ઝ કરી કે : ખુદાવંદા! તારા રસુલની મસ્જિદમાં મેં સવાલ કર્યો પણ મને કોઈએ કાંઈ આપ્યું નહી, અહીં સાઈલ દરગાહે ઈલાહીમાં ફરિયાદ કરે છે. ત્યાં યદુલ્લાહે આંગળીનો ઈશારો કરી અંગુઠી લેવા સુચન કર્યું, આપ એ વખતે હાલતે રૂકુઅમાં હતા.

સુન્નત જમાતના ઈમામની તહરીરથી એ સાફ જણાઈ આવે છે કે, મૌલા અલી (અલય્હિસ્સલામ)મે સાઈલને જે અંગુઠી આપી હતી તે અંગુઠી

જનાબે સુલયમાન પયગમ્બર (અલય્હિસ્સલામ)ની હતી. અને તેની જ અસરથી આપ એક મહાન મુલકના હાકિમ હતા.

મારા મૌલાની સખાવતની જાહેરાત કુદરત તરફથી એવી રીતે થઈ કે, જિબ્રઈલ આયએ વિલાયત લઈને નાઝિલ થયા. ઈમામે ગિઝાલીની માન્યતા મુજબ આયએ તતહીર નાઝિલ થઈ.

ગરઝ, જનાબે સુલયમાન નબીની અંગુઠી કે, જેના કારણથી આપ મોટી બાદશાહતના માલિક હતા, એવી મૂલ્યવાન અંગુઠી જયારે હઝરત અલી (અલય્હિસ્સલામ)મે સાઈલને અતા ફરમાવી એ વખતે આપને ખુદાએ વલીનો ખિતાબ અતા ફરમાવ્યો.

પણ અફસોસ, આ દુનિયામાં ઘણાય ઝુઠા વલી અને ઈમામ હોવાનો દાવો કરી જનસમાજને લૂંટી રહ્યા છે અને જનસમાજ લૂંટાઈ રહ્યો છે તેનું કારણ અજ્ઞાનતા છે. પણ એ પીર અને અવલિયા અલ્લાહને જો કોઈ જ્ઞાની કે આલીમ મળી જાય તો તેનું ભોપાળુ ખુલ્લું થઈ જાય છે અને તે પીરને મરવા જેવું થઈ પડે છે. એક ખોટા પીરનું ભોપાળુ કેવી રીતે પકડી પાડી તેને ઝલીલ કર્યો તે વિષે એક હિકાયત બયાન કરૂં છું.

એક માણસ પોતાને પીર અને ખુદાનો વલી કહેવરાવતો હતો, તેના મુરીદો પણ પુષ્કળ હતા. એક વખત મસ્જિદમાં નમાજ પડાવતા હતા ત્યારે હુ હુ કરવા લાગ્યા. નમાઝ પડાઈ રહ્યા પછી મુરીદોએ પીરને હુ હુ કરવાનું કારણ પુછ્યું તો પીર સાહેબે જવાબ આપ્યો કે: ખાનએ કાઅબામાં કુતરૂં ઘુસી ગયું હતું. તેને કાઢવા માટે મેં હુ હુ કર્યું હતું.

આ સાંભળી અક્કલના આંધળા મુરીદો કાંઈ વિચાર કર્યા વિના જ પીર સાહેબના વખાણ કરવા માંડયા અને બીજા માણસોને પણ તેના મુરીદ બનવા માટે નસીહત કરવા લાગ્યા.

પીરના એક મુરીદે પોતાની ઔરતને પીરની મુરીદ થવા કહ્યું અને મસ્જિદમાં થયેલો પ્રસંગ પીરની સચ્ચાઈની સાબીતી માટે કહ્યો. ઔરતે કહ્યું : ભલે, પણ તેમને તથા ગામના આબરૂદાર માણસોને આપણે ત્યાં દાઅવત આપો, એ વખતે હું તેમની મુરીદ બનીશ.

મુરીદે પીરને તથા બીજા માણસોને દાઅવત આપી. મુકર્રર કરેલ દિવસે બધા દાઅવતમાં આવ્યા, સુફરો બિછાવાયો અને સર્વેને જમણ પીરસવા માટે નોકરોને હુકમ આપતા પેલી ઔરતે કહ્યું : બધાની પ્લેટમાં ચાવલની ઉપર મુરઘી રાખજે, પણ પીર સાહેબની પ્લેટમાં ચાવલની નીચે મુરઘી રાખવી. નોકરે તો બાઈ સાહેબના હુકમ મુજબ સર્વેને જમવાનું પીરસ્યું. જયારે પીર સાહેબે જોયું કે બધાની પ્લેટમાં મુરઘી છે અને પોતાની જ પ્લેટમાં મુરઘી નથી! જાતજાતના પકવાનો ખાવા માટે જ પીર બની જનસમાજને છેતરી રહેલ તે પીર સાહેબે તે વખતે ગુસ્સે થઈને કહ્યું : શું કારણ છે કે સૌની પ્લેટમાં મુરઘી મુકી અને મારી પ્લેટમાં ન મુકી! એ સાંભળી અંદરથી પેલી બાઈએ કહ્યું : પીર સાહેબ! અહીંથી હઝારો માઈલ દુર આવેલ ખાનએ કાઅબામાં કુતરૂં ધુસી ગયું તે તો આપ જાણી ગયા અને નમાઝની હાલતમાં હુ હુ કરવા લાગ્યા, ત્યારે આ તો આપની સામે જ ચાવલની નીચે મુરઘી છે તે નથી જાણી શકતા? આ સાંભળી પીર તો ડઘાઈ ગયો અને સમજ્યો કે આ તો મારી પરીક્ષા માટે જ દાઅવત કરવામાં આવેલ છે. એ પછી તેની પોલ ખુલી ગઈ અને સૌને તેના ઉપરથી શ્રધ્ધા ઉઠી ગઈ.

હઝરાત! વલી બનવું આસાન નથી, બહુ મુશ્કીલ છે. અફસોસ, હઝાર અફસોસ, ખુદાના સાચા વલી કે જેની તઅરીફ ખલ્લાકે આલમ કલામે મજીદમાં કરે છે તેમને છોડીને બીજાઓને વલી અને હાકીમ આ દુનિયાએ માન્યા. એટલા ઉપર બસ ન કર્યો. અરે, તેમને ખુદાના ઘરમાં શહીદ કર્યા, એ જ વલીના સર ઉપર માહે રમઝાનની ૧૯મી તારીખે ઝહેર પાએલી તલવારનો એવો ઘા કર્યો કે તેની અસર તમામ શરીરમાં ફેલાઈ ગઈ, હાય, માહે

રમઝાનની ઓગણીસમી તારીખ કેવી હતી કે તે દિવસે અમારા મૌલા ઝખ્મી થઈ ગયા. અઝાદારો! જીગર ઉપર હાથ મુકી મૌલાની મુસીબત સાંભળો:

જનાબે ઉમ્મેકુલસુમ (અલય્હિસ્સલામ) ઈરશાદ ફરમાવે છે કે, માહે રમઝાનની ઓગણીસમી રાતના ઈફતારના વખતે મારા વાલીદે બુઝુર્ગવારની સામે મેં જવની બે રોટી, થોડુંક પીસેલું નમક અને દુધનો પ્યાલો મુકયો. હઝરતે ફરમાવ્યું : દિકરી! શું તમે ચાહો છો કે, કયામતના દિવસે તમારા બાબાને ખુદાની સામે હિસાબ દેવામાં વધારે સમય સુધી ઉભા રહેવું પડે? બેટી હલાલમાં હિસાબ છે અને હરામમાં અઝાબ છે. બેટી! હું હઝરત રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)નો પયરવ છું. કોઈ દિવસ ક્યારેય પણ રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)મે એકી સાથે બબ્બે નેઅમતો પસંદ નથી કરી.

જનાબે ઉમ્મેકુલસુમ (સલામુલ્લાહે અલય્હા) ફરમાવે છે કે, મજબુરન મારે દુધનો પ્યાલો લઈ લેવો પડયો અને આપે નમક અને રોટીથી ઈફતારી કરી, ઈફતારી કરી રહ્યા પછી હઝરત વઝુ કરી નમાઝમાં મશગુલ થયા. કોઈ વાર સિજદાને લંબાવતા તો કોઈ વાર રૂકુઅને, અલ્લાહના ખૌફથી એવા ડરતા અને રડતા હતા કે આપને ઘડી ભર પણ ચૈન પડતુ ન હતું. વારંવાર આપ બહાર આવતા હતા. અને આસમાન તરફ નઝર કરતા હતા, વળી મુસલ્લા પર જઈ ઈબાદતમાં મશગુલ થઈ જતા હતા, શહેઝાદીએ અબ્બાજાનનો આવો હાલ જોયો ત્યારે અર્ઝ કરી કે : અબ્બાજાન! આ હું શું જોઈ રહી છું કે, આજે આપને જરાય ચૈન નથી? મૌલાએ જવાબ આપ્યો : દીકરી! તારો બાપ ભયાનક હાલતમાં પણ ડર્યો નથી. પરંતુ આજની રાત કાંઈક એવી છે કે મારૂં દિલ બેચૈન થઈ રહ્યું છે, "ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઉન. અબ્બાજાનની આવી હસરત ભરી વાતો સાંભળી હું રડવા લાગી અને અબ્બાજાન ફરી ઈબાદતમાં મશગુલ થયા.

રાત્રીના બે પ્રહર વિતિ ચુકયા ત્યારે આપે ફરીવાર વઝુ કર્યું, કપડા પહેર્યા. કમર બાંધી અને ઘરના ચોકમાં આવી ઉભા રહ્યા. ઘરમાં થોડીક બતકો હતી તે આપની ગિર્દ જમા થઈ ગઈ અને શોર કરવા લાગી, પોતાની ચાંચોથી આપની અબાના દામનને ખેંચતી હતી જાણે કહી રહી હતી કે : મૌલા! ન જાવ, ન જાવ, મૌલા! ત્યાં કાતિલ આપની રાહ જોતો ઉભો છે. જાનવરોની આવી હાલત જોઈ આપે ફરમાવ્યું : લાએલાહા ઈલ્લલ્લાહ. આ બધી બાબતો આજે કંઈક વિચિત્ર અને વિપરીત લાગે છે. હવે પછી આ ઘરમાંથી જે અવાજ સંભળાશે તે રોવાની અને માતમની હશે.

શહેઝાદીએ અર્ઝ કરી : અબ્બાજાન! આવી દુ:ખદ વાતો શું કામ કરો છો? આપે ફરમાવ્યું : બેટી! અમો એહલેબયત નકામી વાતો નથી કરતા. અમો એ જ કહીએ છીએ કે જે થવાનું હોય છે. બેટી! તમને હું મારા હકની ક્સમ આપું છું કે આ બતકોનો ખ્યાલ રાખજો. તેને દાણાપાણી આપજો અને જો એમ ન થઈ શકે તો તેને છુટા મુકી દેજો, આ મુંગા પ્રાણી છે અને તમારા કેદી છે. દોસ્તો! હયવાનો તરફ પણ મૌલા કેવા દયાળુ છે કે પોતાની દુખ્તરને પોતાના હકની ક્સમ આપીને ભલામણ કરતા જાય છે! હાયરે, ઝમાનાનો ઈન્કીલાબ! એ જ દયાળુ - રહીમ અને કરીમ મૌલાની ઓલાદ રોઝે આશુર ભૂખ અને પ્યાસથી તડપતી હતી અને દુશ્મનો તરફથી નીરને બદલે તીર વરસાવવામાં આવતા હતા!

શેહઝાદીને જાનવરોની ભલામણ કરી આપ બાહર નિકળવા લાગ્યા તો દરવાઝાની સાંકળ આપની કમરમાં ભરાઈ ગઈ. જાણે દરો દીવારે પણ મૌલાને રૂખ્સતીના બોસા આપ્યા! હઝરત મસ્જીદ તરફ રવાના થઈ ગયા.

જનાબે ઉમ્મે કુલસુમ ઈમામ હસન (અલય્હિસ્સલામ) પાસે આવ્યા. તેમને જગાડયા અને કહ્યું : ભાઈ, આપ તો સુતા છો અને આજ રાત્રે અબ્બાજાન વારંવાર પોતાની મોતની ખબર આપ્યા કરતા હતા. અને હમણાં મસ્જીદ તરફ ગયા છે.

ઈમામે હસન (અલય્હિસ્સલામ) ઉભા થયા અને મસ્જીદ તરફ રવાના થયા. રસ્તામાં જ હઝરતથી મુલાકાત થઈ. અર્ઝ કરી : બાબાજાન! હજુ તો ઘણી રાત બાકી છે. આપે ફરમાવ્યું બેટા! મેં સ્વપ્નુ જોયું છે કે આસમાનના દરવાઝા ખુલી ગયા છે. જિબ્રઈલ અબુ કોબેસના પહાડ ઉપર ઉતર્યા. ત્યાંથી બે પત્થરો ઉપાડી ખાનએ કાઅબામાં લાવ્યા અને કાઅબાની છત ઉપર રાખ્યા. પછી એ બન્ને પત્થરોને એકબીજા સાથે એવા જોરથી અથડાવ્યા કે તે બંને પત્થરો ખાક થઈ વેરાઈ ગયા, મક્કા અને મદીનામાં કોઈ એવું ઘર બાકી નથી કે, જે ઘરમાં તે પત્થરની ખાક પહોંચી ન હોય! ઈમામે હસન (અલય્હિસ્સલામ)મે અર્ઝ કરી : અબ્બાજાન! તેની તા'બીર શું? આપે ફરમાવ્યું : એ સ્વપ્નું સાચું છે. તેની તા'બીર એ છે કે, તારા બાબાને કત્લ કરવામાં આવશે અને મક્કા અને મદીનામાં કોઈ એવું ઘર નહી હોય કે, તેના ગમથી ગમગીન ન થયું હોય.

આ સાંભળી ઈમામ હસન (અલય્હિસ્સલામ) રોવા લાગ્યા. અને અર્ઝ કરી: ઘરે ચાલો. આપને એકલા નહીં જ જવા દઉં. હઝરતે ફરમાવ્યું: અય વ્હાલા ફરઝંદ! તમોને મારા હકની કસમ આપું છું. તમે ઘરે જાવ, ઈમામે હસન (અલય્હિસ્સલામ) હુકમે ઈમામ સાંભળી મજબુર થઈ ઘર તરફ પાછા વળ્યા.

જનાબે અમીર મસ્જીદમાં દાખલ થયા. સુતેલાઓને જગાડયા. કાતિલને ઢંઢોળ્યો. એ પછી આપે અઝાન આપી. કહે છે કે એ અઝાનની અવાઝ કુફાના એકએક ઘરમાં સંભળાઈ હતી. જાણે મૌલા દોસ્તોને પોતાની મુબારક અવાઝ છેલ્લીવાર સંભળાવી રહ્યા હતા. ફરીવાર કાતિલની પાસે આવ્યા અને ફરમાવ્યું : ઉઠ, નમાઝ અદા કર, તેણે એવી હરકત કરી જાણે હમણાં આવે છે. મૌલાએ કહ્યું : એ શકી! અલી સારી પેઠે જાણે છે કે : તેં તારા દામનમાં શું છુપાવ્યું છે?

અઝાદારો! મૌલાએ નમાઝ શરૂÇ કરી, કાતિલે જોયું કે, જનાબે અમીર (અલય્હિસ્સલામ) નમાઝમાં મશગુલ થઈ ગયા છે. પોતે ઉભો થયો અને એક

થાંભલાની પાછળ જઈ સંતાઈ ગયો. મૌલા પહેલી રકાતના પહેલા સજદામાંથી સરને ઉંચુ કરતા હતા, ઈબ્ને મુલજીમે ઝહેર પાએલી તલવાર ઉંચી કરી, હજી તો મૌલાનું સર ઉંચુ ન થયું કે, કાતિલે તલવારથી સર મુબારક ઉપર વાર કર્યો. તલવારનો વાર એટલો બધો તીવ્ર હતો કે સર ફાટી ગયું અને ખુનનો ફુવારો ઉડયો, મસ્જીદના દરવાઝા આપસમાં ટકરાવા લાગ્યા. જિબ્રઈલે મૌલાની સુનાની સંભળાવી : **'લત હદ્દમત વલ્લાહે અરકાનુલ હોદા, કોતેલબ્નો અમ્મે મોહમ્મદેનિલ મુસ્તુફા** - અલ્લાહની સોગંદ, હિદાયતના મિનારા ઝમીનદોઝ થયા. મોહમ્મદે મુસ્તફા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ના ભાઈ કત્લ થયા.' જે વખતે જનાબે ઉમ્મે કુલસુમે જિબ્રઈલની મુનાદી સાંભળી ત્યારે ભાઈની પાસે આવી કહેવા લાગ્યા : અય ભાઈ! હમણા મેં કોઈની અવાજ સાંભળી કે અરૂમીલ મોઅમેનીન કત્લ થઈ ગયા.

સોગવારો! આજે જિબ્રઈલે પોતાના ઉસ્તાદના મરણની સુનાની સંભળાવવા ઝમીન અને આસમાન વચ્ચે પોકાર કર્યો. એ પોકાર સાંભળી કુફાવાસીઓ મોલાની છેલ્લી ઝિયારત અર્થે અને શેહઝાદાઓને તસલ્લી અને દિલાસો આપવા પોતપોતાના ઘરોમાંથી ઉઘાડા પગે અને ઉઘાડા માથે નીકળી પડયા. પરંતુ, માતમદારો! જિબ્રઈલે પોતાના ઉસ્તાદના લાડલાની જયારે સુનાની સંભળાવી : 'અલા કોતેલલ હુસૈનો બે કરબલા' એ વખતે શું થયું? અરે કોઈ હ. હુસૈન (અલય્હિસ્સલામ)ના બિમાર શેહઝાદાને દિલાસો આપવા આવ્યું હતું? શું કોઈ જનાબે ઝયનબને પુરસો દેવા આવ્યું હતું? શું કોઈ સકીનાને વ્હાલ કરવા આવ્યું હતું? અરે દિલાસો કેવો? પુરસો કેવો? પ્યાર કેવો? અરે બિમાર ઈમામ માટે ઝંજીર અને કાંટાળો તોક લઈ દુશ્મનો આવ્યા! ઝયનબની ચાદર છીનવા ઝાલીમો આવ્યા! સકીનાના ગૌહર છીનવા માટે સિતમગારો આવ્યા! ખૈમાઓને જલાવી દેવા ઝાલીમો આવ્યા.

**અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝ ઝાલેમીન.**

# મજલીસ : ૪

# જનાબે અમીર (અલય્હિસ્સલામ)ની

# વિલાદત અને શહાદત

## બિસ્મિલ્લાહિર્ રહ્માનિર્ રહીમ

કાલલ્લાહો અઝઝ ઈસ્મોહુ ફી કિતાબેહિલ મજીદે વ ફુરકાનેહિલ
હમીદ: 'ઈન્ન અવ્વલ બયતિંવ વોઝેઅ લિન્નાસે લલ્લઝી બે બક્કત
મોબારકંવ વહોદલ લિલ આલમીન.'

(સૌથી પહેલું ઘર જે લોકોને માટે (મક્કામાં) બનાવવામાં આવ્યું તે મુબારક અને આલમીન માટે હિદાયત છે.)

હઝરાત! ખાનએ કાઅબા એવું પવિત્ર મકાન છે, જેને હઝરત ઈબ્રાહીમ જેવા નબીના હાથે તાઅમીર કરવામાં આવ્યું. જનાબે ઈસ્માઈલ અને હઝરતે જિબ્રઈલ પત્થર લાવતા હતા અને જનાબે ખલીલ ઈમારત બનાવતા હતા. એ મહાન હસ્તીઓના હાથોથી તૈયાર થયેલ મકાન કેવું બરકતવાળું હશે? કયામત સુધી ઈબાદત ગુઝારો માટે કિબ્લા બની ગયો. જે આજે 'ખાનએ કાઅબા' અને 'બયતુલ્લાહ' એટલે કે અલ્લાહના ઘરના નામથી ઓળખાય છે. હઝરાત! વિચારવા જેવી વાત છે કે અલ્લાહનું ઘર શા માટે કહેવામાં આવે? અલ્લાહની ઝાત તો જિસ્મો જિસ્માનિયતથી પાક પાકીઝા છે તેથી તેને કોઈ પણ મકાનની ઝરૂરત નથી, ઘરની ઝરૂરત તો બંદાઓને હોય, ન કે ખાલિકને, તેની ઝાત તો એવી મહાન છે કે તે દરેક જગ્યાએ મૌજુદ છે. તો પછી પોતા માટે કેમ ઘર બનાવ્યું? ઉપલી આયત બતાવે છે કે અલ્લાહે પોતાના

ખલીલના હાથે ખાસ લોકોના માટે આ ઘર બનાવેલ છે. હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ (અલય્હિસ્સલામ)મે આ ઘરની તાઅમીર કરી તેથી તેના માલિક બતૌરે મિરાસ તેમની જ ઔલાદ હોવી જોઈએ, ખુદા આદીલ છે, તે કોઈને તેના હકથી મહરૂમ નથી કરતો, જનાબે અમીર (અલય્હિસ્સલામ)નુ ખાનએ કાઅબામાં પૈદા થવું એ તેની દલીલ છે કે ખુદાએ તઆલા તેમને આ મકાન માટે લાયક  સમજેલ તેથી જ તેઓ એહલેબૈત એટલે બયતુલ્લાહના માલિક કહેવાયા.

હઝરાત! ખાનએ ખુદામાં પયદા થવું એ કાંઈ માઅમુલી ફઝીલત નથી. આ Ç્રૂત્બો નબીઓને પણ પ્રાપ્ત નથી થયો, ઈતિહાસની કિતાબોમાં છે કે જયારે જનાબે મરીયમને દર્દે ઝેહ શરૂÇ થયું, ત્યારે તેઓએ ચાહ્યું કે તેમનું બાળક બયતુલ મુકદ્દસમાં પેદા થાય. તેથી તેઓ તે ઈરાદાથી ત્યાં પહોંચ્યા, ત્યાં ગૈબથી એક આવાઝ આવી કે: અય મરીયમ! આ ઈબાદતની જગ્યા છે, સુવાવડખાનું નથી, અહીંથી તમે ચાલ્યા જાવ. આ સાંભળીને તેઓ ત્યાંથી ચાલ્યા ગયા.

હઝરત ઈમામે જઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી રિવાયત છે કે, અબ્બાસ બિન અબ્દુલ મુત્તલીબ, યઝીદ બીન કઅબ અને કેટલાક બની હાશિમ અને અઅઝા કબીલાના કેટલાક માણસો બેઠા બેઠા વાતો કરતા હતા કે, જનાબે ફાતેમા બિન્તે અસદ એ સ્થળે આવ્યા અને સાત વખત ખાનએ કાઅબાનો તવાફ કર્યો અને એક તરફ ઉભા રહીને પોતાના શીકમે મુબારકને કાઅબાની દીવાર સાથે લગાડયું અને દોઆ કરવા લાગ્યા કે: ખુદાવંદા! હું ઈમાન લાવી છું તમામ પયગમ્બરો ઉપર, કે જેને તેં મબઉસ કર્યા અને તમામ કિતાબો ઉપર ઈમાન લાવી છું, કે જેને તેં નાઝીલ ફરમાવી છે. ખુદાવંદા, તસ્દીક કરૂં છું મારા જદ હ. ઈબ્રાહીમ (અલય્હિસ્સલામ)ની કે જેણે આ કાઅબાને બનાવ્યો. બારે ઈલાહા! મારા ઉપર આ બચ્ચાની વિલાદત

આસાન કર. ઈલાહી! મને યકીન છે કે, આ બચ્ચું મારી નિશાની છે. અને તારી અઝમત અને જલાલની નિશાની છે.

હઝરાત! આ બાબત માનવ સ્વભાવના ખિલાફ હતી કે દીવાલમાં તિરાડ થતી જોઈ ફાતેમા બિન્તે અસદ પાછા હટી જવાને બદલે આગળ વધે. પણ તેઓ પાછા હટયા નહીં! ઈસ્લામી તેહઝીબ અને અકીદા મુજબ જયાં ભયની જગ્યા હોય કે નવી જગ્યાએ જવાનું હોય તે સ્થળે પહેલે કુરઆન લઈ જવામાં આવે છે. અરે! ફાતેમા બિન્તે અસદ શા માટે ડરે? તેમની સાથે તો કુરઆને નાતિક એટલે બોલતું કુરઆન હતું! આપ એ પુત્રની માતા હતા કે જેને જગત આજે પણ ગૈરે ફર્રારથી યાદ કરે છે.

જનાબે અબ્બાસનું કહેવું છે કે જનાબે ફાતેમા બિન્તે અસદ જયારે કાઅબામાં દાખલ થયા ત્યારે કાઅબાની ભીંત પહેલાં જેવી જ થઈ ગઈ. લોકોએ તાળું ખોલવાની ખુબ જ મહેનત કરી. કોઈ પણ હથીયારથી તાળું કે તેની સાંકળ ટુટી ન શકી, છેવટે લોકોને ખાત્રી થઈ કે આમાં કાંઈક કુદરતનો ભેદ છે. જનાબે અબુતાલિબ અને જનાબે ફાતેમા બિન્તે અસદના ઈમાન ઉપર શક કરનારાઓ જરા આપની મુનાજાત ઉપર વિચાર કરે કે આપે ખુદાના ઘરમાં જવા પહેલાં અંબિયા અને આસમાની કિતાબોની તસ્દીક કરી, મિલ્લતે ઈબ્રાહીમ ઉપર અકીદતના પુષ્પો ચડાવ્યાં, શું હવે પણ કોઈને શક રહે છે? જનાબે અબુતાલિબ અને જનાબે ફાતિમા બિન્તે અસદના ઈમાન ઉપર શક કરનારાઓના જ ઈમાન નાકિસ હશે.

જનાબે અબ્બાસ કહે છે કે, ત્રીજે દિવસે જનાબે ફાતેમા બિન્તે અસદ ગોદમાં બાળક લઈ બાહર આવ્યા. અરે, ફાતેમા બિન્તે અસદની શાનને જરા જુઓ કે જયારે આપ દાખલ થયા ત્યારે ‘અસદ’ની બેટી હતા અને બાહેર આવ્યા તો અસદની ‘મા’ બન્યા! અરે, એ બચ્ચાના નુરની એ હાલત હતી કે ખાનએ કાઅબાની દિવારો રોશન થઈ ગઈ. લોકો અજબ થઈ ગયા, ફાતેમા

બિન્તે અસદે કહ્યું કે : અય લોકો! ખલ્લાકે આલમે મને એ ફઝીલત અતા ફરમાવી છે કે જે કોઈ પણ ઔરતને આપવામાં નથી આવી.

જયારે જનાબે ફાતેમા બિન્તે અસદ ફરઝંદને આગોશમાં લઈને બાહર નીકળ્યા, કે સામે એકાએક પયગમ્બરે ઈસ્લામ આગોશે મોહબ્બત ફેલાવી તશરીફ લાવ્યા. અરે! આફતાબે રિસાલત ઈમામની શોધમાં આવ્યા. હજુ સુધી જનાબે અમીર (અલય્હિસ્સલામ)ની આંખો બંધ હતી. કારણ કે, બુતોના તોડનાર પોતાની પહેલી નઝર બુતો તરફ નાખવા નથી ચાહતા, એ તો એમનો જ ચહેરો જોવા ચાહે છે કે, જેમનો ચહેરો જોવામાં ઈબાદતનો સવાબ હોય. 'અન્નઝરો એલા વજહે મોહમ્મદિન એબાદહ' 'રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ના ચહેરા મુબારક ઉપર નઝર કરવી ઈબાદત છે.' જ્યારે રસુલિલ્લાહે પોતાના ભાઈને ખોળામાં લીધા કે તરત જ જનાબે અમીર (અલય્હિસ્સલામ)મે આંખો ખોલી. **(સલવાત)**

જનાબે ફાતેમા બિન્તે અસદને એવી ઈઝઝત પ્રાપ્ત થઈ કે જે કોઈને મળી નથી. કેવી મુબારક આગોશ હતી કે પહેલે આ આગોશ હબીબે ખુદાની તરબીયતના માટે નિર્માણ થઈ અને હવે ખુદાએ પોતાના મહેમાન બોલાવી જન્નતના મેવાઓથી દાઅવત કરી અને તે જ ગોદમાં ખાનએ ખુદાના મૌલુદને લઈને નીકળ્યા અને તે મુબારક દિવસ માહે રજબની તેરમી તારીખનો હતો.

સાહેબે રિયાઝુશ્શોહદા લખે છે કે, તે વખતે જનાબે અમીર (અલય્હિસ્સલામ)ની શુજાઅતની એવી હાલત હતી કે આપની માદરે ગીરામીએ અરબના દસ્તુર પ્રમાણે આપને એક કમાતની અંદર વીંટયા, તેને આપે ફાડી નાંખી. ત્યાર પછી બે કમાતમાં વીંટવામાં આવ્યા, આપે તેને પણ ફાડી નાખ્યું, ત્રણ કમાતોમાં વીંટવામાં આવ્યા, તેનું પણ એજ પરિણામ આવ્યું. છેવટે આપે ચાર કમાતોમાં લપેટ્યા, કે જે હરણના ચામડાના હતા. આપે તેના પણ કુરચા ઉડાડી દીધા. પછી પાંચ રેશમી કમાતોમાં લપેટવામાં આવ્યા, અરે

બચપણની હાલતમાં ખૈબર અને ખંદકની શુજાઅત બતાવવા લાગ્યા. અરે એવો જોરથી ઝટકો માર્યો કે તે બધા ચાક થઈ ગયા. છેવટે જનાબે ફાતેમા બિન્તે અસદે આપને છ કમાતોમાં વીંટયા અને ઉપરથી એક ચામડાની કમાત બાંધી દીધી. ચામડા અને રેશમના દોરીઓથી આપને લપેટવામાં આવ્યા પણ શેરેખુદાએ એક એવી જોરથી અંગડાઈ લીધી કે તમામ રસ્સીઓ ટુટી ગઈ. કુદરતે ખુદાથી આપ કહેવા લાગ્યા કે : અય અમ્મીજાન! મારા હાથ તમો બાંધો નહી, ખુલ્લા રહેવા દો, કે દોઆના માટે આસમાન તરફ બલંદ કરી શકું! ખરેખર અલીના ગુલામ પણ કદી હાથ બાંધીને ઉભા નથી રહેતા. એ તો હંમેશા દોઆ માટે ખુલ્લા હાથ રાખીને ઈબાદત કરે છે.

હઝરાત! એવા બહાદુર અને શુજાઅ ઈમામને શહીદ કરવા માટે કોણ સામે આવી શકે? જનાબે અમીર (અલય્હિસ્સલામ)ને કતલ કરવા માટે ઘણી જ કોશિષો કરવામાં આવી પણ તમામ નિષ્ફળ નિવડી. હા, દોસ્ત અને દુશ્મનને ખબર હતી કે જયારે અલી ઈબાદતે ખુદામાં મશગુલ થઈ જાય છે ત્યારે તેમના પગમાંથી તીર કાઢવામાં આવે છે તો પણ ખબર નથી રહેતી, એટલા માટે ઈબ્ને મુલજીમ મલઉને નમાઝના મૌકાને ગનીમત સમજી જનાબે અમીર (અલય્હિસ્સલામ)ને નમાઝની હાલતમાં ઝખ્મી કર્યા.

જયારે આ વાત ફેલાઈ ગઈ ત્યારે ઈમામે હસન (અલય્હિસ્સલામ) અને ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) રોતા રોતા મસ્જીદ તરફ રવાના થયા. જોયું કે તમામ નમાઝીઓ પોતાના સર પીટી રહ્યા છે અને મસ્જીદમાં રોવાની આવાઝ બલંદ થઈ રહી છે. અરે, મૌલા મસ્જીદની ખાક ઉપાડી માથાના ઝખ્મ ઉપર નાખી રહ્યા છે અને ફરમાવે છે : 'વલ્લાહે ફુઝતો બેરબ્બીલ કઅબા' 'કાઅબાના રબની કસમ હું કામયાબ થયો.' ઈમામે હસન (અલય્હિસ્સલામ)ની આંખોમાંથી આંસું જારી છે. પોતાના બાબાના મુબારક સરને આગોશમાં લઈ લીધું. આપે આંખો ખોલી અને ફરમાવ્યું : બેટા હસન! સબર કરો, હજું તમારે ઘણી મુસીબતો ઉપાડવાની છે, એટલામાં ઈબ્ને મુલજીમ ગિરફતાર થઈને

આવ્યો, ગળામા ખુનથી ભરેલી તલવાર લટકતી હતી, હાથોને પછવાડેથી બાંધવામાં આવ્યા હતા. હોઝયફા સાથે સાથે હતા, મસ્જીદમાં શોર બલંદ થયો કે, મૌલાનો કાતિલ ગિરફતાર થઈને આવ્યો છે.

હઝરત ઈમામે હસન (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું કે : અય ઈબ્ને મુલજીમ! તું જ મારા બાબાનો કાતિલ છે ને? શું મારા બાબા તારા ઉપર મહેરબાની કરતા ન હતા? અમે શું કોઈ વખતે તારી ખાહીશ રદ કરી છે? આ સાંભળી તે શકી રોવા લાગ્યો. હઝરતે ગશથી આંખો ખોલી દીધી. હઝરત ઈમામે હસન (અલય્હિસ્સલામ)મે આપના ચહેરા ઉપર મોંઢું રાખી દીધું અને અરજ કરી : બાબા! આપનો કાતિલ આવ્યો છે. મૌલાએ હસરતની નઝરથી તેના તરફ જોયું અને ફરમાવ્યું : અય અબ્દુર્રહમાન! તેં ઘણું બુરૂ કામ કર્યું, શું હું તારો ખરાબ ઈમામ હતો? શું મહેરબાની કરતો ન હતો? શુ તારા ઉપર મેં અહેસાનો નથી કર્યા? આ સાંભળીને લોકો રડવા લાગ્યા. ઈબ્ને મુલજીમ કહેવા લાગ્યો કે : અય અમીરૂલ મોઅમેનીન! જેને જહન્નમ પોતાના તરફ ખેંચે તેને કોણ બચાવી શકે છે.

જનાબે અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ને રહમ આવી ગઈ અને ફરમાવ્યું કે : અય બેટા હસન! મુજરીમ ઉપર રહમ કરો, અરે, તેનો ચહેરો પીળો થઈ રહ્યો છે અને તેની આંખોમાં ખાડા પડી ગયા છે, નુરેનઝર! જો હું જીવતો રહ્યો તો ઈબ્ને મુલજીમની સાથે કેવો સલુક કરૂં તે હું જાણું છું, અને જો હું મરી જાઉં તો તમો માત્ર એક જ ઘા મારજો અને તેના હાથ પગ કાપશો નહીં, તમારા નાના ફરમાવતા હતા કે, ઈનસાન તો શું જાનવરોના અવયવોને પણ કાપશો નહીં. અઝાદારાને હુસૈન! મૌલાએ ઈબ્ને મુલજીમના અવયવોને ન કાપવા માટે સિફારિશ કરી. પણ કુફાવાળાઓએ આપના ફરઝંદ હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) સાથે કેવો સુલુક કર્યો કે ઈમામ ઝિયારતે નાહિયામાં ઈરશાદ ફરમાવે છે કે : ‘અસ્સલામો અલા અઅઝાઈ મુકત્તઆત - સલામ થાય એ અવયવો ઉપર કે જેના ટુકડે ટુકડા કરવામાં આવ્યા.’

અઝાદારો! આજે રોવાનો દિવસ છે, હસનૈન (અલય્હિસ્સલામ) રડી રહ્યા છે. કારણ કે પોતાના વાલિદે બુઝુર્ગવાર સદાના માટે આરામ ફરમાવી રહ્યા છે. આજે શીયાઓની આંખો રોઈ રહી છે કારણ કે તેમના ઈમામને દુશ્મનોએ શહીદ કર્યા છે. આજે કુફાના ફકીરો માથા પટકી રહ્યા છે. કારણ કે તેમનો મહેરબાન જાન તોડી રહ્યો છે. કુફાના યતીમો અને બેકસો રડી રહ્યા છે કે બાપથી વધારે પ્યાર કરનાર દુનિયાથી વિદાઅ થઈ રહ્યો છે. અરે! બેવાઓ પોતાના માથાને દરોદિવારથી ટકરાવી રહી છે, કારણ કે આજે તેમનો પાળવાવાળો દુન્યાથી વિદાય થઈ રહ્યો છે. અરે! આજે કબ્રમાં પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) પણ તડપી રહ્યા હશે, તેમનો નાસીર અને મદદગાર આજે દુશ્મનની ઝેરમાં બોળાએલી તલવારથી શહીદ થઈ રહ્યો છે. અરે! જનાબે સય્યદા કબ્રની અંદર તડપી રહ્યાં હશે કે જે બચ્ચાઓની મેં ચક્કી પીસી પીસીને પરવરીશ કરી તેના ઉપર અલીના મરવા પછી કેવી મુસીબતો પડશે.

ત્યાર પછી મૌલાને ચાદરમાં સુવરાવીને ઘર તરફ લઈ ચાલ્યા અને એ વખતનો મંઝર એવો હતો કે, જાણે મસ્જીદથી ઘરે અલીનો જીવતો જનાઝો જઈ રહ્યો છે, અરે! લોકોના ટોળેટોળાં સાથે છે. શીઆઓના બાદશાહનો જનાઝો છે. અરે! દરેકે પોતાના અમામા ફેંકી દીધા અને 'વા અલીય્યા, વા ઈમામા'ની સદા બલંદ થઈ, જિબ્રઈલે નિદા આપી કે, અય અહલે કુફા, અરે! શું બેખબર છો, ખુદાની કસમ અમીરૂલ મોઅમેનીન કત્લ થઈ ગયા. તમામ શીઆ ભેગા થઈ ગયા, જયારે ઘરની નઝદીક પહોંચ્યા ત્યારે આપને થોડોક હોશ આવ્યો, અરે શાહઝાદાઓની આપે એવી હાલત જોઈ કે, તડપી તડપીને રોઈ રહ્યા છે કે આવાઝ પણ નીકળતી નથી. અરે, પોતાના બેટાઓને જોઈ બેટીઓનો ખ્યાલ આવી ગયો. તેથી ઈમામે હસન (અલય્હિસ્સલામ)ને ફરમાવ્યું, કે બેટા હસન! જરા ઉભા રહો. પછી આપે ફરમાવ્યું કે : લોકોને કહો કે હવે તકલીફ ન લે, અલીને હવે તમે મળી ચુકયા. હવે સૌ પોત પોતાના ઘરે જાય. બધાએ અરજ કરી : મૌલા! આપ આ પ્રમાણે શા માટે ફરમાવો છો? અરે, અમોને

આપની આખરી સેવા કરવા દો, અરે અમો ખુબ જ આપની ઝિયારત કરી લઈએ. ગયરતદાર મૌલાએ અજબ જવાબ આપ્યો, કે અય ભાઈઓ! ફાતેમાએ ઝહરાનું ઘર નઝદીક આવી ગયું છે. ફાતેમાની બેટીઓ મારા માતમમાં નવહા કરતી હશે, હું નથી ઈચ્છતો કે ઝયનબો કુલસુમની રોવાની અવાઝ ના મેહરમના કાને પડે.

જયારે જનાબે ઉમ્મે કુલસુમ (અલય્હિસ્સલામ) બાપની પાસે એક દુધનો પ્યાલો લાવ્યા અને અરજ કરી કે, બાબા! નોશ ફરમાવો. દિકરીની અવાજ સાંભળી હઝરતે આંખો ખોલી અને થોડુંક દુધ પીધું અને ખુબજ મહેરબાનીથી ફરમાવ્યું કે : તમે પોતાના કેદીના માટે કાંઈ ખાવાનું મોકલ્યું કે નહીં? દિકરી, તને મારી કસમ છે કે, આવું જ દુધ ઈબ્ને મુલજીમના માટે મોકલો. અઝાદારો! મૌલા કેવા સખી અને દયાળુ હતા કે આખરી વખતે પણ દયા અને સખાવતને ભુલ્યા નહીં.

ઝયદ ઈબ્ને અરકમથી રિવાયત છે, કે માહે રમઝાનની વીસમી તારીખે જયારે ઈમામ બેતાબ થઈ ગયા ત્યારે એક હકીમને ઈલાજ માટે લાવ્યા, અરે! આપના બધા શીઆઓ આપની આખરી ઝિયારતના માટે હાજર થયા. પરદામાં જનાબે સય્યદાની દિકરીયો બાપના નિસ્તેજ ચહેરાને જોઈ રહી હતી, તમામ અવલાદ આપની સામે ઉભી હતી. હકીમે ઝખ્મને જોઈ માથું પકડી લીધું અને હઝરત ઈમામે હસન (અલય્હિસ્સલામ)ને કહ્યું કે અય બાપના ખિદમત ગુઝાર બેટા! આ તલવાર તો ઝહેરવાળી જોવામાં આવે છે. અરે, એક ગોસફંદની રગ લાવો, હું જરા ઝહેરનો અસર જોઉં આપે ગોસફંદની રગ મંગાવી આપી. હકીમે તે રગને ઝખ્મમાં મુકી માથાને ઢાંકી દીધું. થોડીવાર પછી જયારે માથાને ખોલવામાં આવ્યું ત્યારે તે રગ લીલી ગઈ ગઈ હતી. આ જોઈને તેણે પોતાના માથા ઉપરથી અમામો ફેંકીને કહ્યું : અય નુરે કિબ્રીયા! આજની રાત પસાર થવી મુશ્કીલ છે, માટે જે કાંઈ વસિય્યત કરવી હોય તે કરી લો.

હકીમના આ શબ્દોથી બધા માયુસ થઈ ગયા. મૌલાએ દોસ્તોને વસિય્યત કરી વિદાય કર્યા. અરે! આપની અજવાઝ અને બેટીયો આપની આસપાસ ભેગી થઈ ગઈ. મૌલા બધાને દિલાસો આપતા હતા અને ફરમાવતા હતા કે, અલ્લાહ તમારો નિગેહબાન છે.

જયારે એકવીસમી રાત આવી ત્યારે આપે ઈમામે હસન (અલય્હિસ્સલામ)ને ફરમાવ્યું : બેટા હસન! જુદાઈનો વખત નઝદીક છે. હું તમોને વસિયત કરૂં છું કે મારી શહાદત પછી મારા કાતિલને ફકત એક જ ઝરબત લગાવજો, તેના શરીરના ટુકડે ટુકડા ન કરતા, બેટા! તમો બધાને ખુદાના હવાલે કરૂં છું. આ એહલેબૈતની ખબર રાખજો, બહેનોને દિલાસો આપજો. અય નૂરે નઝર! આ તમારા ભાઈ મોહમ્મદે હનફિયાનો ખ્યાલ કરજો. તમો જાણો છો કે મને બહુ જ વ્હાલો છે. અય મોહમ્મદ! હું તમને પણ વસિયત કરૂં છું કે આ બન્ને ભાઈઓ હસન અને હુસૈન તમારા રસુલના નવાસા છે. દુખ્તરે પયગમ્બરની આંખોના તારા છે. તમો એની ઈતાઅત કરજો. આ બન્ને તમારા અને ખલ્કે ખુદા માટે ઈમામ છે. બેટા હસન! હુસૈન તમારો નાનો ભાઈ છે અને તમારી માઁ ફાતેમાએ ઝહરાનો વહાલો ફરઝંદ છે, સબ્ર કરજો અને રઝાએ ઈલાહી પર રાજી રહેજો.

અઝાદારો! મૌલાની વસિયત સાંભળી રોવાનો કોહરામ થઈ ગયો. વસિયત કરતા કરતા આપે પોતાના નાના પૌત્ર જનાબે ઈમામે ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) કે જે વખતે આપની ઉમર બે વરસની હતી છાતીએ લગાડયા અને પ્યાર કરવા લાગ્યા. કોઈ વખતે મોંઢું ચુમતા હતા તો કયારેક હાથોને બોસા આપતા હતા. કયારેક પોતાની જીભ ચુસાડતા હતા અને કાંઈક યાદ કરી રડી રહયા હતા. અરે! મૌલાની આંખો કરબલા અને કુફાના મંઝરને જોઈ રહી હશે કે એક વખત એવો પણ આવશે કે આ મારા નાના બે વર્ષના પૌત્રના ગળામાં તૌક, હાથમાં હાથકડીઓ અને પગમાં બેડીઓ પહેરાવવામાં આવશે. જનાબે ઝયનબ (અલય્હિસ્સલામ)મે નઝદીક આવીને

સવાલ કર્યો કે બાબા! ઉમ્મે અયમનની હદીસ વિષે આપ શું ફરમાવો છો? આ સાંભળી આપ રોવા લાગ્યા અને ફરમાવ્યું : બેટા ઝયનબ! તે હદીસ સાચી છે. અરે! હું જોઈ રહ્યો છું કે આ કુફામાં તમોને એવી રીતે ફેરવવામાં આવે છે કે માથાં ઉઘાડાં છે અને તારા ભાઈનું સર નૌકે નેઝા ઉપર આગળ આગળ છે.

મૌલા વસિય્યત કરતા કરતા જયારે ચુપ થઈ ગયા ત્યારે એહલેબૈતમાં માયુસી ફેલાઈ ગઈ, જનાબે ઉમ્મે કુલસુમ (અલય્હિસ્સલામ)મે અવાઝ આપી કે : બાબા! આપ ચુપ કેમ થઈ ગયા? અરે! બેટીની અવાઝ સાંભળી આપે આંખો ખોલી પણ આ વખતે એવી હસરતથી બેટીને જોઈ રહ્યા હતા કે બેટી દિલ પકડીને રહી ગઈ. આપે ફરમાવ્યું કે : મારા પ્યારાઓ! હવે તમો બધાને ખુદાને સિપુર્દ કર્યા. તે તમારી મદદ કરશે. રોવાવાળાઓ! અરે! મૌલાના એ આખરી શબ્દો હતા. એમ કહેતા કહેતા પગ ફેલાવી દીધા. અરે! મોંઢું કિબ્લા તરફ કરી લીધું. ઝબાને મુબારકથી **'અશ્હદો અલ્લાએલાહા ઈલ્લલ્લાહો વહદહુ લાશરીક લહુ, વ અશ્હદો અન્ન મોહમ્મદન અબ્દોહુ વરસૂલોહ'** કલેમાના તમામ થવાની સાથે આપની ્રૂહે મુબારક કવસર તરફ પરવાઝ કરી ગઈ. અરે! શેહઝાદાઓ માથું કુટવા લાગ્યા. યા અબતાહ, અય બાબા, અય બાબાનો શોર બલંદ થયો, જનાબે ઝયનબ અને ઉમ્મે કુલસુમ (સલામુલ્લાહે અલયહા)મે એવી ચીખ મારી કે, લોકોના દિલો હલી ગયા અને એવી રીતે આપ દર્દનાક અવાઝથી બયન કરવા લાગ્યા કે : અય બાબા! પરદેશમાં તમો અમોને યતીમ કરીને ચાલ્યા ગયા. અય બાબા! અમારી માનો છાંયો પણ અમારા સર ઉપર બાકી ન રહ્યો. એમ કહેતા કહેતા બેહોશ થઈ પડી ગયા. અરે! કુફામાં મૌલાની સફે માતમ બિછાવવામાં આવી, બે મકનઓ ચાદર કુફાની ઔરતો ઘરની બાહર નીકળી. 'કોતેલલ અમીરિલ મોઅમેનીન'ની સદા બલંદ થઈ.

અઝાદારો! મૌલાના જનાઝા ઉપર રોવાવાળી જનાબે ઝયનબ અને ઉમ્મે કુલસુમ જેવી દીકરીઓ હાજર હતી. ખરેખર બાપના જનાઝા ઉપર જેવી રીતે દિકરી વિલાપ કરે છે તેવું કોઈ વિલાપ કરતું નથી. અરે! પયગમ્બરો અને બુઝુર્ગોએ પોતાના જનાઝા ઉપર રોવા માટે બેટીયોની તમન્ના કરી છે. જેમકે જનાબે મુસા (અલય્હિસ્સલામ)મે દોઆ કરી કે, બારે ઈલાહા! મને એક એવી દિકરી અતા કર, કે જે મારા જનાઝાની રૌનક થાય. અય અલીના સોગવારો! અબુઝરે ગફફારીના જનાઝા ઉપર તેમની દિકરી ચીખ મારી મારીને રડતી હતી. પણ અઝાદારો! કરબલામાં કેવા મુસલમાનો હતા કે, હુસૈન (અલય્હિસ્સલામ)ની લાડલી સકીનાને બાપની મય્યત ઉપર રોવા ન દીધી. હાય! જનાબે સકીના બાપની મય્યત ઉપર જયારે રોવા લાગી ત્યારે બાપની છાતી ઉપર સુનારી બેટીને ઝાલીમોએ તમાચા માર્યા અને એવા એવા ઝુલ્મો કર્યા કે બયાન કરવાની તાકાત નથી.

**અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝઝાલેમીન**

# મજલીસ : ૫

## જનાબે ઈમામે હસન (અલય્હિસ્સલામ)ના ફઝાએલ અને શહાદત

# બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ

*કાલલ્લાહો અઝઝ ઈસ્મોહુ ફી કિતાબેહિલ મજીદે વ ફુરકાનેહિલ હમીદ : 'અમ યહસોદુ નન્નાસ અલામા આતાહોમુલ્લાહો મિન ફઝલેહી.'*

શું તેઓ ઈર્ષા કરે છે એ લોકો ઉપર કે જેને અલ્લાહે પોતાના ફઝલથી અતા કરેલ છે.

આ મુબારક આયતમાં લોકોથી મુરાદ કોણ છે? પહેલે આપણે એ તપાસીએ. 'સવાએકે મોહર્રેકા'માં છે કે, અબુલ મગાઝેલીએ હઝરત ઈમામે મોહમ્મદ બાકર (અલય્હિસ્સલામ)થી રિવાયત કરી છે, કે લોકોથી મુરાદ આમ લોકો નથી બલ્કે ખાસ અમો એહલેબૈતે પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) છીએ, જેની ઉપર લોકો રશ્ક અને હસદ કરે છે.

મોઅમેનીન! દુનિયામાં આજ સુધી વધુમાં વધુ હસદ મોહમ્મદ અને આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ના ઉપર એ નબીના કલેમા પઢનારાઓએજ કરેલ છે. ખુદાવંદે આલમે મોહમ્મદ અને આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ને ઘણીજ બુઝુર્ગી અને ઈઝઝત આપી છે, તે કેવા મુસલમાનો છે કે ઈર્ષાની આગમાં હંમેશા સળગ્યા કરે છે, આપણે મોહમ્મદ અને આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ની પયરવી કરીએ છીએ. મોહર્રમના દિવસોમાં તાઝિયા અને અલમ કાઢીએ છીએ તેને લોકો બિદઅત કહે છે, પણ હકીકતમાં એ લોકોની અજ્ઞાનતા છે, યા તો હસદ છે. દુનિયામાં કોઈ એવો ધર્મ નથી કે જે પોતાના

પેશવાઓની યાદ મનાવતો ન હોય, આ મજલીસમાં આપણા બીજા ઈમામ ઈમામે હસન (અલય્હિસ્સલામ)ના ફઝાએલ અને મસાએબ બયાન કરવાનો મારો મક્સદ છે.

પયગમ્બરે ઈસ્લામના પ્યારા નવાસા હઝરત ઈમામે હસન (અલય્હિસ્સલામ) સાથે મોઆવીયાએ જે સુલુક કરેલ છે તે મશહુર છે. ઈમામ (અલય્હિસ્સલામ)ના ઉપર એવા એવા ઝુઠા આક્ષેપો કરવામાં આવ્યા છે કે જેમાં કોઈ પણ જાતનો વજુદ જોવામાં આવતો નથી. એ ઈમામ (અલય્હિસ્સલામ)ની શાનમાં શીઆ તેમજ સુન્નીની મોઅતબર હદીસમાં જોવામાં આવે છે કે : 'અલહસનો વલ હુસૈનો સય્યદે શબાબે અહલિલ જન્નહ - હસન અને હુસૈન (અલય્હિસ્સલામ) જન્નતના જવાનોના સરદાર છે.' જે જન્નતીઓના સરદાર હોય તે યકીનન ગુનાહોથી પાક હોવા જોઈએ. પયગમ્બરને માનનારાઓએ પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ની આ હદીસ ઉપર યકીન રાખવું જોઈએ. ખરેખર હું સાચું કહું છું કે, અગર આ હદીસને કોઈ ઝુઠલાવશે તો તેનો હશ્ર ઈમામ (અલય્હિસ્સલામ)ના દુશ્મનોની સાથે થશે.

અઝાદારો! આજનો દિવસ હઝરત ઈમામે હસન (અલય્હિસ્સલામ)ની શહાદતનો છે. પંજેતનમાંથી ચોથા તનની આજે દુનિયાથી Çરૂખસતી છે, યમાની ચાદર નીચે બેસનારી ત્રણ હસ્તીઓ દુન્યાથી ઉઠી ગઈ. આજે ચોથી હસ્તી પણ વિદાઅ થનારી છે. અઝાદારો! આજે જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ના નાના દિકરા એકલા થઈ જશે. પહેલે નાનાજાન દુનિયાથી ચાલ્યા ગયા. પછી ચક્કી પીસીને પાળવાવાળી માએ પણ ખુદા હાફીઝ કહ્યું, ત્યાર પછી કયામત એ આવી કે બાપના માથા ઉપર નમાઝની હાલતમાં ઈબ્ને મુલજીમે તલવાર મારી શહીદ કર્યા. એ નમાઝી પણ ખુદા હાફીઝો નાસીર કહેતા કહેતા ચાલ્યા ગયા. હવે બચપનના સાથી અને સાથે રહેનાર ભાઈ પણ સાથ છોડી રહેલ છે. ઈદના દિવસે લાલ અને લીલા રંગનો પોષાક ધારણ

કરનારાઓ હવે જુદા પડે છે. જનાબે હસને મુજતબાના સોગવારો! આજે તે લીલા રંગના કપડાનો ભેદ તમારી સામે ખુલી જાશે કે અમ્મીજાન પાસે લીલો પોષાક હસને મુજતબા (અલય્હિસ્સલામ)મે શા માટે માગ્યો હતો?

આપની સામે હઝરત ઈમામે હસન (અલય્હિસ્સલામ)ના એક બે તારીખી વાકેઆ પેશ કરૂં છું. ઉમ્મીદ છે કે આપ ધ્યાનથી સાંભળશો.

સાહેબે લવાએઝુલ અહઝાન લખે છે, કે જયારે હઝરત ઈમામે હસન (અલય્હિસ્સલામ)ની વય સાત વરસની થઈ તે વખતે આપ વહી સાંભળતા હતા અને પોતાની અમ્મીજાન પાસે આવીને બયાન કરતા હતા, જયારે જનાબે અમીર (અલય્હિસ્સલામ) ઘરમાં તશરીફ લાવતા હતા ત્યારે જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ની ઝબાનથી સાંભળતા હતા. તે વખતે જનાબે અમીર (અલય્હિસ્સલામ) અજબ થઈ પુછતા હતા : અય ફાતેમા! તમોને કેવી રીતે ખબર પડી? ત્યારે જનાબે સય્યદા કહેતા હતા કે : આપના ફરઝંદ હસને મુજતબાએ મને કહેલ છે. એક દિવસ હઝરત અલી (અલય્હિસ્સલામ) ઘરમાં છુપાઈ ગયા. જયારે હઝરત ઈમામે હસન (અલય્હિસ્સલામ) પોતાના નાનાજાન પાસેથી વહી સાંભળીને આવ્યા અને ચાહ્યું કે, પોતાની અમ્મીજાનને બયાન કરે પણ આપ બયાન કરી શકયા નહીં. ઝબાન રોકાઈ ગઈ. જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) બહુજ અજબ થયા. તે વખતે હઝરત ઈમામે હસન (અલય્હિસ્સલામ)મે કહ્યું : અય અમ્મીજાન! શા માટે હયરત પામો છો? કોઈ મારા બુઝુર્ગ સાંભળી રહ્યા છે. તેમના સાંભળવાથી મારી ઝબાન રોકાઈ ગઈ છે. આ સાંભળી જનાબે અમીર (અલય્હિસ્સલામ) તેમની પાસે તશરીફ લાવ્યા અને પોતાના ફરઝંદને પ્યાર કર્યો.

હઝરત ઈમામે હસન (અલય્હિસ્સલામ) વાલીદે બુઝુર્ગવારની હાજરીમાં તો ચુપ થઈ ગયા પણ આપે મોઆવીયાના દરબારમાં શાનદાર છટાથી જે તકરીર ફરમાવી છે એ આપને હું સંભળાવું છું.

એક દિવસ લોકોએ મોઆવીયાને કહ્યું કે, હસન બિન અલીને કહો કે, મિમ્બર ઉપર જઈ ખુત્બો પઢે કે લોકો ઉપર તેમની ઉણપ- કમજોરી જાહેર થઈ જાય. મોઆવીયાએ આપને બોલાવ્યા અને કહ્યું: મિમ્બર ઉપર જાવ અને વાએઝ ફરમાવો. આપ મિમ્બર ઉપર તશરીફ લઈ ગયા અને ખલ્લાકે આલમની તાઅરીફ કર્યા પછી આપે ફરમાવ્યું કે : અય્યોહન્નાસ! જે મને ઓળખે છે તે ઓળખે અને જે મને નથી ઓળખતા તેઓ ઓળખી લે, કે હું હસન બિન અલી બિન અબી તાલીબ છું. હું સય્યદએ આલમ બિન્તે રસુલનો ફરઝંદ છું. હું ખાતેમુલ અમ્બીયાનો પારએ જીગર છું. હું કરામતો અને દલીલોનો માલિક છું. મારા હકથી મને મહેરૂમ કરવામાં આવ્યો છે. હું અને મારો ભાઈ હુસૈન જન્નતના જવાનોના સરદાર છીએ.

જયારે મોઆવીયાએ આ જોશીલી તકરીર સાંભળી ત્યારે ડરી ગયો કે, લોકો હઝરત તરફ ન થઈ જાય. તે કહેવા લાગ્યો કે અય અબુ મોહમ્મદ! હવે આપ ખજુરની તારીફ કરો, હવે આવી વાતોથી શું ફાયદો છે? એ સાંભળતાં જ તકરીરનો દરિયો જોશમાં આવ્યો. ફસાહત અને બલાગતની સાથે આપ ફરમાવવા લાગ્યા. હવા ખજુરને મોટી કરે છે, ગરમી તેને પકાવે છે, સરદી પાકીઝા અને લતીફ કરે છે. ત્યાર પછી અસલ વિષય તરફ આપ રજુ થયા કે, હું ફરઝંદે પેશવાએ ખલ્કેખુદા અને જીગરબંદે મુસ્તુફા છું. મોઆવીયા ફરી ગભરાણો. પોતાની શાનો શવકત બરબાદ થવાનો ભય લાગ્યો : જે કાંઈ આપે ફરમાવ્યું તે કાફી છે. યબ્ન રસુલિલ્લાહ! હવે આપ મિમ્બર ઉપરથી નીચે તશરીફ લાવો.

અઝાદારો! આવા રહીમ અને સખીની સાથે દુનિયાવાળાઓએ કેવો સુલુક કર્યો? અરે, આપને કોઈ જગ્યાએ ચૈનથી રહેવા ન દીધા, અને મઝલુમ ઈમામને અનેક વાર ઝેર આપવામાં આવ્યું. આપને આપની ઝવજા જોઅદા બિન્તે અશઅસ થકી ઝેર આપવામાં આવ્યું. જયારે મદીનામાં ચૈનથી રહેવા ન દીધા ત્યારે આપ મુસલ શહેરમાં આવ્યા, ત્યાં પણ મૌલાને પનાહ ન મળી.

અરે, બધાયને છોડી ઘરમાં પનાહ લેવા ચાહતા હતા પણ કોઈ સ્થળે પનાહ મળી નહીં. કોઈ વખતે અંગુરમાં ઝેર આપવામાં આવ્યું, કોઈ વખતે ખાવામાં ઝેર આપવામાં આવ્યું. મૌલાને ઝેરથી ખુબ જ તકલીફ થવા લાગી. હવે શું કરે? કોને કહે? છેવટે રોતા રોતા નાનાની કબ્ર મુબારક ઉપર આવ્યા અને ફરિયાદ કરવા લાગ્યા.

નાનાની કબ્ર મુબારકથી આપ ઘરે આવ્યા અને જનાબે કાસીમ (અલય્હિસ્સલામ)ની માતાને ઘરે રહેવા લાગ્યા. હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) અને બીજા ભાઈઓ આપની ખિદમત કરતા હતા. જયારે દુશ્મને જોયું કે ઝેર આપ ઉપર અસર નથી કરતું ત્યારે Çરૂમના બાદશાહ થકી કાતીલ ઝેર મંગાવવામાં આવ્યું અને મરવાન મલઉને જોઅદા બિન્તે અશઅસની પાસે મોકલાવ્યું કે, કોઈપણ રીતે તેમને ખવરાવવામાં આવે. તે મલઉના છુપી રીતે ઈમામના ઓરડામાં દાખલ થઈ અને જોયું કે, આપ આરામ ફરમાવી રહ્યા છે અને આપના સિરહાને પાણીનો એક કુજો હતો, તે કુજામાં ઝેર નાખી ચાલી ગઈ.

જયારે મૌલા ઉઠયા ત્યારે આપને પ્યાસ લાગી હતી, કોઈને જોયા નહીં ત્યારે આપે પોતે કુજો ઉપાડયો અને તેમાંથી થોડું પાણી પીધું. અરે! એક ઘુંટડો ગળાથી નીચે ઉતર્યો કે આપે એક આહ મારી, અરે, મારૂ કલેજું ફાટી રહ્યું છે. અવાઝ સાંભળી જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા) એકાએક દોડી આવ્યા અને પુછ્યું ભય્યા! કેમ બેચેન છો? આપે ફરમાવ્યું કે : બહેન! જરા થાળ લાવો. જયારે થાળ આવ્યો ત્યારે આપ તેમાં ઉલટી કરવા લાગ્યા. અરે, હસને મુજતબા (અલય્હિસ્સલામ)ના સોગવારો! હાય તે થાળમાં માછલીની જેમ મૌલાના કલેજાના ટુકડા તડપતા હતા!

જનાબે ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) ખબર સાંભળી ઘરમાં આવ્યા, જોયું તો ભાઈના મોંઢામાંથી જીગરના ટુકડા નીકળી રહ્યા છે અને બહેનો રડી રહી છે. એ જોઈને ભાઈથી ગળે વળગી ગયા. અને કહ્યું કે : અય ભાઈ! આ શુ

થયું? આપે જવાબ આપ્યો કે : અય ભાઈ હુસૈન! હમણા હું સુઈ ગયો હતો કે મેં સ્વપ્નામાં નાનાજાન રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) અને બાબાજાન અલીએ મુરતુઝા (અલય્હિસ્સલામ) અને માદરે ગિરામી ફાતેમએ ઝહરા (સલામુલ્લાહે અલય્હા)ને જોયા. માએ કહ્યું કે: બેટા! મુસીબતના દિવસો પસાર થઈ ગયા, હવે તું જલ્દી અમારી પાસે આવીશ. આ સાંભળી હું સ્વપ્નામાંથી જાગી ગયો અને પ્યાસ લાગવાથી કુજામાંથી થોડું પાણી પીધું. અરે, ભાઈ! ખબર નથી કે આ પાણી કેવું હતું કે મારા જીગરના ટુકડા થઈ ગયા. આ સાંભળી હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)મે ચાહ્યું કે પાણી કેવું છે તેની તપાસ કરે, એ ઈરાદાથી કુજા તરફ હાથ લંબાવ્યો એ જોઈ જનાબે ઝયનબ (અલય્હિસ્સલામ) બેતાબ થઈ ગયા અને હઝરત ઈમામે હસન (અલય્હિસ્સલામ) મે કુજો લઈને ઝમીન ઉપર પછાડયો, હાય અફસોસ, કેવું કાતિલ ઝેર હતું કે ઝમીન ફાટી ગઈ અને માટી જોશ ખાવા લાગી! અય મૌલાના આશીકો! તમે વિચાર કરો કે, ફરઝંદે રસુલના જિગરની કેવી હાલત થઈ ગઈ હશે? અરે, જિગરના બોંતેર ટુકડાઓ થઈ ગયા! ફરઝંદે ફાતેમાને ગશ આવવા લાગ્યો અને હઝરતે ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) ભાઈથી વળગીને રડવા લાગ્યા. હઝરત ઈમામે હસન (અલય્હિસ્સલામ)મે કહ્યું કે : અય ભાઈ! મારી કિસ્મતમાં તો એવું પાણી લખેલુ હતું, પણ ભાઈ તમારા ઉપર મુસીબતોનો એવો વખત આવશે કે અમારા કોઈને માટે આવ્યો નથી. અરે! અરબની ધગધગતી ઝમીન, કરબલાનું બળતું રણ, નાના નાના બાળકોનો સાથ, અય ભાઈ! પાણી તો બંધ હશે પણ દુશ્મનો તીરોનો વરસાદ વરસાવશે.

હઝરાત! બે દિવસ એવી જ રીતે પસાર થયા. ઘડી ઘડી આપ બેહોશ થઈ જતા હતા. મૌલાની હાલત બદલવા લાગી. ઈમામે હસન (અલય્હિસ્સલામ)એ તબર્રૂકાત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ને હવાલે કર્યા અને કહેવા લાગ્યા કે : અય ભાઈ! તમોજ મને ગુસ્લ દેજો અને કફન પહેરાવજો. અય ભાઈ! દિલ ચાહે છે કે નાનાજાન પાસે મારી કબ્ર બને, પણ ભાઈ! દુશ્મનો ત્યાં દફન થવા નહીં દે. તમો તેઓની સાથે લડશો નહીં.

અઝાદારો! હસને મુજતબા (અલય્હિસ્સલામ)ને એ જગ્યાએ દફન થવા ન દીધા અને જનાઝા ઉપર તીરોનો વરસાદ વરસાવ્યો, લાશને જન્નતુલ બકીઅમાં જનાઝાની બાહર કાઢવામાં આવી તો સાત તીર આપના જિસ્મે મુબારકમાં પયવસ્ત થઈ ગયા હતા.

જનાબે હસને મુજતબાના સોગવારો! પછી આપે ફરમાવ્યું કે: ભાઈ હુસૈન! અરે ઝયનબો કુલસુમ મા ફાતેમાની લાડલી દીકરીઓ છે. અરે, એમને તસલ્લી અને દિલાસો દેજો. અય ભાઈ! મારો કાસીમ યતીમ થઈ રહ્યો છે. મારા બચ્ચાની ખબર રાખજો કે તેથી તે યતીમીનું દુ:ખ ભુલી જાય. વસિયત કરતા કરતા ઈમામે પગ ફેલાવી દીધા. ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) માથું કુટવા લાગ્યા અને રોઈ રોઈને કહેતા હતા કે : વા અખાહો, વા હસનાહો. એ અવાઝ સાંભળતાંજ જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા) દોડી આવ્યા. તરત જ ભાઈની આંખો બંધ કરી.

અય મારી શાહઝાદી! આપે ભય્યા હસન (અલય્હિસ્સલામ)ની આંખો બંધ કરવાની ખિદમત કરી. શાહઝાદી! કહો કે, કરબલામાં ભાઈ હુસૈનની આખરી ખિદમત કરવાનો મૌકો મળ્યો હતો કે નહીં? અરે, રોઝે આશુરા અસરના વખતે જયારે માજાયાને ઘોડા ઉપર જોવામાં ન આવ્યા. શાહઝાદીને એ વખતે વિચાર આવ્યો હોય તો અજબ નથી કે, ભાઈની આખરી ખિદમત અદા કરૂં અને તે માટે ખૈમામાંથી બાહેર નીકળ્યા હોય. અઝાદારો, જયારે આપ ખૈમાની બાહેર નીકળ્યા ત્યારે ચારે તરફ દુશ્મનોની ફૌજ ઉભી હતી. કયાંય પણ રસ્તો મળ્યો નહીં. અરે માયુસ થઈ ઉમરે સાઅદને કહેવા લાગ્યા કે : અય પીસરે સાઅદ! અરે, કેવો ગઝબ છે કે, નબીનો નવાસો ઝબ્હ થઈ રહ્યો છે અને તું જોઈ રહ્યો છે! અઝાદારો, ભાઈની શયદાઈ બહેન ફરિયાદ કરી રહી હતી અને શીમ્ર મલઉન કુંદ ખંજર ભાઈના ગળા ઉપર ફેરવી રહ્યો હતો. અરે જિબ્રઈલે અમીન આસમાનથી નિદા આપી : અલા કોતેલલ હુસૈનો બે અર્ઝે કરબલા.

અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝઝાલેમીન

# મજલીસ : ૬

## મુબાહેલાનું બયાન અને હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ની કબરે રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) અને કબ્રે જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા)થી રૂખ્સતી

## બિસ્મિલ્લાહિર્ રહ્માનિર્ રહીમ

*કાલલ્લાહો અઝઝ ઈસ્મોહુ ફી કિતાબેહિલ મજીદે વ ફુરકાનેહિલ હમીદ, 'ફમન હાજ્જક ફીહે મિમ્બઅદે માજાઅક મેનલ ઈલ્મે ફકુલ તઆલવ નદઓ અબ્નાઅના વ અબ્નાઅકુમ વ નેસાઅના વ નેસાઅકુમ વ અન્ફોસના વ અન્ફોસકુમ સુમ્મ નબ્તહિલ ફનજઅલ લઅનતલ્લાહે અલલ કાઝેબીન.'*

ખલ્લાકે આલમ કુરઆને મજીદમાં ઈરશાદ ફરમાવે છે : અય રસુલ! જે શખ્સ તમારાથી એ પછી કે, જયારે તમારી પાસે ઈલ્મ આવી ચુક્યું છે (ઈસા (અલય્હિસ્સલામ)ના બારામાં) હુજ્જત કરે તો તમો એને કહો કે, આવો અમે અમારા બેટાઓને બોલાવીએ છીએ તમો તમારા બેટાઓને બોલાવો, અમે અમારી ઓરતોને બોલાવીએ છીએ તમો તમારી ઔરતોને બોલાવો, અમે અમારી જાનોને બોલાવીએ છીએ તમો તમારી જાનોને બોલાવો, પછી આપણે મુબાહેલો કરીએ અને ઝુઠા ઉપર ખુદાની લાઅનત કરાર આપીએ.

આ એ આયત છે કે, જે હક અને બાતિલનો ફેંસલો કરનારી છે અને અહલેબૈતે રસૂલથી કોણ મુરાદ છે એ વાતને આજે આ આયત જાહેર કરશે

અને રસુલના સાચા નાસીર અને મદદગાર કોણ છે તેની પણ ખબર પડી જશે.

જયારે પયગમ્બરે ઈસ્લામે નજરાનના લોકોને ઈસ્લામની દઅવત આપી, ત્યારે એક ખાસ પ્રતિનિધી મંડળ મદીનામાં આવ્યું અને કહેવા લાગ્યું કે : આપ અમારા સાહેબને શું કહો છો? આપે ફરમાવ્યું કે, તે કોણ છે? તેઓએ કહ્યું કે : ઈસા (અલય્હિસ્સલામ) માટે તમારો એવો ખ્યાલ છે કે તે ખુદાના બંદા છે? આપે ફરમાવ્યું : મારૂ કહેવું સાચું છે. તેઓએ કહ્યું કે : આપે ઈસા (અલય્હિસ્સલામ)ની જેમ બીજા કોઈને જોયા છે? અથવા આપને તેના જેવા બીજા કોઈની ખબર છે? મસીહ ખુદાના દિકરા છે તેનો કોઈ બાપ નથી. બીજાએ કહ્યું : તે ખુદા હતા કારણ કે તે મૃત્યુ પામેલાઓને જીવતા કરતા હતા. ગૈબની ખબર આપતા હતા, અંધ અને કોઢીયાઓને સાજા કરતા હતા. માટીથી જાનવર બનાવતા હતા. આટલી આટલી વસ્તુઓ ઉપર પણ આપ તેમને ખુદાના બંદા કહો છો? આપે જવાબ આપ્યો કે તેઓ ખુદાના પાક બંદા હતા. આ સાંભળીને તેઓ ગુસ્સે થયા અને કહેવા લાગ્યા અમો હરગીઝ રાજી થશું નહીં, જયાં સુધી આપ નહીં કહો કે એ ખુદા હતા. આપ સાચા હો તો અમોને એવા કોઈ ખુદાના બંદા બતાવો કે જે મુરદાને સજીવન કરતા હોય, અંધ અને કોઢીયાને સાજા કરે. માટીથી જાનવર બનાવે અને તેમાં Çરૂહ ફુંકે અને તે ઉડી જાય. આ સાંભળી પયગમ્બરે ઈસ્લામ ખામોશ થઈ ગયા. તે વખતે વહી નાઝિલ થઈ કે અલ્લાહ તઆલા ફરમાવે છે કે એ લોકો કાફિર છે જેઓ કહે છે કે ઈસા ઈબ્ને મરીયમ ખુદા છે. ખુદાવંદે આલમ ફરમાવે છે કે તેના નઝદીક ઈસાની મિસાલ આદમ (અલય્હિસ્સલામ) જેવી છે. ઈસા (અલય્હિસ્સલામ)તો ફકત બાપ વગરના પૈદા થયા, પણ આદમ (અલય્હિસ્સલામ)ને તો મા-બાપ બન્ને ન હતા. અલ્લાહે ફરમાવ્યું કે, જે શખ્સ તમારાથી ઝઘડો કરે એ પછી કે તમારી પાસે ઈલ્મ આવી ગયું. કહી આપો કે આવો અમો અમારા બેટાઓને બોલાવીએ છીએ, તમો તમારા બેટાઓને બોલાવો, અમો અમારી ઓરતોને બોલાવીએ છીએ, તમો તમારી ઓરતોને બોલાવો. અમો અમારી જાનોને

બોલાવીએ છીએ, તમો તમારી જાનોને બોલાવો. પછી દોઆ કરીએ કે, અલ્લાહ ઝુઠા ઉપર લાઅનત કરે. આપે એ લોકોને ખુદાનો હુકમ સંભળાવ્યો. તેઓએ બીજા દિવસનો વાયદો કર્યો.

એ પ્રતિનિધી મંડળમાં ત્રણ સરદાર હતા. આકીબ, સય્યદ અને અસકફ. આકીબે કહ્યું: અય મારી કોમ! મારો મત છે કે, તમો એમની સાથે મુબાહેલો ન કરો. તે પછી અસકફે કહ્યું કે: કાલે જોયું જશે કે અગર તેઓ પોતાના અસહાબને મેદાનમાં લઈને આવશે તો જરૂર મુબાહેલો કરીશું અને અગર પોતાના ઘરના લોકોને સાથે લઈને આવશે તો આપણે મુબાહેલો નહીં કરીએ.

બીજા દિવસે પયગમ્બરે ઈસ્લામે, જનાબે સલમાને ફારસીને એક ચાદર આપી અને ફરમાવ્યું કે : મેદાનમાં ફલાણી જગ્યા ઉપર આ ચાદર થકી એક ખૈમો ઉભો કરો. પછી ખુદ સરવરે કાએનાત (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ), જનાબે હસનૈન (અલય્હિસ્સલામ), જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા) અને અમીરે અરબ હઝરત અલી (અલય્હિસ્સલામ)ની સાથે મેદાનમાં તશરીફ લઈ ગયા. અસકફે આ બુઝુર્ગવારોના નુરાની ચહેરા જોયા ત્યારે કહેવા લાગ્યો : અય કૌમ! હું એવા ચહેરા જોઈ રહ્યો છું કે અગર તેઓ પહાડ હટી જવાની દોઆ કરશે તો ખરેખર પહાડ પણ હટી જશે. તમો કદી તેનાથી મુબાહેલો કરશો નહીં, નહીં તો હલાક થઈ જશો અને ધરતી ઉપર એક પણ નસરાની બાકી રહેશે નહીં. અસકફની વાત સાંભળી સય્યદ અને આકીબ આપની ખિદમતમાં આવ્યા અને કહેવા લાગ્યા કે : અય અબુલ કાસિમ! શું આપ આમના થકી મુબાહેલો કરવા ચાહો છો? આપે ફરમાવ્યું : હા, ધરતી ઉપર મારા પછી ખુદાની નઝદીક આમનાથી વધારે કોઈ બુઝુર્ગ નથી અને દરગાહે ઈલાહીમાં વસીલા માટે આનાથી વધારે કોઈ આબરૂદાર નથી. તે વખતે બન્નેએ અરજ કરી : અય અબુલ કાસીમ! અમો સુલેહ ચાહીએ છીએ. ત્યાર પછી સુલેહની શરતો નક્કી થઈ કે, એક હજાર તલવાર, એક હજાર

બખ્તર, એક હજાર ઢાલ અને એક હજાર અશરફીઓ દર વરસે અમો આપીશું. આપે ફરમાવ્યું : મને તમારી શરતો કબુલ છે પણ એ ખુદાની કસમ જેણે મને ઈઝઝત અને કરામતની સાથે નબી અને રસૂલ બનાવેલ છે, અગર તમો જો આ ચાદરની નીચે બેઠેલાઓની સાથે મુબાહેલો કરતે તો માલીક તમામ મેદાનને આગથી ભરી દેત અને પળ વારમાં તે બધાનો નાશ કરી દેત. એ વખતે જિબ્રઈલે અમીન નાઝિલ થયા અને અરજ કરી: યા રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)! ખુદાવંદે આલમ સલામ સાથે ફરમાવે છે કે : જેઓ કિસાઅની નીચે છે તેઓને સાથે લઈને આપ તમામ આસમાન અને ઝમીનના લોકો સાથે મુબાહેલો કરત તો આસમાન અને ઝમીનના ટુકડે ટુકડા થઈ જાત અને કયાંય આસમાન અને ઝમીનનો પત્તો લાગત નહીં. એ વખતે હઝરતે પોતાના હાથો બલંદ કર્યા અને ફરમાવ્યું કે : જે તમારો હક ઝુલ્મ સીતમ કરીને લઈ લેશે અથવા મારા અજરમાં કમી કરશે કે જે અલ્લાહે તમારા બારામાં વાજીબ કરેલ છે, તેના ઉપર કયામત સુધી અલ્લાહની લાઅનત રહેશે. **(સલવાત)**

હવે જરા એ બુઝુર્ગવારો મુબાહેલામાં કઈ શાનથી તશરીફ લઈ ગયા એ સાંભળો. આગળ આગળ હ. રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) હતા. જમણી બાજુ હઝરત ઈમામે હસન (અલય્હિસ્સલામ)ની આંગળી પકડી હતી. ડાબી બાજુ હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ને ગોદમાં લીધા હતા. આપની પાછળ ખાતુને જન્નત જનાબે ફાતેમએ ઝહરા (સલામુલ્લાહે અલય્હા) અને તેમની પછવાડે જનાબે અલીએ મુરતુઝા (અલય્હિસ્સલામ) હતા. અથવા એમ માનો કે, જમણી તરફ જવશને કબીર અને ડાબી તરફ જવશને સગીર, જાણે આપ સગીર અને કબીરનું તાવીઝ બનાવીને મુબાહેલામાં જઈ રહ્યા હતા! એવીજ રીતે આગળ રિસાલત, પાછળ ઈમામત અને બન્નેની વચમાં ઈસમત હતી. એ વખતે પયગમ્બરે ઈસ્લામ એહલેબયતને કહેતા હતા કે : જયારે હું બદ્દોઆ કરૂં ત્યારે તમો આમીન કહેજો.

મુસલમાનો! પોતાની જાતને સુન્નત ઉપર ચાલનારા કહેવરાવો છો તો પછી શા માટે તમારી દોઆ એહલેબયત (અલય્હિસ્સલામ) થકી નથી ચાહતા?

એક વાત એ પણ છે કે, મુબાહેલામાં કોઈ પણ સહાબીને આપે શા માટે સાથે ન લીધા? ફકત બે બાળકો, એક ખાતુન અને એક મરદને જવા માટે સાથે લીધા? ટૂંકમાં એ કે આ હક અને બાતિલની જંગ હતી અને ત્યાં એ જ લોકો જઈ શકે છે, કે જેની દોઆ કદી પણ માલીકના દરબારમાં રદ થઈ ન હોય અને જેમના મુબારક નામની પાછળ અલયહિસ્સલામ સિવાય બીજું કંઈ પણ લાગતું નથી. અને આ ચાર હસ્તીઓને લઈ જવાનું સૌથી મોટું કારણ એ હોવું જોઈએ કે, રસુલ સૌના દિલો ઉપર એ બુઝુર્ગવારોની ઈસમત અને સદાકતનો સિક્કો જમાવવા ચાહતા હતા અને એ બતાવવું હતું કે, સચ્ચદાની ઝબાન એ કાબીલ છે કે તેઓ હકીકતમાં સીદ્દીકા છે એ માટે સાથે લઈ જાઉં છું. કે, કાલે તમારી સમક્ષ કોઈ ફરિયાદ લઈને આવે તો અને તમો તેને ઝુઠા ન ઠરાવો અને સાક્ષી ન માગો! અલી અને હસનૈન (અલય્હિસ્સલામ) એવી મહાન હસ્તીઓ છે કે આજે ખુદાની ખુદાઈ સાબીત કરવાને માટે લઈ જાઉં છું અને તેની ગવાહીઓને રદ કરશો નહી.

સાહેબે રિયાઝુશ્શોહદા લખે છે કે, એહલેબયત (અલય્હિસ્સલામ)ના દોસ્તોનો એ દસ્તુર છે કે જયારે કોઈ દુ:ખ પડે છે ત્યારે જાનમાલના રક્ષણ માટે ફરઝંદે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ની મજલીસ કરવામાં આવે છે. દરેક મોઅમીનોએ મુસીબતના વખતે ગભરાઈ ન જતાં ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ની મજલીસ કરવી કે તેથી મુસીબત ઈન્શા અલ્લાહ દફે થશે. **(સલવાત)**

અઝાદારો! હઝરત રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)મે હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ને મુબાહેલામાં સાથે લઈ જઈને એ વાત સાબીત કરી કે, મારા હુસૈનની આમીનમાં એ તાસીર છે કે જેને

ખલ્લાકે આલમ કદી રદ કરતો નથી, પણ અફસોસ, સદ અફસોસ! એ જ હુસેન (અલય્હિસ્સલામ)ને દુશ્મનો મદીનામાં ચૈનથી રહેવા નથી દેતા. અરે! મદીનાના હાકીમ વલીદ બિન અતબાને યઝીદ મલઉને લખ્યું કે હુસૈનથી મારી બયઅત તલબ કર અને જો ઈન્કાર કરે તો તેમનું માથું કાપીને મારી પાસે મોકલી દે.

બીજી રિવાયત મુજબ ભાઈ ઉપર જાન નિસાર કરનારી બહેને જોયું કે માજાયા ઘરથી બાહર જઈ રહ્યા છે. અરે, દોડીને અબાનો દામન પકડી લીધો અને કહેવા લાગ્યા કે : અય માજાયા ભાઈ! આવા સકુતના આલમમાં કયાં જવાનો ઈરાદો કર્યો છે? હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)મે જવાબ આપ્યો કે : અય બહેન! ગભરાવાની વાત નથી. મને વલીદે બોલાવેલ છે. શાહઝાદીએ પુછ્યું : અય ભાઈ! શા માટે? ફરમાવ્યું કે : યઝીદનો કાગળ આવ્યો છે, મોઆવીયા મરી ગયો છે. એ બાબતમાં કાંઈ વાતચીત કરવા ચાહે છે. અરજ કરી કે : ભય્યા! શું એકલા જાવ છો? અરે! ખુદાના ફઝલથી અબ્બાસ અને અકબર મૌજુદ છે. તેને સાથે લઈ જાઓ, અરે તેથી તમારી સામે દુશ્મનો નઝર કરવાની હિમ્મત નહીં કરે. હઝરતે ફરમાવ્યું : બહેન! તમો આરામ ફરમાવો, ખુદા માલીક છે. હઝરત ઘરેથી બાહર તશરીફ લઈ ગયા. અરે બહેનનું દિલ હતું, દોડીને અબ્બાસને બોલાવ્યા અને કહ્યું : ભય્યા! ગઝબ થઈ ગયો છે, માજાયા વલીદના દરબારમાં એકલા જઈ રહ્યા છે. ઉઠ્ઠો, અકબર અને કાસીમ, ઓન અને મોહમ્મદને સાથ લઈ જાઓ. કાસીમે નેઝો સંભાળ્યો, અબ્બાસે તલવાર ઉપાડી, અકબરે નેઝો લીધો, ઔનો મોહમ્મદે હથિયાર સજવ્યાં. અઝાદારાને હુસૈન! આ પહેલું નાનું એવું લશ્કર હતું કે જે બહેને ભાઈની મદદ માટે મોકલ્યું હતું. અરે, જેવી રીતે મુબાહેલાના મેદાનમાં પાછળ પાછળ સય્યદાની દોઆઓ હતી. આજે પણ આ નાના એવા લશ્કરની પાછળ પાછળ સાનીએ ઝહરા દોઆ કરી રહી હતી. હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)મે પગોની આહટ સાંભળી. પાછું વળીને જોયું તો જિગરના ટુકડા જોવામાં આવ્યા. આપે ફરમાવ્યું : અય ભય્યા અબ્બાસ! તમોએ શા માટે

તકલીફ ઉઠાવી? અરે, ભાણેજ અને ભત્રીજાઓને પાછા લઈ જાઓ. અબ્બાસના માટે કટોકટીનો વખત હતો. અરે, શાહઝાદી ઝયનબે હ. હુસૈન (અલય્હિસ્સલામ)ની સાથે જવાની હિદાયત કરી હતી અને હ. હુસૈન (અલય્હિસ્સલામ) પાછા જવાનું ફરમાવતા હતા. અરે, કમરે બની હાશમ હાથ જોડીને હ. હુસૈન (અલય્હિસ્સલામ)ના કદમો ઉપર પડી ગયા અને અરજ કરવા લાગ્યા કે : મૌલા! હું જરૂર પાછો જતે, પણ શું કરૂં? શાહઝાદીએ મને હિદાયત કરી છે કે, અબ્બાસ! મારા ભાઈને દુશ્મનોમાં એકલા ન છોડતા. અય અબ્બાસ! હુ મારા ભાઈને તમારા પાસેથી લઈશ.

અઝાદારો! જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા)ને માજાયાથી કેટલી મોહબ્બત હતી એ આપે સાંભળ્યું? રિવાયતમાં છે કે, પછી અઝીઝોને સાથે લઈ વલીદના દરબારમાં તશરીફ લઈ ગયા. આપે બધાયને દરવાઝાની બાહર ઉભા રહેવા કહ્યું અને ફરમાવ્યું કે : જયારે મારી અવાઝ મોટેથી સાંભળો ત્યારે અંદર ચાલ્યા આવજો. આપ અંદર ગયા અને જોયું કે, વલીદ પાસે મરવાન મલઉન બેઠો છે. પહેલે વલીદે મોઆવીયાના મરણની ખબર આપી, ત્યાર પછી યઝીદનો કાગળ વાંચી સંભળાવ્યો. આપે ફરમાવ્યું કે, અત્યારે રાત્રીનો સમય છે. કાલે સવારના જોયું જશે કે મારો મત શું થાય છે. વલીદે કબુલ કર્યું અને કહ્યું : બિસ્મિલ્લાહ. આપ તશરીફ લઈ જાઓ. તે વખતે મરવાન મલઉને કહ્યું કે, ખુદાની કસમ, જો હુસૈન અત્યારે ચાલ્યા ગયા તો પછી તારા હાથમાં નહીં આવે, અરે, બયઅત ન કરે તો હમણાંજ કત્લ કર. હઝરત ઈમામે હુસેન (અલય્હિસ્સલામ)મે જયારે આ કલામ સાંભળ્યા ત્યારે આપે ફરમાવ્યું કે, અય મલઉન! કોની તાકત છે કે મને કત્લ કરે. આપની આવાઝ જરા મોટેથી સાંભળી કે તરત જવાનાને હાશમી ખુલ્લી તલવારો અને નેઝાઓ સાથે દરબારમાં દાખલ થઈ ગયા. સૌથી પહેલાં જેણે નેઝો અને તલવાર બલંદ કર્યા તે જનાબે અલી અકબર અને જનાબે અબ્બાસ (અલય્હિસ્સલામ) હતા. ઈમામે પોતાના શેરોને રોકી લીધા અને કહ્યું કે : એહલેબૈત જંગની પહેલ નથી કરતા. એ પછી આપ ઘરે તશરીફ લઈ ગયા.

આપે રાતની વાત ઉપર વિચાર કર્યો, ત્યાર પછી સફરની તૈયારી કરી અને નાના ના રોઝા મુબારક ઉપર તશરીફ લઈ ગયા.

અરે, નાના ના મઝાર ઉપર ઈમામ (અલય્હિસ્સલામ) તશરીફ લાવ્યા અને કબર મુબારકને વળગીને રડી રડીને કહેતા હતા કે : અય દીનો દુનિયાના બાદશાહ! અરે, આપના અમન પસંદ નવાસાને આજ વતનથી કાઢવામાં આવે છે અને તેને કતલની ધમકીઓ આપવામાં આવે છે. સુલતાને મદીના! આપને ખબર છે કે હું દુનિયાની સલ્તનત ચાહતો નથી. હું આપની કબ્ર ઉપર રહીને દીન અને મઝહબની ખિદમત કરવાને બાદશાહત સમજું છું. અય નાનાજાન, આપની પુત્રીનો નાનો ફરઝંદ આજ મુસીબતમાં ગિરફતાર છે. અરે, ગરમીના દિવસો, રસ્તામાં પાણીની તકલીફ, નાના નાના બાળકોનો સાથ છે. યા રસુલલ્લાહ! હું કયાં જાઉં? કયાં છુપાઉં? આ ભર્યું ઘર કોને હવાલે કરૂં? મારા પાછળ એમનું રક્ષણ કરનારૂ કોણ છે? અય નાનાજાન! હવે દુનિયા રહેવાને લાયક નથી. આપની ઉમ્મતે બાબાજાન સાથે કેવો વર્તાવ કર્યો? ભાઈ, હસન ઉપર કેવા કેવા ઝુલ્મો ગુજાર્યા? આપના ભર્યા ઘરની નિશાની એક હું રહી ગયો છું. ખુદાને વાસ્તે તમો મને કબરમાં લઈ લો કે કયામત સુધી આરામની મીઠી નિંદ લઉં

રાત્રીનો વખત હતો ચારે તરફ ઉદાસી છવાએલી હતી. હ. હુસૈન (અલય્હિસ્સલામ)ને ઊંઘ આવી ગઈ, સ્વપ્નામાં નાનાજાનને જોયા, તેઓ ફરમાવી રહ્યા છે કે : અય પંજેતનમાંથી બચેલા એક તન! અય મારી મઝલુમા દુખ્તરની નિશાની! તારા દુ:ખે મને તો શું પણ પહેલેથી છેલ્લે સુધી બધાયને રડાવેલ છે. બેટા! સબ્ર કર અને ઉમ્મતના માટે જંગલ વસાવવું પડે તો ખુશીથી વસાવજે. બેટા! તારી મુસીબતો ઈસ્લામને બાકી રાખવાનું કારણ થશે. અય બેટા! મારા આખરી સલામ હો.

જનાબે ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) જયારે સ્વપ્નામાંથી જાગૃત થયા ત્યારે જોયું કે નાનાની કબ્ર છે, રાત્રીનો સમય છે, એકાંતનો વખત છે.

એક વખત ફરી નાનાની કબ્ર ઉપર હસરત ભરી નજર નાખી અને જન્નતુલ બકીઅના કબ્રસ્તાન તરફ ચાલ્યા અને દુ:ખીયારી માની કબ્ર મુબારક ઉપર આવીને કહેવા લાગ્યા કે : અય તાજદારે મદીનાની દુખ્તર, અય મઝલુમ માઁ, અરે! તમારા ફરઝંદના આખરી સલામ થાય, અરે! તમારી! કબ્ર ઉપર ફરી આવવાનું થશે કે નહીં? અય માઁ! જે ફરઝંદને આપે ચક્કી પીસી પીસીને પાળ્યો હતો, જેની માઅમુલી તકલીફથી તમો પરેશાન થઈ જતા હતા, આજે તેને સખ્ત ગરમીની મોસમમાં ઘરેથી કાઢવામાં આવે છે. અમ્મા! અરે! તમારા પ્યારા હુસૈનને ‍રૂખ્સત કરો. હું એકલો સફરમાં જઈ નથી રહ્યો. આપની દુખ્તરો ઝયનબ અને કુલસુમ સાથે છે. માઁ! કાલે તમારૂં ઘર સુનસાન થઈ જશે અને મદીનાની રૌનક ચાલી જશે. અરે! તમારી કબ્ર ઉપર દરરોજ ફાતેહા પડવા હવે કોણ આવશે? માઁ! મને તમન્ના હતી કે મને મૌત આવે તો તમારા પાસે આરામ કરૂં, હવે તો ગુરબતના જંગલમાં મારી કબ્ર બનશે, અને બીજી રીવાયત પ્રમાણે આપ કબ્રથી વળગીને કહેવા લાગ્યા : ‘અસ્સલામો અલયકે યા ઉમ્માહો’ અય માઁ આપ ઉપર હુસૈનના સલામ હોજો. અઝાદારો, હુસૈનને માતાની મોહબ્બત યાદ આવી ગઈ હશે કે, આ જ મારી માઁ મારી પળવારની જુદાઈમાં તડપી જતી હતી. અરે, રોઈ રોઈને કહેવા લાગ્યા : યા ઉમ્માહો, હાઝા આખેરૂલ વિદાઅ. અય મા! આખરી વિદાય છે, તમારો હુસૈન હવે કબ્ર ઉપર પાછો નહીં આવે. અરે, શું બેટાની અવાઝ તમો નહીં સાંભળો! જનાબે સય્યદાની કબ્ર મુબારક લરઝવા લાગી અને દર્દનાક અવાઝ આવી : અલયકસ્સલામ યા મઝલુમલ ઉમ્મે, યા શહીદલ ઉમ્મે, યા ગરીબલ ઉમ્મે.’ અય માના મઝલુમ, અય માના શહીદ, અય માના ગરીબ બેટા! તારી દુ:ખ્યારી માતાના તારા ઉપર સલામ હો.

અઝાદારો! હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) સાથે જનાબે સય્યદાને એવી મોહબ્બત હતી કે પોતાના બેટાથી કયારેય જુદા થતા ન હતા. અરે, મદીનાથી કુફા અને કુફાથી શામના કેદખાનામાં જનાબે સય્યદા સાથે સાથે હતા. બયાન કરે છે કે એક વખત શામના કેદખાનામાં રોવાની અવાઝ

આવી અને કેદખાનાના દારોગાએ હઝરત ઈમામે ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)ને કહ્યું, શું કોઈ ખાતુન ચાલી ગઈ છે? આપે ફરમાવ્યું કે : આલે મોહમ્મદ કદી ભાગતા નથી, પણ દારોગા ઘડી ઘડી પુછતો હતો એટલે સુધી કે જનાબે ઝયનબે ઉલ્યા ખાતુને એક વખતે ફરમાવ્યું કે : તને શરમ નથી આવતી કે ઘડી ઘડી પુછે છે? આલે મોહમ્મદ કદી ફરાર કરતા નથી.

ફરી બાહરથી અવાજ આવી: "યા સમરત ફોવાદી. યા વલદી, યા કુર્રત અયની - અય મારા દિલના મેવા! અય મારા પ્યારા બેટા! અય મારી આંખોની ઠંડક! અરે કેદખાનાના દરવાઝા લોખંડની સાંકળોથી બંધ હતા, કોઈનો પડછાયો જોવામાં આવ્યો. એક બીબી દેખાયા જેમના ચહેરા ઉપરથી ચાદર હટી ગઈ હતી. માથાના વાળ ખુલ્લા હતા. જનાબે ઝયનબે પુછ્યું કે : અય ખાતુન તમો કોણ છો? અને કયા દુ:ખે આવી દર્દઅંગેઝ અવાજથી રડો છો? જવાબ મળ્યો કે : બેટા ઝયનબ! હું તારી મા ફાતેમા છું. જનાબે ઝયનબે કહ્યું કે: અય માદરે ગીરામી! માથાના વાળ હટાવો. જનાબે સય્યદાએ સરના વાળ હટાવ્યા, તો જોયું કે, આપના ઋરૂખ્સારો અને પેશાની મુબારક ખુનથી ખરડાયેલ છે, આ જોઈ શાહઝાદીએ કહ્યું: અય માદરે ગીરામી! આ શું છે? જનાબે સય્યદાએ ફરમાવ્યું કે: જયારે મારો હુસૈન ખૂનમાં તડપી રહ્યો હતો તે વખતે અય બેટી ઝયનબ! મેં મારા રૂખ્સારો અને પેશાનીને તેના ખૂનમાં રંગેલ છે.

**અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝઝાલેમીન.**

# મજલીસ : ૭

## મોતની હકીકત, જનાબે સચ્યદાનું એક અઝાદારના ઘરે તશરીફ લઈ જવું. અને મદીનાથી હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ની Çરૂખ્સતી

## બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ

*કાલલ્લાહો અઝઝ ઈસ્મોહુ ફી કિતાબેહિલ મજીદે વ ફુરકાનેહિલ હમીદ : 'કુલ્લો મન અલયહા ફાન, વ યબ્કા વજહો રબ્બેક ઝુલ્જલાલે વલ ઈકરામ.'*

દુનિયાની તમામ ચીજ ફના થવાવાળી છે અને ખુદાની ઝાત સિવાય કાંઈ બાકી રહેવાનું નથી.

ઈન્સાને દરેક વખતે પોતાની મોતનો ખ્યાલ રાખવો જોઈએ. અને નેક અમલ કરવા જોઈએ. તે સિવાય કોઈ ચીજ સાથે આવવાવાળી નથી. ઈન્સાનને એક દિવસ ખુદાની દરગાહમાં હાજર થવું પડશે. માલિકની મરજી વિરૂધ્ધ કામ કરવાથી ડરવું જોઈએ. અય મોઅમેનીન! દુનિયાની મોહબ્બતે આપણને એવા જકડી લીધા છે કે ન તો આપણને અલ્લાહના હકોનો ખ્યાલ છે. ન તો બંદાને હલાલ હરામની કાંઈ ખબર છે! ઈન્સાન એટલો બધો પોતાની દુન્યવી ખ્વાહિશાતોમાં ફસાએલો છે કે જયાંથી પણ મળે ત્યાંથી ઉઠાવી લે છે. કદી વિચાર નથી કરતો કે માલીકે અમોને શા માટે પેદા કર્યા છે? અને કઈ

જાતની ફરઝો અમારા ઉપર છે, પોતાને સાહેબે ઈમાન કહેવરાવીએ છીએ અને અઈમ્મએ માઅસુમીન (અલય્હિસ્સલામ)ના નકશે કદમ ઉપર ચાલવાનો દાવો કરીએ છીએ. પરન્તું આપણા અઅમાલ ઈમાનવાળાઓના અઅમાલોથી ઘણે જ છેટે છે. બાપ પોતાની ઔલાદની પરવરીશનો બંદોબસ્ત નથી કરતો, મોહબ્બત અને મહેરબાનીથી તેઓની જરૂરીયાતોને અંજામ નથી આપતો. એવી જ રીતે અવલાદ પોતાના માઁ બાપના હકો અદા નથી કરતી. તેની તાબેદારીનો ઈન્કાર કરે છે. તેમજ જે સ્રી પોતાના પતિના હકોને નથી ઓળખતી અથવા જે પુરૂષ પોતાની સ્રીના હકો અદા નથી કરતો અને જે પોતાના સગાવ્હાલાઓ સાથે સીલેરહમ નથી કરતા એને કેમ મોઅમીન કહેવામાં આવે?

મોઅમેનીન! દુનીયાની જીંદગી ચાર દિવસની ચાંદની છે. તેના ઉપર ઈન્સાને મગરૂર થવું ન જોઈએ. તેમાં ફસાઈને આખેરતને બરબાદ કરવી ન જોઈએ. ઈમામે મોહમ્મદ બાકિર (અલય્હિસ્સલામ)થી મનકુલ છે કે, જયારે માણસની ઉંમર ચાલીસ વરસની થાય છે ત્યારે એક મુનાદી આસમાનથી નિદા આપે છે કે, અય ઈન્સાન! તારી કુચનો સમય નઝદીક આવ્યો છે.

ઈન્સાને વિચારવું જોઈએ કે, આપણા કેવા કેવા અઝીઝો અને દોસ્તો આંખોની સામે આ ફાની દુનિયાથી ઉઠી ગયા, કેવી કેવી મહાન હસ્તીઓ આપણી સામે ખાકમાં મળી ગઈ, કેવા કેવા ખાનદાનોના મહાન ચિરાગ બુઝાઈ ગયા! જેઓ કાલે આપણા ઘરની રોનક અને મહેફીલોની ઝીનત હતા તેઓ આજે કબ્રમાં માટીના બિસ્તર ઉપર સુતેલા છે. જેની જુદાઈ પલવાર પણ સહન કરી શકતા ન હતા, તે એવા તો જુદા થઈ ગયા કે તેમના પાછા આવવાની કે ફરી મળવાની ઉમ્મીદ નથી, આજે તેઓની પથારીઓ ખાલી પડી છે. અરે કેટલી મહેનત અને મુસીબતથી માલ ભેગો કર્યો હતો તે બધું અહીંયા છોડીને ખાલી હાથે ચાલ્યા ગયા. હા, દોસ્તો! આપણે પણ એક દીવસ આએ ફાની દુનિયાથી નીકળી કબરમાં ચાલ્યા જશું, જયાં સુધી આ શ્વાસ ચાલે

છે ત્યાં સુધી જ મૌકો છે કે નેક અમલ કરી લઈએ, કાલનો ભરોસો નથી. કોઈ જાણતું નથી કે મૌત કયારે આવશે. ગયા વરસે મોહર્રમની મજલીસોમાં જે અહીં આવ્યા હતા તેમાંથી કેટલાક જણ આ વરસે દેખાતા નથી. અઝાદારો! આ દિવસો આખેરત બનાવવા માટેના છે. આ થોડા દિવસ દુનિયાના કામકાજને છોડી દઈ મજલીસમાં શરીક થવું જોઈએ. અને એહલેબૈતે તાહેરીન (અલય્હિસ્સલામ) ઉપર રોવું જોઈએ અને માતમ કરવામાં શરમાવવું નહી, જયારે અઝાદાર હુસૈને મઝલુમની મુસીબત યાદ કરીને રોવે છે ત્યારે જનાબે સય્યદા તેમના આંસુઓને Çમાલ થકી લુછી લે છે. અરે જન્નતથી જનાબે સય્યદા તશરીફ લાવે છે અને આપણને દોઆઓ આપે છે. હા, દોસ્તો! માઅસુમાની દોઆ લેવાના આ દિવસો છે.

માહે મોહર્રમનો ચાંદ જોઈને એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ના મોહીબ્બોના ઘરોમાં સફે માતમ બિછાવવામાં આવે છે. તાઝિયા અને અલમ રાખવામાં આવે છે અને રોવાની સદા બલંદ થાય છે. મરદોને દુનિયાના કાર્યોથી નફરત થાય છે. બહેનોને પોતાના ઘરેણાંઓ કાંટાની જેમ ખુંચે છે, યુવાનો અને બચ્ચાંઓ રમત ગમતથી બેઝારી ઈખ્તીયાર કરે છે. અરે સહને આલમ હ. હુસૈન (અલય્હિસ્સલામ)ની મુસીબતમાં ગમગીન થઈ ગયું. અઝાદારો, હ. હુસૈન (અલય્હિસ્સલામ) ઉપર આસું વહાવો, અરે, હુસૈન ઉપર રોવા માટે તમોને પેદા કર્યા છે. આ શાયરી નથી પણ સાચી હકીકત છે.

નાસેખુત્તવારીખમાં લખેલ છે કે, જયારે ખુદાએ આ બનાવની ખબર પોતાના રસૂલને આપી અને જનાબે રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)મે જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા)ને આ વાતથી જાણકાર કર્યા. ત્યારે જનાબે સય્યદાએ પૂછયું કે : બાબા! મારા હુસૈન ઉપર કોણ રડશે? આપે ઈરશાદ ફરમાવ્યું કે : અય બેટી ફાતેમા! મારી ઉમ્મતની ઔરતો મારી એહલેબૈતની ઓરતો ઉપર રડશે અને મારી ઉમ્મતના મરદો મારી એહલેબૈતના મરદો ઉપર રડશે. અય ફાતેમા! રોઝે કયામત તમે

ઓરતોની શફાઅત કરશો અને હું એ મરદોની શફાઅત કરીશ કે જે હુસૈનની મુસીબત ઉપર રડશે. અરે, અમે તેને જન્નતમાં દાખિલ કરીશું અને જે કરબલાના દુ:ખદ બનાવ ઉપર રડશે તે ખુશીની સાથે કયામતમાં આવશે.

અઝાદારો! જનાબે સય્યદાને પોતાના ફરઝંદની મજલીસથી કેટલી મોહબ્બત છે તે હવે આપને સંભળાવું છું, બસરામાં એક શખ્સ રહેતો હતો. આખું વરસ મહેનત મઝદુરી કરી પોતાની રોજી મેળવતો હતો અને તેમાંથી થોડું ઘણું બચાવીને માહે મોહર્રમમાં અઝાદારીમાં ખર્ચ કરતો હતો, એક વખતે તે ગરીબ બહુજ બિમાર થઈ ગયો અને જે કાંઈ બચાવેલ હતું તે બિમારીમાં ખર્ચ કરી નાખ્યું, અને અઝાદારીનો કાંઈ સામાન કરી શકયો નહીં. એટલે સુધી કે મોહર્રમનો ચાંદ જોવામાં આવ્યો, અરે ઘરે ઘરે સફે માતમ બિછાવાઈ ગઈ. તેની સ્ત્રીએ કહ્યું કે : દર વરસે મૌલાની મજલીસ કરીએ છીએ. પણ અફસોસ કે આ વરસે બિમારીના કારણે મજલીસ થઈ શકશે નહીં. કાલે આપણા ઈમામવાડામાં લોકો આવશે અને પાછા જશે. જો કાંઈ બની શકે તો સામાને અઝા તૈયાર કરો. આ સાંભળીને તે મોઅમીનની આંખોમાં આંસુ આવી ગયાં અને ધીરે ધીરે બાહર ગયો. મોઅમેના દરવાઝા ઉપર ઉમ્મીદની સાથે ઉભી હતી. એકાએક પાડોશમાં મરસીયાની અવાઝ સાંભળી તો દરવાઝો બંધ કરી મજલીસમાં ચાલી ગઈ. મજલીસ ખતમ થવા પછી દિલમાં કહેવા લાગી : મૌલા! તમો ખુબ જાણો છો કે મારા પતિની બિમારી અને નાદારીથી આપની ખિદમતથી મહરૂમ રહું છું. આકા! તમારા સિવાય કોને કહું? કોઈ રસ્તો બતાવો. એમ કહેતી કહેતી ઘરે આવી, જોયું તો દરવાઝો ખુલ્લો છે. વિચાર કર્યો કે મારો પતિ આવ્યો હશે. જ્યારે ઘરમાં દાખલ થઈ તો શું જુવે છે કે ચાર બીબીઓ કાળા કપડા પહેરીને કામ કરે છે! કોઈ પાણી છાંટે છે, તો કોઈ બિછાનું બિછાવે છે, તો કોઈ તન્નુર રોશન કરે છે. આ મોઅમેના અજબ થઈ ગઈ અને નઝદીક જઈ સલામ કરીને કહ્યું કે : આપ કોણ છો? એક ખાતુને કહ્યું કે : હું જનાબે ઈસાની મા મરીયમ છું, તેણીઓ જનાબે આદમની ઝવજા જનાબે હવ્વા છે અને જનાબે ઈસ્માઈલની માઁ હાજરા છે અને જનાબે

ખદીજતુલ કુબરા ઝવજએ ખાતેમુલ અંબીયા છે! તે મોઅમેનાની નઝર એ તરફ ગઈ કે જયાં ઝરીહ મુબારક રાખવામાં આવતી હતી. જોયું કે એક બીબી ઉઘાડા માથે વાળ વિખેરી મોંઢા ઉપર ખાક લગાડી રહી છે, 'વા હુસૈનાહો, યા શહીદાહો, વા મઝલુમાહો' કહે છે અને એક નાનો તાબુત રાખેલ છે. આ જોઈને તે મોઅમેના બેતાબ થઈ ગઈ અને રોઈને પુછવા લાગી કે : આપ કોણ છો કે હુસૈનનું નામ લઈને રડી રહ્યા છો? તે ખાતુને કહ્યું કે : હું હુસૈનની અઝાદાર છું અય કનીઝે ખુદા! હું એ મઝલુમની મા છું કે, જેની લાશ પર જંગલના જાનવરો સિવાય કોઈ રોવાવાળું ન હતું. અરે, મારા ગરીબ ફરઝંદની જયાં મજલીસ થાય છે ત્યાં હું જાઉં છું અને રોવામાં તેમને સાથ આપું છું. આ સાંભળી તે મોઅમેના કદમો ઉપર પડી ગઈ. બીબીએ ફરમાવ્યું કે : ખુશહાલ તારા કે, મારા ફરઝંદની તું અઝાદાર છો, કાલે કયામતમાં હું તારી શફાઅત કરીશ.

અઝાદારો! આ એ દિવસ છે કે તમામ અહલેબૈત (અલય્હિસ્સલામ)ના દોસ્તોના ઘરોમાં સફે માતમ બિછાવવામાં આવી છે, અરે, સેહને આલમ ઈમામના ગમને યાદ કરી રહ્યું છે, ઝમાનાના ઈમામ (અલય્હિસ્સલામ) ઝિયારતે નાહીયામાં ફરમાવે છે, અય જદ્દે બુઝુર્ગવાર! જો કે ઝમાનાએ મને બહુ જ પાછળ રાખ્યો અને તકદીરે મને આપની મદદથી રોકયો, હું આપના દુશ્મનો સાથે જંગ અને મુકાબલો ન કરી શકયો, પણ અય જદ્દે બુઝુર્ગવાર! હવે હું સવારે અને સાંજે આપના ઉપર ખુબ જ રોઉં છું અને આંસુના બદલે ખુન વહાવી રહ્યો છું.

અઝદારો ઈમામે મઝલુમ સફરની તૈયારી કરવા લાગ્યા.

રાતના વખતે હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ની પાસે જનાબે મોહમ્મદે હનફીયા આવ્યા અને આપને રોકવા ચાહ્યું, આપે તેમને બધી હકીકત બયાન કરી. ત્યાર પછી અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ હાઝર થયા. તેમણે પણ રોકવા ચાહ્યું. આપે તેઓને પણ સમજાવ્યા. અરે મૌલાની સફરની

તય્યારીથી બની હાશિમના મોહલ્લામાં એક શોર મચી ગયો. જનાબે ઉમ્મે સલમાને જયારે ખબર પડી કે મારો હુસૈન મદીના છોડી રહ્યો છે તો ઘરેથી નીકળીને ઈમામ (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં હાઝર થયા.

અઝાદારો! જનાબે ઉમ્મે સલમાનું ઘરેથી નીકળવું મામુલી વાત નથી. હઝરત રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ની વફાત પછી આપે ઘરેથી બાહર નીકળવું છોડી દીધું હતું. ક્યારેક રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ની ઝિયારત માટે ફકત બાહર જતા હતા. અરે, જે હુસૈનને બેટાની જેમ પાળેલ હોય અને જેને હઝરત રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) ખભા ઉપર સવાર કરતા, પીઠ ઉપર બેસાડતા જેણે પોતાની આંખોથી જોયેલ હોય આજે એ હુસૈન (અલય્હિસ્સલામ) મદીના છોડી રહ્યા છે. જનાબે ઉમ્મે સલમા ઘરમાં આવ્યા અને કહ્યું: બેટા શું સફરનો ઈરાદો કર્યો છે? આપે કહ્યું : હાં, નાનીજાન હવે હું Çરૂખ્સત થાઉં છું. ઉમ્મે સલમાએ કહ્યું : બેટા તમો જતા હો તો ભલે જાવ, હું તમોને મના નથી કરતી, પણ અય બેટા, તમો ઈરાકની તરફ ન જજો. તમારા નાનાજાનથી સાંભળતી હતી ‘યુકતલો વલદેયલ હુસૈન બે અર્ઝીલ ઈરાકે ફિ અર્ઝીલ યોકાલો લહુ કરબલા’ મારો હુસૈન ઈરાકની સળગતી ઝમીન ઉપર ત્રણ દિવસનો ભુખ્યો પ્યાસો શહીદ થશે. એ ઝમીનનું નામ કરબલા છે! આ સાંભળી આપે ગરદન ઝુકાવી લીધી અને કહ્યું: નાનીજાન! હુસૈન મજબુર છે. ઈરાક જવું જરૂરી છે અને મારા નાનાજાને જે પ્રમાણે ખબર આપી છે તે પ્રમાણે થશે. અય નાનીજાન, અગર તમારે એ જગ્યા જોવી હોય તો આંખો બંધ કરો. જનાબે ઉમ્મે સલમાએ આંખો બંધ કરી તો શું જોવામાં આવ્યું કે કરબલાની ઝમીન બલંદ થઈ છે, ઈમામે ફરમાવ્યું! નાનીજાન! જુઓ તે ફુરાતનો કિનારો છે. જયાં પાણી ઉછળી રહ્યું છે! ત્યાં અબ્બાસના હાથો કપાશે અને પેલી જગ્યા ઉપર મારા કડિયલ જવાન ફરઝંદ અલી અકબરને છાતીમાં બરછી લાગશે. અય નાનીજાન! એ મકામને પણ જુઓ કે જયાં અલી અસગરને તીર લાગશે, અય નાનીજાન જુઓ જે ખાડો જોવામાં આવે છે ત્યાં મારા સુકાએલા ગળાને ખંજરથી જુદું કરવામાં

આવશે. પછી આપે એક મુઠ્ઠી ખાક જનાબે ઉમ્મે સલમાને આપીને ફરમાવ્યું: આ ખાકને શીશામાં રાખી મુકજો. જયાં સુધી આ ખાક માટી રહે ત્યાં સુધી જાણજો કે તમારો ફરઝંદ હુસૈન જીવતો છે અને જયારે શીશામાં તાજું ખુન જોશ મારતું જોવામાં આવે ત્યારે સમજજો કે તમારો હુસૈન શહીદ થઈ ગયો! અય નાનીજાન, હું કત્લ થઈશ, મારા બચ્ચાઓ ઝબ્હ થશે, અરે ઓરતો અસીર બનશે. રોવાવાળાઓ! હુસૈન (અલય્હિસ્સલામ)નો કાફલો મદીનાથી રવાના થઈ ગયો, જનાબે ઉમ્મે સલમા હંમેશા નમાઝ પછી એ ખાકને જોતા હતા એટલે સુધી કે આશુરાની સવાર થઈ, સુબ્હની નમાઝ પછી જોયું તો ખાક સલામત હતી, ઝોહર પછી જોયું તો ખાક એમ જ હતી, પણ નમાઝે અસર પછી જયારે એ શીશાને ઉપાડયો તો જોયું કે તાજું ખુન જોશ મારી રહ્યું છે! અરે માથા ઉપરથી ચાદર ફેંકી દીધી અને ફરમાવવા લાગ્યા : અય મદીનાવાળાઓ! મને પુરસો આપો. અરે, મારો મુસાફર હુસૈન! રસૂલનો નવાસો પરદેસમાં શહીદ થઈ ગયો. અફસોસ! કે ઉમ્મતે કાંઈ ખયાલ ન કર્યો.

**અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝ ઝાલેમીન**

# મજલીસ : ૮

*દોરૂદની ફઝીલત અને જનાબે મુસ્લીમ (અલય્હિસ્સલામ)ની શહાદત*

## બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ

*અઝઝ ઈસ્મોહુ ફી કિતાબેહિલ મજીદે વ ફુરકાનેહિલ હમીદ : 'ઈન્નલ્લાહ વ મલાએકતહુ યોસલ્લુન અલન્નબી, યા અય્યોહલ્લઝીન આમનુ સલ્લુ અલયહે વસલ્લેમૂ તસ્લીમા.'*

તહકીક ખલ્લાકે આલમ અને તેના ફરિશ્તાઓ દોરૂદ મોકલે છે નબી ઉપર, મોઅમિનો! તમો પણ સલવાત મોકલો નબી ઉપર અને સલામ મોકલો તેમના ઉપર કે સલવાત મોકલવાનો હક છે**(સલવાત)**

મોઅમેનીન! જે આયતની મેં આપની સામે તિલાવત કરી તેનાથી સલવાતની બહુ જ મોટી ફઝીલત જાહેર થાય છે. માત્ર ઈન્સાન અને ફરિશ્તા જ દોરૂદ નથી પડતા પણ ખલ્લાકે આલમ પણ પોતાના હબીબ ઉપર દોરૂદ મોકલે છે. મારી ઝબાનમાં એ તાકત નથી કે હું દોરૂદની ફઝીલત બયાન કરી શકું. હું તો એટલું જ કહીશ કે નમાઝ કે જે દીનનો સ્થંભ છે તે દોરૂદ વગર કબુલ થતી નથી જેમકે અહલે સુન્નત વલ જમાતના ઈમામ શાફેઈ ફરમાવે છે:

**યા એહલેબૈતે રસૂલિલ્લાહે હુબ્બોકુમ,**
**ફરઝુન મેનલ્લાહે ફિલ કુરઆને અન્ઝલહુ.**
**કફાકુમ મિન અઝીમિલ કદરે ઈન્નકુમ,**

## મનલમ યોસલ્લે અલયકુમ લા સલાત લહુ.

*એટલે અય રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ના એહલેબૈત! તમારી મોહબ્બત અલ્લાહે ફર્ઝ કરી છે. જેના વિશે કુરઆને શરીફમાં આવેલ છે. યકીનન આપની બુઝુર્ગી અને મરતબા માટે એટલું જ કાફી છે કે જે નમાઝમાં આપના ઉપર સલવાત ન પડે તેની નમાઝ કબુલ થતી નથી.*

આ આયત નાઝીલ થયા પછી સહાબીઓએ હઝરતને પૂછયું : આપ અને આપની એહલેબૈત ઉપર કેવી રીતે દોરૂદ પડીએ? આપે ફરમાવ્યું : **"અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમ્મદિંવ વ આલે મોહમ્મદ કમા સલ્લયત અલા ઈબ્રાહીમ વ આલે ઈબ્રાહીમ.**

સલવાતની ફઝીલત કિતાબોમાં ખુબ જ લખવામાં આવી છે અને તેનો હુકમ અનોખો છે. શું તમોએ સાંભળ્યું છે કે ખલ્લાકે આલમ કહેતો હોય કે, હું રોઝા રાખું છું તમો પણ રોઝા રાખો, હું નમાઝ પડું છું તમો પણ નમાઝ પડો, હું હજ કરૂં છું તમો પણ હજ કરો! પણ મોઅમેનીન! સલવાતના માટે અજબ હુકમ છે કે ખુદા કહે છે કે હું દોરૂદ મોકલું છું અને ફરિશ્તા પણ દોરૂદ મોકલે છે, તમો પણ દોરૂદ પડો. **(સલવાત)**

તફસીરે મિનહાજુસ્સાદેકીનમાં મનકુલ છે કે, ખાતેમુલ અંબિયાએ ફરમાવ્યું કે, જયારે શબે મેઅરાજ હું આસમાન ઉપર ગયો ત્યારે મેં એક બહુ જ વિચિત્ર ફરિશ્તો જોયો કે, તેને હજાર  હાથ છે અને દરેક હાથમાં હજાર હજાર આંગળીઓ છે અને તે એ આંગળીઓથી હિસાબ કરી રહ્યો છે. મેં જિબ્રઈલને પુછ્યું કે : આ કોણ છે? અને શું કરે છે? જિબ્રઈલે અરજ કરી કે : યા હઝરત! તેને ખુદાએ વરસાદ ઉપર મુકર્રર કર્યો છે. જેટલાં ટીપાં વરસાદના ઝમીન ઉપર પડે છે તેની ગણતરી કરે છે. આ સાંભળી મેં તે ફરિશ્તાને પુછ્યું કે: જયારથી દુનિયાની શરૂઆત થઈ તે આજ દિવસ સુધી ઝમીન ઉપર જેટલાં

ટીપાં પડયાં છે તેની ગણતરી તને યાદ છે? તેણે કહ્યું કે: એ ખુદાની કસમ કે જેણે આપને હકની સાથે મબઉસ કર્યા છે. ખિલકત પેદા થઈ ત્યારથી આજ સુધી દરેકે દરેક વરસાદનું ટીપું જયાં જયાં પડયું છે ભલે પછી એ જંગલમાં, દરિયામાં, વસ્તિમાં યા તો સેહરામાં પડયું હોય એ બધાય મને યાદ છે! અને એ બધાયની ગણતરી બતાવી શકું છું! હઝરત ફરમાવે છે કે આ સાંભળી હું અજબ થયો. તેણે કહ્યું : યા રસુલલ્લાહ! આ બધો હિસાબ તો હું કરી શકું છું પણ એક હિસાબ એવો છે કે આટલા બધા હાથ અને આંગળીઓ હોવા છતાં હું હિસાબ કરી શકતો નથી. આપે ફરમાવ્યું કે : એ શું છે? તેણે કહ્યું : જયારે આપની ઉમ્મતના લોકો ભેગા થાય છે અને ફઝાએલ બયાન થાય છે અને લોકો આપ અને આપની અવલાદે તાહેરીન ઉપર દોરૂદ મોકલે છે તેના સવાબનો હિસાબ મારાથી થઈ શકતો નથી. **(સલવાત)**

મોઅમેનીન! દોરૂદને કોઈ વખત ભુલવું ન જોઈએ. દોરૂદની મોટી બરકત છે. જેમકે હઝરત ઈમામે જાઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી મનકુલ છે કે જે કોઈ ખુદાથી પોતાની હાજત ચાહે તો પહેલે મોહમ્મદ અને આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) ઉપર દોરૂદ પડે અને ત્યાર પછી દોઆ માંગે અને છેવટે ફરી દોરૂદ પડે તો ખુદા કરીમ છે, કે અવ્વલ અને આખીરને તો કબુલ કરે અને શું દરમિયાનને છોડી દેશે?! કારણ કે મોહમ્મદ અને આલે મોહમ્મદ ઉપર સલવાત મોકલવામાં આવે તે જરૂર કબુલ થશે અને તેના તુફયલમાં દોઆ પણ જરૂર કબુલ થશે.

દરેક મઝહબ અને મિલ્લતમાં, દરેક હુકુમતમાં ખુશીનો ઉત્સવ ઉજવવાની કેટલીક રીતો હોય છે અને અનેક જાતના જુદા જુદા તેઓના પ્રકાર હોય છે, કોઈ તાળીયો વગાડે છે, કોઈ વાજા વગાડે છે અને મુસલમાનો નારાએ તકબીર પુકારે છે. ખરેખર નારાએ તકબીર વખાણને પાત્ર છે, પણ સલવાતના નાઅરામાં ખુદા, રસુલ અને તેની અવલાદની તાઅરીફ છે.

મોઅમીનોએ નારાએ સલવાતને કદી ભુલવો ન જોઈએ અને એજ કયામતમાં કામ આવશે. **(સલવાત)**

દોરૂદ એ આપણા તરફથી દોઆ છે, પણ આપણી કઈ તાકાત છે કે, રહમતુલ્લિલ આલમીનના માટે રહમતની દોઆ કરીએ? પણ વિચારવા પછી સમજાય છે કે, આ દોઆ હકીકતમાં આપણા માટે જ છે. જેમકે હદીસમાં છે કે, એક ઝાડ છે તેના મુળ હઝરત રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) છે અને તેની ડાળીઓ એહલેબૈતે તાહેરીન છે અને તેના પાંદડાઓ તેના મોહિબ્બો છે, અગર કોઈ પાંદડાઓને તાઝા રાખવા ચાહે તો તે પાંદડા ઉપર કદી પાણી નહીં નાખે અને જો કોઈ એમ કરશે તો લોકો તેને બેવકુફ કહેશે, જો પત્તાઓને લીલા અને તાજા રાખવા હોય તો મુળમાં પાણી સીંચવું જોઈએ. એવી જ રીતે સલવાત મોકલવામાં આપણા જ ફાયદાઓ જોવામાં આવે છે.**(સલવાત)**

મોઅમેનીન! આપે જોયું કે સલવાત વગર નમાઝ નથી થતી તો પછી આપની એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ની સાથે દુશ્મની રાખવાવાળાની નમાઝ કેવી હશે? દુશ્મની પણ કેવી દુશ્મની! હજરત અલી (અલય્હિસ્સલામ)ના ફઝાએલને મિટાવવાની અણથક કોશીષો કરવામાં આવી, પણ જેમની ફઝીલતને માલિક વધારવા ચાહતો હોય તેને કોણ ઘટાડી શકે છે? **"સલૂની કબ્લ અન્તફ કેદુની"**થી આપની કેટલી બધી ફઝીલત જાહેર થાય છે. બીજાઓની શું તાકાત છે કે આ દાવો કરી શકે? અને જેણે પણ દાવો કર્યો છે તે ખુબ જ શરમાણો છે. જેમકે સિબ્તે ઈબ્ને જવઝીની જે કફોડી સ્થિતિ થઈ હતી તે આપ હઝરાત જાણો છો, પણ હું તમારી સામે બે તારીખી દાવેદારોને પેશ કરૂં છું. એક મોકાતિલ બીન સોલયમાને દાવો કર્યો કે જે કાંઈ પૂછવું હોય તે મને પુછો એ પહેલાં કે મને ન જુઓ! અગર અર્ષની નીચેની કોઈ પણ વસ્તુનો સવાલ કરશો તો તેનો પણ હું જવાબ આપીશ. એક શખ્સે

પુછ્યું : હઝરત આદમ (અલય્હિસ્સલામ)મે પહેલે હજ કરી તે વખતે તેમની હજામત કોણે કરી હતી? તે શરમાણો અને કહેવા લાગ્યો કે, એની તો મને ખબર નથી. બીજાએ સવાલ કર્યો કે, મચ્છરના પેટમાં જે આંતરડા છે તે તેના નીચેના ભાગમાં છે કે ઉપરના? એનો પણ જવાબ આપી ન શક્યો અને શરમીંદો થયો. **(સલવાત)**

મોઅમેનીન! એવીજ રીતે એક બીજો માણસ પણ નાના મોંઢે મોટી વાતો કરવા લાગ્યો, જેનું નામ કુતાદા હતું અને તેનાથી પણ એક જણે સવાલ કર્યો કે, જનાબે સુલયમાન પયગમ્બરની સાથે જે કીડીએ વાતચીત કરી હતી, એ નર હતો કે નારી? આ સાંભળીને તે પણ ચૂપ થઈ ગયો.

આપે જોયું કે, આ દાવો જેણે જેણે કર્યો છે એ બધાજ બેઈઝઝત થયા છે. એ દાવો કરવાને લાયક માત્ર જનાબે અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) હતા અને તેઓને ગમે તેવો સવાલ પુછવામાં આવતા તો તુરત જ તેનો જવાબ આપતા. મોઅમેનીન! ફઝાએલે જનાબે અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) કિતાબોમાં એટલા બધા છે કે, કોઈ આખી ઉમર સુધી કહેવા બેસે તો પણ બયાન કરી શકે નહીં. જનાબે અમીર (અલય્હિસ્સલામ)ના દોસ્તો મૌલાના ફઝાએલ સાંભળીને ખુશ થાય છે અને મસાએબ સાંભળીને દિલગીર થાય છે, આજે મારૂ દિલ ચાહે છે કે, આ મજલીસમાં કુફાના બેક્સ અને ગરીબ મુસ્લીમ (અલય્હિસ્સલામ)ની શહાદતનું બયાન કરૂં. અરે, જનાબે મુસ્લીમ એવા ગરીબ છે કે, પયગમ્બરે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)મે ફરમાવ્યું છે કે તેના ઉપર મોઅમીન હશે તે જ રડશે.

ઈબ્ને અબ્બાસથી મનકુલ છે કે એક દિવસ હઝરત અલી (અલય્હિસ્સલામ)મે રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ને પુછ્યું કે, યા રસુલલ્લાહ! આપ મારા ભાઈ અકીલને દોસ્ત રાખો છો? આપે

ફરમાવ્યું ખુદાની કસમ હું અકીલને દોસ્ત રાખું છું અને મને અકીલથી બેવડી મોહબ્બત છે પ્રથમ તો મને ખાસ તેમનાથી જ મોહબ્બત છે, બીજું કાકા અબુતાલિબના કારણથી કે તેમના ફરઝંદ અને મારા કાકાના દિકરા ભાઈ છે. એ પછી ફરમાવ્યું : અય અલી! હું અકીલને દોસ્ત કેમ ન રાખું? તેમનો ફરઝંદ તમારા હુસૈનની મોહબ્બતમાં શહીદ થશે. અય અલી! સર્વેથી પહેલે હ. હુસૈન (અલય્હિસ્સલામ) ઉપર જાન ફિદા કરશે તે મુસ્લીમ બિન અકીલ હશે. અય અલી! તેમની બેક્સી ઉપર મોઅમીનોની આંખો રડશે અને ફરિશ્તા સલવાત મોકલશે. પછી આપ મુસ્લીમ બિન અકીલ ઉપર ભવિષ્યમાં આવનારી મુસીબતો યાદ કરીને એટલું રડ્યા કે આપની છાતી ઉપર આંસું ટપકવા લાગ્યાં.

અઝાદારો! કુફાથી સેંકડો કાગળો ફરઝંદે ફાતેમા(સલામુલ્લાહે અલય્હા)ને મળ્યા. રિવાયત તો બાર હજાર સુધીની બતાવે છે અને તેમાં લખ્યું હતું કે, આપ અહીં તશરીફ લાવો અને અમારી હિદાયત કરો. મવલા! ખેતીવાડી હરીભરી છે! પાણીની નહેરો વહી રહી છે! અને ઝાડોને ફળો આવેલા છે! અને એક લાખ તલવાર આપના નામ ઉપર તૈયાર છે માટે આપ જરૂર અહીં તશરીફ લાવો. સાહેબે જવાહેરૂલ બયાન લખે છે કે, આપે કાગળનો જવાબ લખ્યો કે, અય અહલે કુફા! તમારા કાગળો મને એક પછી એક મળ્યા અને તમોએ લખ્યું છે કે અમો ઈમામ વગરના છીએ, એટલા માટે હું મારા કાકાના દિકરા ભાઈ મુસ્લીમ ઈબ્ને અકીલને તમારી તરફ મોકલું છું કે જે મારી એહલેબૈતમાં ભરોસાપાત્ર છે અને તેઓ તમારી હાલતની મને ખબર આપશે. અને તેમને તમારી વાતની ખાત્રી થશે તો હું તમારી પાસે જલ્દી આવીશ.

હઝરત મુસ્લીમ બિન અકીલ ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)નો કાગળ લઈને રવાના થયા અને ત્યાં જનાબે મુખ્તારના મહેમાન થયા અને કુફાવાળાઓને ભેગા કરી ઈમામનો કાગળ વંચાવ્યો. ઈમામનો હુકમ સાંભળી

અઢાર હજાર કુફીઓએ જનાબે મુસ્લીમ (અલય્હિસ્સલામ)ના હાથ ઉપર બયઅત કરી. તેથી આપે હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ને કાગળ લખ્યો કે : મૌલા! અઢાર હજાર કુફીઓએ બયઅત કરી છે. હવે આપ જલ્દી તશરીફ લાવો. મૌલાને કાગળ મોકલ્યો આ વાતની શામમાં યઝીદને ખબર પડી તો તે બહુ જ ગુસ્સે થયો. બસરાના હાકીમ અબ્દુલ્લાહ ઈબ્ને ઝિયાદ (લા.અ.)ને લખ્યું કે, તું કુફામાં જા અને મુસ્લીમ ઈબ્ને અકીલને કત્લ કરી તેમનું માથું મારી પાસે મોકલી દે.

ઈબ્ને ઝિયાદ કુફામાં આવ્યો અને લોકોને ડરાવવા લાગ્યો. કુફાવાળાઓએ જનાબે મુસ્લીમ બિન અકીલનો સાથ છોડી દીધો. અરે આપ કુફામાં એકલા થઈ ગયા. એટલે સુધી કે હાની બિન ઉરવાહ કે જે જનાબે અમીર (અલય્હિસ્સલામ)ના ખાસ શીઆમાંથી હતા તેમના ઘરે પનાહ લીધી. જયારે ઈબ્ને ઝિયાદને એ ખબર પડી ત્યારે હાનીને બોલાવીને જનાબે મુસ્લીમ બિન અકીલને તલબ કર્યા પણ હાનીએ ઈન્કાર કર્યો. ઈબ્ને ઝિયાદે તેમના મોંઢા ઉપર એટલી લાકડીઓ મારી કે, મોંઢું લોહી લુહાણ થઈ ગયું અને આખિર શહીદ કરવામાં આવ્યા. જયારે જનાબે મુસ્લીમ બિન અકીલને ખબર પડી ત્યારે આપ હાનીના ઘરેથી બાહર નીકળ્યા, પરંતુ અફસોસ જયાં જતા હતા ત્યાં દરવાજા બંધ જોવામાં આવતા હતા. પોતાના ઘોડાને છોડી દીધો અને મરવા માટે તૈયાર થઈ ગયા. અને એક ખંડેર મસ્જીદમાં તશરીફ લઈ ગયા.

અઝાદારો! કોઈથી ઝમાનો આવી રીતે ફરી ન જાય જેવી રીતે ગરીબ મુસાફર જનાબે મુસ્લીમ બિન અકીલથી ફરી ગયો. અફસોસ, એક વખત જમાઅતની નમાઝમાં અઢાર હજારનો મજમો હતો! અને આહ, આજે મસ્જીદમાં માત્ર જનાબે મુસ્લીમ બિન અકીલ એકલા જ જોવામાં આવે છે! આપ તન્હાઈ અને ભાઈની જુદાઈ ઉપર રોવા લાગ્યા, અને કહેતા હતા : હાય

અફસોસ ન કોઈ દોસ્ત છે, ન કોઈ વફાદાર સાથી છે! કોઈ મારી બેકસીની મૌલાને ખબર આપે.

છેવટે મગરીબની નમાઝ બાદ આપ ત્યાંથી બાહર નીકળ્યા, પણ કયાં જાય અને કોને પુછે? અરે, દરેક જગ્યાએ દુશ્મનો જોવામાં આવતા હતા. અરે તરસ પણ બહુ જ લાગી હતી. એક રિવાયતમાં છે કે, મુસ્લીમ બિન અકીલ રોઝાથી હતા. છેવટે એક બુઢિયા ઓરતના મકાનના દરવાઝા પાસે ગયા. જોયું કે તે દરવાજો બંધ કરવા ચાહે છે. 'ફ સલ્લમ અલયહ્રા' જનાબે મુસ્લીમ બિન અકીલ મે તે ઝઈફાને સલામ કરી. તેણીએ સલામનો જવાબ આપ્યો : આપે કહ્યું : 'ફકાલ યા અમતલ્લાહે ઈસ્કીની માઅન,' 'અય કનીઝે ખુદા મને પાણી પીવરાવ.' આ સાંભળી તેણી પાણી લાવી અને જનાબે મુસ્લીમ બિન અકીલ મે પાણી પીધું. પછી આપ ત્યાં બેસી ગયા. એ તૌઆ નામની ઝઈફાએ કહ્યું : અય ભાઈ, શું હજી તરસ બાકી છે? આપે કહ્યું : અય ઝઈફા હું સયરાબ થઈ ગયો. ખુદા તને નેક બદલો આપે. તૌઆએ કહ્યું : તો પછી શા માટે અહીંથી જતા નથી? જનાબે મુસ્લીમ રડવા લાગ્યા, બેકસ, ગરીબ પરદેસી મુસ્લીમ તૌઆને શું જવાબ આપે? આપ ચુપ થઈ ગયા. અરે, આ એ જ કુફા છે કે એક વખતે જેના હાકીમ જનાબે અમીર (અલય્હિસ્સલામ) હતા. અરે, તેમના ભત્રીજાને એક બુઢી આૈરત શું કહી રહી છે?! તેણીએ કહ્યું : અય બંદએ ખુદા, તારા ઘરે જા, મારા દરવાજા ઉપર બેસવું ઠીક નથી. એ સાંભળી જનાબે મુસ્લીમ બિન અકીલ રોવા લાગ્યા. અરે, માયુસીએ મુસ્લીમ બિન અકીલના કદમોને પકડી લીધા. અરે, ગરીબ મુસ્લીમ કયાં જાય અને કોને પુછે? છેવટે હાશમી શેરે, બુઢિયા તૌઆને કહ્યું : 'યા અમતલ્લાહે માલી ફી હાઝિલ બલદે મન્ઝેલુન વલા અશીરતુન.' અય કનીઝે ખુદા, હું કયાં જાઉં? આ શહેરમાં મારૂ ન તો ઘર છે, ન તો કુટુંબ - ન કબીલો છે. હું એક પરદેસી મુસાફિર છું.

જનાબે મુસ્લીમ બિન અકીલે ફરમાવ્યું કે : અય ઝઈફા! એક રાત મને રહેવા દે. અરે, તેના બદલામાં પયગમ્બરે ખુદા તારી શફાઅત કરશે, તૌઆએ પુછ્યું : તમારૂં શું નામ છે? કહ્યું : હું મુસ્લીમ ઈબ્ને અકીલ છું. તૌઆ કદમો ઉપર પડી ગઈ અને આપને ઘરમાં લઈ ગઈ અને એક ઓરડામાં જગ્યા આપી. ત્યાં આપ ઈબાદતમાં મશગુલ થઈ ગયા. તૌઆને એક દિકરો હતો, જે આલે રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)નો દુશ્મન હતો, જયારે તેણે પોતાની માને ઘડી ઘડી ઓરડામાં જતી જોઈ ત્યારે તેણીને પુછ્યું. તેણીએ દિકરાને હકીક્ત કહી : જયારે તેને ખબર પડી કે ઈબ્ને ઝિયાદ જેની શોધ કરે છે એ તો મારા જ ઘરમાં છે. આથી સવાર થઈ ત્યારે તે મલઉન ઈબ્ને ઝિયાદ પાસે ગયો અને બધી વાત કહી દીધી. તે મલઉને મોહમ્મદ બીન અશઅસને એક હજાર સવાર અને પાંચસો પાયદળ આપીને રવાના કર્યો. જનાબે મુસ્લીમ બિન અકીલ વખતે ઈબાદતે ખુદામાં મશગુલ હતા. ઘોડાઓની ટાપુઓની અવાઝ સાંભળી ઉભા થઈ ગયા અને આપે ફરમાવ્યું : **"ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઉન"'.** હથિયાર સજીને બાહર નીકળ્યા. તૌઆએ પુછ્યું : ક્યાં જાવ છો? આપે ફરમાવ્યું : તૌઆ મહેમાની પુરી થઈ. આપ બાહર નીકળ્યા અને સામે દુશ્મનોનો મુકાબલો થયો. જનાબે મુસ્લીમ બિન અકીલની બહાદુરીની એ હાલત હતી કે દુશ્મનોને ઉંચકીને કોઠા ઉપર ફેંકી દેતા હતા! એટલે સુધી કે દોઢસો કુફીઓને કતલ કરી નાખ્યા. આથી તેઓમાં નાસ - ભાગ થઈ. ઈબ્ને અશઅસે ઈબ્ને ઝિયાદને વધુ મદદ માટે સંદેશો મોકલ્યો, એ સાંભળી તે ગુસ્સે થયો અને કહ્યું કે એક જણની સામે આટલું બધુ લશ્કર કાફી નથી? જો હું તને હુસૈન બિન અલી સાથે લડવા મોકલું તો તું શું કરી શકે? ઈબ્ને અશઅસે ગુસ્સામાં જવાબ મોકલ્યો કે તું મને કુફાના બકકાલની સામે લડવા નથી મોકલ્યો. અરે, તું નથી જાણતો કે આ તો હાશમી શેર છે!

લડતા લડતા જનાબે મુસ્લીમ બિન અકીલ બહુજ ઝખ્મી થઈ ગયા. અરે, અશક્તિના લીધે આપ એક દિવાલની ઓથે બેસી ગયા, તે વખતે

દુશ્મનોએ ચારે તરફથી પત્થરોનો વરસાદ વરસાવ્યો અને કોઠા ઉપરથી આગ ફેંકવા લાગ્યા, છેવટે દુશ્મનોએ દગાથી એક ખાડો ખોદયો ને ઉપરથી ઢાંકી દીધો અને પાછા હટતા જતા હતા, જયારે જનાબે મુસ્લીમ બિન અકીલ લડતા લડતા ત્યાં પહોંચ્યા તો તે ખાડામાં પડી ગયા. તે જોઈ બધાય દુશ્મનો ભેગા થઈ પત્થરો મારવા લાગ્યા. ઈબ્ને અશઅસે આપના મોંઢા ઉપર એવી તલવાર મારી કે હોઠ ઝખ્મી થઈ ગયા અને દાંત પડી ગયા. આપને પકડીને ઈબ્ને ઝિયાદ પાસે લઈ ચાલ્યા. અરે ઝખ્મના કારણે આપને તરસ બહુ જ લાગી હતી, તેથી ફરમાવ્યું કે : મને થોડુંક પાણી પીવરાવો. ઉમર બિન હારીસે પાણીનો પ્યાલો મોકલ્યો આપે ચાહ્યું કે પાણી પીવે. અરે, પ્યાલો મોંઢા સાથે લગાડતાં જ ખુનથી ભરાઈ ગયો. તે વખતે આપે અફસોસની સાથે ફરમાવ્યું કે અલ્હમ્દોલિલ્લાહ. હવે દુનિયાના આબોદાણા અમારી કિસ્મતમાં નથી.

જયારે ઝખ્મી મુસ્લીમ બિન અકીલને ઈબ્ને ઝિયાદ પાસે લાવવામાં આવ્યા, ત્યારે આપે સલામ ન કરી, તે વખતે કોઈએ કહ્યું : અય મુસ્લીમ! અમીરને સલામ કેમ ન કરી? આપે ફરમાવ્યું કે, ખુદાની કસમ મારા અમીર હુસૈન ઈબ્ને અલી (અલય્હિસ્સલામ) છે. તે વખતે તે શકીએ કહ્યું : તમે સલામ કરો કે ન કરો. હું તો તમને જરૂર કતલ કરીશ. આપે ફરમાવ્યું કે : તારો એ જ ઈરાદો છે તો મારી એક હાજત પુરી કર અને કુરેશમાંથી કોઈને મુકર્રર કર કે હું તેને કેટલીક વસિય્યત કરી લઉં, ઈબ્ને ઝિયાદે ઉમરે સાઅદની તરફ ઈશારો કર્યો. આપે ફરમાવ્યું કે : અય પિસરે સાઅદ, મારી પહેલી વસિયત એ છે કે, મારા ઉપર સાતસો દિરહમનું કર્ઝ છે, તો આ મારી તલવાર અને ઢાલ વેચીને તેને અદા કરજે. બીજી વસિયત એ છે, કે મારી શહાદત પછી મારી લાશને દફન કરી દેજે. ત્રીજી વસિયત એ છે કે હું મારા મૌલાને લખી ચુકયો છું, તેથી તેઓ જરૂર એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ની સાથે આ તરફ આવતા હશે, તો તું લખી મોકલજે કે મૌલા આ તરફ ન આવે. એવું ન બને કે આપ મુસીબતમાં ઘેરાઈ જાય અને હું તો તેમની મોહબ્બતમાં શહીદ થઈ ગયો છું, જયારે ઈબ્ને સાઅદે જનાબે મુસ્લીમ બિન અકીલની વસિયતો ઈબ્ને ઝિયાદની

સામે રજુ કરી તો તે શકીએ કહ્યું, તલવાર અને ઢાલથી અમારે કાંઈ મતલબ નથી અને લાશનો પણ તને ઈખ્તીયાર છે, પણ હુસૈન ઈબ્ને અલી (અલય્હિસ્સલામ)ના બારામાં જે કહ્યું તે કબુલ નથી. અરે તેમને પણ જરૂર કતલ કરવામાં આવશે. આ સાંભળી જનાબે મુસ્લીમ બિન અકીલ રડવા લાગ્યા અને ફરમાવ્યું: "ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઉન.

અઝાદારો : ત્યાર પછી જનાબે મુસ્લીમ બિન અકીલને કોઠા ઉપર લઈ ગયા. આપ તલવાર નીચે માથું ઝુકાવી બેઠા હતા. અઝાદારો! એ તારીખ કઈ હતી તે આપને ખબર છે? નવમી ઝિલહજની એ તારીખ હતી. કુફાના ઘરે ઘરે ઈદની તૈયારીઓ થઈ રહી હતી, અરે, દરેક ઘરમાંથી ખુશીની અવાઝો આવી રહી હશે. કારણ કે દસમીના કુફાના મુસલમાનો ઈદ મનાવવાના હતા અને અહીંયા હુસૈન (અલય્હિસ્સલામ)ના એલચી તલવાર નીચે શું વિચાર કરી રહ્યા હશે? અરે, આપને કયારેક આકાનો વિચાર આવતો અને કયારેક નાના નાના બચ્ચાઓ યાદ આવતા હશે. અરે, એ મલઉને શું શું ઝુલ્મ કર્યા એ હું નથી કહી શકતો, અરે, અજબ નથી કે, આસમાનથી અવાઝ આવી હોય કે, અય અહલે કુફા? અરે, જુઓ ગરીબ મુસ્લીમ કેવી હાલતમાં છે? અરે, જનાબે મુસ્લીસ બિન અકીલને કોઠા ઉપરથી નીચે ફેંકવામાં આવ્યા અને આપના શરીરના હાડકાઓના ચુરેચુરા થઈ ગયા. હાય! થોડોક જીવ બાકી હતો ત્યાં ગરીબ મુસ્લીમનું સર કાપવામાં આવ્યું, અરે, તેના ઉપર બસ ન કરતા જનાબે મુસ્લીમ બિન અકીલના પગમાં દોરી બાંધીને કુફાની ગલીઓમાં ફેરવવામાં આવ્યા. અરે, કુફાના નાના નાના છોકરાઓ રમતા રમતા કહેતા હતા કે : "હાઝા મુસ્લીમ ઈબ્ને અકીલ, હાઝા મુસ્લીમ ઈબ્ને અકીલ.

અઝાદારો! અરજ કરૂ છું કે, અય હુસૈન (અલય્હિસ્સલામ)ના એલચી! તમારી લાશ સાથે એ પ્રમાણે સુલુક કરવામાં આવ્યો, અને કરબલામાં તમારા આકાની લાશ ઉપર ઘોડાઓ દોડાવવામાં આવ્યા. અરે! ફરઝંદે સાકીએ કવસરનો જરા પણ લેહાઝ ન કરાયો.

સલામ હોજો, અમારા, એ ગરીબ મુસ્લીમ બિન અકીલ ઉપર કે જેમની લાશને કોઠા ઉપરથી જમીન પર પછાડવામાં આવી.

**અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝ્ઝાલેમીન.**

## મજલીસ : ૯

**જનાબે રસુલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) અને જનાબે અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ની યતીમ પરવરી અને જનાબે મુસ્લીમ (અલય્હિસ્સલામ)ના ફરઝંદોની શહાદત.**

# બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ

*કાલલ્લાહો અઝઝ ઈસ્મોહુ ફી કિતાબેહિલ મજીદે વ ફુરકાનેહિલ હમીદ : "વ વજદક આએલન ફ અગ્ના, ફઅમ્મલ યતીમ ફલા તકહર વ અમ્મસ્સાએલ ફલા તન્હર*

ખલ્લાકે આલમ ઈરશાદ ફરમાવે છે કે : અમે મોહતાજ જોયો અને ગની કર્યો, જુઓ યતીમ ઉપર ઝુલ્મ ન કરશો અને સાઈલને ધુત્કારશો નહીં.

હઝરાત! કુદરત કહે છે કે યતીમ ઉપર ઝુલ્મ ન કરશો, પણ આજે યતીમનો કોણ ખ્યાલ રાખે છે! જે માણસને ખુદાએ પોતાના ફઝલો કરમથી દોલત આપી છે તે સૌની ફરઝ છે કે યતીમની સંભાળ લે. ખુદાવંદે આલમ તો દરેકને રોઝી આપે છે, ભલે તે નાફરમાન હોય કે ઈતાઅત કરનાર હોય, ચાહે ઝુંપડીનો ફકીર હોય કે મહેલમાં રહેનાર બાદશાહ હોય, બધાયને તે જ ખાલીક અને માલીક રોઝી આપે છે. માત્ર મોઅમીનને જ નહીં, કાફીરને પણ આપે છે. ફકત દોસ્તને જ નહીં, દુશ્મનને પણ આપે છે. અરે ખુદ ફિરઔન જેવાને રોઝી

આપતો હતો તો પછી બીજાની કયાં વાત રહી! મુખ્તસર એકે ખુદા તમામ મખ્લુકને રોઝી આપે છે.

અલ્લાહે દોલત આપી હોય તો તેમાંથી યતીમને આપવી જોઈએ. હદીસમાં તો એટલે સુધી આવેલ છે કે જે યતીમ ઉપર રહેમ નથી કરતો તેનું રહેઠાણ જહન્નમમાં છે, અરે, જયારે કોઈ યતીમ રડે છે ત્યારે અર્ષે ઈલાહી કાંપવા લાગે છે, અરે, યતીમ બચ્ચાઓ માટે યતીમી મોટી મુસીબત છે. જયારે બાપનો છાંયો ઉઠી જાય છે ત્યારે તેની આશાઓ ખાકમાં મળી જાય છે, દુનિયામાં બાપની જેમ કોઈ એને લાડ - પ્યાર કરનારૂ રહેતું નથી, અરે, તેનું તુટેલું દિલ વાત વાતમાં આંસુઓથી ભરાઈ જાય છે. ઈસ્લામ તો એટલે સુધી હુકમ આપે છે કે, યતીમની સામે તમારા બચ્ચાઓને પ્યાર ન કરો. તમારા એ રીતે પ્યાર કરવાથી યતીમને તેનો બાપ યાદ આવશે અને તેનું દિલ દુ:ખાશે!

યતીમની સાથે જરા જેટલો અહેસાન કરવાથી પણ ઈન્સાન જન્નતી બની જાય છે. આપની સામે એક કિસ્સો અરજ કરૂં છું તે ધ્યાનથી સાંભળો. એક અમીર કયાંક જઈ રહ્યો હતો, તેણે જોયું કે એક યતીમના પગમાં કાંટો વાગ્યો તેથી તે રોઈ રહ્યો છે. તેણે એકદમ જઈ તેના પગમાંથી કાંટો કાઢયો અને તેના પ્રત્યે માયા બતાવી, તે જોઈને તે યતીમ વધારે રડવા લાગ્યો. તે અમીરે કહ્યું કે, અય બચ્ચા! મેં તારી તકલીફ દુર કરી હવે શા માટે આટલો બધો રડી રહ્યો છે? તેણે કહ્યું કે, મને મારા બાપા યાદ આવી ગયા કે તે એવી મહેરબાનીથી મારા માથે હાથ ફેરવતા હતા! આ સાંભળીને અમીરે તેને છાતીએ લગાવી લીધો અને રડવા લાગ્યો. જયારે એ અમીર ગુજરી ગયો ત્યારે તેના દોસ્તે સ્વપ્નામાં જોયું કે તે જન્નતની હુરો સાથે જન્નતી લિબાસમાં ફરી રહ્યો છે જયારે તેના દોસ્તે તેને પુછયુ કે ભાઈ, તેં એવો કયો નેક અમલ કરેલ હતો કે તને એવો દરજો મળ્યો? તેણે કહ્યું કે તે માત્ર એક જ નેક કાર્યનો બદલો હતો તે એ કે, મેં એક યતીમ બચ્ચાના પગમાંથી કાંટો કાઢયો હતો.

હઝરાત! આપે સાંભળ્યું કે યતીમના પગમાંથી કાંટો કાઢવાનો કેવો સરસ બદલો મળ્યો! અરે, જનાબે અમીર (અલય્હિસ્સલામ) યતીમની સાથે કેટલી બધી મહેરબાની રાખતા હતા એ તો આપ જાણતા હશો. છતાં પણ યાદ અપાવું છું કે, જ્યારે આપ બજારમાંથી પસાર થઈ રહ્યા હતા એ વખતે એક ઔરત અનાજનું પોટકું માથે ઉપાડીને ધીમે ધીમે ચાલી જતી હતી. વજન વધારે હોવાથી કોઈ કોઈ ઠેકાણે ઉભી રહી જાય છે. આપે તેની પાસે જઈને ફરમાવ્યું કે, અય ઝઈફા! શું તારો ધણી નથી કે તું આ કામ કરે છે? તેણીએ કહ્યું કે હું બેવા છું અને ઘરનું બધુંય કામકાજ મારે કરવું પડે છે, અરે! મૌલાનું દિલ તડપી ગયું, તેનો બોજો ઉપાડીને તેના ઘરે મૂકવા ગયા! તે ઝઈફા નથી જાણતી કે આ બંને જહાનના સરદાર છે! દોસ્તો, જોયું આપણા મૌલા કેવા રહીમ અને કરીમ છે કે, આપણને હિદાયત કરી રહ્યા હતા કે ઝઈફો ઉપર રહમ કરજો અને કાંઈ વજન ઉપાડતા શરમાશો નહીં, પણ અફસોસ! આજકાલના નવજવાનો ઉપર કે, મૌલાની ગુલામીનો દાવો કરે છે, પણ હકીકતમાં મૌલાની પયરવી નથી કરતા. અરે! તેઓ બીજાઓનું કામ શું કરશે? જેઓ ખુદ પોતાના મા-બાપની ઈતાઅત સુધાં નથી કરતા!

જયારે મૌલાએ તેણીની આ ખિદમત કરી ત્યારે તેણે શુક્ર અદા કર્યો. હઝરતે ફરમાવ્યું કે, અય ઝઈફા! હું વધુ ખિદમત કરવા ચાહું છું. તારે બીજું કામ હોય તો મને બતાવ! તેણીએ કહ્યું મારા નાના નાના બચ્ચા બહુ જ ભુખ્યા થયા છે. મહેરબાની કરી આપ જરા તેને રમાડો તો હું થોડું પાણી લઈ આવું અને લોટ દળી નાખું. આપે ફરમાવ્યું કે : અય ઝઈફા! બચ્ચાઓ પોતાની મા સાથે જ વધારે રહે છે, તું એને રમાડ અને તારૂ બધુંય કામ હું પોતે કરીશ. મૌલા મશ્ક લઈને પાણી ભરી આવ્યા, પછી આપે ઘંટીમાં ઘઉં પીસ્યા. જયારે લોટ તૈયાર થયો ત્યારે આપે ફરમાવ્યું કે : તું એનું ખમીર કર હું ચુલો સળગાવું છું. જયારે ચુલો સળગી ગયો  ત્યારે આપે ફરમાવ્યું કે : હવે તું રોટીઓ પકાવ અને હું બચ્ચાઓને બહેલાવું છું! તેણી રોટીઓ પકાવવા લાગી અને જનાબે અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) બચ્ચાઓની સાથે રમવા

લાગ્યા! અરે, કયારેક બચ્ચાઓને ખભા ઉપર બેસાડતા હતા, કયારેક પીઠ ઉપર સવાર કરતા હતા! જયારે આપ ત્યાંથી વિદાય થવા લાગ્યા ત્યારે તે ઝઈફાએ કહ્યું : અય ભાઈ! મને તમારૂં નામ તો બતાવો. હઝરતે કહ્યું : નામથી શું કામ છે! જે કાંઈ મેં કર્યું છે એ મારા માલીકની ખુશી માટે કરેલ છે! એમ કહી આપ ત્યાંથી આગળ ચાલ્યા. એટલામાં પડોશની એક ઔરત હઝરતને જોઈ રહી હતી. જયારે આપ જઈ રહ્યા હતા ત્યારે તેણીએ ઝઈફાને કહ્યું કે : જેનાથી તેં આ ખિદમત લીધી એ કોણ છે, તે તું જાણે છે? અરે, એ તો બાદશાહે વકત અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલય્હિસ્સલામ) છે! આ સાંભળી ઝઈફા દોડીને મૌલાના કદમ ઉપર પડી માફી ચાહવા લાગી હઝરતની આંખોમાં આંસુ આવી ગયા અને ફરમાવ્યું: અય ઝઈફા! તું મારી ખિદમતથી ખુશ થઈ હો તો ખુદાથી દોઆ કર કે તે અલીથી ખુશ રહે! **(સલવાત)**

હઝરાત! તમે સરકારે રિસાલતના વઝીર અને નાએબની યતીમ પરવરી સાંભળી, હવે તમારી સામે પયગમ્બરે ઈસ્લામ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ની યતીમ પરવરી સંભળાવું છું કે, એક વખત જંગથી પાછા આવ્યા ત્યારે એક જગ્યાએ આપ કોમે અવાઝન કે જે નવા મુસલમાન થયા હતા તે હઝરતની ચારે તરફ અસહાબોની સાથે બેઠા હતા, હઝરત એક પહેરણ અને ચાદર પહેરીને વાએઝ ફરમાવતા હતા, એટલામાં એક અરબે આવી અરજ કરી : યા રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)! એક અરબ ગુલામો વેચવાનો વેપાર કરે છે તે બે યતીમને પકડીને લઈ જાય છે અને તે ઉંટો ઉપર બેસાડીને કયાંક લઈ જઈ તેઓને વેચી નાખશે. આ સાંભળી હઝરતે વાએઝને છોડી દીધી. ન માથા ઉપર અમામો હતો, ન ખભા ઉપર ચાદર હતી. અરે, જૂતા પણ ત્યાં જ પડી રહ્યા, થોડેક આગળ ગયા તો જોયું કે તે અરબ લાવારીસ બચ્ચાઓને લઈ જઈ રહ્યો હતો અને બચ્ચા ફરિયાદ કરે છે. હઝરતે આવાઝ આપી : 'યા અખલ અરબ કિફ', એ ભાઈ અરબ! ઉભો રહે. હઝરત ત્યાં પહોંચ્યા અને ફરમાવ્યું કે : ભાઈ! તને આ બચ્ચાઓને લઈ જવાથી નફો મળતો હોય તો મારી સાથે ચાલ કે તને હું માલે

દુનિયા આપીશ. આપ એ યતીમો ઉપર મહેરબાનીથી હાથ ફેરવવા લાગ્યા અને અરબને પોતાને ત્યાં લાવ્યા અને ગનીમતના હિસ્સામાંથી પાંચસો દિરહમ તેને આપ્યા અને યતીમોની પરવરીશ કરવા લાગ્યા.

હઝરાત! ઉમ્મતે, સીરતે નબી ઉપર કેવો અમલ કર્યો. હજુ તો પયગમ્બરે ઈસ્લામનું કફન મેલું થયું ન હતું. પચાસ વરસ પણ પુરા થયા ન હતા કે મુસલમાનો એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ની તાઅલીમ અને તાઅઝીમને ભુલી ગયા, અરે! જનાબે મુસ્લીમ બિન અકીલના યતીમોની સાથે કેવો સુલુક કર્યો? પરાયા દેસમાં બાપથી વિખુટા પડી ગયા, અરે! મુદ્દત સુધી કેદખાનામાં કેદ રહ્યા, અરે! સૈર થઈને ઠંડું પાણી કે, ખાવાનું પણ મળતું ન હતું. સાહેબે મિફતાહુલ બયાન મૌલાના સય્યદ અકબર મહેદી અ.મ. તેહરીર ફરમાવે છે કે, છેવટે મુસીબતોથી કંટાળી બન્ને ભાઈઓએ આપસમાં મશ્વેરો કર્યો કે, આ જેલરથી આપણે આપણો હસબ નસબ બયાન કરશું. કદાચ અવલાદે રસુલ સમજી આપણા ઉપર રહમ કરે.

જેલરનું નામ મશકુર હતું. રાત્રીના રાબેતા મુજબ તે ગરમ પાણી અને સુકી રોટીના ટુકડા લઈને કેદખાનામાં આવ્યો તે વખતે મોટા સાહેબઝાદા કે જેમનું નામ મોહમ્મદ હતું, તેમણે કહ્યું : "યા શયખો હલ તઅરેફો મોહમ્મદેનિલ મુસ્તફા - અય શેખ તું મોહમ્મદે મુસ્તફા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ને ઓળખે છે? તેણે કહ્યું :કેમ ન ઓળખું? એ તો અમારા પયગમ્બર અને શાફીએ મહેશર છે. સાહેબઝાદાએ ફરમાવ્યું: અય શેખ! તું એ બુઝુર્ગવારથી શફાઅતની ઉમ્મીદ રાખે છે છતાં પણ તેની અવલાદને કેદમાં રાખ્યા છે! મશકુર આ સાંભળી પગમાં પડી ગયો અને અરજ કરી કે, શાહઝાદાઓ! હું જાણતો ન હતો કે આપ ખાનદાને નબુવ્વતથી છો. અરે, તમારૂં નામો નસબ મને કહો, "ફકાલ નહનો મિન ઈત્રતે મુસ્લીમ ઈબ્ને અકીલ બચ્ચાઓએ કહ્યું, અય શેખ! અમો મુસ્લીમ ઈબ્ને અકીલના યતીમ ફરઝંદ છીએ. અરે મુદ્દતથી તારી દેખરેખ હેઠળ કેદમાં છીએ. મશકુરે નામ સાંભળ્યું

ત્યારે કદમો ઉપર પડી અરજ કરવા લાગ્યો. બિસ્મિલ્લાહ કેદખાનાનો દરવાજો ખુલ્લો છે આપ તશરીફ લઈ જાવ, પણ શાહઝાદાઓ! કુફામાં રહેશો નહીં અહીંયા આપના દુશ્મનો છે, એમ કહીને બચ્ચાઓને છોડી દીધા.

જયારે ઈબ્ને ઝિયાદને ખબર પડી કે, કેદખાનાના દરવાજા ખુલ્લા છે અને તેમાં યતીમ બાળકો નથી ત્યારે મશકુરને તરત જ બોલાવ્યો અને પુછ્યું કે, કેદીઓ કયાં ગયા? તારી ગફલતના કારણે તેઓ ભાગી ગયા છે. બોલ તને શું સજા કરવામાં આવે? તે હક પરસ્તે જવાબ આપ્યો કે : અય ઈબ્ને ઝિયાદ! મેં તારા કેદીયોથી ગફલત નથી કરી પણ આજ સુધી હું ખુદા અને રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)થી ગાફીલ હતો કે, અવલાદે રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) અને યતીમ બચ્ચાઓને કેદ રાખ્યા હતા. ઈબ્ને ઝિયાદે કહ્યું કે : હું નારાજ થઈ જઈશ તેનો તને ડર નથી? તે બહાદુરે કહ્યું કે, મારા માલીકની નારાઝગીનો મને વધારે ભય છે. મને તારી ખુશી નાખુશીની પરવા નથી. તે મલઉને કહ્યું કે, તને એ વાતનો ભય ન લાગ્યો કે યઝીદ તારા ઘરને બરબાદ કરશે? એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ના મોહીબ્બે કહ્યું : ખુદાવંદે આલમ કયામતમાં એથી વધારે સારૂ ઘર અતા કરશે. ઈબ્ને ઝિયાદે પુછ્યું શું તું અલીનો શીઆ અને દોસ્ત છે? તે દીનદારે જવાબ આપ્યો કે, અય ઈબ્ને ઝિયાદ! ખુદા મને અલીના દોસ્તો સાથે મહશુર ફરમાવે અને હઝરત અલી (અલય્હિસ્સલામ)ની મોહબ્બતના સાથે આ દુનિયાથી ઉઠાવે. અરે, એ મારા ઈમામ છે અને હું તેમનો અદના ગુલામ છું. અય દુશ્મને ઈમામ! તેં ફરઝંદે રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ને કતલ કર્યા અને જનાબે મુસ્લિમ બિન અકીલને શહીદ કર્યા. અરે, આ બે યતીમ બચ્ચા જે બાકી રહી ગયા હતા તેને પણ તું કત્લ કરવા ચાહતો હતો. જયારે મને ખબર પડી કે, આ મુસ્લીમ બિન અકીલના ફરઝંદો છે, ત્યારે મેં મુકત કરી દીધા. આ સાંભળીને મલઉને પુછ્યું કે, તે બચ્ચાઓ કયાં ચાલ્યા ગયા? જવાબ આપ્યો. મને ખબર નથી. ઈબ્ને ઝિયાદે ગુલામને હુકમ કર્યો કે તેને કોરડા મારો. અઝાદારો! પહેલો કોરડો જીસમ ઉપર પડયો ત્યારે મશકુરે કહ્યું :

અલ્હમ્દો લિલ્લાહ. યતીમોની સાથે ગફલત કરવાની સજા મને દુનિયામાં મળી ગઈ. જયારે બીજો કોરડો મારવામાં આવ્યો ત્યારે કહ્યું : શુક્રન લિલ્લાહ - હું ગુનાહોથી પાક થયો. મતલબ કે કોરડા પડતા હતા અને તે દીનદાર અલી (અલય્હિસ્સલામ)ની મોહબ્બતના જોશમાં ખુશી થતો હતો, એટલે સુધી કે બેહોશ થઈ ગયો. છેવટે તેને શહીદ કરવામાં આવ્યો.

ખરેખર મોહબ્બતે અલીમાં મશકુરે મુસીબતોનો મુકાબલો કર્યો. બચ્ચાઓને મુકત કર્યા. પણ કાશ! તેમને મુકત કરી મદીના પહોંચાડી આપતે તો કદાચ હારિસ મલઉનના ઝુલ્મથી બચી જતે. કેદખાનામાંથી તો મુકત થયા પણ રસ્તાથી અજાણ્યા, પરાયો દેશ, દુશ્મનોનો ભય અને રાત્રીનો અંધકાર. અરે કયાં જાય? અરે કોને રસ્તો પુછે? આખી રાત કુફાની ગલીઓમાં ભટકતા રહ્યા. દોસ્તો નાની વય, આઠ અને નવ વરસની ઉંમર! મુસીબત માથા ઉપર ટુટી પડી છે. કોઈ દિલાસો આપવાવાળું નથી. અરે! રાત્રીએ આખરી સલામ કરી અને સવાર પડી બચ્ચાઓ દુશ્મનના ભયના લીધે નહેરના કિનારે આવ્યા અને એક ઝાડમાં છુપાઈ ગયા. એટલામાં એક કનીઝ પાણી ભરવા માટે આવી.

જયારે એ યતીમ બચ્ચાઓ ઉપર તેણીની નઝર પડી અને તેને ખબર પડી કે આ મુસ્લીમ બિન અકીલના ફરઝંદો છે, ત્યારે તેણી એ બચ્ચાઓને પોતાની માલેકા પાસે લઈ ગઈ. જયારે તેણીને ખબર પડી કે આ મુસ્લીમ બિન અકીલના બાળકો છે ત્યારે ખુશીની સાથે એક ઓરડામાં મહેમાન કર્યા, તેઓને હાથ મોઢું ધોવરાવીને જમાડયા, અઝાદારો! લાંબી મુદત પછી આરામ મળવાથી બંને ભાઈઓ બગલગીર થઈ સુઈ ગયા.

થોડી રાત્રી પસાર થઈ કે તે મોઅમીનાનો ધણી હારીસ મલઉન ઘરે આવ્યો અને કહેવા લાગ્યો કે આજે કેદખાનામાંથી બન્ને બાળકો ભાગી ગયાં છે. આખો દિવસ ગોત્યા પણ મને મળ્યા નહીં. આ સાંભળી તેણી ચુપ રહી અને

મનમાં કહેવા લાગી કે, આને ખબર પડી ન જાય. તે મલઉન ખાઈને સુઈ ગયો.

અઝાદારો! થોડી રાત્રી વીતી હતી કે જનાબે મોહમ્મદે એક સ્વપ્નું જોઈ પોતાના નાના ભાઈ ઈબ્રાહીમને જગાડયા અને કહ્યું : અય ભય્યા! શું સુતા છો? મૌત આપણી નઝદીક આવી ગયું! હમણાં હમણાં મેં સ્વપ્નામાં જોયું કે, દાદા રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) અને અલીયે મુરતુઝા (અલય્હિસ્સલામ) બાબાને કહી રહ્યા છે, કે અય મુસ્લીમ! તમો એકલા ચાલ્યા આવ્યા અને બચ્ચાઓને દુશ્મનોમાં છોડી દીધા?

આ સાંભળીને બાબાએ જવાબ આપ્યો કે : આજે રાત્રે તેઓ આપણી પાસે આવશે. જનાબે ઈબ્રાહીમે ભાઈનું સ્વપ્નું સાંભળીને કહ્યું: મેં પણ એવું જ સ્વપ્નું જોયું છે. બંને ભાઈઓ આપસમાં રોતા રોતા વાતો કરતા હતા.

બચ્ચાઓના રડવાનો અવાઝ સાંભળીને હારીસ મલઉન ઉઠી ગયો અને તે ઓરડામાં ગયો. ત્યાં જઈને જુએ છે તો બંને ભાઈઓ બગલગીર થઈને સુતા છે તે મલઉને પુછ્યું : તમો કોણ છો?

જનાબે મોહમ્મદે બહુ જ આજિઝીથી કહ્યું : અય શેખ! અમો તારા મહેમાન છીએ, ત્યાર પછી તેણે મોટા ભાઈના બાજુને ઝટકો માર્યો અને કહ્યું : તમો કોણ છો? જનાબે મોહમ્મદે કહ્યું : અય શેખ! તું અમને અમાન આપીશ? તેણે કહ્યું : કે હા અમાન આપીશ. સાહેબઝાદાઓએ કહ્યું : અમો મુસ્લીમ બિન અકીલના યતીમ છીએ. તારા નબીની અવલાદ છીએ. અઝાદારો! આ સાંભળી તે મલઉન ગુસ્સે થયો. અરે, એ બચ્ચાઓને એવા જોરથી તમાચા માર્યા કે તેમના ગાલો લીલા થઈ ગયા અને ઝમીન ઉપર પડી ગયા. અરે મલઉને બંને ભાઈઓને એક થાંભલા સાથે રસ્સીથી બાંધી દીધા! અઝાદારો, જરા વિચાર કરો કે, આખી રાત બચ્ચાઓએ કેવી રીતે વિતાવી હશે?! સવારના બંને બચ્ચાઓને ખેંચતો ખેંચતો દરિયા કિનારે લઈ ગયો અને ગુલામને કહ્યું કે,

આને કતલ કર, પણ તેણે મના કરી. પછી પોતાના દિકરાને કહ્યું, તેણે પણ ઈન્કાર કર્યો. પછી તે મલઉન પોતે હાથમાં તલવાર લઈને તૈયાર થયો. અરે, તલવાર જોઈને બચ્ચાઓએ તેની ઓરતને કહ્યું : અરે, અમારૂ કોઈ અહીંયા નથી કે આ મુસીબતમાંથી છોડાવે. અરે! ન અમારી મા છે, ન અમારો બાપ છે. અય કનીઝે ખુદા! તારાથી બની શકે તો અમોને છોડાવ. અરે બિચારી મોઅમેના હારીસ મલઉનને ઘડી ઘડી સમજાવતી હતી અને પગે પડતી હતી.

પરન્તુ તે શકીએ તેની ઓરતની એક વાત પણ ન સાંભળી અને તેણીને તલવાર મારી, તેથી ઝમીન ઉપર પડી ગઈ. જયારે બચ્ચાઓએ આ બનાવ જોયો ત્યારે તેમના મોંઢા ઉપર માયુસી ફેલાઈ ગઈ. અરે, મોતની તસ્વીર આંખોમાં ફરવા લાગી, અરે, ડરતા ડરતા કહેવા લાગ્યા કે : અય હારીસ અમોને કતલ કરવાથી તમને શું ફાયદો થશે? તે મલઉને કહ્યું : મને ઈનામ મળશે, અય અવલાદવાળાઓ! તે મુસ્લીમના યતીમો ઉપર અમારી જાન નિસાર થઈ જાય કે, કાતિલથી કેવી હુજ્જત તમામ કરે છે? કે અય હારીસ! તને જો દુનિયાની દોલત જોઈતી હોય તો મારા વાળોને કાપીને તેને વેચી નાખ. તને સારી કીંમત મળશે. પણ તે શકી રાજી થયો નહીં. અફસોસ હઝાર અફસોસ! પયગમ્બરે ખુદા તો ઉઘાડે માથે અને ઉઘાડે પગે યતીમોની મદદ કરવા ગયા હતા. આજે એ જ રસૂલની અવલાદ ડરને લીધે ગુલામ તરીકે પોતાની જાતને વેચવા તૈયાર છે! પણ મલઉન કોઈ રીતે રાજી થતો નથી. બાળકોએ કહ્યું. તું ઈબ્ને ઝિયાદની ખુશી ચાહતો હો તો અમોને તેની પાસે જીવતા લઈ ચાલ. એ વાતનો પણ તેણે ઈન્કાર કર્યો. છેવટે શાહઝાદાઓએ માયુસી સાથે કહ્યુ કે : અય શેખ! અમારી નાની ઉમર જો, જરા રહમ કર. અરે, કાતિલે કહ્યું : તમારા માટે મારા દિલમાં જરાય રહેમ નથી! શાહઝાદાઓએ કહ્યું : તો પછી અમોને એટલી મોહલત આપ કે નમાઝ અદા કરી લઈએ. અય અઝાદારો! એ મહાન ઈબાદત ગુઝાર હાદીઓના એ બાળક યાદગાર હતાં. અરે, આખરી વખતે પોતાના બુઝુર્ગોની તઅલીમનો અસર દેખાડી રહ્યા હતા.

અરે, ખુદા જાણે આ નમાઝે સુબ્હ હતી કે દુનિયાને હિદાયત કરવી હતી! કે અગર માથા ઉપર તલવાર લટકતી હોય તો પણ નમાઝને છોડતા નહીં. અરે બચ્ચાઓને વઝુનો મોકો મળ્યો કે નહી, કે કરબલાના શહીદોની જેમ તયમ્મુમથી નમાઝ અદા કરી! અરે નમાઝ પછી નાના નાના હાથો આસમાન તરફ બલંદ કર્યા અને કહ્યું કે : "યા હય્યો યા કય્યુમો યા આહ કમલ હાકેમીન, અહકુમ બયનના વ બયનકુમ અય જીવતા! અય અહકમલ હાકેમીન! તું અમારો અને કાતીલનો હકની સાથે ઈન્સાફ કરજે. અરે, આ મજલીસમાં સાહેબે અવલાદ પણ મવજુદ છે. જરા વિચાર કરો કે માથા ઉપર મોત લટકતુ હતું, અરે! મુસ્લિમ બિન અકીલના બચ્ચાઓની એટલી ઝિંદગી બાકી હતી કે નમાઝ ખતમ કરે. અરે! નમાઝ તમામ કરી કે કાતીલે તલવાર ઉપાડી, અરે મોટા ભાઈએ નાના ભાઈને બચાવવા ચાહ્યું અને નાના ભાઈએ મોટા ભાઈની હિફાઝત કરવા ચાહ્યું. એટલામાં મોટાભાઈ ઉપર તલવારનો ઘા કર્યો અને માથું કપાઈને ઝમીન ઉપર સજદએ શુક્રમાં પહોંચ્યું. હાય! નાના ભાઈના નસીબમાં મોટા ભાઈની લાશ પર તડપવાનું લખ્યું હતું, અરે, કેવી દુશ્મની હતી કે શકીએ રોવા પણ ન દીધા! અરે લાશને ઉપાડી ફુરાતમાં ફેંકી દીધી. અરે અવલાદવાળાઓ, મોટા ભાઈની લાશ ફુરાતમાં નાના ભાઈની રાહ જોઈ રહી હતી, અરે! મુસ્લિમના યતીમોનો જનાઝો ઉપાડનાર કોઈ ન હતું, અરે, પાણીના મોજાંઓએ બચ્ચાઓના જનાઝા ઉપાડયા હતા. આહ તે જ પળે નાના ભાઈનું માથું પણ જુદું કરવામાં આવ્યું. અને લાશને દરિયામાં ફેંકી દીધી, મોટા ભાઈની લાશે નાના ભાઈની લાશનો ઈસ્તિકબાલ કર્યો. આપણી જાનો એ યતીમ બાળકો ઉપર કુરબાન થઈ જાય, કે જેઓ બચપણમાં પણ સાથે રમ્યા અને કેદખાનામાં પણ સાથે રહ્યા અને શહીદ પણ સાથે થયા.

***અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝ ઝાલેમીન***

# મજલીસ : ૧૦

## હઝરત ઈબ્રાહીમ (અલય્હિસ્સલામ)ની મહેમાન નવાઝી અને ઈમામ (અલય્હિસ્સલામ)નું કરબલામાં પહોંચવું.

## બિસ્મિલ્લાહિર્ રહ્માનિર્ રહીમ

*કાલ રસુલુલ્લાહે સલ્લલ્લાહો અલયહે વઆલેહી : અકરેમુઝઝયફ વલવ કાન કાફેરન.*

જનાબે રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) ફરમાવે છે કે : પોતાના મહેમાનને ઈઝઝત આપો, પછી ભલે તે કાફર હોય.

આ હદીસથી સાફ જાહેર થાય છે કે, ઈસ્લામની શરીઅતમાં મહેમાનનો ખાસ મરતબો છે. ભાગ્યશાળી છે તે માણસ કે, જેને ત્યાં કોઈ મહેમાન આવે અને પોતાની રોઝી તેના દસ્તરખાન પર બેસીને ખાય.

લખે છે કે, અરબો મહેમાનોની ખિદમત કરવામાં બહુ જ ઉત્સાહિત રહેતા હતા. જો કોઈને ત્યાં મહેમાન આવી ચડતો હતો, તો તે ઘરમાં ઈદ જેવો ઉત્સવ મનાવાતો હતો અને ઘરના તમામ જણ સ્ત્રીઓ અને પુરૂષો, વૃધ્ધો અને બાળકો મહેમાનની ખિદમત કરવામાં પોતાની ખુશનસીબી સમજતા હતા. તેઓ પહાડો ઉપર એટલા માટે આગ રોશન કરતા હતા કે, કોઈ માર્ગ ભુલી ગયેલો અજાણ્યો મુસાફર એના અજવાળે અજવાળે આવે અને અમારો

મહેમાન બને. તેઓ મહેમાનની જાન, માલ અને આબરૂની નિગેહબાની એટલે સુધી કરતા કે પોતાની જાનના ભોગે પણ મહેમાનને આંચ આવવા ન દેતા.

મનકુલ છે કે, જનાબે ઈબ્રાહીમ (અલય્હિસ્સલામ) એવા મહેમાન નવાઝ હતા કે, જ્યાં સુધી કોઈ મહેમાન આવતો ન હતો ત્યાં સુધી આપ ખાણું ખાતા ન હતા! આપનો હંમેશનો દસ્તુર હતો કે, રસ્તા ઉપર જઈને ઉભા રહેતા અને આવતા જતા વટેમાર્ગુઓને પોતાના મહેમાન બનવાની દરખાસ્ત કરતા.

એક વખત એવું થયું કે, બે દિવસ સુધી કોઈ માણસ આપનો મહેમાન થયો નહીં. આપે તે બન્ને દિવસે કશું ન ખાધું અને મહેમાનની વાટમાં પસાર કર્યા. ત્રીજે દિવસે રોજની જેમ માર્ગમાં ઉભા રહી મહેમાનને શોધતા હતા. એવામાં એક માણસ તે રસ્તેથી પસાર થતો જોવામાં આવ્યો, આપે તેને ખુબ નમ્રતા સાથે કહ્યું : મારૂ દિલ ચાહે છે કે, આજ તને મારો મહેમાન બનાવું, તારાથી બની શકે તો મારી એ આશા પુરી કર.

તે માણસે હઝરતની મહેમાન નવાઝીની ઘણી વાતો સાંભળી હતી. તેણે જનાબે ખલીલનું આમંત્રણ ખુશીની સાથે સ્વીકારી લીધું. હઝરત ઈબ્રાહીમ તેનો હાથ પકડી પોતાના ઘરે લઈ આવ્યા અને ગુલામોને સુફરો બિછાવવાનો હુકમ કર્યો.

જયારે ખાવા બેઠા ત્યારે જનાબે ઈબ્રાહીમ (અલય્હિસ્સલામ)મે 'બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ' કહી ખાવાનું શરૂકર્યું પણ મહેમાનની ઝબાનથી એ શબ્દો ન નીકળ્યા. હઝરત ઈબ્રાહીમ (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું: અય મહેમાન, શું એ મુરવ્વત અને ઈન્સાનિયતની શર્ત નથી કે, ખાતી વખતે રોઝી દેનારને યાદ કરવો?

તેણે જવાબ આપ્યો : મારા મઝહબમાં એ પ્રમાણે કહેવું દુરૂસ્ત નથી. આપે પુછ્યું તું કયા મઝહબ ઉપર છે? તેણે જવાબ આપ્યો: હું આતિશ પરસ્ત

- અગ્ની પૂજક છું. આ સાંભળીને હઝરતને બહુ જ માઠું લાગ્યું, તેને ખુદાનો દુશ્મન સમજી પોતાના ઘરમાંથી ઝિલ્લત અને બેઈઝઝતીથી કાઢી મુક્યો.

તે શખ્સનું ઘરની બાહર નીકળવું હતું કે, જનાબે ખલીલુલ્લાહ ઉપર વહી નાઝિલ થઈ : અય ઈબ્રાહીમ! શું મહેમાનની સાથે આવો જ વર્તાવ કરાય છે? અય ઈબ્રાહીમ! અગર તે દુશ્મન હતો, તો મારો દુશ્મન હતો, નહી કે તમારો. તે મને ખુદા નથી માનતો છતાંય મેં મારી નેઅમત તેના ઉપર બંધ નથી કરી, મેં તેને પેદા કર્યો, તેની ઝિંદગીની વ્યવસ્થા કરી તોય તે મને સજદો નથી કરતો પણ આગને સજદો કરે છે. છતાંય મારી રહમતે એ ન ચાહ્યું કે તેની રોઝી બંધ કરી દઉં. અય ખલીલ! તમે ન તો એને પેદા કર્યો છે, ન તો એને રોઝી પહોંચાડો છો, ન તો તમો એના મઅબુદ છો, અને તમો એટલા ગુસ્સે થઈ ગયા કે તે પોતાની રોઝી તમારા દસ્તરખ્વાન ઉપર બેસીને ખાવા ઈચ્છતો હતો તે તમોને ન ગમ્યું. ઈબ્રાહીમ! અમો પણ જો તમારી જેમ અમારા કરમના દસ્તરખ્વાન ઉપરથી તેઓને ઉભા કરી દઈએ તો કહો તેઓને રોઝી દેનાર કોણ છે? ખલીલ! તમોએ આ કાર્ય અમારી ઈચ્છાને આધિન થઈને નથી કર્યું, જો તમો અમોને ખુશ કરવા ચાહતા હો, તો ગમે તેમ તેને મનાવી સમજાવીને લઈ આવો.

ખલીલે ખુદા ઈરશાદે ઈલાહીથી ગભરાઈને ધ્રુજી ઉઠયા અને એ જ વખતે પેલા અગ્નીપુજકની પાછળ દોડયા. તેને ખુબજ મનાવ્યો અને રાઝી કરીને પાછા લઈ આવ્યા.

હઝરાત! સાંભળ્યું આપે કે, મહેમાનનો કેવો મરતબો છે? ઈસ્લામે આ વિષયમાં ખુબ જ તાકીદ કરી છે, કે મહેમાનની સરભરામાં જરાપણ કમી ન રહેવા પામે, એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ની આદત હતી કે, જયારે કોઈ મહેમાન આવતો એ વખતે પોતે ફાકા ઉપર ફાકા કરી લેતા પણ મહેમાનને ભુખ્યો સુવા ન દેતા અને જયારે મહેમાન વિદાય થતો ત્યારે પણ તોહફા રૂપે કાંઈક આપતા હતા.

હઝરત રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) મહેમાન - નવાઝોની એટલી બધી ઈઝઝત કરતા હતા કે એક લડાઈમાં થોડાક કેદીઓને આપની સમક્ષ લાવવામાં આવ્યા. તે કેદીઓમાં અરબના મશહુર સખી અને મહેમાન નવાઝ હાતિમતાઈની પુત્રી પણ હતી, જયારે આપની સામે તેનું નામ લેવામાં આવ્યું. ત્યારે આપે ફરમાવ્યું : તેણીને મુકત કરો, તેણીનો બાપ મહાન સખી અને મહાન મહેમાન નવાઝ હતો મને શરમ આવે છે કે એવા સખી અને મહેમાન નવાઝની પુત્રીને કેદીના રૂપમાં હું જોઉં.

અઝાદારો! જે ઘરમાંથી મહેમાન નવાઝીનું શિક્ષણ અપાય તે જ ઘરના માલિકોની મહેમાની શું પાણી બંધ કરીને કરાય! તેઓના સત્કારમાં તીર વર્ષાવાય! તેઓની સરભરામાં તલવારો અને નેઝાઓ તેઓનું ખુન કરવા માટે બલંદ કરાય! આહ, અઝાદારો! હ. હુસૈન (અલય્હિસ્સલામ) વગર બોલાવે નહોતા આવ્યા, સેંકડો કાગળ લખી લખીને બોલાવ્યા હતા. અરે, કસમો દઈ દઈને બોલાવ્યા હતા, વચનો આપી આપીને બોલાવ્યા હતા. અઝાદારો! જઝાકલ્લાહ, અલ્લાહ આપને ગમે હુસૈન સિવાય કોઈ ગમમાં ન રડાવે.

રજબની અઠ્ઠાવીસમી તારીખે મદીનાથી સફર કરીને હ. હુસૈન (અલય્હિસ્સલામ) મક્કામાં આવ્યા. મક્કામાં આપ માહે રમઝાન, શવ્વાલ અને ઝિલ્કાદ ત્રણ મહીના રહ્યા. પરંતુ અઝાદારો! રાહતથી નથી રહ્યા, સતત દુશ્મન તરફથી ભય રહ્યા કરતો હતો કે કદાચ ખુદાના ઘરમાં જ આપને કતલ કરી નાંખે!

લખે છે કે, યઝીદને જયારે ખબર પડી કે, હ. હુસૈન (અલય્હિસ્સલામ) મદીનાથી મક્કા ગયા છે ત્યારે તેણે ત્રીસ માણસોને હાજીઓના લિબાસમાં મક્કે મોકલ્યા, કે મૌકો મળતાં હુસૈન (અલય્હિસ્સલામ)ને શહીદ કરી નાંખે. ફરઝંદે રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ને તેની જાણ થઈ ગઈ અને તેમણે ખુનરેઝીથી ખાનએ કાઅબાની અઝમત અને હુરમતને કલંક ન લાગે એટલા માટે મક્કાથી રવાના થવાનો નિર્ણય કરી લીધો.

*ન પાયા ચૈન યસરબમેં, ન કાઅબેમેં મિલી રાહત*
*જિધર જાતે થે હઝરત, મૌત દામનગીર ફિરતીથી*

ઈમામે હજને ઉમરામાં બદલીને આઠમી ઝિલ્હજ રોઝે તરવિય્યાહના હજ કર્યા વિના ઈરાક તરફ જવાની તૈયારી કરી અને ઈરાક તરફ રવાના પણ થઈ ગયા. મંઝિલો પછી મંઝિલો વટાવતા જાય છે. મંઝિલે સર્રાફથી આગળ વધ્યા ત્યારે અસ્હાબમાંથી એક જણે બલંદ અવાઝથી તકબીર કહી. હઝરતે તકબીર કહેવાનું કારણ પૂછયું સહાબીએ અરજ કરી : અહિંથી થોડેક દૂર મેં ખજૂરના દરખ્ત જોયાં છે. આ સાંભળીને બીજા સહાબીઓએ કહ્યું : ખુદાની કસમ, અમોએ આ જગ્યાની આસપાસ ક્યારેય ખજુરના ઝાડ નથી જોયા.

હઝરતે ફરમાવ્યું : તો પછી તપાસ કરો કે શું છે? જયારે ખુબ જ બારીક નજરે જોયું ત્યારે જણાયું કે, એ તો ભાલાની અણીઓ અને ઘોડાના કાન છે. ચોક્કસ કોઈ લશ્કર આ તરફ આવી રહ્યું છે. હઝરતે ફરમાવ્યું : શું અહીં કોઈ એવું સ્થળ હશે કે અમો તેની તરફ પીઠ કરી સામેથી આ લોકોનો મુકાબલો કરી શકીએ?

અસ્હાબમાંથી એક જણે અરજ કરી : મૌલા! ડાબી તરફ ચાલો, તે તરફ અન્સારનો એક કબીલો રહે છે. તે સ્થળ સુરક્ષિત પણ છે અને તેઓ આપણી મદદ પણ કરશે. હઝરતને તેનો મત પસંદ આવ્યો અને તે તરફ ચાલ્યા. હઝરતે ત્યાં પહોંચીને ફરમાવ્યું, અહીં ખૈમા ઉભા કરી એહલેહરમને ઉતારો.

દિવસના બે પહોરનો વખત હતો. સુરજ પોતાના ગરમ ગરમ કિરણોથી ધરતીને શેકી રહ્યો હતો, ચોતરફ લુ ફુંકાતી હતી. આવનારી ફૌજ હઝારની સંખ્યામાં હતી. આખીય ફૌજ પોતાના સરદાર હુર બીન યઝીદે રિયાહીની સાથે ત્યાં પહોંચી. પ્યાસથી તેઓના બુરા હાલ થઈ ગયા હતા. એકએક સિપાહીની તરસના કારણે હોઠો ઉપર જાન આવીને અટકી ગઈ હતી અને ઘોડાઓની જીભો મોઢાની બાહર નીકળી પડી હતી.

સાકીએ કૌસરના લાલનું દિલ તડપી ઉઠયું, આંખોમાં આંસુ આવી ગયા. હાશમી જવાનોને તાકીદ કરી કે જલ્દી કરો, એ ફૌજના તમામ માણસો અને જાનવરોને પાણીથી સયરાબ કરો. કોઈએ અરજ કરી : યબ્ન રસુલિલ્લાહ! પ્રથમ તો આ લોકો આપણા દુશ્મન છે. બીજું એ કે જો અમો આ લોકોને બધું પાણી પીવરાવી દઈએ તો આપણે શું પીશું? આપણી સાથે ઓરતો છે અને નાના નાના બાળકો છે, તેઓ પાણી વગર કેમ રહી શકશે!? મૌલા! આસપાસ કયાંય પાણી પણ નઝર નથી આવતું!

વાહ રે, કરીમ અને રહીમ મૌલા! વાહ રે, સખી આકા! જગતભરની તમામ સખાવત આપની આ એક સખાવત ઉપર નિછાવર થઈ જાય. સાકીએ કૌસરના પ્યારાએ જવાબ આપ્યો : ગમે તે થાય પરંતુ મારાથી આ લોકોની આવી હાલત જોવાતી નથી.

મૌલાની આજ્ઞા થતાં જ અકીલી અને જઅફરી, અલવી અને ફાતમી જવાનોએ મશ્કો ભરી હુરના લશ્કરને પાણી પીવરાવવાનું શરૂÇકરી દીધું. જયારે દરેક જણ પાણીથી સયરાબ થઈ ગયા ત્યારે વાસણો ભરીને ઘોડાઓની સામે પણ રાખ્યા અને હયવાનોને સયરાબ કર્યા. કહે છે કે, હ.હુસૈન (અલય્હિસ્સલામ)મે પણ મશ્ક લીધી હતી અને ખૂબજ આગ્રહ કરી હોંશથી સૌને પાણી પાતા હતા. શાયદ, એવી રીતે હ.હુસૈન (અલય્હિસ્સલામ) તે લશ્કરને કહી રહ્યા હોય, કે જો કો'ક દિવસ હું અસગરને લઈને તમારી સામે પાણી માંગું તો તમે ખયાલ રાખજો. અઝાદારો આપની આંખોમાં આંસુ આવી ગયા. ખુદા અહલેબબૈતની મુસીબતો ઉપર વહેતાં આંસુઓને હંમેશા વહેતાં રાખે.

અઝાદારો! તમારા આંસુ સિર્ફ પાણીના ટીપાં નથી, પણ એવા કિંમતી મોતી છે કે, એની કિંમત કાલે કયામતના દિવસે જરૂર સમજાશે. મોહર્રેકુલ કોલુબ'માં ઈમામે જાઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી મનકુલ છે કે રોઝે કયામત અઝાબના ફરિશ્તાઓ એ શખ્સને, કે જેનાથી કોઈ પણ નેક અમલ

નહીં થયો હોય, પકડીને લઈ જતા હશે. એવામાં એક મુનાદી નિદા કરશે કે : એ મલાએકા! ઉભા રહો. આ ગુનેહગારની એક અમાનત અમારી પાસે છે. તે ફરીશ્તાઓ ઉભા રહી જશે. એ વખતે તે ગુનેહગારના હાથમાં એક એવું મોતી આપવામાં આવશે કે જેના નુરથી મહશરના મૈદાનમાં અજવાળાં પથરાઈ જશે. તે ગુનેહગાર નવાઈ પામીને ખુદાની બારગાહમાં અરજ કરશે : માલીક! મને તો આ અમાનતનું કશુંય ઈલ્મ નથી. ઈરશાદ થશે : અય શખ્સ! આ દુર્રે બેબહા છે, જે તારા આંસુનું ટીપું છે. એક વખત તેં ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ની મુસીબત સાંભળી ત્યારે તારી આંખમાંથી નીકળી તારાં રૂખ્સારોને આ ટીપું ભીંજાવી ગયું હતું. આ મોતી લઈને તું અમ્બિયા અને અવલિયા પાસે જઈને તેની કીંમત પુછ.

આ સાંભળી તે શખ્સ અવસીયા અને અમ્બીયા પાસે જશે. એટલે સુધી કે જનાબે રસૂલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) અને જનાબે અમીર (અલય્હિસ્સલામ) પાસે પણ જશે, પરંતુ કોઈ તેની કીંમત કરી શકશે નહીં. છેવટે તે ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં આવશે. હ. હુસૈન (અલય્હિસ્સલામ) તેને જોઈને ઉભા થઈ જશે અને તેને ગળેથી લગાડશે. પછી અર્ષને પકડીને અલ્લાહ તઆલાને અર્ઝ કરશે કે : બારે ઈલાહા! આ મોતી એક આંસુનું ટીપું છે. એ મારી મઝલુમી અને મુસીબત ઉપર વહાવવામાં આવ્યું છે. આની કીંમત એ છે કે, મારી સાથે બેહિશ્તમાં જગ્યા આપવામાં આવે. ઈરશાદ થશે : અય હુસૈન! અમોએ તેના તમામ ગુનાહોને માફ કર્યા, એટલું જ નહીં પણ તેના મા-બાપને પણ બક્ષી આપ્યા અને તેઓને તમારી સાથે જગ્યા આપી.

સુબ્હાનલ્લાહ, શું મરતબો છે આંસુઓનો? કે, જે તમો અત્યારે હ. ઈ. હુસૈન (અલય્હિસ્સલામ)ની મુસીબત ઉપર વહાવી રહ્યા છો!

સાકીએ કૌસરના લાડલાએ દુશ્મનના લશ્કરની પ્યાસ બુઝાવીને ફરમાવ્યું : તમે પરહેઝગાર બનો અને હકદારના હકને ઓળખો, તો ખુદા

તમારાથી ખુશ થશે. અય લોકો! જો તમોને મારૂ અહીંયા આવવું પસંદ ન હોય અને અમારા માટેનો તમારો મત બદલાઈ ગયો હોય, તો હું પાછો જાઉં. હુરે અરજ કરી : યબ્ન રસૂલિલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)! ખુદાની ક્સમ, આપ જે કાંઈ ફરમાવો છો તેથી હું સાવ અજાણ છું. ન તો મને કાગળ લખ્યાની ખબર છે, ન તો કાસિદ મોકલ્યાની જાણ છે. હઝરતે અકબા બીન સમાનની પાસેથી કુફાવાળાઓના પત્રો મંગાવ્યા અને હુરને ફરમાવ્યું : જો આ પત્રો કુફાવાળાના છે કે નહીં? હુરે અરજ કરી : હું એ લોકોમાંથી નથી કે, જેઓએ આપને કાગળો લખ્યા છે. હું તો ઈબ્ને ઝિયાદ તરફથી આવ્યો છું. મને તેણે હુકમ કર્યો છે કે, હું આપનો સાથ ત્યાં સુધી ન છોડું કે, જયાં સુધી આપ કુફા તેની સમક્ષ ન પહોંચો. આ સાંભળી હઝરતે ફરમાવ્યું : હુર! તારી મોત તારા ઈરાદા કરતાં વધુ નઝદીક છે.

હ. હુસૈન (અલય્હિસ્સલામ) ત્યાંથી  આગળ વધ્યા, હુરના લશ્કરે માર્ગ રોકયો. હઝરતે ગઝબનાક થઈને હુરને કહ્યું : તારી મા તારો વિલાપ કરે, તારો શું ઈરાદો છે? હુરે કહ્યું : યબ્ન રસુલિલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)! આપ સિવાય બીજા કોઈએ જો આ શબ્દો કહ્યા હોત તો હું પણ જવાબમાં એની માનું નામ લેત, પણ યબ્ન રસુલિલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) આપની માદરે ગીરામીનું નામ તો હું ઝિક્રે ખૈર વિના લઈ નથી શકતો.

હ. હુસૈન (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું : આખર તું કરવા શું ચાહે છે? જવાબ આપ્યો : મારો ઈરાદો આપને ઈબ્ને ઝિયાદ પાસે લઈ જવાનો છે. હઝરતે ફરમાવ્યું : એ તો હરગિઝ નહીં બની શકે. હુરે કહ્યું : તો હું પણ આપને નહીં છોડું. ઈબ્ને ઝિયાદે મને આપની સાથે જંગ કરવાનો હુકમ નથી કર્યો, સિર્ફ આપને કુફા સુધી લઈ આવવાનો જ હુકમ કર્યો છે. જો આપ કુફા જવા ન ચાહતા હો તો એવો માર્ગ લ્યો, કે જે કુફે પણ ન જતો હોય અને મદીના તરફનો પણ ન હોય. ત્યાર પછી હઝરત ડાબી તરફ રવાના થયા.

અઝાદારો! મુસાફિરે કરબલા મંઝિલ કાપતા કાપતા એ ઝમીન ઉપર આવી પહોંચ્યા કે જયાંનો વાયદો હતો અને તે માહે મોહર્રમની બીજી તારીખ હતી. હઝરતનો ઘોડો ચાલતા ચાલતા રોકાઈ ગયો. આપ બીજા ઘોડા ઉપર સવાર થયા. તેણે પણ કદમ ન ઉપાડ્યા. એટલે સુધી કે મૌલાએ સાત ઘોડા બદલ્યા, પણ કોઈ ઘોડો એક ડગલું આગળ ચાલ્યો નહીં! એ વખતે આપે અજબ થઈને પૂછયું : માયોકાલો લેહાઝેહિલ અર્ઝ - અરે આ ઝમીનનું શું નામ છે? લોકોએ કહ્યું : મૌલા! નામ જાણીને આપ શું કરશો? અરે આ જંગલમાંથી આપ પસાર થઈ જાઓ. હઝરતે ફરમાવ્યું : તમને ખુદાની અને મારા નાનાની કસમ છે કે, મને આ ઝમીનનું નામ જલ્દી બતાવો, એ લોકોએ કહ્યું : મૌલા આ ઝમીનને નયનવા કહે છે હઝરતે પુછ્યું : હલ્લહા ઈસ્મુન - અરે શું આનું બીજું કંઈ નામ છે? તેઓએ જવાબ આપ્યો : મૌલા! આને શત્તેફુરાત પણ કહે છે. આપે કહ્યું : ભાઈઓ આ સિવાય પણ બીજું કાંઈ નામ છે? છેવટે લોકોએ કહ્યું : યોકાલો લહા કરબોબલાઓ - મૌલા! આ ઝમીનને કરબોબલા પણ કહે છે.

અઝાદારો! કરબલાનું નામ સાંભળી આપે એક ઠંડી આહ ખેંચી અને ઘોડા ઉપરથી ઉતરીને ફરમાવ્યું : જેની ખબર મારા નાનાએ આપી હતી. એ ઝમીન ઉપર હું આવી પહોંચ્યો. મારી સફર પુરી થઈ ગઈ. હવે અહીંયાથી હુસૈન કયામત સુધી કયાંય નહીં જાય. આ એ જમીન છે કે, જયાં મારા અઝીઝો અન્સાર કુરબાનીના દુમ્બાની જેમ ઝબ્હ કરવામાં આવશે અને અમારા નાના નાના બચ્ચાઓનું ખુન રેડાશે. ઔરતો અસીર થશે!

ત્યાર પછી આપે ઝમીનદારોને બોલાવ્યા અને ફરમાવ્યું કે : મને આ ઝમીનની આબોહવા પસંદ છે. જો તમો આ ઝમીન અમને આપો તો અમો તેને વસાવીએ. તેઓએ અરઝ કરી કે : યબ્ન રસુલિલ્લાહ! અમો અને અમારી ઝમીન હાજર છે, પણ આ ઝમીન ઉપર નબીઓ અને અવલિયા બલામાં ફસાએલા છે. એવું ન બને કે, આપ પણ મુસીબતમાં ફસાઈ જાવ. હઝરતે ફરમાવ્યું : જે કાંઈ તમારો કહેવાનો હક હતો તે અદા કર્યો, પણ હું મજબુર છું,

જયારથી ખુદાવંદે આલમે આસમાન અને ઝમીનને પયદા કર્યા છે તે જ દિવસથી આ ઝમીનને મારા માટે મુકર્રર કરી છે. ગરઝ આપે સાઠ હઝાર દિરહમમાં એ ઝમીન વેચાતી લીધી અને એ ખેડુતોને બક્ષી આપી અને ફરમાવ્યું કે : હું તમને રજા આપુ છું કે, અમારી પરદેશીઓની કેટલીક કબરોને છોડીને બાકીમાં તમો ખેતી કરજો. હું તમારાથી બે શરતો રાખું છું. પહેલી શર્ત એ છે કે, જે કોઈ મારા ઝવ્વાર મારી કબ્રનું નિશાન પુછતા આવે તો તેમને મારી કબ્રનું નિશાન બતાવજો અને તેની સાથે સારી રીતે વર્તજો. કારણ કે કેટલાક લોકો દૂર દૂરથી તકલીફ ઉપાડીને અમારી ઝિયારત માટે આવશે અને કેટલાક અહીંયા રહેશે અને મરતા દમ સુધી મારી કબ્રને નહીં છોડે. બીજી શરત એ છે કે, મારા ઝવ્વારને ત્રણ દિવસ અને ત્રણ રાત મહેમાન રાખજો અને તેમને બહુ જ આરામ આપજો, કોઈ જાતની તકલીફ ન પહોંચે.

મૌલાએ કબ્રની જગ્યા તો વેચાતી લીધી, પણ એ ખ્યાલ આવ્યો હશે કે, અય હુસૈન! કબ્રની જગ્યા તો લીધી, પણ દફન કોણ કરશે? આપે ફરીથી બની અસદને બોલાવ્યા. જયારે એ બધાય હાજર થયા ત્યારે આપે ફરમાવ્યું કે : અય ભાઈ અબ્બાસ! મરદોને એક તરફ, ઓરતોને બીજી તરફ અને બચ્ચાઓને પણ એક તરફ બેસાડો, ત્યાર પછી મરદોને કહ્યું કે, અય ભાઈઓ! અમોને આ ઝમીન ઉપર કતલ કરવામાં આવશે અને લાશો બેગોરો કફન પડી રહેશે, જયારે લશ્કર ચાલ્યું જાય ત્યારે અમને દફન કરી દેજો. પછી ઓરતોને કહેવા લાગ્યા કે, અય બહેનો! હુસૈન જેવી રીતે આ લોકોનો મહેમાન છે તેવી રીતે તમારો પણ મહેમાન છે. અગર તમારા મરદો ઉમરે સઆદના ખોફના લીધે અમોને દફન ન કરે તો તમો રહમ ખાઈને તેઓને દફન કરવાનું કહેજો! અરે અઝાદારો, મૌલાની અજબ મઝલુમી છે કે, હ. હુસૈન (અલય્હિસ્સલામ)મે બચ્ચાઓ તરફ જોયું અને પાસે બોલાવીને કહ્યું કે : અય બચ્ચાઓ! હુસૈન તમારાથી પણ એક આરઝુ રાખે છે. અય બાળકો! હુસૈન ગરીબ છે. અરે, તમારા મા બાપ અમને દફન ન કરે તો તેમને દફન કરવાનું

કહેજો. અરે એમનાથી ન બની શકે તો તમો રમતા રમતા એક એક મુઠ્ઠી ખાક અમારી લાશો ઉપર નાખજો કે જેથી અમો દફન થઈ જઈએ.

***અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝઝાલેમીન***

# મજલીસ : ૧૧

# જનાબે ઈમામે હસન અસ્કરી (અલય્હિસ્સલામ) અને બહલુલની વચ્ચે વાતચીત, અને જનાબે હુરની શહાદત

## બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ

*કાલલ્લાહો અઝઝ ઈસ્મોહુ ફી કિતાબેહિલ મજીદે વ ફુરકાનેહિલ હમીદ : અફ હસિબ્તુમ અન્નમા ખલકનાકુમ અબસંવ વ અન્નકુમ એલયના લા તુરજઉન.*

**શું તમો એમ ખ્યાલ કરો છો કે, અમોએ તમોને બેકાર પયદા કર્યા? અને શું હવે તમારે અમારી તરફ પાછું આવવાનું નથી?**

મોઅમેનીન! આપની સામે મેં જે મુબારક આયતની તિલાવત કરી તે જાહેરમાં બહુ જ નાની જોવામાં આવે છે. પણ તેમાં ખુબ જ નસીહત છુપાએલી છે. આ આયતમાં ખલ્લાકે આલમે બતાવ્યું છે કે, અય ઈન્સાન! મેં તને નકામો પયદા નથી કર્યો પણ કોઈ કામના માટે જ પયદા કરેલ છે. અઝીઝાને મિલ્લત! ઈન્સાનની ઝિન્દગીની એક એક પળ કેટલી કીંમતી છે તેના ઉપર વિચાર કરવો જોઈએ. દુનિયામાં કોઈ હંમેશા રહ્યું નથી અને રહેશે પણ નહીં, એક દિવસ જરૂર માલીકના દરબારમાં જવું પડશે.

કલામે મજીદમાં ઈશારો છે કે, ખુદાવંદે આલમે ખાવાપીવા અને ઐશઆરામ માટે માત્ર પયદા નથી કર્યા, પણ તેણે પોતાની ઈબાદતને માટે જીન્નાત અને ઈન્સાનને પયદા કરેલ છે. જે વિષે ખુદ કુદરત ફરમાવે છે કે : વમા ખલકતુલ જિન્ને વલ ઈન્સે ઈલ્લા લે યઅબોદુન.

ખરેખર, ઈન્સાન રમત ગમતના માટે પયદા કરવામાં આવ્યો નથી. આપણા અગીયારમાં ઈમામ (અલય્હિસ્સલામ) એ વિશે શું કહે છે? જયારે આપ બચપણમાં એક જગ્યાએ ઉભા હતા, તે વખતે કેટલાક બાળકો રમતા હતા, તે વખતે આપ રોઈ રહ્યા હતા. બહ્લુલ દાનાએ હઝરતને રડતા જોઈને કહ્યું : આપ શા માટે રડો છો? આપને રમવા માટે રમકડાં લાવી આપું!, આપણા મા બાપ આ મહાન હસ્તી ઉપર કુરબાન થઈ જાય, કે ઈમામે એવો બેહતરીન જવાબ આપ્યો : અય બહ્લુલ, તમે નથી જાણતા કે, અમે રમવા માટે પયદા થયા નથી!

બહ્લુલ એ હસ્તી છે કે, જેણે દુનિયામાં દીવાનગીથી દાનાઈનો ખિતાબ મેળવેલ છે. પણ એક માઅસુમ બચ્ચાનો આ જવાબ સાંભળી અજબ થઈ ગયા અને પુછ્યું, કે તો પછી શા માટે પયદા કરવામાં આવેલ છે? આપે ફરમાવ્યું, કે ઈલ્મ હાસિલ કરવા અને ઈબાદત કરવા માટે પયદા કરવામાં આવેલ છે. બહ્લુલે કહ્યું : સાહેબઝાદા! તે વિષે કોઈ દલીલ પણ રાખો છો? આપે ફરમાવ્યું, કુરઆનમાં વાંચ્યુ હશે કે : અફ હસિબ્તુમ અન્નમા ખલકનાકુમ અબસંવ વ અન્નકુમ એલયના લા તુરજઉન. આ સાંભળી બહ્લુલ અજબ થયા અને અરજ કરી : મૌલા! હજુ કંઈક વધારે નસીહત ફરમાવો. આપે દુનિયાની મઝિમ્મતના કેટલાક અશઆર બયાન ફરમાવ્યા પણ ખૌફથી એટલા બધા કાંપવા લાગ્યા કે આપ બેહોશ થઈ ગયા. જયારે આપ હોશમાં આવ્યા ત્યારે બહ્લુલે પુછ્યું કે આપની આવી હાલત કેમ થઈ ગઈ? ગુનાહ સાથે આપને શો સંબંધ? એટલું બધું ડરવાનું કારણ શું? આપ તો હજી નાના બાળક છો. આપે ફરમાવ્યું. બહ્લુલ! તું મારા દિલની હાલતનો અંદાજો કરી શકતો નથી, હું

મારી માદરે ગિરામીને જોઉં છું કે, જ્યારે તેઓ રાંધવા માટે ચુલો સળગાવે છે ત્યારે તેમાં નાના મોટા લાકડાઓ રાખી દે છે. હું જોઉં છું કે, નાની લાકડીઓ પહેલા સળગી જાય છે. ભય છે કે, જહન્નમની આગને રોશન કરવા માટે નાની લાકડીઓની જરૂરત પડશે અને ક્યાંક ઈંધણ તરીકે તેમાં અમારો શુમાર ન થાય! આ સાંભળી બહલુલ અજબ થયા અને આપના કપાળ મુબારક અને હાથ ઉપર બોસા આપી ચાલ્યા ગયા.

અઝીઝાને મિલ્લત! દુનિયામાં ઈન્સાન માલિકની ફરમાબરદારી માટે પયદા થયો છે. જહન્નમથી બચવા માટે દરેક પળે વિચારવું જોઈએ. ખુશનસીબ છે એ અમારો શહીદ, કે જેણે છેવટે નેક વિચાર્યુ અને હકીકતમાં હુર થઈ ગયો. તમો સમજી ગયા હશો કે હું કોના વિષે આપ હઝરાત સામે ઈશારો કરી રહ્યો છું. એ શહીદે રાહે ખુદા કે, જેના માથા ઉપર સય્યદાના લાલે રૂમાલ બાંધ્યો હતો. તે રૂમાલ ક્યારે બાંધવામાં આવ્યો અને તેના ખોલવાથી શું થયું, તે વિષે હું આપની સામે બયાન કરવા ચાહું છું.

શાહ ઈસ્માઈલ કાચાર, હજથી ફારીગ થઈ ઝમીને કરબલા તરફ જઈ રહ્યો હતો. તે વખતે તેણે પોતાના વઝીરને કહ્યું કે : મશહુર છે કે, રાહે ખુદામાં શહીદ થનારની હિફાઝત ઝમીન ખુદ કરે છે અને હ. હુસૈન (અલય્હિસ્સલામ)થી કોઈ વિશેષ મહાન શહીદ નથી. એમના જિસ્મ મુબારકની તો ઝમીને ખુબજ સારી રીતે હિફાઝત કરી હશે. હું આજે હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ)ની કબ્રને ખોદીને જોવા ચાહું છું! જો એ વાત સાચી ઠરી અને હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ)ની લાશ બરાબર જોવામાં આવી તો હું ઈમાન લાવીશ. આ સાંભળી વઝીરનું દિલ ધડકવા લાગ્યું, આંખોમાં આંસુ આવી ગયાં. અરે, મઝલુમ હુસેન (અલય્હિસ્સલામ) ઉપર જે ઝુલ્મો થયા હતા તે બધા યાદ આવ્યા. અરે, હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં વઝીર અર્ઝ કરી રહ્યો હતો કે, મૌલા! મારી ઝિન્દગીમાં એ વખત ન જોઉં કે, આપની કબ્ર મુબારકને ખોદવામાં આવે. પછી વઝીરે બાદશાહને કહ્યું કે આપને

શહીદનો મરતબો જોવો હોય તો જનાબે હુરની કબ્રને ખોદી જુઓ, બસ શાહી હુકમ મળતાની સાથે જ જનાબે હુરની કબ્ર ખોદવી શરૂ થઈ એટલે સુધી કે, કબ્ર ખોદવામાં આવી. બાદશાહની નઝરની સામે શેરની જેમ જનાબે હુરની લાશ નઝર આવી. આખું શરીર તીરોથી વીંધાયેલું છે, માથા ઉપર એક રૂમાલ બાંધેલો છે અને તેના ઉપર ખુનના ડાઘા દેખાય છે! વઝીર જોઈને તડપી ગયો અને કહેવા લાગ્યો કે, અય બાદશાહ! આ એ રૂમાલ છે કે, જેનું સુતર જનાબે સય્યદાએ કાંતેલું છે અને દુનિયાથી જતી વખતે પોતાના પ્યારા હુસૈનને આ રૂમાલ આપ્યો હતો અને હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)મે રોઝે આશુરા પોતાના મહેમાનના ઝખ્મ ઉપર આ રૂમાલ બાંધ્યો હતો. બાદશાહ રૂમાલ મુબારકને લેવા માટે કબ્રમાં ઉતર્યો અને જનાબે હુરના કદમ ઉપર બોસો આપ્યો. અને ખાકને હટાવી રૂમાલની ગાંઠ ખોલી. જેવી ગાંઠ ખોલી કે તરતજ ખુન જારી થયું અને કબ્રમાં વહેવા લાગ્યું. જયારે વઝીરે આ હાલ જોયો તો કહ્યું કે : અય બાદશાહ! અરે, રૂમાલને બાંધી દો, નહીં તો કબ્ર ખૂનથી ભરાય જશે. બાદશાહે તે રૂમાલને પાછો બાંધી દિધો.

અઝાદારો! જનાબે હુરની લાશ જોઈને બાદશાહને યકીન થયું કે, શહીદે રાહે ખુદાની લાશ હંમેશા માટે સલામત રહે છે, પણ હું તો એમ અર્ઝ કરીશ કે, **"વલા તહ સબન્નલ્લઝીન કોતેલુ ફી સબીલિલ્લાહે અમ્વાતન બલ અહયાઉન ઈન્દ રબ્બેહિમ** યરઝોકુન"ની આયતના હરફે હરફને સાબીત કરી આપ્યા, કે જેને ખુદાની રાહમાં શહીદ કરવામાં આવે છે તેને મુરદા ન સમજો પણ તે જીવતા છે અને પોતાના પરવરદિગારને ત્યાંથી તે રોઝી મેળવે છે.

ખુદાવંદે આલમે હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ)ની દોસ્તીમાં જનાબે હુરને એવી ઈઝઝત આપી છે કે, જનાબે સય્યદાના મુબારક હાથ વડે તૈયાર કરેલો રૂમાલ હુસૈને મઝલુમ (અલય્હિસ્સલામ)ના મુબારક હાથો વડે તેમના માથા ઉપર બાંધવામાં આવ્યો અને શહાદત પછી પણ બાદશાહ તેમના કદમ

ચુમવાને ફખ્ર સમજતો હતો. રિવાયતમાં એટલે સુધી જોવામાં આવે છે કે, તે રૂમાલથી જનાબે હુસૈન (અલય્હિસ્સલામ) મે પોતાનો પસીનો લુછેલ હતો. એ હુસૈન (અલય્હિસ્સલામ) કે જેમના માટે પયગમ્બરે ઈસ્લામ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)મે ફરમાવ્યું છે કે હુસૈનુમ મિન્ની વ અના મેનલ હુસૈન - હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું. હું અરજ કરીશ કે, એ પસીનો હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ)નો હતો કે હઝરત રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) નો? અય હુર! તમારા ખુશ નસીબ કે ખલ્લાકે આલમે તમોને મહાન ઈઝઝત અતા ફરમાવી.

અઝાદારો! આ ઈઝઝત જનાબે હુરને કેમ મળી તે હવે આપની સામે બયાન કરવા ચાહું છું કે શબે આશુર જયારે હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ)ના ખૈમામાં અલ અતશ, અલ અતશની અવાઝ બલંદ થઈ તે વખતે હુર પોતાના ખૈમાની સામે પરેશાનીની હાલતમાં ફરી રહ્યા હતા. તેઓ પોતાના ખૈમાથી આગળ ચાલ્યા, કાનમાં અલ અતશની આવાઝ આવી, થોડીવાર પછી પોતાના ભાઈથી મુલાકાત થઈ તે વખતે જનાબે હુરના ચહેરાનો રંગ ઉડી ગયો હતો. તેમના ભાઈએ કહ્યું : કે તમે બહુજ પરેશાન દેખાવ છો? જનાબે હુરે કહ્યું કે : તમે મારી સાથે આવો, જયારે હુસૈને મઝલુમ (અલય્હિસ્સલામ)ના ખૈમાની નઝદીક પહોંચ્યા ત્યારે જનાબે હુરે પોતાના ભાઈને કહ્યું : જરા ધ્યાનથી સાંભળો કે, કેવી આવાઝ આવી રહી છે! તેણે કહ્યું કે : આ તો હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ)ના ખૈમામાંથી અલ અતશ અલ અતશની અવાઝ આવી રહી છે. આ સાંભળી જનાબે હુરની આંખમાં આંસુ આવી ગયા અને છાતી પર હાથ મારીને કહેવા લાગ્યા કે : આહ! અવલાદે રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ની આ તકલીફનું કારણ હું છું. મારૂ કલેજું આ બચ્ચાઓની અવાઝ સાંભળીને ફાટી જાય છે. અરે! દિલ ચાહે છે કે, છાતીમાં ખંજર મારીને મરી જાઉં. અરે! અવલાદે રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) પાણી માટે તડપતી હોય ત્યારે શું અમે ખૈમામાં સુઈ રહીએ? ભાઈએ કહ્યું કે, પછી શું વિચાર છે? હુરે જવાબ આપ્યો કે : અઝાબે ઈલાહીથી બચવાની કોઈ તદબીર

નથી. હવે વહેલી તકે ઈમામ (અલય્હિસ્સલામ)ના કદમ મુબારક ઉપર જઈને માફી ચાહું અને આપની નુસરતમાં જાન કુરબાન કરૂં! તેમના ભાઈએ કહ્યું : જઝાકલ્લાહ! આ વખતે તમે એ વાત કહી કે, જે મારા દિલમાં હતી. જનાબે હુરે કહ્યું કે પછી ઢીલ શા માટે કરવી જોઈએ? હવે આપણે ખયમામાં જઈને ઘોડા ઉપર જીન નાખી અને તરત જ રવાના થઈ જઈએ, જનાબે હુર પોતાના ખૈમામાં ગયા. તેમના ગુલામ અને ફરઝંદને પણ ખબર પડી. તેઓ પણ તૈયાર થયા. ચારે જણ ઘોડા ઉપર સવાર થઈ ઈમામ (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં રવાના થયા. ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું કે : અય ભય્યા અબ્બાસ! હુરના ઈસ્તિકબાલ માટે જાઓ. તે માફી ચાહવા આવે છે. આ સાંભળી જનાબે અબ્બાસ (અલય્હિસ્સલામ) ઘોડા ઉપર સવાર થઈને તે તરફ રવાના થયા. જયારે હુરે, જનાબે અબ્બાસ (અલય્હિસ્સલામ)ને આવતા જોયા ત્યારે ઘોડા ઉપરથી નીચે ઉતરી અરજ કરવા લાગ્યા કે, અય અબુલ ફઝલીલ અબ્બાસ! હું ઈમામની ખિદમતમાં માફી ચાહવા આવ્યો છું. આપ મારી સિફારીશ ફરમાવો.

હઝરતની સામે હાથ જોડીને જનાબે હુર હાઝીર થયા. આંખોમાંથી આંસુ જારી થઈ ગયાં. હઝરતે છાતી સાથે લગાડીને ફરમાવ્યું કે : અય હુર! મેં તારી ખતાને માફ કરી અને ખુદા તારી તક્સીરને માફ કરે. હુરે કહ્યું કે : મૌલા! હવે મને જંગની રજા આપો. આપે ફરમાવ્યું કે, હુર! તું અમારો મહેમાન છો તને કેવી રીતે રજા આપું? અય હુર! અમે શું તારી મહેમાની કરીએ. એવી મુસીબતના વખતમાં તું આવ્યો છે કે, અમે ત્રણ દિવસના ભુખ્યા અને પ્યાસા છીએ! હુરે અરજ કરી કે : હુઝુર મને શરમાવો નહીં. હવે હું દુનિયામાં રહેવા ચાહતો નથી. ઈમામ (અલય્હિસ્સલામ) પાસેથી રજા મેળવીને જનાબે હુર મૈદાનમાં ગયા અને અહલે કુફાને મુખાતીબ કરીને કહ્યું કે : તમારી માતાઓ તમારા માતમમાં વિલાપ કરે. કેવી શરમની વાત છે કે, તમે આ નેક બંદાને ભુલી ગયા! જે તમારા નબીનો નવાસો છે. અરે, તમે કાગળો લખીને બોલાવ્યા હતા અને જયારે તેઓ આવ્યા ત્યારે તમોએ દુશ્મનોને સોંપી દીધા, હુરે બહુજ

લાંબી તકરીર કરી પણ તેનો જવાબ તીરોથી વાળવામાં આવ્યો. જનાબે હુરે યઝીદી ફોજના કેટલાકને જહન્નમ વાસીલ કર્યા અને છેવટે ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં આવ્યા અને અરજ કરી : મૌલા! આ ગુલામથી આપ રાજી થયા કે નહીં? આપે છાતી સાથે લગાડી ફરમાવ્યું કે, અય હુર! હું તારાથી રાજી છું અને મારો ખુદા પણ તારાથી રાજી થાય.

જનાબે હુર મયદાનમાં ગયા. ઝખ્મોથી ચુરચુર થઈ ગયા, જયારે ઘોડા ઉપરથી જમીન ઉપર પડયા ત્યારે હુરની લાશ ઘોડાની ટાપોથી ચુરચુર થઈ ગઈ, હઝરત ઈમામે હુસેન (અલય્હિસ્સલામ)મે આ મુસીબત જોઈ ત્યારે પોતાની ગોદમાં તેમને લઈ લીધા અને સીના સાથે લગાડીને રડીને કહેવા લાગ્યા : અય વફાદાર! તું અનસારમાં દાખલ થઈ ગયો.

બીજી રિવાયતમાં લખે છે કે, કોસુર બીન કીનાનાના હાથથી જનાબે હુરના કપાળ ઉપર એક એવો ઘા લાગ્યો હતો કે તેમાંથી ખૂન નિકળવા લાગ્યું. ખૂન કોઈ રીતે બંધ થતું ન હતું. ત્યારે જનાબે સય્યદાના હાથે તૈયાર થએલો રૂમાલ ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)મે જનાબે હુરના કપાળ ઉપર બાંધી દીધો. તે વખતે જનાબે હુર ગશની હાલતમાં હતા, હબીબ ઈબ્ને મઝાહીરે અવાઝ આપી કે અય હુર! જરા હોશમાં આવો. અરે, તમારા માથાને મઝલુમે કરબલાએ પોતાની ગોદમાં લીધું છે અને તમારી મુસીબતમાં હઝરત બેતાબ છે. અરે, આંખો ખોલીને જુઓ કે તમારા માથા ઉપર કોનો રૂમાલ છે? તે વખતે જનાબે હુરે આંખો ખોલી અને ઈમામ (અલય્હિસ્સલામ)ની આખરી ઝિયારત કરી.

અઝાદારો! જયારે જનાબે હુરે ગશથી આંખો ખોલી ત્યારે પોતાના માથાને ઈમામના ખોળામાં જોયું, પણ જયારે ફરઝંદે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) ઘોડા ઉપરથી ઝમીન ઉપર આવ્યા અને ગશથી આંખો ખોલી તો શું જોયું કે કાતીલ હાથમાં ખંજર લઈને છાતી ઉપર સવાર છે અને સામે જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા) ઈમામની મુસીબતમાં બેતાબ ઉભા છે.

અઝાદારો! આ એજ હુર છે કે જે હુસૈનના બચ્ચાઓની અલઅતશ અલઅતશની અવાઝ સાંભળીને બેચેન થઈ ગયા હતા. અરે, પ્યાસથી ઈન્સાનને એવી તકલીફ થાય છે કે જેને અનુભવ થયો હોય તે જ સમજી શકે, વળી ત્રણ દિવસની પ્યાસ અને એ પણ અરબસ્તાનની! નાના નાના બાળકોની પ્યાસ! અરે, એ પ્યાસના વિષે જનાબે સકીના (સલામુલ્લાહે અલય્હા) ખુદ ફરમાવે છે કે પ્યાસથી અમારી અજબ હાલત થઈ ગઈ હતી, અરે, પ્યાસની તકલીફ અસહ્ય બનતાં હું મારી ફુફી જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા) પાસે ગઈ કે તેમને મારી પ્યાસની વાત કરૂં, અરે જયારે હું ફુફીજાન પાસે પહોંચી ત્યારે તેમને અજબ હાલતમાં જોયા કે ગોદમાં મારો નાનો ભાઈ અલીઅસગર રડી રહ્યો હતો અને પ્યાસના લીધે એવી રીતે તડપતો હતો કે જેવી રીતે પાણી વગર માછલી તડપે છે! તેઓ તેમને ખુબ જ બહેલાવે છે, પણ મારો નાનો ભાઈ ચુપ થતો નથી, અરે, હું તેમની હાલત જોઈને રોવા લાગી. મારી તકલીફ ફુફીને હું ન કહી શકી. મેં કહ્યું કે : અરે, ફુફીજાન! જરા બીજા ખૈમામાં તપાસ કરો કે થોડું પાણી મળી જાય તો મારા ભાઈને પીવરાવો. આ સાંભળી જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા) ઉભા થયા અને કેટલાક ખૈમામાં ગયા, પણ પાણી ન મળ્યું. અરે ચચા ઈમામે હસન (અલય્હિસ્સલામ)ના ખયમામાં તપાસ કરી તો ત્યાં પણ પાણી ન મળ્યું. ત્યાર પછી અસહાબોના ખૈમામાં તલાશ કરાવી પણ કોઈ ઠેકાણેથી પાણીનું ટીપું ય ન મળ્યું. અઝાદારો! ખૈમાની આસપાસ ખંદક ખોદવામાં આવી હતી અને તેમાં આગ ભડકતી હતી, હવે આપ વિચાર કરો કે એ ગરમીથી બચ્ચાંઓની કેવી હાલત થઈ હશે અને કેવી સખ્ત પ્યાસ લાગી હશે? અરે, પાણી કયાંય મળ્યું નહીં. ત્યારે આપ નાઉમ્મીદ થઈ ખૈમામાં પાછા ગયા. તે વખતે લગભગ વીસ બચ્ચાંઓ પાણીની ઉમ્મીદમાં હાથમાં ખાલી કુજાઓ લઈ સાથે સાથે ફરતા હતા કે, હમણાં અમોને પાણી મળશે પણ જયારે કયાંયથી પાણી મળ્યું નહીં ત્યારે ફરી કહેવા લાગ્યા અલ્અતશ અલ્અતશ.

તે વખતે જનાબે બુરૈરે હમદાની ત્યાંથી પસાર થયા. બચ્ચાઓને તડપતા જોઈને રોવા લાગ્યા અને પોતાના દોસ્તોને પોકારી કહેવા લાગ્યા કે : અય ભાઈઓ તમારો શું મત છે? અરે, અમારા હાથમાં તલવાર મૌજુદ હોય અને દુખ્તરાને ફાતેમા પ્યાસથી તડપે એ કેમ બને! ચાલો એક એક બચ્ચાને ફુરાત ઉપર લઈ જઈને પાણી પીવરાવીએ. આ સાંભળીને યહયએ માઝનીએ કહ્યું કે : તે ઝાલીમો લડવા માટે તૈયાર છે, અગર કોઈ બચ્ચાને તીર લાગી જશે તો તેની હલાકતનું કારણ આપણે બનશું. મુનાસીબ તો એ છે કે, મશ્ક લઈને ફુરાતથી પાણી ભરી લાવીએ. દુશ્મનો આપણાથી લડશે તો આપણે પણ તેમનાથી જંગ કરીશું. મતલબ કે બુરૈરે તેમનો મત પસંદ કર્યો અને ત્રણ જણા ફુરાત તરફ રવાના થયા. ચોકીદારોએ રોકયા અને પૂછયું : તમો કોણ છો? બુરૈરે જવાબ આપ્યો કે : અમો હમદાની ખાનદાનના છીએ, અને પ્યાસના લીધે અમો બેચેન છીએ, પાણી પીવા જઈએ છીએ, તેણે પોતાના અફસર ઈસ્હાકને કહ્યું, ઈસ્હાક અને જનાબે બુરૈરમાં કાંઈ સગપણ હતું. તેણે રજા આપી કે જાઓ પાણી પી લો, પણ ખબરદાર લશ્કરે હુસૈનમાં પાણી ન લઈ જતા.

જયારે બુરૈર ફુરાતમાં દાખલ થયા ત્યારે કહેવા લાગ્યા કે, ખુદા લઅનત કરે પિસરે સઆદ ઉપર કે, દરીયાનું પાણી વહી રહ્યું છે. અરે અવલાદે હુસેન પાણી વગર હલાક થઈ રહી છે! એમ કહેતા કહેતાં પાણીની મશ્ક ભરીને તરસ્યા બાહેર નિકળી ગયા. ચોકીદારોએ જોયું ત્યારે સરદારને ખબર આપી. તેણે કહ્યું : ખબરદાર! પાણી ખૈમામાં ન જાય. આ હુકમ સાંભળીને તેઓ કહેવા લાગ્યા કે, અય બુરૈર! પાણી ઢોળી નાંખો, નહીંતર ખુન રેડાશે. જનાબે બુરૈરે જવાબ દીધો કે કસમ ખુદાની કે પાણીના બદલે ખુનનું વહેવું બહુજ આસાન છે. લશ્કરે ચારે તરફથી ઘેરી લીધા. આપસમાં જંગ થઈ, એક જાનિસારે મશ્ક પોતાના ખભા ઉપર લઈ લીધી. અચાનક એક તીર તેમની ગરદન ઉપર લાગ્યું અને ગરદન ઝખ્મી થઈ ગઈ અને ખુન ટપકવા લાગ્યું. તે એમ સમજ્યો કે મશ્ક છિદાઈ ગઈ. પણ જયારે તેમણે જોયું કે મશ્ક સલામત છે અને ગરદનથી ખુન જારી હતું. ત્યારે તેમણે કહ્યું, ખુદાનો શુક્ર છે

કે, મારી ગરદન મશ્કની ઢાલ બની ગઈ, તે વખતે જનાબે બુરૈરે અશ્કીયાને કહ્યું કે : અય બની સુફયાન! ફસાદ ન કરો અને હમદાનથી મુકાબલો ન કરો આ અવાઝ હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) મે સાંભળી તો અસહાબોને ફરમાવ્યું : જાઓ, બુરૈરની મદદ કરો. જયારે મલાઈનોએ અસ્હાબને જોયા તો ભાગી ગયા. બુરૈર પાણીની મશ્ક લઈ ખૈમાના દરવાઝે આવ્યા. નાના નાના બચ્ચાઓ હાથમાં કુજાઓ લઈ પાણીની રાહ જોઈ રહ્યાં હતાં. બુરૈરે પાણીની મશ્ક રાખીને કહ્યું : ઈશરબુ યા આલે રસૂલિલ્લાહે હનીયમ મરિય્યા - અય આલે રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) પાણી હાજર છે, પીઓ તમોને મુબારક થાય. અરે, બચ્ચાઓ પાણી જોઈને ખુશી ખુશી થઈ ગયા. દોડયા અને કહેવા લાગ્યા કે : બુરૈર પાણી લાવ્યા. અરે, બચ્ચાઓ મશ્ક ઉપર પડાપડી કરવા લાગ્યા. કોઈ મશ્કને છાતીથી લગાડતું હતું, કોઈ મોંઢું રાખતું હતું. અરે! અવલાદવાળાઓ ખુદા આવી રીતે કોઈને નાઉમ્મીદ ન કરે જેવી રીતે કરબલામાં હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ)ના બચ્ચાઓ નાઉમ્મીદ થયા છે. અરે! નાના નાના બાળકોની કિસ્મતમાં પાણી ન હતું. આહ! એકાએક મશ્કનું મોઢુ ખુલી ગયું અને પાણી બધું ઝમીન ઉપર વહી ગયું! અરે, તે વખતે બચ્ચાઓએ ફરિયાદ કરી : ઓરીકલ માઓ યા બુરૈર - અય બુરૈર! પાણી બધુંય ઢોળાય ગયું અને અમો તરસ્યા રહી ગયા. જયારે બુરૈરે આ જોયું ત્યારે માથું કૂટવા લાગ્યા અને રડી રડીને કહેવા લાગ્યા કે : અફસોસ! રસૂલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ની ઝુર્રિયતની હાલત ઉપર કે પાણી હાથમાં આવ્યું અને ઢોળાય ગયું!

**અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝ ઝાલેમીન**

# મજલીસ : ૧૨

## ઈમાન બીલ ગયબની તફસીર અને જનાબે કાસીમ (અલય્હિસ્સલામ)ની શહાદત

### બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ

*કાલલ્લાહો અઝઝ ઈસ્મોહુ ફી કિતાબેહિલ મજીદે વ ફુરકાનેહિલ હમીદ : "અલીફ - લામ - મિમ ઝાલેકલ કિતાબો લા રયબ ફીહ, હોદલ્લિલ મુત્તકીનલ્લઝીન યુઅમેનુન બિલ ગયબ.*

આ કિતાબ કે જેમાં કાંઈ પણ શક નથી, પરહેઝગારો માટે રહનુમા છે. જે ગયબ ઉપર ઈમાન રાખે છે.

કુરઆને મજીદના તફસીરકારોએ આ આયતમાં ગૈબ શબ્દથી મુરાદ કયામત લીધેલ છે, પણ અહીં એઅતેરાઝ એ પયદા થાય છે કે ખુદાવંદે આલમ મજકુર આયતની આગળ ઈરશાદ ફરમાવે છે કે : વ બિલ આખેરતે હુમ યુકેનુન - એટલે તેઓ આખેરતનું યકીન રાખે છે અને આખેરતથી પણ કયામત મુરાદ છે, આમ એક જ વાતમાં ઘડી ઘડી એક વાતનું બયાન કરવું તે ફસાહતની ખિલાફ છે. તેથી એમ માલુમ પડે છે કે ગૈબથી કયામત મુરાદ નથી. હઝરત ઈમામે જાઅફરે સાદિક (અલય્હિસ્સલામ) ઈરશાદ ફરમાવે છે કે, ગૈબથી ઈમામે ગાએબ કાએમે આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) મુરાદ છે અને એહલેબૈતની તફસીરમાં પણ એજ મુરાદ છે. બીજો એઅતેરાઝ એ થાય છે કે ખુદાવંદે આલમ ફરમાવે છે કે : હોદલ્લિલ મુત્તકીનલ્લઝી - આ કુરઆન મુત્તકી અને પરહેઝગારને માટે હિદાયત છે, જો કે ખુદ મુત્તકી પોતે હિદાયત પામેલો હોય છે. તો શું કુરઆન કાફરો માટે હિદાયત નથી? તેનો જવાબ એ છે કે આ આયતમાં મુત્તકીથી મુરાદ એ લોકો

છે કે જે તઅસ્સુબ અને હઠ ધર્મીથી દુર રહી હિદાયત કરવાની લાયકાત રાખે છે અને એ લોકો છે કે જે ઈમામે ગૈબ પર ઈમાન રાખે છે, અને કુફફાર આ આયતના હુકમ પ્રમાણે, સુમ્મુન, બુકમુન, ઉમ્યુન, ફહુમ લાયરજેઉન - એ લોકો બ્હેરા, મુંગા અને આંધળા છે અને પોતાની ગુમરાહીથી હટતા નથી અને તેઓ કુરઆનથી હિદાયત મેળવી નથી શકતા, ન કુરઆન તેને કાંઈ ફાયદો પહોંચાડે છે. આ ઉપરથી એક વાતની ખબર પડી કે ઈમામે ગૈબથી ઈમામતનું યકીન રાખવાવાળા જ મુત્તકી છે અને તે જ સાચી રીતે કુરઆન ઉપર અમલ કરે છે. અને અઈમ્મએ એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ના દામનને છોડીને હસ્બોના કિતાબલ્લાહ કહેવાવાળા કુરઆનથી દુર છે. આ આયતની જાહેરી અને બાતેની તફસીરથી એ વાતની ખબર પડી કે જે લોકો ગૈબ પર ઈમાન લાવવાને કાબીલ છે એ જ લોકો કુરઆનથી હકીકતમાં ફાયદો ઉઠાવી શકે છે, પણ જે દરેક વસ્તુને જોવા અને અનુભવવા ચાહે છે તેને કદી સેરાતે મુસ્તકીમ હાસીલ થઈ શકતો નથી. કારણ કે જોવાનો અને તજરૂબો કરવાનો સંબંધ માદ્દિયતથી છે અને મઝહબનો સંબંધ રૂહાનિય્યતથી છે. આજ સુધી દુનિયાના અક્કલમંદો રૂહની હકીકત શું છે તે સમજી ન શક્યા. દરેક પોત પોતાની વાત કહી રહ્યો છે પણ હકિકત સુધી પહોંચવું મુમકીન ન થયું, તો પછી જે રૂહોને પેદા કરનાર હોય તેની હકીકતની શોધ કરવી એ બેવકુફી નહીં તો બીજું શું છે? માલિકને તો તેની પેદા કરેલી ચીજો થકી ઓળખી શકાય છે.

ઈસ્લામની શરૂઆતમાં માત્ર ત્રણ ચીજો ગૈબ હતી, તવહીદ, અદલ, અને કયામત, રીસાલત અને ઈમામત એ બે ચીજો જાહેર હતી. પણ ધીરે ધીરે એ બન્ને ચીજો ગાયબ થઈ ગઈ. એટલે સુધી કે આજે કુલ ઉસુલે દિન ગાએબ છે. આ જાહેરી આંખ તવહીદ, અદલ, કયામત, રીસાલત અને ઈમામતને જોઈ શકતી નથી. એટલા માટે એ લોકોના મુકાબલામાં કે જેઓ મોહમ્મદ અને આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ના મોઅજીઝા અને

કમાલાત જોઈને ઈમાન લાવ્યા હતા, પરન્તુ આજે એ પાંચે ચીજો ઉપર જેઓ ઈમાન રાખે છે, તેઓનો સવાબ વધારે છે. **(સલવાત)**

વગર જોએ રીસાલત અને ઈમામત ઉપર ઈમાન રાખવું એ બહુજ મોટી વાત છે. પણ આપણે ગૈબ ઉપર શું ઈમાન રાખીશું? આવો, તમોને આજે ગૈબ ઉપર ઈમાન રાખવાવાળાઓને બતાવું! સલમાન અને ઓવૈસના વિશે તમોએ સાંભળેલું છે. પણ આજે ફકત જનાબે ઓવૈસે કરનીના ઈમાન બિલ ગૈબ ઉપર ઈશારો કરવા ચાહું છું કે જેના વિશે જનાબે રીસાલત મઆબ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) યમનથી તેમની ખુશ્બુ સુંઘતા હતા અને આપ ફરમાવતા હતા કે હું નફસુર રહમાનની ખુશ્બુ સુંઘી રહ્યો છું! તો જનાબે સલમાને અરજ કરી યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)! એ કોણ બુઝુર્ગવાર છે? આપે ફરમાવ્યું કે યમનમાં ઓવૈસે કરની છે તેઓ કયામતમાં એકલા ઉઠશે અને લોકો તેની શફાઅતમાં દાખલ થશે. તમારામાંથી જે એમની મુલાકાત કરે તે મારા સલામ પહોંચાડે! જોયું આપે ઈમાન બીલ ગૈબને? આને ઈમાન બીલ ગૈબ કહે છે, અને ઓવૈસના દિલમાં રિસાલતે મઆબ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ની એટલી બધી મોહબ્બત હતી કે જયારે ઓહદની જંગમાં આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ના દાંત શહીદ થયા ત્યારે ઓવૈસને આ વાતની જાણ થઈ તો રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ની મોહબ્બતમાં પોતાના તમામ દાંત તોડી નાંખ્યા! આ હતી સાચી મોહબ્બત, અને એ જ મોહબ્બતના કારણે પોતાની માતાથી રજા માંગી કે અય માદરે ગિરામી! હું પયગમ્બરે ખુદાની ખિદમતમાં જવા ચાહું છું. તેમની માએ કહ્યું : જો આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) ન હોય તો રોકાશો નહીં. જલ્દી ઘરે આવજો. આપ મદીના ગયા. ઈત્તેફાકથી આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) બાહર ગયા હતા. આપ તરત જ ચાલ્યા આવ્યા, કારણ કે માંથી વાયદો કર્યો હતો.

જયારે પયગમ્બરે ઈસ્લામ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) તશરીફ લાવ્યા તો ઘરની અંદર નુર જોવામાં આવ્યું. પુછ્યું કે : કોણ આવેલ હતું? જવાબ મળ્યો કે યમનથી એક શુતરબાન ઓવૈસ નામનો હતો. હઝરતે ફરમાવ્યું કે હાં, આ ઓવૈસનું જ નૂર છે! જે તોહફા રૂપે રાખી ગયા છે. પયગમ્બરે ખુદાના ઘરને ઓવૈસનું નૂર નુરાની કેમ ન કરે? અરે, ઓવૈસ એવી ઈબાદત કરવાવાળા હતા કે કોઈ રાત રૂકુઅમાં પસાર કરી દેતા અને કહેતા કે આ રૂકુઅવાળી રાત છે, કોઈ શબ સજદામાં પસાર કરતા અને કહેતા કે આ સજદાની રાત છે! સવાલ કરવાવાળાએ સવાલ કર્યો કે, અય ઓવૈસ! એક જ હાલતમાં સવાર કરી દો છો, એવી તાકાત કયાંથી મળી? જવાબ આપ્યો કે અફસોસ તો મને એ વાતનો છે કે રાત ઘણી જ ટૂંકી છે, જો અજલથી અબદ સુધી રાત હોત તો એકજ સજદામાં તમામ કરત!

આ એજ ઓવૈસે કરની છે કે, જેઓએ જંગે બસરામાં જનાબે અમીર (અલય્હિસ્સલામ)નો સાથ આપ્યો અને જંગે સિફફીનમાં હઝરતની રિફાકતમાં શહીદ થયા.

દોસ્તો ઈમાનની ખરી ક્સોટી કરબલામાં થઈ, જેઓ ઈમાનમાં સાચા હતા તેઓએ ઈમામને સાથ આપ્યો અને જયારે ઈમામે શબે આશુર ફરમાવ્યું કે, ભાઈઓ! કાલે જે મારી સાથે હશે એ કતલ થશે. આ રાતનો પડદો પડેલો છે, જેને જવું હોય તે ચાલ્યા જાય. એ વખતે ફરઝંદે રસુલને દુશ્મનોમાં છોડીને જવાવાળા ચાલ્યા ગયા, એ જ બાકી રહ્યા કે જે ઈમાન ઉપર મક્કમ હતા, પછી ઈમામ (અલય્હિસ્સલામ)મે બની હાશમને ફરમાવ્યું કે તમો પણ ચાલ્યા જાઓ. આ લોકો મારા ખૂનના તરસ્યા છે. પછી હઝરતે બધાય દસ બાર વરસના બચ્ચાંઓને ભેગા કર્યા અને ફરમાવ્યું કે અંધારામાં આ જંગલમાંથી ચાલ્યા જાવ. આ સાંભળી જનાબે હસને મુજતબા (અલય્હિસ્સલામ)ના સાહેબઝાદા જનાબે કાસિમ (અલય્હિસ્સલામ) આગળ વધ્યા અને અરજ કરી: સય્યદના કૈફ નોખલ્લેક - અય અમારા સરદાર! અમો આપને કેવી રીતે

છોડીને ચાલ્યા જઈએ! ઈમામ (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું: બેટા કાસિમ! શું મૌતથી નથી ડરતા? શેહઝાદાએ અરજ કરી, અલ કત્લો બયન યદયકલી અહલા મેનલ અસલે - યચાજાન! આપના કદમોમાં શહીદ થવું મધથી વધારે મીઠું છે.

જનાબે કાસિમ (અલય્હિસ્સલામ) હજુ બાલીગ થયા ન હતા. બાર અથવા તેર વરસની વય હતી. આપ ઈમામ (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં ઈજાઝત ચાહે તો ઈમામ કેમ રજા આપે? જનાબે કાસિમ (અલય્હિસ્સલામ)મે ઈમામ (અલય્હિસ્સલામ)ના ગળામાં બન્ને હાથ નાખી દીધા અને બન્ને જણ એટલું બધું રડયા કે, બેહોશ થઈ ગયા. આપે ફરમાવ્યું : બેટા કાસિમ! તું મારા ભાઈની નિશાની છો, તારા ઉપર જેહાદ વાજીબ નથી.

હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) જેહાદની રજા આપતા ન હતા. જનાબે કાસિમ (અલય્હિસ્સલામ) કયારેક કાકાના હાથ ચુમતા હતા, કયારેક પગને બોસો દેતા હતા. મેદાનમાં જવા માટે બેતાબ હતા.

બીજી રીવાયત પ્રમાણે કાકા ભત્રીજામાં વાતો થઈ રહી હતી કે, ખૈમામાં કોઈના રડવાની અવાઝ આવી. ઈમામે મઝલુમે પુછ્યું કે, કોણ રોવે છે? કોઈએ જવાબ આપ્યો કે, ઉમ્મે ફરવા રડી રહ્યા છે. આ સાંભળી આપ ખૈમામાં તશરીફ લાવ્યા અને પૂછયું કે ભાભીજાન! આટલું બધુ શા માટે રડો છો? અરજ કરી કે અય ફરઝંદે રસૂલ! શું બેવાની ઓલાદ એ લાયક નથી કે દીને ખુદાનો ફિદયો બને? યબ્ન રસૂલિલ્લાહ! જો આપે કાસિમને જંગની રજા ન આપી તો રોઝે હશ્ર મને આપના પીદરે બુઝુર્ગવાર અને માદરે આલી વેકાર તેમજ આપના ભાઈ સામે બહુજ શરમીંદગી થશે. યબ્ન રસૂલિલ્લાહ! ખુદાના વાસ્તે કાસિમને ન રોકો, નહીં તો મારૂ જીવવું ભારે થઈ પડશે.

છેવટે જનાબે કાસિમ (અલય્હિસ્સલામ)ને બહુજ મુશ્કીલથી રજા મળી અને હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)મે કફનની જેમ પોતાના હાથે

કપડા પહેરાવ્યા. પહેલાં પહેરણ પહેરાવ્યું અને ગીરેબાનને ફાડી નાખ્યું અને માથા ઉપર જેવી રીતે મય્યતને અમામો બાંધે છે તેવી રીતે અમામો બાંધ્યો. હાથમાં તલવાર આપી ઘોડા ઉપર સવાર કર્યા. અઝાદારો! જનાબે કાસિમ એટલા કમસિન હતા કે, ઘોડા ઉપર હઝરતે પોતે સવાર કર્યા અને ફરમાવ્યું : બેટા, ખુદા હાફિઝ!

રિવાયતમાં છે કે, જનાબે કાસિમ જયારે મેદાનમાં આવ્યા ત્યારે બખ્તર પણ પહેર્યું ન હતું અને જોડાની દોરી પણ તુટેલી હતી, જયારે આ ચાંદનો ટુકડો મેદાનમાં આવ્યો તે વખતે આપની વય જોઈને લશ્કરને ખ્યાલ પણ ન હતો કે આ બાળક લડશે! રજઝ પડવા પછી આપે કેટલાકને જહન્નમ વાસીલ કર્યા. લશ્કરને વેરવિખેર કરી ચચાની ખિદમતમાં આવ્યા અને અરજ કરી : "યા અમ્માહો! અલ્અતશ, અલ્અતશ! પણ ગરીબ મઝલુમ આકા શું જવાબ આપે? હઝરતે એક વીંટી જનાબે કાસિમ (અલય્હિસ્સલામ)ને આપી અને કહ્યું : બેટા! આને મોંઢામાં રાખો, શાયદ તસ્કીન થાય. આપે વીંટી મોંમાં રાખી. જયારે આપ મેદાનમાં જવા લાગ્યા તો ઈમામ (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું કે : બેટા કાસિમ! જરા બેવા માની પાસે જાઓ કે તમારી જુદાઈમાં તડપી રહેલ છે. જયારે જનાબે કાસિમ ખૈમાની નઝદીક પહોંચ્યા તો રડવાની અવાઝ આવી કે : "યા કાસિમો ફારકતની વકદતાર મિન ફેરાકેક અન અયનિલ કોરા - અય બેટા કાસિમ! જીવો છો કે મરી ગયા? પરદેસમાં આ માને છોડીને કયાં ચાલ્યા ગયા? આ સાંભળીને જનાબે કાસિમ (અલય્હિસ્સલામ) રોવા લાગ્યા. ઉમ્મે ફરવાએ બેટાની સુરત જોઈ તેની આસપાસ ફરવા લાગ્યા. જનાબે કાસિમે કહ્યું કે : અય મા! સબ્ર કરો જે કાંઈ તકદીરમાં લખ્યું હશે તે થશે. માને સમજાવીને જનાબે કાસિમ (અલય્હિસ્સલામ) મેદાનમાં તશરીફ લાવ્યા. અઝાદારો! કમસીનીનો આલમ, ત્રણ દિવસની ભુખ અને તરસ, ઈરાકની સખ્ત ગરમી. કયાં સુધી લડી શકે? એક મલાઈને પાછળથી આવી એવી જોરથી તલવાર મારી કે, આપે અવાઝ આપી : "યા ઉમ્માહો અદરિકની! અરે! આ અવાઝ સાંભળીને હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) દોડયા

અને કાતિલ ઉપર હુમલો કર્યો અને લશ્કર વેરવિખેર થઈ ગયું. યઝીદના લશ્કરના ઘોડાના ટાપોથી જનાબે કાસિમ (અલય્હિસ્સલામ)ની લાશ પામાલ થવા લાગી. આપે ફરી અવાઝ આપી. "યા ઉમ્માહો અદરિકની, યા ઉમ્માહો અદરિકની ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) જનાબે કાસિમ (અલય્હિસ્સલામ)ની પાસે ગયા. જોયું તો એડિયો રગડી રહ્યા છે. જનાબે કાસિમની લાશ પામાલ જોઈને ઈમામ (અલય્હિસ્સલામ) રોવા લાગ્યા અને ફરમાવ્યું કે : **"યા બોનય્ય કતલલ્લાહો કવમન કતલુક** - બેટા કાસિમ! અલ્લાહ કતલ કરે એ કૌમને કે, જેણે તને કતલ કર્યો. અરે! તારા કાકા ઉપર બહુ જ દુશવાર છે કે, તું મદદના માટે પોકારે અને હું મદદ ન કરી શકું. અય બેટા કાસિમ! અરે, તારી આવી હાલત જોવા પહેલાં મને મૌત કેમ ન આવ્યું? અઝાદારો! જનાબે કાસિમની કેવી હાલત થઈ ગઈ હતી તે હું શું અરજ કરૂં? જરા દિલ ઉપર હાથ રાખી લ્યો કે, જયારે આપે ભત્રીજાની લાશ ઉપાડી ત્યારે શહેઝાદાનું સર આપના સરની બરાબર હતું. અરે! છાતી સાથે છાતી લાગેલી હતી, પગ ઝમીન ઉપર લટકી રહ્યા હતા. અરે બાર તેર વરસના બચ્ચાની લાશ આટલી લાંબી કેમ થઈ ગઈ? તેનું કારણ એ છે કે ઘોડાની ટાપોથી આપનું જિસ્મે મુબારક ટુકડે ટુકડા થઈ ગયું હતું.

જયારે જનાબે કાસિમ (અલય્હિસ્સલામ)ની લાશ ખૈમામાં આવી ત્યારે સયદાનીઓની અજબ હાલત હતી. ખુદા કોઈ માઁને દુનિયામાં આવા નાના બચ્ચાની લાશ એવી રીતે ન દેખાડે કે જેવી રીતે માદરે કાસિમ (અલય્હિસ્સલામ)મે જોઈ. ખયમામાં "વા કાસિમાહો, વા કાસિમાહોની અવાઝ બુલંદ થઈ. આસમાન અને ઝમીન ઉમ્મે ફરવાની દર્દનાક ફર્યાદથી ધ્રુજી રહ્યા હતા. અરે, દુખિયારી બેવા માઁ પામાલ લાશને છાતી સાથે લગાડતી હતી અને હાથ હલાવીને કહેતી હતી કે : બેટા કાસિમ! કેવી નિંદમાં સુઈ રહ્યા છો. અરે, તમારી દુખિયારી માં પુકારે છે પણ તમો જાગતા નથી. બેટા કાસિમ! હું કરબલામાં લૂટાઈ ગઈ. અરે! મારી આશાઓ ખાકમાં મળી ગઈ. અય મારા ચાંદ! તને કોની નઝર લાગી. અરે હજુ મારો લાલ પુરી રીતે પરવાન ચડયો

ન હતો કે, મૌતે તેને ઝડપી લીધો. હાય! કાશ દુખિયા માં આંધળી હતે અને તારી આ ઘોડાની ટાપોથી પામાલ લાશને ન જોતે. અરે! કેવા એ સંગદિલ હતા કે તારા જેવા નાઝનીનના બદન ઉપર ઘોડાઓ દોડાવ્યા! આહ! મને એ ખબર ન હતી કે, એક દિવસ એવો આવશે કે મારો બાગ કરબલાના મેદાનમાં ઝુલ્મો સિતમની તલવારથી કાપવામાં આવશે.

***અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝઝાલેમીન.***

# મજલીસ : ૧૩

## જંગે ખૈબર અને હ. અબ્બાસ (અલય્હિસ્સલામ)ની શહાદત

## બિસ્મિલ્લાહિર્ રહ્માનિર્ રહીમ

*કાલલ્લાહો અઝઝ ઈસ્મોહુ ફી કિતાબેહિલ મજીદે વ ફુરકાનેહિલ હમીદ : "યા અય્યોહલ્લઝીન આમનુત્તકુલ્લાહ વકુનુ મઅસ્સાદેકીન.*

**(અય ઈમાનવાળાઓ અલ્લાહથી ડરો અને સાચાઓની સાથે થઈ જાઓ.)**

દુનિયામાં દરેક ચીઝ એક ખાસ કારણ થકી ઓળખવામાં આવે છે. કોઈ કારણસર તેની ખુસુસિયત જતી રહે તો તેની ફઝિલત અને શરફમાં ઘટાડો થાય છે. જો મોતી પોતાના પાણીને ગુમાવે તો તે કોડીની કિંમતનું. જવાહેરાતની ચમક જતી રહે તો કાચ અને તેમાં કાંઈ ફરક નહીં રહે. ફુલોમાંથી ખુશ્બુ ઉડી જાય તો તે ચોળી નાખવાને લાયક છે. તલવારમાં અગર પાણી નથી તો તે તોડી નાખવાને કાબીલ છે. એવી જ રીતે અગર ઈન્સાનમાં સચ્ચાઈ ન હોય તો તેની તમામ ફઝીલત માટીમાં મળી જાય છે. સચ્ચાઈ ઈન્સાનના અખલાકમાં રૂહ સમાન છે. જીવ નીકળી જવા પછી વહાલામાં વહાલું શરીર માટીમાં છુપાવી દેવાને કાબિલ બની જાય છે. એવી જ રીતે સચ્ચાઈ નીકળી જવા પછી બધાય અખ્લાકો નિર્જીવ બની જાય છે અને ઈન્સાનની નજરમાં હલકો પડી જાય છે. ગમે એવો મોટો માણસ કેમ ન હોય,

અગર શુજાઅત ન હોય તો તે મર્દ નથી અને અગર લડાઈના મેદાનમાં જાય અને ત્યાંથી ભાગી જાય તો તેને મર્દ નહી પણ કાંઈ બીજું જ કહેવું પડશે.

આજે આપ હઝરાતની સામે જે સાચાઓ છે તેને સાથ આપવાવાળા અને ભાગવાવાળા બન્નેની તસ્વીર ખેંચવા ચાહું છું. જંગે ખૈબરમાં શુજાઅતના દાવેદાર સફળ ન થયા. કોઈ રીતે કમુસનો કિલ્લો ફતેહ થતો ન હતો. રસુલના અસહાબ અલમ લઈને જતા પરંતુ પાછા આવતા હતા, ત્યારે પયગમ્બરે ઈસ્લામે ફરમાવ્યું : "ઈન્ની લઓઅતેયન્નર રાયત ગદન રજોલન કર્રારન ગયરે ફર્રારિન યોહિબ્બુલ્લાહ વ રસુલહુ, વ યોહિબ્બોહુલ્લાહો વ રસુલોહુ યફતહુલ્લાહો અલા યદયહે. એટલે હું કાલે મારો અલમ એ મર્દને આપીશ કે જે એક પછી એક હમલા કરવાવાળો છે, તે કર્રાર છે, ભાગવાવાળો નથી. અને એ એવી હસ્તી હશે કે ખુદા અને રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ને તે દોસ્ત રાખતો હશે અને ખુદા વ રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) તેને દોસ્ત રાખે છે અને અલ્લાહ તેના હાથો ઉપર વિજય અતા કરશે. જયારે હઝરતના આ કલામ સાંભળ્યા ત્યારે લશ્કરે ઈસ્લામમાં સહુ તમન્ના કરવા લાગ્યા કે કાલે અમને અલમ મળે. જો કે, ઈસ્લામી ફોજમાંથી ઘણાંય શુજાઅત દેખાડવા ગયા હતા, પણ નાકામ પાછા આવ્યા. છતાં પણ અલમ લેવાની તમન્ના છે અને એ આશામાં કેટલાક તો સુતા પણ નહીં આખી રાત પથારી ઉપર આળોટતા રહ્યા. હું અરજ કરૂં છું કે અય પથારી ઉપર આળોટવાવાળાઓ! જાગવાવાળાઓની કિસ્મત સુઈ ગઈ છે, પણ જે આરામથી સુઈ રહેલ છે તેની કિસ્મત બેદાર છે. કારણ કે સુવાવાળાની સિફત રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)મે એવા શબ્દોમાં બયાન કરી કે, જેને આ અલમ મળશે તે કર્રાર અને ગયરે ફર્રાર હશે અને તે ખુદાનો દોસ્ત છે. લોકોને એ વાતની ખાતરી હતી કે હ.અલી (અલય્હિસ્સલામ) તો હાજર નથી તેથી અમને જ અલમ મળશે.

સવાર થતાં જ હથિયાર સજી રિસાલતના ઘર પાસે ટહેલવા લાગ્યા. સવારની નમાઝ પછી હઝરતે લશ્કર તરફ જોયું. રિસાલતની આંખો કોઈ બુઝુર્ગ હસ્તીને શોધી રહી છે કે, જેમાં એ તમામ સિફતો મવજુદ હોય, પણ કોઈ જોવામાં ન આવ્યું, છેવટે આપે ફરમાવ્યું : "અયન અખી અલી ઈબ્ને અબી તાલીબ - મારા ભાઈ અલી કયાં છે? લોકોએ જવાબ આપ્યો : યા હઝરત તેમની આંખો દુ:ખે છે. આપે ફરમાવ્યું : તેમને બોલાવો. જનાબે અમીર (અલય્હિસ્સલામ) તશરીફ લાવ્યા. આપે ફરમાવ્યું : ભાઈ કેમ છો? જવાબ આપ્યો કે : હુઝુરની ઝિયારતથી મહરૂમ છું. આ સાંભળીને આપે 'લોઆબે દહન' આંખોમાં લગાડયું અને ફરમાવ્યું : અય ફરઝંદે અબી તાલીબ! આંખો ખોલો. જેવી આપે આંખો ખોલી કે તરત જ દર્દ દુર થઈ ગયું! હઝરત અલી (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે, ત્યાર પછી કદી મારી આંખમાં દર્દ થયું નથી. **(સલવાત)**

હવે અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) શુજાઅતના જવહર દેખાડવા જાય છે. આ મુજાહીદને ખુદ પયગમ્બરે આરાસ્તા કર્યા. પોતાના હાથથી અમામો બાંધ્યો, હાથમાં અલમ આપ્યો અને ઘોડા ઉપર સવાર કર્યા અને ફરમાવ્યું કે : જાઓ ખયબર ફતેહ કરો. જિબ્રઈલ તમારી જમણી તરફ છે, મિકાઈલ ડાબી તરફ. ઈસરાફીલ પછવાડે, અને મલેકુલ મૌત આગળ આગળ છે. ખુદાની નુસરતે તમારા ઉપર છાંયો કરેલ છે. અય અલી! મારી દોઆ તમારી સાથે સાથે રહેશે.

અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ની આગળ આગળ મલેકુલ મૌત શા માટે જઈ રહેલ છે? હું તો એમ જ કહીશ કે જેને મૌતના મોંઢામાં જવું હોય એ અલીનો મુકાબલો કરે. અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) રવાના થયા. થોડેક આગળ જઈ આપ રોકાઈ ગયા અને પીઠ ફેરવ્યા વગર મેદાનની સામે મોંઢુ રાખી આપે પુછ્યું કે : યા રસુલિલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)! હું કયાં સુધી લડું? બારગાહે રિસાલતથી જવાબ મળ્યો :

**"હત્તા યફતહુલ્લાહો અલા યદયહે** - એટલે સુધી કે, ખુદા તમારા હાથો ઉપર ફતેહ અતા કરે. હઝરત અલી (અલય્હિસ્સલામ)મે પાછા ફરીને શા માટે ન પૂછયું? તેનું કારણ એમ દેખાય છે કે, મર્દ અને ગયરે ફર્રારનો લકબ મેળવી ચુકયા હતા. મેદાનથી ભાગવું એ મર્દોનું કામ નથી. આપ મેદાનમાં ગયા અને અલમને એક પત્થર ઉપર ખોડી દીધો!

આપ મેદાને જંગમાં ફસાહતની સાથે રજઝ પઢવા લાગ્યા. મેદાન ગુંજી ઉઠયું. યહુદીયોના હોશ ઉડી ગયા. આપે ફરમાવ્યું : **અલ્લઝી સમ્મતની ઉમ્મી હયદરા, ઝરગામો આઝા મિન વ લયસો ક્સુરા.** હું એ છું કે, મારી માએ મારૂ નામ હૈદર રાખ્યું. હું મેદાને શુજાઅતનો શેર છું. કોની તાકાત છે કે સામે આવે? હારીસ અને મરહબ જેવા પહેલવાન આવ્યા. મુકાબલો થયો, આપે તલવારથી મૌતને ઘાટ ઉતારી દીધા. ખૈબરની જંગ ફતેહ કરી કે, જે મુસલમાનોથી ફતેહ થતી ન હતી. યહુદીઓ ગભરાણા અને કિલ્લાના દરવાઝા બંધ કરી દીધા. યદુલ્લાહે રૂહાની તાકતના એવા જોરથી એ દરવાઝાને હાથ માર્યો કે મીણની માફક તેમાં આંગળીઓ ઘુસી ગઈ! અને એવા જોરથી ઝટકો માર્યો કે, દરવાઝો હાથ ઉપર આવી ગયો. **(સલવાત)**

આ દરવાઝા વિશે જનાબે અલીએ મુસ્તુઝા (અલય્હિસ્સલામ) ઈરશાદ ફરમાવે છે કે : **મા કલઅતો બે ખયબરીન બેકુવ્વતિન જિસ્માનિય્યહ બલ બેકુવ્વતિન રબ્બાનિય્યહ** - મેં ખૈબરના દરવાઝાને જિસ્માની કુવ્વતથી નહીં પણ રબ્બાની કુવ્વતથી ઉપાડયો છે. પહેલાં ઘણા લોકો જનાબે અમીર (અલય્હિસ્સલામ)મે એવા મહાન ખૈબરના દરવાઝાને ઉપાડ્યો તેને મશ્કરી સમજતા હતા. પણ આજે માદ્દા પરસ્ત લોકો એટમ બોંબથી હજારો કિલ્લાઓને ઉખેડી નાખે છે. આજના જગતમાં રૂહાની પેશવાને માટે હવે જરા પણ શક બાકી રહેતો નથી.

દરવાઝાની પેલી પાર એક મોટી ખંદક હતી. આપ દરવાજાની સાથે ખંદકમાં કુદી પડયા. જમણા હાથમાં તલવાર અને ડાબા હાથમાં દરવાજો હતો. લશ્કરે ઈસ્લામ ખંદકની નઝદીક આ દેખાવ જોઈ રહ્યું હતું. આપે દરવાજાને ખંદકના કિનારા પાસે રાખી દીધો અને લશ્કરને હુકમ આપ્યો કે, દરવાજાની નઝદીક આવી જાઓ. જયારે તેઓ આવ્યા ત્યારે આપે પુલની જેમ ખંદકના બીજા કિનારે તેને રાખી દીધો અને તમામ લશ્કરે ઈસ્લામ ખંદક ઉપરથી પસાર થઈ ગયું. ખરેખર, જે અલી (અલય્હિસ્સલામ)ને દોસ્ત રાખે છે તે એવીજ રીતે રોઝે મહશર અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ના વસીલાથી પુલે સેરાત પરથી પસાર થઈ જશે. **(સલવાત)**

આપે જોયું કે, હ.અલી (અલય્હિસ્સલામ)ના બન્ને હાથો ઉપર ખલ્લાકે આલમે ફતેહ ઈનાયત કરી. એક હાથમાં તલવાર અને એક હાથમાં ખૈબરનો દરવાઝો હતો! જેવી રીતે આજે ખંદકમાં હઝરત અલી (અલય્હિસ્સલામ)મે ઈસ્લામની આબરૂ બચાવી લીધી અને રસુલના અલમને ઉપાડવાવાળા અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) હતા, એવી જ રીતે કયામતમાં પણ અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ) અલમને ઉપાડશે. જેમકે પયગમ્બરે ઈરશાદ ફરમાવ્યું છે કે : અલીય્યુન હામેલો લવાઈ યવમલ કેયામહ. **(સલવાત)**

જનાબે અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)મે ખયબરમાં અલમને ઉપાડયો અને કયામતમાં પણ ઉપાડશે. છતાં પણ હઝરત અલી (અલય્હિસ્સલામ)નો ખાસ લકબ ‘અલમદાર’ ન થયો. આ ખસુસિયત તો આપના ફરઝંદ જનાબે અબ્બાસ (અલય્હિસ્સલામ)ને જ મળેલ છે. જનાબે અબ્બાસ (અલય્હિસ્સલામ)નો અલમ તો ખાસ મખસુસ થઈ ગયેલ છે જેમકે, શાયર કહે છે કે :

અબ્બાસકા અલમ હય કોમી નિશાં હમારા,

કરબોબલા કે હમ હંય વોહ બોસતાં હમારા.

હઝરાત! અલમદારથી જનાબે સય્યદાને એટલી મોહબ્બત હતી કે, અગર કોઈ અબ્બાસની ઝિયારત કરવામાં કોતાહી કરે તો જનાબે સય્યદાને પસંદ ન હતું. જેમકે એક શખ્સ દરરોજ દિવસમાં ત્રણ વખત હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ની ઝિયારતના માટે જતો હતો પણ હઝરત અબ્બાસ (અલય્હિસ્સલામ)ની ઝિયારત માટે ક્યારેકજ જતો હતો. એક દિવસ તેણે જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા)ને સ્વપ્નમાં જોયા. તાઅઝિમ સાથે સલામ કરી, પણ જનાબે માઅસુમા (સલામુલ્લાહે અલય્હા)એ મોંઢું ફેરવી લીધું. તેણે અરજ કરી : મારા મા-બાપ આપ ઉપર કુરબાન થાય. આપ શા માટે નારાજ છો? આપે ઈરશાદ ફરમાવ્યું કે : તું મારા ફરઝંદની ઝિયારત કરવા ક્યારેકજ જાય છે. તેણે કહ્યું કે : અય માઅસુમા! હું તો દરરોજ ત્રણ વખત ઝિયારત કરૂં છું. આપે ફરમાવ્યું કે : તું હુસૈનની તો ઝિયારત કરવા માટે જાય છે પણ મારા અબ્બાસની ઝિયારત કેમ નથી કરતો? મોઅમેનીન! આ મોહબ્બતનું એક કારણ એ હતું કે, જનાબે અબ્બાસ (અલય્હિસ્સલામ) હંમેશા હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) પ્રત્યે ખૂબજ વફાદાર રહ્યા હતા. જેવી રીતે બિરાદરીનો હક હઝરત અલી (અલય્હિસ્સલામ)મે જનાબે રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ની સાથે અદા કર્યો હતો એવીજ રીતે આપ પિતાના પગલે ચાલી ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ની સાથે વફાદાર રહ્યા હતા.

મોઅમેનીન! મોહર્રમની આઠમી તારીખ છે, માત્ર બે જ મજલીસો બાકી રહી ગઈ છે. આજે હું ચાહું છું કે, એ માઅસુમા (સલામુલ્લાહે અલય્હા)ને જનાબે અબ્બાસ (અલય્હિસ્સલામ)નો પુરસો દેવામાં આવે. કરબલામાં કોની તાકત હતી કે, અલી (અલય્હિસ્સલામ)ના શેરનો મુકાબલો કરી શકે? અશ્કિયા એ ફિક્રમાં હતા કે જયાં સુધી હુસૈનની ફૌજમાં અબ્બાસ છે ત્યાં સુધી કામયાબ નહી થઈએ અને એ જ કારણના લીધે શીમ્ર મલઉન રાતના વખતે ઈમામ (અલય્હિસ્સલામ)ના ખૈમાની નઝદીક આવેલ હતો. જયારે તે મલઉન ખૈમાની

નઝદીક આવ્યો ત્યારે કહેવા લાગ્યો કે, કયાં છે મારી બહેનના દીકરાઓ! અબ્બાસ, અબ્દુલ્લાહ, જાઅફર અને ઉસમાન? તે વખતે જનાબે ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) ખૈમામાં બેઠા હતા. અલમદાર પણ મવજુદ હતા. આપે ફરમાવ્યું કે ભાઈ અબ્બાસ! જુઓ તમોને શિમ્ર બોલાવી રહ્યો છે. જનાબે અબ્બાસ પોતાના ભાઈઓની સાથે તે મલઉનની પાસે આવ્યા. મક્કારે કહ્યું : તમો મારી બહેન ઉમ્મુલ બનીનના ફરઝંદ છો. એટલા માટે હું ઈબ્ને ઝિયાદ પાસેથી તમારા માટે અમાનનામું લાવ્યો છું. તમો તમારા ભાઈનો સાથ છોડી દો. આ સાંભળી અલી (અલય્હિસ્સલામ)ના શેરના તેવર બદલાઈ ગયા અને કહ્યું કે: અય દુશ્મને ખુદા! નિકળ અહીંથી, શું તું અમોને એમ કહે છે કે, ફરઝંદે રસુલનો સાથ છોડી દઈએ? તારા અમાન દેવા ઉપર ખુદાની લાઅનત થાય. અરે! અમને પનાહ આપે છે અને ફરઝંદે રસુલ માટે અમાન નહીં? આ સાંભળીને તે મલઉન ચાલ્યો ગયો.

બહરહાલ, એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ને જનાબે અબ્બાસ (અલય્હિસ્સલામ)થી કેવી તસલ્લી હતી તે હું અરજ કરૂં છું કે, શહેઝાદી જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા) બયાન કરે છે કે, જયારે હું મારા ઘરમાં સાંભળતી હતી કે, મારા ભાઈ ઉપર એવી એવી મુસીબતો પડશે અને મારી ચાદર લુંટાઈ જશે. આ વાત સાંભળી હું મારા દીલમાં કહેતી હતી કે, જે હુસૈનનો ભાઈ અબ્બાસ હોય તો પછી કોની તાકાત છે કે તેને કતલ કરી શકે? અને ઝયનબ અબ્બાસ જેવા બહાદુર ભાઈની બહેન હોય તો પછી કોની મજાલ છે કે તેના માથા ઉપરથી ચાદર લઈ શકે? અફસોસ! જયારે મારો ભાઈ નહેરે ફૂરાત ઉપર શહીદ થઈ ગયો તે વખતે મને બધી વાતની ખાતરી થઈ ગઈ કે, ઝયનબ! હવે તે બધું ય થશે!

હઝરાત! હુસૈન (અલય્હિસ્સલામ)ના બચ્ચાંઓને હઝરત અબ્બાસ (અલય્હિસ્સલામ)થી એટલી ઢારસ હતી કે રોઝે આશુરા પહેલા હમલામાં હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ના લશ્કરમાંથી પચાસ જાનિસાર

શહીદ થઈ ગયા. આ હાલત જોઈ નાના નાના બાળકો ડરી ગયા. તે વખતે જનાબે ઝોહૈરે જોયું કે લશ્કરમાં જનાબે અબ્બાસ (અલય્હિસ્સલામ) નથી. આ જોઈ તેઓ હઝરત અબ્બાસ (અલય્હિસ્સલામ)ના ખૈમા પાસે આવ્યા. આપને ખૈમામાં ન જોયા. એક ખાદેમા ઉભી હતી તેણીએ પુછ્યું કે કોને શોધી રહ્યા છો? જવાબ આપ્યો કે અબ્બાસ (અલય્હિસ્સલામ) કયાં છે? તેણીએ કહ્યું ફલાણા ખૈમામાં છે પણ ત્યાં નાના નાના બચ્ચાંઓ અને ઔરતો સિવાય કોઈ નથી! આ સાંભળી ઝોહૈર ખૈમાની નઝદીક ગયા અને અવાઝ આપી. હઝરત અબ્બાસ (અલય્હિસ્સલામ) બાહર આવવા ચાહતા હતા ત્યારે બચ્ચાઓ વળગી પડતા હતા અને આવવા દેતા ન હતા. અવલાદવાળાઓ! બચ્ચાઓની એ વખતે કઈ હાલત થઈ હશે કે જયારે અલીના શેરની મય્યત આંખોની સામે આવી હશે?

જયારે બધાય ઈમામ (અલય્હિસ્સલામ) ઉપર નિસાર થઈ ચુકયા ત્યારે જનાબે અબ્બાસ (અલય્હિસ્સલામ)ની અજબ હાલત હતી. અઝાદારો! જેનો એક ભાઈ મરી જાય છે તેની કમર ટુટી જાય છે. કરબલામાં જનાબે અબ્બાસ (અલય્હિસ્સલામ)ના ત્રણ ભાઈઓ આપની સામે શહીદ થઈ ચુકયા. આપની કેવી હાલત થઈ હશે? આપ ઈમામ (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં આવ્યા અને મયદાનમાં જવાની રજા માંગી. ઈમામ (અલય્હિસ્સલામ)મે ભાઈનો ચહેરો જોયો અને ફરમાવ્યું : 'યા અખી કુન્તો અલામતન મિન અસ્કરી' ભાઈ અબ્બાસ! તમો મારા લશ્કરની નિશાની છો. હઝરાત! હુસૈન (અલય્હિસ્સલામ)નું લશ્કર હવે કયાં હતું? પણ આપની નઝદીક જયાં સુધી અબ્બાસ (અલય્હિસ્સલામ) જીવતા હતા ત્યાં સુધી તમામ લશ્કર જ હતું. આપે કહ્યું કે ભાઈ! તમારા લીધે બધાયને સહારો છે, બચ્ચાંઓને દીલાસો છે, અય ભાઈ! જયારે તમો ન હો ત્યારે હું પણ નથી. ઈમામ કોઈ રીતે રજા આપતા ન હતા. એટલામાં ખૈમામાંથી રડવાની અવાઝ આવી. જનાબે અબ્બાસ (અલય્હિસ્સલામ) ખૈમામાં ગયા. થોડીવાર પછી બહાર આવ્યા ખભા ઉપર

ભત્રીજીની મશ્ક હતી. આવીને કહ્યું કે : મૌલા! સકીના પ્યાસથી બેતાબ છે આપે ફરમાવ્યું કે : ભય્યા અબ્બાસ! હુસૈન તમારો પણ દાગ ઉઠાવશે.

જનાબે અબ્બાસ (અલય્હિસ્સલામ) પાણી લેવા માટે રવાના થયા. મઝલુમ ઈમામ ભાઈને હસરતની નિગાહથી જોતા હતા. આપને નહેરની તરફ આવતા જોઈને હજારોનું લશ્કર આપની ચારો તરફ ફરી વળ્યું. પણ કોની તાકાત હતી કે આપને રોકી શકે? નહેરનો રસ્તો સાફ થઈ ગયો. ઘોડાને ફુરાતમાં નાખ્યો, મશ્ક ભરી, પાણી ઉછળી રહ્યું હતું એ જોઈ આપની આંખોમાં આંસુ આવી ગયા અને અશઆર પડવા લાગ્યા : અય અબ્બાસ! ફરઝંદે સાકીએ કવસર અને તેમના નાના નાના બાળકો તરસ્યા હોય અને તું પાણી પીલે? એથી વધારે શું ખરાબ હોઈ શકે! એમ કહેતા કહેતા આપ અને આપનો ઘોડો તરસ્યા બહાર નીકળી આવ્યા. ઈબ્ને સાઅદના હુકમથી તમામ ફૌજ ભેગી થઈ ગઈ. જેમાં છ હજાર તો તીર ફેંકવાવાળા હતા. અલમદારે હુસૈનની પર તીરોનો વરસાદ વરસવા લાગ્યો. સક્કાએ સકીના તીરોથી ચુરચુર થઈ ગયા. ખૈમાના દરવાઝા ઉપર જનાબે સકીના નાના નાના બચ્ચાઓને લઈને ઉભા છે. જયારે આપ ફુરાતથી પાણી લઈને નીકળ્યા ત્યારે અલમનો ફરેરો નજરે પડયો તો કહેવા લાગ્યા કે : જુઓ બચ્ચાઓ! અલમ આવી રહેલ છે. દોઆ કરો કે અલમદાર પણ સલામત આવી જાય. જનાબે અબ્બાસ કોશિષ કરતા હતા કે કોઈ રીતે તરસ્યા બચ્ચાંઓ સુધી આ પાણી પહોંચી જાય. એકાએક પાછળથી એક મલઉને એવી તલવાર મારી કે આપનો જમણો હાથ કપાઈ ગયો. અલીના શેર ડાબા હાથથી લડવા લાગ્યા. એટલામાં એક શકીની તલવારે બીજો હાથ પણ કાપી નાખ્યો. અઝાદારો! ઈન્સાનના માટે હાથનું ન હોવું બહુ જ મોટી મુસીબત છે. જનાબે અબ્બાસ (અલય્હિસ્સલામ)ના હાથ કપાઈ ગયા ત્યારે અશ્કિયા નઝદીક આવીને તલવારો અને બરછીઓ મારવા લાગ્યા. આપે મશ્કને દાંતોમાં પકડી લીધી કે કોઈ પણ રીતે પ્યાસાઓ સુધી પાણી પહોંચી જાય. અફસોસ! એક તીર મશ્ક ઉપર અને એક તીર આંખ ઉપર લાગ્યું આંખમાંથી ખૂન અને મશ્કમાંથી પાણી વહેવા લાગ્યું. આહ! જનાબે

અબ્બાસ (અલય્હિસ્સલામ)ની ઉમ્મીદ ખાકમાં મળી ગઈ. બધી આશાઓ ટુટી ગઈ. એક મલઉને પાછળથી આવી સરે મુબારક ઉપર એવો ગુર્જ માર્યો કે, માથું ફાટી ગયું. આપ ઝમીન ઉપર તશરીફ લાવ્યા અને અવાઝ આપી : 'યા અબા અબ્દીલ્લાહ અલયક મિન્નીસ્સલામ. યા અખાહો અદરીકની.' - અય ભાઈ! મારા આખરી સલામ થાય. મારી ખબર લો!

અઝાદારો! આવાઝ સાંભળી હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) કમર થોભી બેસી ગયા. પછી એવી રીતે મેદાન તરફ ગયા, જેવી રીતે બાઝ શિકારની તરફ દોડે છે. લાશ પાસે પહોંચીને શું જોયું? ખુદા કોઈ ભાઈને એ હાલ ન દેખાડે, કે બન્ને હાથ કપાઈ ગયેલા, માથું ફાટેલું અને એડિયો રગડી રહેલ છે. બેઈખ્તિયાર આપ બેસી ગયા, માથાને ખોળામાં રાખ્યું અને થોડીક વાત કરી ત્યાં ભાઈની આગોશમાં આપની રૂહ મુબારક પરવાઝ કરી ગઈ. ઈમામે એક આહ ખેંચી નાઅરો માર્યો કે, અય મારા વફાદાર! તમોએ દુન્યાની મુસીબતોથી રાહત મેળવી અને મને એકલા છોડી ચાલ્યા ગયા. અય ભાઈ! તમારા મરવાથી મારી કમર તુટી ગઈ. ભાઈ અબ્બાસ! તમારા દુન્યાથી ઉઠી જવાથી આજે મારા દુશ્મનની આંખો ચૈનથી આરામ કરશે, અય ભાઈ! મારા નાના નાના બચ્ચાઓ રાતના બીકના લીધે તરફડીને જાગી જશે. પરન્તુ ભાઈ અબ્બાસ! તેમના દિલાસા માટે હવે તમો નહીં હો.

જયારે ઈમામ (અલય્હિસ્સલામ) હઝરત અબ્બાસ (અલય્હિસ્સલામ)નો અલમ કે જે ખૂનમાં તર હતો તે લઈને ખૈમામાં આવ્યા ત્યારે અહલેહરમમાં એક કોહરામ મચી ગયો. બીબીયોએ પોતાનાં સરોનાં વાળ ખોલી નાખ્યા અને યા અબ્બાસાહો, વા અબ્બાસાહો કહીને માતમ કરવું શરૂ કર્યું.

***અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝ્ઝાલેમીન.***

# મજલીસ : ૧૪

## *આયએ મોવદ્દત અને જનાબે અલીઅકબર (અલય્હિસ્સલામ)ની શહાદત*

# બિસ્મિલ્લાહિર્ રહ્માનિર્ રહીમ

*કાલલ્લાહો અઝઝ ઈસ્મોહુ ફી કિતાબેહિલ મજીદે વ ફુરકાનેહિલ હમીદ, 'કુલ લા અસ્અલોકુમ અલયહે અજરન ઈલ્લ મોવદ્દત ફિલ કુર્બા'*

અય રસુલ! તમે કહીદો કે હું આ તબલીગે રિસાલતનો બદલો પોતાના કરાબતદારોની મોહબ્બત સિવાય કાંઈ ચાહતો નથી.)

આ આયતમાં ખલ્લાકે આલમે રિસાલતનો અજર મોહબ્બતે એહલેબૈત (અલય્હેમુસ્સલામ) કરાર આપેલ છે.

બેહારૂલ અનવારમાં આ આયતની તફસીરમાં લખે છે કે, જયારે આ આયત નાઝીલ થઈ ત્યારે હઝરત રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)મે પોતાના અસ્હાબોને ફરમાવ્યું : અય્યોહન્નાસ! હકતઆલાએ એક ફરઝ તમારા ઉપર વાજિબ કરેલી છે. જો તમો કબુલ કરો તો હું બયાન કરૂં? કોઈએ જવાબ ન દીધો. બીજે દિવસે પણ કોઈએ જવાબ ન દીધો. ત્રીજે દિવસે પણ એમજ થયું. બધાએ ચુપકીદી ઈખ્તિયાર કરી ત્યારે હઝરતે ફરમાવ્યું. કે અય લોકો! **ઈન્નહુ લયસ મિન ઝહબિંવ વલા ફિઝઝતિંવ વલા મુત્અમિંવ વલા મુશરબિવ** તે ફરઝ સોના - ચાંદીમાંથી નથી, ન ખાવા પીવાની ચીઝોમાંથી છે. તે વખતે લોકોએ કહ્યું કે અગર જો એમ જ હોય તો

બિસ્મિલ્લાહ, ઈરશાદ ફરમાવો, અમો કબુલ કરીશું. હઝરતે ઉપરની આયત તિલાવત ફરમાવી અને બધાએ મોહબ્બતે એહલેબૈત (અલય્હેમુસ્સલામ)નો ઈકરાર કર્યો, પણ હઝરત ઈમામે જાઅફરે સાદિક (અલય્હિસ્સલામ) ઈરશાદ ફરમાવે છે કે, કસમ ખુદાની, કબુલ તો બધાએ કર્યું, પણ માત્ર સાત માણસો સિવાય કોઈએ વફા ન કરી! કેટલીક રિવાયતોથી એમ સાબીત થાય છે કે, કેટલાક લોકોએ આં હઝરતથી ખ્વાહિશ કરી કે, યા રસુલલ્લાહ! તબલીગે રિસાલતના બદલામાં અમો આપની સાથે કાંઈક સુલુક કરીએ. કારણ કે અમારી હિદાયતના માટે જે તકલીફો આપે ઉપાડી છે તેનો કંઈક બદલો વળી જાય અને અમારે કાંઈક ઓછું શરમાવું પડે. તે વખતે આ આયત નાઝીલ થઈ છે.

આયત ગમે તે વખતે નાઝીલ થઈ હોય, પણ કોઈ એમ ઈચ્છે કે, એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ની મોહબ્બત વગર જન્નતમાં જાય, તો તે અશકય છે. ઈન્સાન ગમે એટલી ઈબાદત કરે પણ એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ની મોહબ્બત વગર બધું બેકાર છે.

જનાબે રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) ફરમાવે છે કે, તમામ અમ્બિયાની પયદાઈશ જુદા જુદા ઝાડોથી થઈ છે પણ મારી અને અલીની ખિલ્કત એક ઝાડથી થઈ છે, હું એની અસલ છું - એટલે જડ છું, અલી તેની ડાળ છે અને ફાતેમા તેનો શગુફો છે અને હસન, હુસૈન તેનાં ફળો છે અને અમારા શીઆઓ તેના પાંદડાં છે. જે કોઈ ડાળોને મજબુત પકડશે તે નજાત પામશે અને જે તેનાથી ઉલ્ટો ચાલશે તે ગુમરાહ થશે. અગર કોઈ સફા મરવાના પહાડોની વચ્ચે હજાર વરસ ખુદાની ઈબાદત કરે, એટલે સુધી કે સુકાઈને જુની મશ્ક જેવો થઈ જાય પણ જો તેનાં દીલમાં અમારી મોવદ્દત અને મોહબ્બત ન હોય તો ખુદા તેને ઉંધે મોંઢે દોઝખમાં નાખશે. ત્યાર પછી હઝરતે ઉપરની આયત તિલાવત ફરમાવી. **(સલવાત)**

આપ હઝરતે સાંભળ્યું પયગમ્બરે ખુદાએ એક ઝાડની મિસાલ આપી, અને એની જડને પકડો અથવા તેના શગુફાને કે ફળોને પકડો એમ નથી ફરમાવ્યું. પણ ડાળને મજબુત પકડવાનો કેમ હુકમ કર્યો? એ ઉપરથી એમ સાબીત થાય છે કે જેને ખુદા અને રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) સુધી પહોંચવું હોય તો તેણે ડાળને પકડવી જોઈએ. જેણે અલીનો દામન પકડયો તેની યકીનન નજાત છે. અને જેણે અલીને છોડી બીજાનો દામન પકડયો, તો જાણો કે તેનો હશ્ર તેની સાથે થશે. **(સલવાત)**

કાફીમાં હઝરત ઈમામે જાઅફરે સાદિક (અલય્હિસ્સલામ)થી મનકુલ છે કે, એ જનાબે પૂછયું કે : બસરાના લોકો આયએ મોવદ્દત વિશે શું કહે છે? કોઈએ અરજ કરી કે, આ આયત રસુલે ખુદાના આમ ખાનદાનોના બારામાં નાઝીલ થઈ છે. આપે ફરમાવ્યું કે, તે ખોટી વાત છે. આ આયત તો ખાસ અમો એહલેબૈત એટલે અલી, ફાતેમા, હસન અને હુસૈન (અલય્હિસ્સલામ)ની શાનમાં નાઝીલ થઈ છે કે, જે અસ્હાબે કિસા છે. મોહબ્બતે એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ના આજે આપણે પણ દાઅવેદાર છીએ, કે અમો એહલેબૈતથી મોહબ્બત રાખીએ છીએ પણ જયારે ઈમ્તેહાનનો વખત આવે છે તે વખતે કામયાબ થવું બહુ જ મુશ્કીલ થઈ જાય છે. યાદ રાખો જયાં સુધી અમલ નહીં હોય ત્યાં સુધી એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ની મોહબ્બત કામ નહીં આવે. દરેક ઈન્સાને નમાઝ, રોઝા, હજ, ઝકાત, ખુમ્સ વગેરે જે જે બાબતો કુદરતે વાજીબ કરેલ છે તેને અદા કરવી જોઈએ.

પહેલાં પણ ઘણાય લોકો મોહબ્બતે એહલેબૈત (અલય્હેમુસ્સલામ)નો દાવો કરતા હતા, પણ જયારે વખત આવે છે ત્યારે દાવો કરનાર ખુબજ શરમીંદો થાય છે. જેમકે હઝરત ઈમામે જાઅફરે સાદિક (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં સુહૈલ ખુરાસાની હાજર થયા અને કહ્યું કે, આપ આપના હક લેવા માટે તલવાર કેમ નથી ઉઠાવતા? હઝરતે ફરમાવ્યું કે મદદગાર કયાં છે? સુહૈલે કહ્યું કે, હઝરતના કદમો ઉપર જાન નિસાર કરનાર દુનિયામાં ઘણાંય

છે. અત્યારે ઈરાનમાં હજારો એવી તલવારો છે કે, જે આપના ઈશારા ઉપર ચાલવા તૈયાર છે. એ બધાય આપના દોસ્તો છે. આ સાંભળી હઝરત થોડી વાર ચુપ રહ્યા, ત્યારપછી ખાદિમને બોલાવી હુકમ આપ્યો કે : તન્નુર સળગાવો. તન્નુર રોશન કરવામાં આવ્યો. આપે સુહૈલની તરફ જોઈને ફરમાવ્યું કે, સુહૈલ! જરા તન્નુરમાં તો કુદી પડો! શરીર કાંપવા લાગ્યું અને માફી ચાહવા લાગ્યા. હઝરત ચુપ રહ્યા. થોડીવારમાં હારૂને મક્કી આવ્યા. જૂતાં પણ હજું હાથમાંજ છે. સલામના જવાબ પછી હઝરતે તરતજ ફરમાવ્યું કે : અય હારૂન! આ તન્નુરમાં કુદી પડો. તેમણે એ પણ ન પુછ્યું કે, શા માટે? તરત જ કુદી પડયા! થોડી વાર પછી હઝરતના બોલાવવાથી તન્નુરમાંથી બાહર આવ્યા, આપને તન્નુરની આગથી લેશ માત્ર આંચ આવી ન હતી.

આનું નામ સાચી મોહબ્બત. એટલે તો પયગમ્બરે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)મે ઈરશાદ ફરમાવેલ છે કે - **અલા વમન માત અલા હુબ્બે આલે મોહમ્મદિન માત શાહિદા** - અય લોકો જે કોઈ આલે મોહમ્મદની દોસ્તી ઉપર મરે છે તે શહીદ મરે છે.

**અલા વમન માત અલા હુબ્બે આલે મોહમ્મદિન માત મગફૂરા** - જે આલે મોહમ્મદની દોસ્તી ઉપર મરે છે તે મગફેરત સાથે મરે છે.

**અલા વમન માત અલા હુબ્બે આલે મોહમ્મદિન માત તાએબા** - જે આલે મોહમ્મદની દોસ્તી ઉપર મરે છે તે તૌબા કરીને મરે છે.

**અલા વમન માત અલા હુબ્બે આલે મોહમ્મદિન માત મોઅમેનીન મોતકમ્મેલલ ઈમાન** - જે આલે મોહમ્મદની દોસ્તી ઉપર મરે છે તે સંપૂર્ણ ઈમાન સાથે મરે છે.

**અલા વમન માત અલા હુબ્બે આલે મોહમ્મદિન બશ્શરહુ મલકુલ મૌતે બિલ જન્નતે સુમ્મ મુનાકેરૂન વ નકીરૂન** - જે આલે મોહમ્મદની દોસ્તી ઉપર મરે છે તેને મલેકુલ મૌત અને મુન્કર નકીર જન્નતની ખુશખબરી આપે છે.

**અલા વમન માત અલા હુબ્બે આલે મોહમ્મદિન યોઝફફો એલલ જન્નતે કમા યોઝફફુલ** ઓરૂસો **એલા બયતે ઝવજેહી** - જે આલે મોહમ્મદની દોસ્તી ઉપર મરે છે તેને બેહિશ્તમાં એવી રીતે પહોંચાડવામાં આવશે જેવી રીતે દુલ્હન પોતાના શવહરના ઘરે જાય છે.

**અલા વમન માત અલા હુબ્બે આલે મોહમ્મદિન ફોતેહ લહુ ફી કબ્રેહી બાબાને એલલ જન્નતે** - જાણો કે જે આલે મોહમ્મદની દોસ્તી ઉપર મરે છે તેની કબ્રમાં જન્નતની બે બારીઓ ઉઘાડવામાં આવે છે.

અઝાદારો! મોહબ્બતે એહલેબૈત (અલય્હેમુસ્સલામ) રાખવાથી કેટલો મોટો દરજો મળે છે, પણ જે મોહબ્બતની સાથે શહીદ થઈ જાય તેનો કેવો દરજો હશે? આ મજલીસમાં આજે બાપની મોહબ્બતમાં અઢાર વરસના કડીયલ જવાને કરબલાના મેદાનમાં શહાદત ઈખ્તીયાર કરી તે અરજ કરવા ચાહું છું. અરે! એ કડીયલ જવાન છે કે, જેની લાશને બુઢા બાપ એકલા ન ઉપાડી શકયા.

મયદાને કરબલામાં જવા માટે જ્યારે જનાબે અલીઅકબર (અલય્હિસ્સલામ)મે બાપથી રૂખ્સત થવા ચાહ્યું તો આપે ફરઝંદના ચહેરા ઉપર હસરત ભરી નિગાહ કરી અને ફરમાવ્યું, કે બેટા! ખૈમામાં જઈ તમારી ફુફી અને મા-થી પણ રૂખ્સત થઈ આવો. શહેઝાદા જનાબે અલીઅકબર (અલય્હિસ્સલામ) ખૈમામાં ગયા. ખુદા જાણે કેવો કોહરામ મચેલો હતો! હમીદ ઈબ્ને મુસ્લીમ કહે છે કે, ખુદાની કસમ, મેં જોયું કે અહલેહરમમાં રડવાનો એવો

શોર મચી ગયો કે, ખૈમાનો પરદો ઘડીક ઉઘડતો હતો અને ઘડીક પડતો હતો! એ ઉપરથી માત્ર એટલી ખબર પડી કે શહેઝાદાને બીબીયોએ ઘેરી લીધેલા હતા. અને જયારે આપ બહાર આવવાનો ઈરાદો કરતા હતા ત્યારે મા આપથી લીપટી જાતી હશે અને એ વખતે કહેતી હશે કે : અય બેટા! હું તને કેવી રીતે મૈદાનમાં જવાની રજા આપું!? જનાબે સકીના શાહઝાદાને પકડીને કહેતા હશે કે : ભાઈ! તમો શહીદ થઈ જશો તો બાબા એકલા થઈ જશે. એ વખતે હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) રડી રહ્યા હતા અને જયારે જનાબે અલીઅકબર (અલય્હિસ્સલામ)ને વાર લાગી તો આપ ખૈમાના દરવાઝા ઉપર આવ્યા અને ફરમાવ્યું કે : મારા અકબરને છોડી દો, એ રાહેખુદાનો તાલીબ છે! આ સાંભળીને બધાએ શાહઝાદાના દામનને છોડી દીધો, પણ શાહઝાદા એવી રીતે ખૈમામાંથી નીકળ્યા કે જેવી રીતે ભર્યા ઘરમાંથી જનાઝો નીકળે છે. ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું : યા બોનય્ય તકદ્દમ - અય બેટા! અલીઅકબર આગળ વધો. શાહઝાદા અલીઅકબર ઈમામ (અલય્હિસ્સલામ)ના હુકમથી મૈયદાનમાં રવાના થયા, તે વખતે આપે ફરમાવ્યું : એલય્યા એલય્યા - બેટા! જરા મારી પાસે આવો. જયારે આપ નઝદીક આવ્યા ત્યારે હઝરતે સંદુક મંગાવી તેમાંથી ઝિરાહ કાઢીને પોતે પહેરી અને પોતાની ઝિરાહ અલીઅકબર (અલય્હિસ્સલામ)ને પહેરાવી. પછી તેમાંથી અમામો લઈ આપે પોતાના માથા ઉપર રાખ્યો અને પોતાનો અમામો શાહઝાદાના સર ઉપર બાંધ્યો, એવી જ રીતે હજરત અલી (અલય્હિસ્સલામ)ની તલવાર કાઢીને આપે પોતે બાંધી અને આપની તલવાર જનાબે અલીઅકબર (અલય્હિસ્સલામ)ની કમર સાથે બાંધી દીધી અને ઘોડા ઉપર સવાર કર્યા. અઝાદારો! તે વખતે બધી બીબીયો સફ બાંધીને ઉભી હતી અને હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ) જનાબે અલીઅકબર (અલય્હિસ્સલામ)ને રનના દુલા બનાવી રહ્યા હતા જયારે આપ જવા લાગ્યા તો આપે ફરમાવ્યું : **અલ્લાહુમ્મ અશ્હદ અલા હાઓલાઈલ કવમે ફકદ વરઝ એલયહીમ અશ્બહુન્નાસ ખલકન વ મન્તેકન બે રસુલેક** - અય મારા માલીક! તું આ

કૌમના ઝુલ્મ ઉપર ગવાહ રહેજે કે હવે તેઓથી એ લડવા જાય છે કે જે સુરતમાં, સીરતમાં, રફતારમાં, ગુફતારમાં તારા રસુલ (સલ્લલ્લાહો અલયહે વઆલેહિ વસલ્લમ)થી ખુબજ મળતાપણું રાખે છે, જયારે હું રસુલ (સલ્લલ્લાહો અલયહે વઆલેહિ વસલ્લમ)ની ઝિયારતનો મુશ્તાક થતો હતો ત્યારે આ ફરઝંદને જોતો હતો. અરે! હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ)ના માટે તો આજે અલીઅકબર લડવા જતા ન હતા પણ હઝરતે મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વઆલેહિ વસલ્લમ) લડવા જઈ રહ્યા હતા! અરે, અલીઅકબર (અલય્હિસ્સલામ) આગળ આગળ અને હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ) પાછળ પાછળ! જેમ જેમ ઘોડો તેજીથી મૈદાન તરફ જતો હતો, તેમ તેમ હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ)ના કદમ પણ તેજીથી ઉપડતા હતા. **યમ્શી અલીય્યુન વલ હુસૈનો અલવ કફા** - જવાન ફરઝંદ આગળ આગળ અને આપ પાછળ પાછળ! જેવી રીતે હાજીઓ પોતાની કુરબાની મીનામાં લઈ જાય છે. આગળ વધીને આપ સર અને પેશાનીને બોસો આપે છે. આપ એટલે સુધી આગળ નીકળી ગયા કે, આપને ખ્યાલ આવ્યો કે કદાચ બીબીઓ ખૈમામાંથી બહાર નીકળી પડે. અય અઝાદારો! મૌલા ઉપર અજબ મુસીબતનો વખત છે. બાપની મોહબ્બત એ નથી ચાહતી કે, બેટાને એકલો જવા દે. આપ ઉભા રહી ગયા. સામે પિસરે સાઅદનો ખૈમો હતો. આપે કહ્યું : અય પિસરે સાઅદ! ખુદા તારી નસલને કત્અ કરે જેવી રીતે તેં મારી નસલને કત્અ કરી.

શબીહે પયગમ્બર મૈદાનમાં આવ્યા. અરે! લશ્કરમાં શોર થયો કે, અમો કોની સાથે લડી રહ્યા છીએ? અરે! એમ જણાય છે કે, પયગમ્બરે ખુદા મૈદાનમાં આવ્યા છે! જયારે આપસમાં ગરબડ થવા લાગી ત્યારે પિસરે સાઅદે કહ્યું કે : આ રસુલે ખુદા નથી પણ અલીઅકબર શબીહે પયગમ્બર છે! શાહઝાદાએ લડવાનું શરૂ કર્યું અને એક્સો વીસ મલાઈનોને જહન્નમ વાસીલ કર્યા. જયારે કોઈ સામે લડવા ન આવ્યું ત્યારે આપ પ્યાસથી બેચેન થઈ ગયા અને બાપની પાસે આવીને અરજ કરી કે : **'યા અબતાહો અલ - અતશ કદ**

**કતલની** - અય બાબા! મને પ્યાસ મારી નાખે છે.' શું થોડું પાણી મળી શકશે? અવલાદવાળાઓ! મૌલાના દિલની કેવી હાલત થઈ હશે કે, ફરઝંદ પાણીનો સવાલ કરે અને મૌલા પાણી આપી ન શકે? અરે! મઝલુમ આકાએ કોઈના સવાલને રદ કર્યો નથી. આજે એ સખીના સામે કડિયલ જવાન ફરઝંદનો પાણીનો સવાલ ઉભો થયો! જવાબમાં ફરમાવ્યું : **"યા બોનય્ય હાતે લેસાનક** અય બેટા! તમારી જીભ મારા મોંઢામાં આપો, શાયદ તસ્કીન થાય. શાહઝાદાએ ઈમામ (અલય્હિસ્સલામ)ના મોંઢામાં જીભ આપી પણ તરત પાછી ખેંચી લીધી અને કહ્યું **"યા અબતાહો લેસાનોક અયબસો મિન લેસાની** - બાબા! તમારી જીભ તો મારી જીભથી વધારે સુકાએલી છે! ઈમામે ફરમાવ્યું કે : બેટા! જાઓ તમારા જદ્દે બુઝુર્ગવાર તમોને હવઝે કવસર ઉપર સયરાબ કરશે.

હદીસમાં છે કે જયારે કોઈ ઝાકીર કોઈ શહીદની મુસીબત બયાન કરે છે એ વખતે ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) ઝરીહ મુબારકમાં ગિરયાઓઝારી કરે છે, પણ જયારે ઝાકીર જનાબે અલીઅકબર (અલય્હિસ્સલામ)ના મસાએબ બયાન કરે છે, ત્યારે ઝરીહ મુબારકમાં આપ તડપી જાય છે અને ફરમાવે છે : અય ઝાકીર! તને ખુદાની કસમ, તું વધારે બયાન કર. અઝાદારો! હવે જનાબે અલીઅકબર (અલય્હિસ્સલામ) ઉપર અશ્કીયાએ કેવો ઝુલ્મ કર્યો તે અરજ કરવા ચાહું છું.

જનાબે અલીઅકબર (અલય્હિસ્સલામ) મયદાનમાં આવ્યા અને હમલા શરૂ કર્યા. ઈબ્ને નમીરે જયારે આપની આ શુજાઅત જોઈ તો લશ્કરને કહેવા લાગ્યો કે, અલમને ઉંચા કરો અને બે ભાગમાં વહેંચાઈ જાઓ. અઝાદારો! બન્ને તરફ સફ બંધાઈ ગઈ. શાહઝાદા ઉપર વાર થવા લાગ્યા મંઝર મલઉને પછવાડેથી માથા ઉપર એવી તલવાર મારી કે માથું ફાટી ગયું. લૈલાના લાલને ચક્કર આવવા લાગ્યા પણ ગયરતથી પડી જવું ગવારા ન કર્યું. ઘોડાની ગરદનમાં બન્ને હાથ નાખી દીધા. ઘોડાએ ચાહ્યું કે લશ્કરમાંથી

બાહર નીકળી જાય. પણ ચારે તરફ સફો બાંધવામાં આવી હતી. અરે! જ્યાંથી તે નીકળવા ચાહતો હતો ત્યાંથી શાહઝાદા ઉપર તલવાર અને બરછીના વાર પડતા હતા. "હત્તા કતઉહો બે સોલોફેહિમ ઈરબન ઈરબા - એટલે સુધી કે શાહઝાદાના જિસ્મના ટુકડે ટુકડા કરી નાખ્યા! એવામાં એક એવો નેઝો છાતી ઉપર લાગ્યો કે, આપ ઝમીન ઉપર આવ્યા. અને અવાજ દીધી : **"યા અબ્તાહો અલયક મિન્નિસ્સલામ** અય બાબા! મારા આખરી સલામ કબુલ કરો. અવાજ સાંભળી હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ) એકદમ દોડયા. આંખમાં અંધારા આવી ગયાં અને ઘડી ઘડી ફરમાવતા હતા : અયન અલી, અયન અલી - અય મારા નવજવાન અલીઅકબર! તમો કયાં છો? એક વખત તમારી અવાજ સંભળાવો. જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા) લાશ ઉપર આવી ગયા. એવું ન થાય કે મારો માંજાયો ભાઈ! કડિયલ જવાન ફરઝંદની લાશ ઉપર ગશથી પડી જાય. હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ) જયારે લાશ ઉપર પહોંચ્યા ત્યારે જોયું કે બહેન રડી રહ્યા છે. અરે! ગયરતદાર આકા બેટાની મૌતને ભુલી ગયા અને પોતાની રિદા બહેનને ઓઢાડી અને ખૈમામાં પહોંચાડી લાશ ઉપર આવ્યા અને ફરમાવ્યું : **"યા બોનય્ય અલદ દુન્યા બઅદકલ અફા** - અય બેટા! દુનિયાની ઝિન્દગાની કેવી ખાક છે કે, તારા જેવો નવજવાન બુઢા બાપની સામે દમ તોડીને દુનિયાથી ઉઠી જાય અને બુઢો બાપ લાશ ઉપાડવા જીવતો રહે!

મકતલે અબુલ મોઆલીમાં છે કે, જયારે ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) અલીઅકબર (અલય્હિસ્સલામ)ની લાશ મકતલથી લાવી રહ્યા હતા ત્યારે કમજોરીની એ હાલત હતી કે, ઘડી ઘડી લાશને ઝમીન ઉપર રાખતા હતા. જનાબે ફિઝઝા દરે ખૈમા પરથી આ હાલત જોઈ રહ્યાં હતાં. રોતા રોતા ઈમામ (અલય્હિસ્સલામ)ના પાસે આવીને કહેવા લાગ્યા કે : અય મારા મઝલુમ શાહઝાદા! ફિઝઝા તમારી ગુરબત અને બેક્સી ઉપર નિસાર થઈ જાય. ચાલો હુ જવાન બેટાની લાશ ઉપાડવામાં મદદ કરૂં. અલ્લાહ! અલ્લાહ!

સય્યદુશ્શોહદા (અલય્હિસ્સલામ) કેવા મઝલુમ હતા કે ફિઝઝાની મદદથી કડિયલ જવાન અલીઅકબરની લાશ ખૈમામાં આવી ત્યારે એવો કોહરામ થયો કે, કોઈ શહીદની મય્યત ઉપર એવો કોહરામ થયો ન હતો. અરે! બીબીયો ઈ.હુસૈનના કડિયલ જવાન ઉપર સીનાઝની કરી રહી હતી. અરે! જનાબે ઝયનબ અને ઉમ્મે લૈલાની બધાયથી ખરાબ હાલત હતી. અરે! અઢાર વરસના કડીયલ જવાનના ચાંદ જેવા ચહેરા ઉપર સહેરો જોવાની તમન્ના હતી. હાય! દુખ્યા માં આજ એ ચહેરાને ખાક અને ખૂનમાં જોઈ રહી છે. અરે! ખુદા કોઈ માને જવાન બેટાનો આવી રીતે ખાક અને ખૂનમાં રગદોળાએલો ચહેરો ન બતાવે. જેવો કરબલામાં જનાબે ઉમ્મે લૈલાએ જોયો!

***અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝઝાલેમીન***

# મજલીસ : ૧૫

## ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)ના ફઝાએલ અને જનાબે અલીઅસગર (અલય્હિસ્સલામ)ની શહાદત

# બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ

*"હુસૈનુમ મિન્ની વ અના મેનલ હુસૈન*

જનાબે રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) મે ફરમાવ્યું છે કે : હુસૈન મારાથી અને હું હુસૈનથી છું.

ઈસ્લામી દુનિયા કહે છે કે, હુસૈનુમ મિન્ની તો બરાબર છે, કારણકે અવલાદ બાપ અને દાદથી હોય છે. પણ અના મેનલ હુસૈનનો શું અર્થ? ટૂંકમાં એનો જવાબ એ છે કે રસુલ બાનીએ ઈસ્લામ હતા અને આપનો હેતુ ઈસ્લામને ફેલાવવાનો હતો. રસુલની જાતથી ઈસ્લામ ફેલાએલો છે, રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ની વફાત પછી એક વખત એવો આવ્યો કે, ઈસ્લામની ઝમીન હલી રહી હતી, મઝહબના આસમાન ઉપર ગલીઝ વાદળો ઘેરાઈ ગયા હતા. ફિસ્ક અને ફુજુરના વાદળો છવાઈ ગયા હતા. મિલ્લતની દિવાલો ટકરાતી હતી. રસુલે ખુદા અને અલીયે મુર્તુઝા (અલય્હિસ્સલામ)મે કાયમ કરેલ સુતુન પાડવામાં આવતા હતા. બાતિલ જોર ઉપર હતું. ચિરાગે હિદાયત બુઝાઈ જવાની નઝદીક હતો. દીને ખુદાને બચાવવા માટે ફરી દુનિયાને રસુલની જરૂરત પડી. લોકો હૈરતમાં હતા કે, હવે શું થશે? પણ જેને "અના મેનલ હુસૈન એટલે હું હુસૈનથી છું. તેને યકીન હતું કે, જરૂર નવાસએ રસુલ જેવી રીતે નાનાએ દીનને કાયમ કર્યો એવી જ રીતે આજ હુસૈન દીને મોહમ્મદીને બચાવશે અને હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ)મે

દીનના ઝાડને પોતાનું ખૂન સીંચીને બાકી રાખ્યું અને રસુલિલ્લાહની **"હુસૈનુમ મિન્ની વઅના મેનલ હુસૈન"**ની હદીસને હલ કરી.

એ જ સબબથી આજે દુનિયા હુસૈન હુસૈન પુકારી રહી છે. અગર પુછવામાં આવે કે કોણ હુસૈન? તો એ જ જવાબ મળશે કે રસુલે ઈસ્લામના નવાસા, એટલે રસુલનો ઝિક્ર, રસુલની યાદ, રસુલનું નામ, રસુલના દીનનો ઈકબાલ જો અગર હોય તો હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ) થકી જ છે. જાહેરમાં હુસૈન જીવતા ન રહ્યા પણ એવી મૌત ઈખ્તીયાર કરી કે, માત્ર પોતે જ ઝિન્દાએ જાવેદના માલીક નથી થયા પણ રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ને પણ હંમેશા હંમેશા માટે જીવતા કરી ગયા. એ જ કારણ હતું રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)મે ઈરશાદ ફરમાવ્યું કે : **"હુસૈનુમ મિન્ની વઅના મેનલ હુસૈન** - હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું.

હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ)ને જરા પણ રંજ થાય એ ન તો ખુદાને, ન તો રસુલને, ન તો ફાતેમાને, ન અલીને અને ન તો હસનને પસંદ હતું. હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ)ની સાથે જનાબે સય્યદાને એટલી બધી મોહબ્બત હતી કે, ખલ્લાકે આલમે પણ કહી દીધું કે, જે ફાતેમા કહેશે તે મને કબુલ છે. તે વાતની ખાતરી માટે હું એક તારીખી વાકેઓ પેશ કરૂં છું.

અલ્લામા સય્યદઅલી હમ્દાની શાફેઈ લખે છે કે, જનાબે ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે, એક વખત હસનૈન (અલય્હિસ્સલામ)મે કાંઈ લખ્યું. ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)મે ઈમામે હસન (અલય્હિસ્સલામ)ને કહ્યું કે, મારા અક્ષર તમારાથી સારા છે. ઈમામે હસન (અલય્હિસ્સલામ) ફરમાવતા હતા કે, મારા અક્ષરો તમારાથી સારા છે. છેવટે પોતાની માદરે ગીરામી જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા) પાસે ગયા અને અરજ કરી : તમો અમારો ફેંસલો કરો કે કોના અક્ષરો સારા છે? જનાબે સય્યદા

(સલામુલ્લાહે અલય્હા)મે આ વાત સાંભળી વિચાર્યું કે, જો હું એક ઉપર બીજાને ફઝીલત આપીશ તો જરૂર એકને રંજ થશે. તેથી આપે ફરમાવ્યું કે : બેટાઓ! તમે તમારા વાલીદે માજીદ અમીરૂલ મોઅમેનીન (અલય્હિસ્સલામ)ને આ વિષે કહો. તેથી તેઓએ હઝરત અલી (અલય્હિસ્સલામ)ને કહ્યું, હઝરતે જવાબ આપ્યો કે : અય ફરઝંદો! તમો તમારા નાના રસુલે મકબુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)થી પુછો. સાહેબઝાદાઓએ આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ને પુછ્યું. હઝરતે ફરમાવ્યું હું હુકમ કરી શકતો નથી, જયાં સુધી જિબ્રઈલને ન પુછી લઉં! જયારે જિબ્રઈલ આવ્યા ત્યારે તેમણે કહ્યું કે : હું કાંઈ કહી શકતો નથી જયાં સુધી કે મિકાઈલ કાંઈ ન કહે. મિકાઈલે કહ્યું કે : હું એમના દરમ્યાન કાંઈ કહી શકતો નથી, પણ ઈસરાફીલ હુકમ કરશે. ઈસરાફીલે અરજ કરી કે હુ કાંઈ કહી શકતો નથી, પણ હક સુબ્હાનહુ વ તઆલા સમક્ષ દરખાસ્ત કરીશ તે ફેંસલો ફરમાવશે! છેવટે અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યું કે : હું તેમના દરમ્યાન હુકમ નથી કરતો. તેમની માં ફાતેમા તેમના દરમ્યાન હુકમ ફરમાવશે. પછી જનાબે સય્યદાએ કહ્યું : હું તેમનો ફેંસલો કરીશ. માઅસુમા પાસે એક મોતીનો હાર હતો. બન્ને સાહેબઝાદાઓએ કહ્યું : હું આ હારને તોડીને તેના મોતી ઝમીન પર નાખું છું. જે કોઈ વધારે મોતી વીણી લેશે તેના અક્ષરોને સારા કહીશ. એ પ્રમાણે ફરમાવી આપે મોતીને ઝમીન ઉપર નાખ્યા. જિબ્રઈલ અર્શે ઈલાહીની નઝદીક હતા. ખલ્લાકે આલમે હુકમ ફરમાવ્યો : ઝમીન ઉપર જાઓ અને મોતીઓને આ બન્ને સાહેબઝાદાઓને અડધા અડધા વહેંચી આપો કે, જેથી કોઈ ગમગીન ન થાય! જિબ્રઈલે એ બન્ને હઝરાતની અઝમત અને હુરમતના કારણે મોતીઓ અડધા અડધા તક્સીમ કરી આપ્યા. **(સલવાત)**

આપ હઝરાતે સાંભળ્યું કે, હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ)ના બારામાં જે કાંઈ જનાબે સય્યદા (સલામુલ્લાહે અલય્હા) ફરમાવે છે તે ખાલીક કબુલ રાખે છે. અગર સય્યદા (સલામુલ્લાહે અલય્હા) કહી દીધું હોય કે, બચ્ચાઓ! તમારા

કપડાં દરજીને ત્યાં છે, તો માલીક મલકને દરજી બનાવી મોકલે છે! આ છે જનાબે સય્યદાની (સલામુલ્લાહે અલય્હા)ની અઝમત અને શાન!

એ બન્ને ભાઈઓને આપસમાં એટલી મોહબ્બત હતી કે, કુશ્તી લડવા ચાહે ત્યારે આપસમાં કુશ્તી કરતા. એક વખત બન્ને ભાઈઓ આપસમાં કુશ્તી કરતા હતા, તે વખતે જનાબે સય્યદા પણ હાજર હતા. જનાબે રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)મે ફરમાવ્યું : શાબાશ બેટા હસન! ભાઈ હુસૈનને પછાડી દો. જનાબે સય્યદાએ જોયું કે બાબાજાન હસનનું દિલ વધારી રહ્યા છે. કહ્યું કે : બાબા! તમો હસનનું દિલ વધારો છો. આપનો કહેવાનો મતલબ એ હતો કે હુસૈનનું દિલ પણ વધારવું જોઈએ. આ સાંભળીને બાનીએ ઈસ્લામે ઈરશાદ ફરમાવ્યું : બેટા! હું શું કરૂં? જિબ્રઈલ હાજર છે અને તેઓ હુસૈનને કહે છે કે, હસનને પછાડી દો. એટલા માટે હું હસનને શાબાશી આપી રહ્યો છું.!

હઝરતે રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) પણ ખુદાના હુકમથી હસને મુજતબા (અલય્હિસ્સલામ)નું દિલ વધારી રહ્યા છે અને જિબ્રઈલે અમીન પણ ખુદાના હુકમથી હુસૈન (અલય્હિસ્સલામ)નું દિલ વધારી રહ્યા છે. અબ્દ અને માઅબુદમાં કોઈ એમ નથી ચાહતું કે, હસનૈન (અલય્હિસ્સલામ)ને જરા પણ દુ:ખ થાય!

અલ્લામા મજલીસી તહરીર ફરમાવે છે કે, રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) મસ્જીદમાં વાએઝ ફરમાવતા હતા. આપે કોઈ બચ્ચાના રડવાની અવાઝ સાંભળી અને તે અવાઝ ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ની અવાઝને મળતી હતી એ અવાઝ સાંભળી આપનું દિલ બેચેન થઈ ગયું. વાએઝને બંધ કરી અસ્હાબને ફરમાવ્યું કે જુઓ, મારો હુસૈન તો નથી રડતો? તમો તપાસ કરો, તમો જલ્દી નહીં આવો તો હું પોતે આવીશ. અસહાબ ગયા અને પાછા આવીને અરજ કરી, યા રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)! શાહઝાદા નથી રડતા પણ મસ્જીદની નઝદીક

એક મદ્રસો છે ત્યાં એક છોકરાએ પોતાનો સબક યાદ કર્યો ન હતો તેથી ઉસ્તાદે તેને શિક્ષા કરી. પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)મે જાણ્યું કે, મારા જીગરનો ટુકડો હુસૈન નથી રોતો, છતાં હુકમ ફરમાવ્યો, કે તે બચ્ચાને અને ઉસ્તાદને મારી પાસે લાવો. જયારે તેઓ આવ્યા ત્યારે બચ્ચાને દિલાસો આપી ચુપ કર્યો અને ઉસ્તાદને કહ્યું કે, આ બચ્ચાનો અવાઝ મારા હુસૈનની અવાઝને મળતો છે, એટલા માટે હું તને ભલામણ કરૂં છું કે, આ બચ્ચાને હવે તું મારીશ નહીં.

અઝાદારો! આજે રસુલિલ્લાહે રોવાની અવાજ સાંભળી અને વાએઝને છોડી આપી. એવી જ રીતે રોઝે આશુરા જનાબે ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)મે રોવાની અવાઝ એ વખતે સાંભળી કે, જયારે આપે **"હલમિન નાસેરીન યન્સોરોના** ની અવાઝ બલંદ કરી. અરે! કોઈ છે જે મારી મદદ કરે? તે વખતે ખૈમામાંથી રોવાની અવાઝ બલંદ થઈ. આપ ખૈમામાં તશરીફ લઈ ગયા અને ફરમાવ્યું કે: અય બહેન! હજુ હુસૈન જીવતો છે. આવી રીતે રોવાનું કારણ શું છે? જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા)એ કહ્યું કે ભાઈ! જયારે આપે આવાઝે ઈસ્તેગાસા બુલંદ કરી તો અલીઅસગર ઝુલામાંથી પોતે પડી ગયા. આ સાંભળી આપે ફરમાવ્યું કે, અય બહેન! મારા શીરખ્વારને લાવો. તેનાથી પણ હું રૂખ્સત થઈ લઉં! જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા) અલીઅસગર (અલય્હિસ્સલામ)ને લાવ્યા. આપે જોયું કે માઅસુમ બાળક પ્યાસથી તડપી રહ્યું છે. ગરદન ઢળી ગઈ છે અને આંખોમાં ખાડા પડી ગયા છે. અને હોઠ સુકાએલા છે. આ જોઈ છાતીથી ચાંપી અબાનો દામન ઓઢાડી ખૈમાની બહાર નીકળ્યા અને એક ઉંચી જગ્યા ઉપર લઈ ગયા. લશ્કરમાં મતભેદ થવા લાગ્યો કે, ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) કોઈ બુઝુર્ગ ચીઝ લાવ્યા છે, કોઈ કહે છે કે કુરઆન છે. ઈમામે અબાનો દામન હટાવ્યો. ફુલની જેમ કરમાઈ ગયેલા બચ્ચાને હાથો ઉપર બુલંદ કરી ફરમાવ્યું : અય કૌમે અશ્કીયા! તમારા ખોટા ખ્યાલમાં હુસૈન ખતાવાર છે પણ આ

બચ્ચાએ તો કાંઈ ગુનોહ કર્યો નથી. અરે! શું તમો નથી જોતા કે, આ મારૂ બાળક પ્યાસથી કેવું તડપી રહ્યું છે? તેની માનું દુધ પણ સુકાઈ ગયું છે. તેને થોડું પાણી પીવરાવો! પણ જવાબ ન મળવાથી ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)મે જનાબે અલીઅસગર (અલય્હિસ્સલામ)ને ધગધગતી ઝમીન ઉપર સુવરાવી દીધા અને કહ્યું : મુસલમાનો! તમારો એવો ખ્યાલ હોય કે હુસૈન આ બચ્ચાના બહાને પાણી માંગીને પી લેશે. અરે! બચ્ચાને ઝમીન ઉપર સુવરાવી આપેલ છે, માટે તમે પોતે આવીને પાણી પીવરાવો! જયારે કોઈએ જવાબ ન આપ્યો ત્યારે છેવટે ઈમામ (અલય્હિસ્સલામ)મે બેટાની તરફ જોઈને કહ્યું : બેટા અલીઅસગર! તારા બાપથી જે કાંઈ કોશીષ થઈ શકતી હતી તે થઈ ચુકી. બેટા! તમો પણ હુજ્જતે ખુદાના ફરઝંદ છો. તમો પણ હુજ્જત તમામ કરો. અવલાદવાળાઓ! ઈમામના કલામ સાંભળી માસુમ બચ્ચાએ ઢળેલી ગરદનને ઉંચી કરી. આંખોને અશ્કીયા તરફ માંડી. અઝાદારો! સુકી જીભને સુકાઈ ગએલા હોઠ ઉપર ફેરવવી શરૂ કરી. અરે મતલબ એ હતો કે, અય કૌમ, ખરેખર હું તરસ્યો છું. અરે! નાની એવી જીભે તલવારનું કામ કર્યું. અરે! લશ્કરીઓ પોતાના મોંઢા ફેરવી ફેરવી રોવા લાગ્યા. ઉમર સાઅદે જોયું કે લશ્કર બદલી જશે. આથી હુરમલાને કહેવા લાગ્યો **‘યકતઅ કલામુલ હુસૈન’** - અય હુરમલા હુસૈનના કલામને કત્અ કર. અય અઝાદારો! હુરમલા મલઉને ત્રણ ફળવાળું તીર કમાન સાથે જોડયું અને બેશીર બચ્ચા તરફ તાકયું. અઝાદારો! ઈમામ (અલય્હિસ્સલામ)ના હાથ ઉપર બચ્ચાનું ગળું વિંધાઈ ગયું અને ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)નો બાઝુ પણ ઝખ્મી થઈ ગયો. અઝાદારો! અરે, જે બાપના હાથ ઉપર આ રીતે બચ્ચું નહર થઈ જાય એ મઝલુમ બાપની કેવી હાલત થઈ હશે? આહ, ઈમામ (અલય્હિસ્સલામ)મે ધ્રુજતા હાથે નાઝુક ગળામાંથી તીર ખેંચ્યું. અરે, મૌલાના હાથો ઉપર આંખો ખોલી બચ્ચું ઈન્તેકાલ કરી ગયું. ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)મે એ ખુનને પોતાના મોંઢા ઉપર ચોળી દીધું અને ફરમાવ્યું કે, આવી જ રીતે હું નાનાની ખીદમતમાં જઈશ. અરે, ઈમામે મઝલુમ જનાબે

અલીઅસગર (અલય્હિસ્સલામ)ની નાની લાશને હાથમાં લઈ ઉભા છે. ગયરતના લીધે કદમ ઉપડતા નથી. દોસ્તો! ઈન્સાફ કરો કે, જનાબે રબાબ અગર પુછે કે, મારા માલીક! મારા બચ્ચાને શું થયું? તો મૌલા શું જવાબ આપે?

જયારે જનાબે મુખ્તારની સામે અબુખલીક રિપોર્ટરને ગીરફતાર કરી લાવ્યા, ત્યારે મુખ્તારે પુછ્યું કે અય મલઉન! રોઝે આશુરા મારા મૌલાની મુસીબત ઉપર કોઈ ઠેકાણે તારૂ દિલ નરમ થયું હતું કે નહીં? તે શકીએ જવાબ દીધો કે અય અમીર! એક વખત એવો આવ્યો હતો કે મેં તમન્ના કરી કે કાશ હું મરી ગયો હોત અને હુસૈનની આવી હાલત ન જોત. જનાબે મુખ્તારે કહ્યું : અરે મલઉન! બયાન કર કે તે કયો વખત હતો? તેણે કહ્યું કે, અય અમીર! જયારે જનાબે અલીઅસગર (અલય્હિસ્સલામ) હુરમલાના તીરથી શહીદ થઈ ચુકયા ત્યારે ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) ધીરે ધીરે લાશને લઈને ખૈમા તરફ ચાલ્યા. હું જોઈ રહ્યો હતો કે, હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ) શું કરે છે. અય અમીર! મેં જોયું કે, ફરઝંદે રસુલ થોડુંક ચાલે છે અને પાછા આવે છે. એવી રીતે સાત વખત આપ આગળ ચાલ્યા અને પાછા આવ્યા! હું આપની હાલત ઉપર અજબ થયો. મેં બરાબર ધ્યાન કરીને જોયું કે, એક બીબી દરે ખૈમા ઉપર ઉભા છે. હું સમજ્યો કે આ બચ્ચાની માં પોતાના બાળકની રાહ જોઈ ઉભા હશે. અય અમીર! હું ઈમામની આ બેક્સી અને બેબસી જોઈને બેચૈન થઈ ગયો. આ સાંભળીને જનાબે મુખ્તાર રોવા લાગ્યા અને કહ્યું કે : અય શકી! બયાન કર, પછી મારા મૌલાએ શું કર્યું. તેણે કહ્યું કે : પછી હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ) ખૈમાની તરફ ન ગયા અને મયદાનમાં આવ્યા, તલવારથી કબ્ર ખોદીને બચ્ચાને દફન કરી દીધું. જનાબે મુખ્તાર રોવા લાગ્યા અને કહ્યું કે : મારા મૌલાએ ઘણું જ ઠીક કર્યું કારણ કે આપ જાણતા હતા કે, શહીદોના સરોને કાપીને નેઝા ઉપર બલંદ કરશે તો જનાબે અલીઅસગર (અલય્હિસ્સલામ)નું સર તેનાથી બચી જાય. આ સાંભળી અબુ ખલીકે કહ્યું : અય અમીર! એવું નથી બન્યું પણ મેં મારી આંખે જોયું કે

હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ)ની શહાદત પછીએ નાની કબ્રને ખોદવામાં આવી અને લાશને કાઢી માઅસુમ બચ્ચાના સરને પણ કલમ કર્યું અને ઈમામ (અલય્હિસ્સલામ)ના સરની સાથે નેઝા ઉપર બલંદ પણ કર્યું.

*અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝઝાલેમીન*

# મજલીસ : ૧૬

## શબે આશુર

## બિસ્મિલ્લાહિર્ રહ્માનિર્ રહીમ

*'તાસુઆ યવમન હુસેર ફી હિલ હુસૈનો'*

મોહર્રમની નવમી તારીખ એવી કયામત ખેઝ તારીખ છે કે, જેમાં હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ) ચારે તરફથી દુશ્મનોમાં ઘેરાઈ ગયા.

અઝાદારો! કાલની એક જ મજલીસ બાકી રહી છે ફકત આજની રાત જ આપણા ગરીબ આકા મહેમાન છે.

*પાઓગે ન કલ ફાતેમાકે નૂરે ઐન કો,*

*Çરૂખ્સત કરો અલમસે લિપટકર હુસૈન કો.*

એક ગરીબ અને મઝલુમ ઈમામને કત્લ કરવા માટે કરબલામાં કેટલી ફૌજ હતી તે વિષે આપની સામે હું શું બયાન કરૂં? એટલું સમજી લ્યો કે, ઈબ્ને ઝિયાદે એટલો બધો બંદોબસ્ત કરેલો હતો કે, કુફાની અંદર કોઈ લડવાવાળો સિપાહી બાકી ન રહે. કરબલાની ઝમીન યઝીદી ફૌજથી કીડીયોની જેમ ઉભરાઈ રહી હતી જંગી હથિયાર ખૂટી જતાં લશ્કરને પત્થરો આપવામાં આવ્યા હતા. મૌલાના સાથીઓની સંખ્યા ૧૦૦થી પણ ઓછી યાને બોતેર હતી. લખે છે કે 'અરબનો રેતાળ પ્રદેશ, ધગ ધગતી રેતી અને હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ)ના નાના નાના બચ્ચાઓ ઉપર સાતમીથી પાણી

બંધ કરવામાં આવ્યું. હવે તમે જ ઈન્સાફ કરો કે, આજે નવમી તારીખે એમની પ્યાસની કેવી હાલત થઈ હશે?

આજે સુલેહની બધી ઉમ્મીદો ખત્મ થઈ ગઈ. શિમ્ર કુફાથી ઈબ્ને ઝિયાદનો કાગળ લઈ કરબલામાં આવ્યો. એ પત્રમાં લખ્યું હતું કે જો હુસૈન મારા સુપૂર્દ થઈ જાય એટલે કે બૈત કરી લે તો ઠીક છે. પણ જો ઈન્કાર કરે તો તરત જ તેમના ઉપર હુમલો કરો. તે પછી એ મલઉને લખ્યું હતું કે, હુસૈનને કત્લ કરી તેમના અવયવોને જુદા કરી અને લાશ ઉપર ઘોડા દોડાવજો.

જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલયહા) ફરમાવે છે કે, મોહર્રમની નવમી તારીખે સાંજના હું ખૈમામાં બેઠી હતી અને એક ખૈમામાં મારા ભાઈ હુસૈન (અલયહિસ્સલામ) પણ બેઠા હતા. હું ભાઈના ચહેરા તરફ જોઈ રહી હતી, ત્યાં એકાએક ચહેરાનો રંગ બદલાઈ ગયો. તે વખતે મેં અરજ કરી કે, ભય્યા! કાશ હું પયદા ન થતે. અને જો હું આજે આંધળી હતે તમારો આ ઉદાસ અને ગમગીન ચહેરો ન જોતે. ભય્યા! ચહેરાનો રંગ બદલાય જવાનું કારણ શું છે? **અઝાદારો! આકાએ શું જવાબ આપ્યો. અગર સાંભળવાની તાકાત હોય તો સીના ઉપર હાથ રાખી લો. ઈમામ (અલયહિસ્સલામ)મે ફરમાવ્યું : બહેન ઝયનબ! આ વખતે ઝમીને કરબલા ઉપર એ શખ્સ આવ્યો છે કે જે મારા બચ્ચાઓને યતીમ કરશે. બહેન! તમોને ભાઈ વગરના કરી દેશે, મારી ઓરતોને બેવા કરશે, બહેન! શિમ્ર મલઉન કરબલામાં આવ્યો છે. આ સાંભળી મારી તમામ ઉમ્મીદ ખાકમાં મળી ગઈ અને મોંઢા ઉપર તમાચા મારી કહેવા લાગી કે હાય, અફસોસ! હવે મારો ભાઈ નહીં**

**બચે, આ એ મલઉન છે કે, જેની ખબર મારી માં ફાતેમાએ આપી હતી.**

અઝાદારો! જયારે આ પત્ર ઉમરે સાઅદની પાસે પહોંચ્યો ત્યારે નવમીની સાંજ હજું થઈ ન હતી ત્યાં ઉમર સાઅદે જંગની તૈયારી કરી દીધી અને ઈમામ (અલય્હિસ્સલામ)ના ઉપર હુમલો કરવાનો હુકમ આપ્યો. ઈમામ (અલય્હિસ્સલામ) અસરના વખતે ખૈમાના દરવાજા ઉપર તલવારના ટેકે ગોઠણ ઉપર માથું રાખી બેઠા હતા, ઘડીભર આપને ઉંઘ આવી. ઘોડાના ટાપુઓની અવાઝ જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા)ના કાનમાં આવી. જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા) બેતાબ થઈ ભાઈની નઝદીક આવ્યા અને કહ્યું કે : ભાઈ! જુઓ દુશ્મનની આવાઝ બહુ જ નઝદીક આવી રહી છે. હઝરતે માથું ઉંચું કરી ફરમાવ્યું : અય બહેન! હમણાં મેં નાનાજાનને સપનામાં જોયા, તેઓ ફરમાવે છે કે : અય હુસૈન! તું અનકરીબ અમારી પાસે આવીશ. આ સાંભળી જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા) પોતાના મોંઢા ઉપર તમાચા મારવા લાગ્યા. ઈમામ (અલય્હિસ્સલામ)મે સબ્ર કરવા ફરમાવ્યું.

જયારે પિસરે સાઅદના હુકમથી તેનું લશ્કર લડવાને તૈયાર થયું તો ઈમામ (અલય્હિસ્સલામ)મે જનાબે અબ્બાસ (અલય્હિસ્સલામ)ને મોકલ્યા અને મુશ્કીલથી એક રાતની મોહલત ફરઝંદે રસુલને મળી. અઝાદારો! એ આજની રાત છે, આકાએ કેવી રીતે તે પસાર કરી! તમામ રાત ઈમામ અને અસહાબોએ ઈબાદતે ખુદામાં પસાર કરી. રાવી કહે છે કે : **'લહુમ દવિય્યુન કદવિય્યીન નહલે.'** રાતના સન્નાટામાં તસબીહ અને તહલીલની આવાઝ એવી રીતે ગુંજી રહી હતી કે, જાણે મધપુડામાંથી મધમાખીઓના ગુંજનની અવાઝ આવતી હોય.

ઈમામ (અલય્હિસ્સલામ)મે આજ રાત્રે પોતાના અસહાબ ઉપર હુજ્જત પુરી કરી. તેમની વફાદારીનું ઈમ્તેહાન લીધું. આપે પોતાના તમામ

સાથીઓને ભેગા કર્યા. હઝરત ઈમામે ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) ફરમાવે છે કે જો કે, હું બિમાર હતો, છતાં મારા બાબા શું ફરમાવે છે એ સાંભળવા નઝદીક ગયો. આપે ફરમાવ્યું કે હું મારા અસહ્રાબોથી કોઈના અસહ્રાબ વધારે વફાદાર નથી જોતો અને મારા અઝીઝોથી વધારે ઈતાઅત કરનાર કોઈને નથી જાણતો. ખુદા તમોને મારા તરફથી જઝાએ ખૈર અતા કરે. કાલે ફેંસલાનો દિવસ છે, મારી સાથે જે હશે તે જરૂર કત્લ થશે. મારો મત છે કે, તમો બધાય ખુશીની સાથે ચાલ્યા જાવ. મારા તરફથી તમારા ઉપર કોઈ જવાબદારી નથી. આપનો મતલબ એ હતો કે, હું તમારા ઉપરથી બયઅતને ઉપાડી લઉં છું. રાત્રીના અંધારાને ગનીમત સમજી અહીંથી જલ્દી ચાલ્યા જાવ. ત્યાર પછી હઝરતને એવો ખ્યાલ આવેલ હોય કે, કદાચ અસહ્રાબો શરમાતા હશે. એટલે હઝરતે અજબ રીતે ફરમાવ્યુ કે : મારો મતલબ આથી એ છે કે, તમો મારા એક એક અઝીઝનો હ્રાથ પકડી પોતાની સાથે લઈ જાઓ, મારી જાન તો જશે, પણ આ લોકો કોઈ રીતે બચી જાય. આ સાંભળીને મજમો બેચૈન થઈ ગયો. અસહ્રાબ અને અનસાર ખામોશ થયા. સરવેથી પહેલે જેમની આવાઝ બલંદ થઈ તે જનાબે અબ્બાસ (અલય્હિસ્સલામ) હતા. આપની સાથે ભાઈઓ, ભત્રીજા અને બીજા અઝીઝોએ કહ્યું કે : મૌલા! અમો એમ શા માટે કરીએ? શું એટલા માટે કે અમો આપના પછી જીવતા રહીએ? અમારા માટે એવો ખરાબ દિવસ ન આવે કે અમો જીવતા રહીએ અને આપને કત્લ કરવામાં આવે. ત્યાર પછી અનસારમાંથી મુસ્લીમ ઈબ્ને અવસજા ઉભા થયા અને કહ્યું : આકા! શું અમો તમારો સાથ છોડી દેશું? ખુદાની કસમ, હું આ દુશ્મનો સાથે નેઝાથી જંગ કરીશ, એટલે સુધી કે, મારો નેઝો તેઓના સીનામાં ટુટી જાય, તલવારથી ત્યાં સુધી લડીશ કે, જયાં સુધી તેનો કબ્ઝો મારા હ્રાથમાં રહે. હું આપથી કોઈ રીતે જુદો નહીં થાઉં. અગર હથિયાર નહિ હોય તો હું તેઓને પત્થર મારીશ અને આપની મદદ કરીશ. એટલે સુધી કે, આપના કદમો ઉપર મારી જાન કુરબાન કરીશ. બીજા

અસહાબોએ પણ એવો જ જવાબ આપ્યો. ત્યાર પછી હઝરતે બધાયની સામે હસરતની નજર ફેરવી.

શબે આશુરના ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) અહલે હરમના ખૈમા તરફ આવ્યા. જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા)ના ખૈમાની પાસે પહોંચ્યા તો જોયું કે, બહેન પોતાના બન્ને લાડલાઓને તૈયાર કરી રહેલ છે. બન્નેને પાસે બેસાડી સમજાવી રહેલ છે કે અય મારા પ્યારાઓ! તમો એટલા બધા નાના નથી કે, મારે તમોને સમજાવવાની જરૂરત હોય. મારા પ્યારા દિકરાઓ! જુઓ, તમારા મામા કેવી મુસીબતમાં ગીરફતાર થઈ ગયા છો? જો કે, કોઈ મા પોતાના પુત્રોને મરવાનું નથી કહેતી પણ આહ, ઝયનબ એ કહેવા માટે મજબુર છે કે, કાલે આલે મોહમ્મદની કુરબાનીનો દિવસ છે, જાઅફરી શાન બતાવી કુરબાન થજો. બેટાઓ! એવું ન બને કે, તમારી માને બીજી બીબીયોની સામે શરમીંદા થવું પડે. બહેનની આ વાત સાંભળી ઈમામ (અલય્હિસ્સલામ)મે આસમાન તરફ માથું ઉંચું કર્યું અને કહેવા લાગ્યા : મારા માલીક મારી બહેનને સબ્ર અતા કરજે. ત્યાંથી આપ આગળ ચાલ્યા અને ભાઈ હસન (અલય્હિસ્સલામ)ના ખૈમા પાસે આવ્યા. જનાબે ઉમ્મે ફરવા પોતાના બન્ને ફરઝંદોને સમજાવી રહ્યા હતા કે વ્હાલા દિકરાઓ હક્કે વફાદારી તો એ જ છે કે, કાલે બધાયની પહેલાં તમારી જાન કુરબાન કરજો. મૌલા દોઆઓ દેતા આગળ વધ્યા. જોયું કે, ભાઈ અબ્બાસ તલવારની ધારને તેજ કરી રહ્યા છે, એકાએક ખૈમાના એક ખુણામાંથી રડવાની અવાઝ આવી. જનાબે અબ્બાસ (અલય્હિસ્સલામ)મે જોયું કે બહેન ઉમ્મે કુલસુમ રડી રહ્યા છે. આપે અરજ કરી કે : શાહઝાદી! રોવાનું શું કારણ છે? આ સાંભળી આપે કહ્યું : ભાઈ અબ્બાસ! એ દુખીયારી કેમ ન રોવે, કે જેનું કોઈ ન હોય. બહેન ઝયનબ તથા ઉમ્મે લૈલા અને ઉમ્મે ફરવાએ ભાઈ ઉપર કુરબાન કરવા પોતાના બચ્ચાંઓને તૈયાર કર્યા છે. ભાઈ અબ્બાસ! હું એવી દુખીયારી છું કે મને કોઈ અવલાદ નથી. હું કોને કુરબાન કરૂં? આ હસરત ભરેલા કલામ સાંભળી જનાબે અબ્બાસ (અલય્હિસ્સલામ) રોવા લાગ્યા અને અરજ કરી: શાહઝાદી! દિલગીર ન થાઓ.

કાલે મને હઝરત ઉપર કુરબાન કરજો. ઈમામે મઝલુમ બહેન ભાઈની વાતો સાંભળી ખુબજ રડવા લાગ્યા અને ત્યાંથી ઉમ્મે લૈલાના ખૈમા તરફ આવ્યા, જોયું કે, જનાબે અલીઅકબર (અલય્હિસ્સલામ) સુતા છે અને માં શમાં રાખીને માથા પાસે બેઠી છે. કડિયલ જવાનનો ચાંદ જેવો ચહેરો જોઈ રહી છે અને વિલાપ કરીને કહી રહી છે કે : કાલે મારી અઢાર વરસની કમાઈ ખાકમાં મળી જશે.

અઝાદારો! શબે આશુરની આ મજલીસમાં એક પ્રસંગ અરજ કરીને ખતમ કરવા ચાહું છું કે, જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા)એ શબે આશુરના સાંભળ્યું કે કયાંકથી રોવાની દર્દનાક અવાઝ આવી રહી છે. જયારે આપ તપાસ કરવા માટે ખૈમાની બાહર આવ્યા કે, કોણ રડી રહ્યું છે, ત્યારે રોવાની અવાઝ બંધ થઈ ગઈ. જયારે આપ ખૈમામાં આવ્યા તો ફરી નાઅલાઓ ફર્યાદની છાતી ફાડી નાખે એવી અવાઝથી કોઈક રોઈ રહ્યું છે! ચારે તરફ આપ તપાશ કરવા લાગ્યા પણ કોઈ જોવામાં ન આવ્યું. છેવટે ભય્યા હુસૈન (અલય્હિસ્સલામ)ના ખૈમામાં તશરીફ લઈ ગયા અને અરજ કરી કે અય ભાઈ! મને રોવાની એવી દર્દનાક અવાજ સંભળાય છે કે મારૂ દિલ બેચૈન થઈ જાય છે. તે વખતે ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું કે : બહેન! કેવો ઝમાનાનો ઈન્કિલાબ છે કે તમો તમારી માની અવાઝ ન ઓળખી શકયા! બહેન ઝયનબ! મારો આવો હાલ જોઈને મયદાને કરબલામાં ચારો તરફ પુકારી પુકારીને માં રડી રહ્યાં છે. બહેન! જયારે માદરે ગીરામી મારૂ સર નેઝાની અણી ઉપર જોશે ત્યારે કેવો હાલ થશે?

**અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝઝાલેમીન.**

# મજલીસ : ૧૭

## રોઝે આશુરા

## હ. ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)ની શહાદત

## બિસ્મિલ્લાહિર્ રહ્માનિર્ રહીમ

*સલ્લલ્લાહો અલયકા યા અબા અબ્દીલ્લાહ, સલ્લલ્લાહો અલયકા યબ્ન રસુલિલ્લાહ, વ અલલ મુસ્તશહદીન મઅક, યા લયતની કુન્તો મઅકુમ ફઅફુઝો ફવઝન અઝીમા.*

*અય અઝીઝો આજ રનમેં મરને જાતા હય હુસૈન*
*તિશ્ના લબ બે યારો યાવર સર કટાતા હય હુસૈન*
*તીન દિનકે પ્યાસકે મારે અજબ અહવાલ હય*
*હોઠપે સુખી ઝબાં અપની ફિરાતા હય હુસૈન*
*આબીદે બીમાર બિસ્તર પર પડા હય નાતવાં*
*હાય રૂખ્સતકે લીએ ઉસ્કો જગાતા હય હુસૈન*
*બાનુએ બેક્સ ખડી હોંગી સકીનાકો લીયે*
*દેખ ઉસ્કો આંખોસે આંસુ બહાતા હય હુસૈન*
*ઝયનબે બેક્સ ખડી હય પાઉં પર બે ઈખ્તિયાર*
*ઉસ્કો રો રો કર ઝમીં પરસે ઉઠાતા હય હુસૈન*
*એક તરફ કુલસુમકા યારો, ગીરેબાં ચાક હય*
*એક તરફ ઝુલેસે અસગરકો બુલાતા હય હુસૈન*

અઝાદારો! આજે કયો દિવસ છે એ આપ સારી રીતે જાણો છો. આજે પંજતનના આખરી તનનો ખાતેમો છે, આજે એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ના ખૈમાઓ સળગાવવામાં આવ્યા હતા. આજે દુનિયામાં ઘરે ઘરે સફે માતમ

બીછાવવામાં આવી છે, આજે રસુલના નાના નવાસાને ઝુલ્મો સિતમથી શહીદ કરવામાં આવ્યા. જનાબે સય્યદાને પુરસો આપવાનો આજે આખરી દિવસ છે. આવતા વર્ષે જીવતા હશું કે નહીં? કાલે આ અઝાખાનું સુનસાન હશે ન અલમ હશે, ન તાઝિયા હશે, ન તો આપ હશો! શહીદે કરબલા ઉપર રોવાનો વખત છે. આપણા છઠ્ઠા ઈમામ (અલય્હિસ્સલામ)ને એક શખ્સે પુછ્યું કે : યબ્ન રસુલિલ્લાહ! ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) ઉપર રોવાનો કેટલો સવાબ છે? આ સાંભળીને ઈમામ રોવા લાગ્યા, એટલું બધું રડયા કે આપની દાઢી મુબારક ભીની થઈ ગઈ અને ફરમાવ્યું જે ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) ઉપર રોશે તેણે અમારો એહલેબૈતનો હક અદા કર્યો. પુછ્યું : મૌલા કેવી રીતે રડીએ? આપે ફરમાવ્યું કે: જેવી રીતે આપ પોતાના સગાઓ ઉપર રડો છો એવી જ રીતે મારા જદની મુસીબત ઉપર રોવો. અઝાદારો! હવે રોવાનો વખત છે. મૌલાની આખરી રૂખ્સતી બયાન કરવા ચાહું છું. તે પછી એ મઝલુમની શહાદત ઉપર મજલીસ ખત્મ થશે.

અઝાદારો! મૌલા અશ્કીયાની સાથે જંગ કરીને આખરી રૂખ્સત માટે ખૈમામાં આવ્યા. મૌલાએ અનસારોના ખૈમા તરફ નઝર કરી તો જોયું કે બધા ખયમા ખાલી પડેલા છે! અરે થોડીવાર પહેલાં હુસૈનના બહાદુરોની જ્યાંથી આવાઝ આવી રહી હતી ત્યાં ઉદાસી વરસી રહી છે. અરે! એ ખૈમાઓ જોઈને આસમાન પણ રડતું હશે. કરબલાની ઝમીન પણ રોતી હશે. આકાએ એવી હાલત જોઈને ફરમાવ્યું : **'લા હવલ વલા કુવ્તા ઈલ્લા બિલ્લાહિલ અલિય્યીલ અઝીમ'**. ખૈમા ઉપર આવી મૌલાએ અવાઝ આપી : **'યા ઝયનબો! યા ઉમ્મે કુલસુમ! યા સુકયનતો! યા રબાબો! અલયકુન્ન મિન્નીસ્સલામ,** તમારા ઉપર મારા આખરી સલામ થાય. અઝાદારો! એ વખતે ખૈમામાં અજબ હાલત હશે. જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા) ભાઈની ફિક્રમાં હશે અથવા પોતાના દિલબંદો ઔનો મોહમ્મદને યાદ કરતી હશે. ઉમ્મે લૈલા કડીયલ જવાન ફરઝંદના ગમમાં નાલાઓ ફરયાદ કરતી હશે અથવા તો આકાની ફિક્રમાં હશે. જનાબે કાસીમ (અલય્હિસ્સલામ)ની માં બચ્ચાની લાશના ટુકડા થઈ ગયા

તેના ઉપર આંસુ વહાવતી હશે. જનાબે ઉમ્મે કુલસુમ ભાઈ અબ્બાસની યાદમાં બેઠી હશે. રબાબ અસગરની પ્યાસને યાદ કરીને આંસુ વહાવી રહી હશે અને જનાબે સકીના બાપની રાહ જોતી હશે. મૌલાની આવાઝ સાંભળીને તમામ બીબીયો ઉભી થઈ ગઈ. મઝલુમ મવલા! બે યારો મદદગાર મવલા! હઝરત ઈમામે ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)ની પાસે આવ્યા કે જે બીમારીની હાલતમાં બીસ્તર ઉપર સુતા હતા. પિદરે બુઝુર્ગવારને જોઈને તઅઝીમ માટે સય્યદે સજ્જાદ ઉઠવા ચાહતા હતા પણ ઉઠી ન શકયા, ફુફી ઝયનબને કહ્યું મને જરા ટેકો આપી બેસાડો. જયારે આપને બેસાડવામાં આવ્યા તે વખતે મઝલુમે કરબલાએ પુછ્યું બેટા કેમ છે? જવાબ આપ્યો કે અલ્હમ્દોલિલ્લાહ. બિમારે કરબલાએ પુછ્યું : કે,અય બાબાજાન! તમારી અને લશ્કરની વચ્ચે શું નક્કી થયું? મવલાએ જવાબ આપ્યો કે બેટા! સુલેહની ઉમ્મીદ ટુટી ગઈ. હવે તો બધાય મને કતલ કરવા માટે તૈયાર થઈ ગયા છે. અમારા અને તેઓના ખૂનથી ઝમીને કરબલા લાલ લાલ થઈ ગઈ છે.

તે વખતે ઈમામે ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ)મે પૂછયું કે : અય બાબા! અયન અયન હબીબ ઈબ્ને મઝાહિર? અરે, હબીબ ઈબ્ને મઝાહિર કયાં છે? કોતેલ, બેટા! એમને કતલ કરી નાખવામાં આવ્યા! આપે પૂછયું અયન અયન મુસ્લીમ ઈબ્ને અવસજા! આપે ફરમાવ્યું? કોતેલ અરજ કરી : અયન અયન અમ્મી અબુલફઝલીલ અબ્બાસ? બાબા! મારા કાકા અબ્બાસ કયાં છે? ઈમામે ફરમાવ્યું કે તેઓ નહેરે ફૂરાત ઉપર બાઝુઓ કપાવી શહીદ થઈ ગયા. બિમારે કરબલાએ પૂછયું, અયનો અખી અલિય્યેનિલ અકબર - ભય્યા અલીઅકબર કયાં છે? તે વખતે જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા) ભાઈનો ચહેરો જોવા લાગ્યા, કે હવે ભાઈ શું જવાબ આપશે! ઈમામ (અલય્હિસ્સલામ)મે છેવટે ફરમાવ્યું : "યા બોનય્ય મા બકેય અહ્દુન ઈલ્લા અના વઅન્ત અય બેટા ઝયનુલ આબેદીન! ક્યાં સુધી તમો પુછશો અને હું ક્યાં સુધી જવાબ આપું? બેટા! તમામ ખૈમાઓ ખાલી થઈ ગયા. તમારી અને મારી સિવાય હવે કોઈ બાકી રહ્યું નથી. અય બેટા! હું પણ જઈ રહ્યો છું.

મારાથી તમો રૂખ્સત થઈ લો. આ સાંભળી બિમારે કરબલા બહુ જ રોયા અને ફુફીને ફરમાવ્યું કે : મારી લાકડી અને તલવાર લાવો. ઈમામે પુછ્યું બેટા! તલવાર અને લાકડીને શું કરશો? અય બાબા! લાકડીને ટેકો દઈને ઉભો રહીશ અને તલવારથી તમારી મદદ કરીશ! આ સાંભળી ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) રોવા લાગ્યા અને ફરઝંદને છાતી સાથે લગાડયા અને ફરમાવ્યું કે : તમો મારી બહેતરીન અવલાદ છો, બેટા ઝયનુલ આબેદીન! યતીમ બચ્ચાઓ અને બેવા બીબીયોનો મારા પછી તમો ખ્યાલ રાખજો. હવે પરદેસમાં તેઓનો કોઈ વારીસ નથી તમો એક જ તેમનો સધિયારો છો. અય બેટા! દુશ્મનોની તાનાઝની, પરાયો દેસ અને ઝિલ્લત. અરે આ બધી મુસીબતોમાં જો તમો શહીદ થઈ જશો તો આ બેવારીસોની કોણ ખબર લેશે? અરે! ગભરાશો નહીં, આ લોકો રડે તો તેમને દિલાસો આપજો. આ લોકો તમારી હાલત ઉપર રોશે અને તમો તેમની હાલત ઉપર રોશો. બેટા ઝયનુલ આબેદીન! જયારે વતનમાં જાવ તો મારા શીઆઓને મારા સલામ પહોંચાડજો અને કહેજો, કે આલમે ગુરબતમાં તમારા આકાને શહીદ કરવામાં આવ્યા. અરે! એમની હાલત ઉપર રડજો અને જયારે ઠંડુ પાણી પીઓ ત્યારે એમની પ્યાસને યાદ કરજો.

અઝાદારો! મૌલાની કયામતખેઝ રૂખ્સતીથી તમામ બીબીયો અને બચ્ચાઓ આપની ચોતરફ ભેગા થઈ ગયા, કોઈ પગ પકડે છે તો કોઈ હાથ પકડે છે. કોઈ દામન પકડી રાખે છે. હુસૈન (અલય્હિસ્સલામ) બધાયને દિલાસો આપે છે પણ આંખમાંથી આંસુ જારી છે. અવલાદવાળાઓ! જરા વિચાર કરવાની જગ્યા છે કે, જયારે કોઈ સગામાંથી કે ઘરમાંથી જુદુ થાય છે અને તેના પાછા આવવાની પણ ખાતરી હોય છે, છતાં પણ આપણી કેવી હાલત થઈ જાય છે? કરબલામાં તો તમામ બીબીઓ અને બચ્ચાઓને ખાતરી થઈ ગઈ કે જે રનમાં જાય છે તે જરૂર શહીદ થઈ જાય છે. અરે! પોતાના આકા અને ઈમામને કેવી રીતે રૂખ્સત કરે, અરે ન અબ્બાસ છે, ન અલીઅકબર છે, ન તો કાસીમ છે! કોઈપણ બાકી ન રહ્યું. ચારો તરફથી અવાઝ આવી રહી છે.

'યા અબી યા અબી' કોઈ કહી રહ્યું છે. 'યા અખી યા અખી' કોઈ 'યા સય્યદી યા સય્યદી' કહીને ફરિયાદ કરી રહ્યું છે, અરે! મઝલુમ હુસૈન કોને સમજાવે કેવી રીતે દિલાસો આપે! છેવટે આપે જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા)ને કહ્યું કે અય બહેન ઝયનબ! આખરી વખતે તમો મારા દીલને ખુશ કરો. ખુદા તમારા દિલને ખુશ કરે. જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા) ભાઈને વળગી પડયા અને કહ્યું, બહેન શું તદબીર કરે? આપે કહ્યું બહેન! સબ્ર કરો, અને ઔરતો અને બચ્ચાંઓને સમજાવો. મારૂ દિલ ટુટી જાય છે. આ સાંભળીને જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા)મે કહ્યું કે ભાઈ! હું એવો સબ્ર કરીશ કે સબ્ર પણ ઝયનબથી આજીઝ થઈ જશે. પછી મૌલાએ ફરમાવ્યું કે બહેન ઝયનબ! જયારે નમાઝે શબ માટે ઉઠો ત્યારે મને યાદ કરજો કે મારો એક ભાઈ મારી સાથે ઉઠતો હતો! અને આ યતીમનો તમો ખ્યાલ રાખજો.

અઝાદારો! જોયું આપે કે મૌલા કેવી રીતે રૂખ્સત થાય છે. મૌલાને કોણે ઘોડા ઉપર સવાર કર્યા? હવે તો કોઈ મૌલાને સવાર કરનારૂ પણ નથી. હવે મૌલા થોડીકવારના મહેમાન છે. ત્રણ દિવસની ભુખ અને પ્યાસ! મઝલુમ કયાં સુધી લડે? આપે એક સદા સાંભળી **'યા અય્યોહલ્લઝીન આમનું અવફુ બિલ ઓકુદ'** અય ઈમાનવાળાઓ! પોતાના વાયદાને પુરો કરો. ઈમામ (અલય્હિસ્સલામ)મે લડવાથી હાથને રોકી લીધો અને ફરમાવ્યું 'ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઉન.' અઝાદારો! આકા ઘોડા ઉપર છે, અશ્કીયાઓએ મૌલાને ઘેરી લીધા છે, કોઈ તલવાર મારે છે, તો કોઈ બરછી મારે છે. તીરોથી એટલા બધા આપ ઝખ્મી થઈ ગયા કે ઘોડા ઉપર બેસવું મુશ્કીલ થઈ ગયું. છેવટે આપ ઘોડા ઉપરથી ઝમીન ઉપર તશરીફ લાવ્યા. ત્રીસ હજાર અશ્કીયાઓએ ઈમામને ઘેરી લીધા અને મૌલાને કત્લ કરવામાં સવાબ સમજે છે!

મવાએઝે હસનામાં છે, કે કયારેક મૌલા ઉભા થઈ કેટલાંક પગલાં ચાલે છે અને કયારેક ઝમીન ઉપર પડી જાય છે. અઝાદારો! શું મૌલા

કમજોરીના લીધે પડી જતા હતા? અરે, એવું ન હતું પણ જયારે ઈમામ ઉભા થતા હતા ત્યારે કોઈ શકી નેઝો મારતો હતો, તો કોઈ તલવારનો ઘા કરતો હતો. એ કારણથી આપ પડી જતા હતા. અરે! ભાઈની શયદા જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા)મે માજાયાને ઘોડા ઉપર ન જોયા ત્યારે ખૈમામાંથી બાહર નિકળ્યા. કયાં જાય અને કેવી રીતે જાય? ચારે તરફ લશ્કર હતું. ભાઈને જોવા માટે ફરિયાદ કરી રહ્યા હતાં, કે અય બેરહમો! તમારા ઉપર વાય થાય. શું તમારામાં કોઈ મુસલમાન નથી કે નબીના નવાસાની મદદ કરે? પછી એક ઉંચી ટેકરી ઉપર ચડી ગયા, જેને 'તલ્લએ ઝયનબિયહ' કહે છે. એ ઠેકાણેથી જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા)મે અજબ મંઝર જોયો કે ભાઈની છાતી ઉપર કાતીલ સવાર થયો છે અને ઝબ્હ કરી રહ્યો છે. અરે! બેચેનીની સાથે પીસરે સાઅદને રડીને કહેવા લાગ્યા : **'યબ્ન સઅદિન કતલલ્લાહો રહમોક અખી અબુ અબ્દિલ્લાહ, યુકતલો વઅન્ત તનઝોરો'** - અય ઈબ્ને સાઅદ ખુદા તારી નસલને કાપી નાખે. મારો ભાઈ ક્તલ થઈ રહ્યો છે અને તું જોઈ રહ્યો છે! આલમમાં કોહરામ બરપા થયો. અરે! ઝમીને કરબલાને ધરતીકંપ થયો, સુરજને ગ્રહણ લાગ્યું, કાળી આંધીઓ ચાલવા લાગી, અરે! બહેને ઝમીન ઉપર પછાડી ખાધી. હુસૈનનું માથું જુદું થવા લાગ્યું, ફુરાતનું પાણી ઉછળવા લાગ્યું, હુસૈનના બચ્ચાંઓ યતીમ થઈ ગયાં, જિબ્રઈલે અમીને અવાઝ આપી : **'અલા કોતેલલ હુસૈનો બે કરબલા, અલા ઝોબેહલ હુસૈનો બે કરબલા.'** જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા) ઉભા થઈને ભાઈની લાશની આસપાસ ફરવા લાગ્યા, અરે! કલેજા ઉપર હાથ રાખીને ફરિયાદ કરવા લાગ્યા : **'યા મોહમ્મદા, વા અલિય્યા!'** હાય! કરબલાના રણમાં હું લુંટાઈ ગઈ, મારી માનો બાગ પરદેસમાં તારાજ થઈ ગયો. અય ભાઈ! કાશ મઝલુમા બહેન આ પહેલાં આંધળી થઈ જતે અને આપની આવી હાલત ન જોતે. અરે! ઘડી ઘડી ગશ ખાઈને આપ જમીન ઉપર પડી જતા હતા. જનાબે ફિઝઝા આવીને જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા)ને ખૈમામાં લઈ ગયા.

**અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝ ઝાલેમીન.**

# મજલીસ : ૧૮

## શામે ગરીબાં

# બિસ્મિલ્લાહિર્ રહ્માનિર્ રહીમ

*'ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઉન'*

આજે ઝાકીર કોનો ખુત્બો પઢે? અફસોસ! આજે ખતીબે મિમ્બરનો નવાસો ખૂનમાં ડુબેલો છે. આજે ફાતેમાનો ચાંદ ગોરૂબ થઈ ગયો. આજની રાત એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ના માટે મોટી મુસીબતની રાત છે, આવી રાત તો કોઈ ઉપર વીતી નહીં હોય.

જયારે ઝુર્રિયતે રસુલને દુશ્મનો ખુબ લૂંટી રહ્યા અને હુસૈની ખૈમાઓ આગમાં ખાક થઈ ગયા. બીબીયો બેવારીસ બની ખાક ઉપર બેસી ગઈ અને એક બળેલી કનાતનો પરદો કર્યો. જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા)મે બચ્ચાંઓને ભેગા કર્યા તો ખબર પડી કે, જનાબે સકીના અને કેટલાંક બચ્ચાઓ જોવામાં નથી આવતા. જનાબે ઉમ્મે કુલસુમે કહ્યું : બહેન! બચ્ચાંઓ જોવામાં નથી આવતાં, શું કરવું? કહ્યું કે : બહેન ચાલો આપણે તેઓને તલાશ કરીએ. રાત્રીના અંધારામાં બચ્ચાઓને ગોતવા માટે અલીની બેટીયો નિકળી, ફાતેમાની દુખ્તરો ઉપર કેવો મુસીબતનો વખત આવ્યો છે. મકતલે શોહદામાં ચોતરફ બચ્ચાંઓને ગોતવા માટે પુકારતી હતી. અઝાદારો! આ એ જ અલી અને ફાતેમાની દિકરીયો છે કે, જયારે મદીનાથી નીકળી હતી તો તેમની સવારી માટે કેવો બંદોબસ્ત થયો હતો? હવે કયાં છે કાસીમ, અલીઅકબર અને અબ્બાસ! કે તેમના પરદાનો બંદોબસ્ત કરે. અઝાદારો આજે શામે ગરીબાં છે. ઝયનબ અને ઉમ્મે કુલસુમ (સલામુલ્લાહે અલય્હા) મેદાનમાં ઠોકરો ખાઈ રહી છે. એક જગ્યા ઉપર નઝર પડી કે, જનાબે સકીના એક લાશની સાથે લીપટી

ફરીયાદ કરી રહી છે? રોઈ રોઈને કહેવા લાગી : અય ફુફીજાન! આ લાશ મારા બાબાની છે. કહ્યું બેટા! લાશને કેવી રીતે ઓળખી? ન તો લાશ ઉપર સર છે, ન લીબાસ છે. જનાબે સકીનાએ જવાબ આપ્યો કે : જયારે ખૈમામાં આગ લાગી ત્યારે હું મકતલની તરફ જઈ રહી હતી અને ફરિયાદ કરતી હતી કે : અયન અબી અયન અબી? મારા બાબા ક્યાં છે? એક ઉંડાણમાંથી અવાઝ આવી કે એલય્ય એલય્ય અય બેટી! અહીંયા આવો કે, હું સર કપાવીને અહીં સુતો છું. જયારે હું લાશ આગળ ગઈ તો બન્ને હાથોથી મને છાતીએ લગાડી લીધી, તેથી હું સમજી કે આ મારા બાબાની લાશ છે.

ત્યાર પછી જનાબે ઝયનબ અને ઉમ્મે કુલસુમ બચ્ચાઓને ગોતવા લાગ્યા. એક ઝાડીની નઝદીક જોયું કે, બે બચ્ચાઓ ગળામાં હાથ નાખી પડેલા છે. જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા) સમજ્યા કે સુઈ રહ્યા છે. બાજુ હલાવ્યા પણ કોણ જવાબ આપે! બન્નેની રૂહ પરવાઝ કરી ગઈ છે. શાહઝાદીએ જોયું તો ખબર પડી કે, તેમની છાતી ઉપર ઘોડાની ટાપોના નિશાન પડેલા છે. અરે! ન મઅલુમ આ બચ્ચાંઓ ઘોડાની ટાપોથી યા પ્યાસના લીધે દુનિયાથી ઉઠી ગયા. બીજી રિવાયતમાં છે કે, બહેનોએ જોયું કે, બચ્ચાઓ ભુખ અને પ્યાસના કારણે હલાક થઈ ગયા છે અને આંસુઓથી તે ઝમીન તર થઈ ગઈ છે! અલી અને ફાતેમાની બેટીઓએ બચ્ચાંઓની લાશને ઉપાડી અહ્લે હરમની પાસે લાવ્યા. તમામ બીબીઓ રોવા લાગી.

પીસરે સાઅદના લશ્કરમાં જયારે ખબર પડી કે, એહ્લેબૈતના બે બચ્ચાંઓ તરસના લીધે હલાક થઈ ગયા છે. તેથી કેટલાક માણસો ઈબ્ને સાઅદની પાસે આવ્યા અને કહ્યું : અય અમીર! અમે તારા કહેવાથી અવલાદે રસુલને શહીદ કરેલ છે. હ.ઈ.હુસૈન (અલય્હિસ્સલામ) શહીદ થઈ ગયા છે. હવે દુખીયારી ઓરતો અને બચ્ચાઓનો શું કસુર છે? ત્રણ દિવસ થઈ ગયા છતાં પાણી નથી મળ્યું. હવે તો બચ્ચાઓ પ્યાસથી હલાક થઈ જાય છે, તેના માટે ખાવા પીવાનો બંદોબસ્ત કર. આ સાંભળી તે શકીએ કહ્યું : તમારી ઈચ્છા હોય

તેમ કરો. જયારે રજા મળી તો હવે સવાલ એ પૈદા થયો કે, ખાવા પીવાનો સામાન કોણ લઈને જાય! સીનાનની સ્ત્રીને કહેવામાં આવ્યું કે તું લઈ જા. તેણે કહ્યું, કે હું કેવી રીતે જાઉં? મારા શોહરે લૈલાના અઢાર વરસના જવાનનું કલેજું ચીરી નાખ્યું છે. પછી હુરમલાની સ્ત્રીને કહેવામાં આવ્યું કે તું લઈને જા. તેણીએ કહ્યું, હું શું મોંઢુ બતાવું? અરે! હુરમલાએ પાણી આપવાના બદલે અલીઅસગરનું ગળું વીંધી નાખ્યું છે. શિમ્રની બીબીને કહ્યું, તેણીએ જવાબ આપ્યો કે હું કઈ રીતે જઈ શકું? અરે! શું ઝયનબ મને નહીં પુછે? કે, મારા ભાઈને પાણી પીવરાવીને ઝબ્હ કર્યા કે તરસ્યા હલાક કર્યા? છેવટે જનાબે હુરની બીબી તૈયાર થઈ.

અહીંયા બીબીયોએ પોતાના વારીસોને યાદ કરીને રોવાનું શરૂ કર્યું. જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા)મે ફરમાવ્યું કે : અય બીબીયો! હજુ કાલની જ વાત છે કે, આપણી હિફાઝતના માટે હબીબ ઈબ્ને મઝાહીર, ઝોહૈર અને મુસ્લીમ ઈબ્ને અવસજા હતા. કાસીમ, અલીઅકબર અને અબ્બાસ પણ હતા. મારા ભાઈ હુસૈન પણ મવજુદ હતા, પણ આજ રાત્રે આપણી પાસે કોઈ નથી! આહ, ઝયનબની ફરજ છે કે આજે તમારી હિફાઝત કરે. કારણ કે માજાયા હુસૈને તમો બધાયને મને સુપુર્દ કર્યા છે. આ સાંભળી બીબીયો કહેવા લાગી કે અય સાનીએ ઝહેરા! એ બનવા જોગ નથી કે, અમારી હાજરીમાં આપ આવી ખીદમત કરો. જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા) કોઈ રીતે રાજી થયા નહીં. એક ટુટેલો નેઝો હાથમાં લઈને ફરવા લાગ્યા. એકાએક આપે રોશની જોઈ. આગળ વધીને કહ્યું ‘અય અમારી તરફ આવનારાઓ! સાદાતને સતાવવાવાળાઓ, અરે! હમણાં જ અમારા થાકી ગયેલા નાના નાના બચ્ચાઓ ભુખ અને પ્યાસના લીધે સુઈ ગયા છે, અરે! અત્યારે અમોને સતાવો નહીં. અરે! અમારા પાસે ન માલ છે, ન ઝેવર છે, ન સરો ઉપર ચાદર છે, છતાં તમારે અમોને લૂંટવા જ હોય તો કાલે લૂંટજો. અમો અહીંથી ભાગી નહીં જઈએ. અત્યારે અમારા ઉપર રહમ કરો! આ સાંભળીને હુરની સ્ત્રી રડતી રડતી નઝદીક આવી અને કહ્યું કે શાહઝાદી! લૂંટવું કેવું? અને સતાવવું કેવું! અરે, હું

હુરની બીબી છું. અય મારી શાહઝાદી! હું એટલા માટે આવી છું કે આપના ભાઈ હુસૈનનો પુરસો આપું અને બચ્ચાઓનો ફાકો છોડાવું! આ સાંભળીને જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા)મે હુરની સ્ત્રીના ગળામાં હાથ નાખી દીધા અને કહ્યું : અય અમારા મહેમાનની ઝવજા! હું પણ તમને તમારા શોહરનો પુરસો આપું છું. અય બહેન! અમોને બહુ જ શરમ આવે છે કે એવા વખતમાં તમારો શોહર અમારો મહેમાન થયો કે અમો તેમની મહેમાનદારી કરી ન શકયા.

અરે! પાણી અને ભુંજેલું અનાજ જોઈને જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા)નું દિલ ભરાઈ આવ્યું મકતલ તરફ જોઈને કહેવા લાગ્યા. અય મારા મઝલુમ ભાઈ! પીસરે સાઅદને, ત્યાંથી આપને માટે હાજરી આવી છે, અરે ઝયનબ કઈ રીતે એને ગળા નીચે ઉતારે? કાશ! મને મૌત આવતે અને આ વખત જોવા ન પામતે. પછી ઝવજએ હુરને કહ્યું, કે અય બીબી! આ પાણી કોના માટે લાવી છો? કોણ તેને પીશે? અરે નાના મોટા બધાય આ પાણી માટે તરસતા ચાલ્યા ગયા. અરે! છ મહીનાના નાના બાળક અલીઅસગરને પણ પાણીનું એક ટીપુંય ન મળ્યું! અરે આ પાણીને જોઈ અમારૂ કલેજું ફાટી જાય છે. અરે આ ખાવાનું અને પાણી પાછું લઈ જા, બહેન! ન તો અમોને ભુખ છે ન તરસ છે. અમારા માટે તો હવે ખાવાને ગમ અને પીવાને આંસુ કાફી છે. ઝવજએ હુરે ખુબ જ સમજાવ્યા અને તમામ ચીઝો ત્યાં રાખી દીધી. પરંતુ કોઈ પણ રિવાયતમાં એમ જોવામાં નથી આવતું કે કોઈ બીબીએ ખાધું કે પીધું હોય છેવટે જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા)મે બધી બીબીયોને કહ્યું કે પાણી આવ્યું છે, તરસ્યા બચ્ચાંઓને પીવરાવો નહીં તો હલાક થઈ જશે. સૌથી પહેલે જનાબે સકીના ગભરાઈને કહેવા લાગ્યા : આ પાણી જે લાવેલ છે તેના હાથથી જ હું પીઈશ. અવલાદવાળાઓ! આ સાંભળી અહલેહરમનું દિલ હલી ગયું. જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા)મે ફરમાવ્યું : બેટી! તું શું વિચારમાં છે? આ પાણી તારા કાકા અબ્બાસ નથી લાવ્યા પણ યઝીદની ફોજ તરફથી આવ્યું છે. આ સાંભળી જનાબે સકીના

(સલામુલ્લાહે અલય્હા)મે તે પાણી પીવાનો ઈન્કાર કર્યો. જયારે જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા)મે બહુજ સમજાવ્યા ત્યારે જનાબે સકીના (સલામુલ્લાહે અલય્હા)મે પુછ્યું કે, સૌથી પહેલા મને કેમ પાણી આપો છો? ફરમાવ્યું કે : બેટા! તું સહુથી નાની છો. આ સાંભળી પાણીનો કુઝો લઈને જનાબે સકીના મકતલની તરફ ચાલ્યા. પુછ્યું : બેટી! કયાં જાવ છો? કહેવા લાગ્યા કે : અરે મારાથી નાનો મારો ભાઈ અલીઅસગર છે, તેને પીવરાવવા જાઉં છું. જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા)મે ફરમાવ્યું કે : બેટી! હવે અલીઅસગર કયાં છે? એ તો હુરમલાના તીરથી શહીદ થઈ ગયા.

***અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝ ઝાલેમીન.***

# મજલીસ : ૧૯

## *જનાબે નૂહ અને જનાબે ઈબ્રાહીમ (અલય્હિસ્સલામ)નું ઈમ્તેહાન અને એહલેબૈત (અલય્હેમુસ્સલામ)નું કરબલાથી રવાના થવું*

# બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ

*"અલ્લઝીન આમનુ વ હાજ વજાહદુ ફી સબીલિલ્લાહે બે અમ્વાલેહિમ વ અન્ફોસેહિમ અઅઝમો દરજતન ઈન્દલ્લાહે વ ઓલાએક હોમુલ ફાએઝુન.*

ખુદાવંદે આલમ કુરઆને મજીદમાં ઈરશાદ ફરમાવે છે કે, જે લોકો ઈમાન લાવ્યા અને હિજરત કરી અને જેહાદ કરી રાહે ખુદામાં પોતાના માલોથી અને નફસોથી તેમનો ખુદાની નઝદીક બહુ જ મોટો મરતબો છે અને તેઓજ ફાએઝ થવાવાળા છે.

ત્રણ સિફતો આ આયતમાં રજુ થયેલી છે. સરવેથી પહેલે ઈમાન, પછી હિજરત અને ત્યાર બાદ જેહાદ છે, કે જે નફસ અને માલથી છે. માત્ર ઝબાનથી ઈમાનનો દાવો કરવાથી કબુલ કરવામાં આવતું નથી, પણ દરેક દાવેદારનું ઈમ્તેહાન લેવામાં આવે છે. ઈમ્તેહાનની જુદી જુદી રીતો છે. જે દરજ્જાનો માણસ તે દરજ્જાનું ઈમ્તેહાન અને તેવી જ બલાઓમાં મુબ્તેલા થાય છે. અગર કોઈ નબી હોય તો તેનું ઈમ્તેહાન એ દરજ્જાનું લેવામાં આવે છે, અને કોઈ વલી હોય તો એના મરતબા મુજબ ઈમ્તેહાન લેવામાં આવે છે, અગર રસુલ હોય તો તેની મુસીબત એ દરજાની હોય છે. દુનિયામાં

ઈમ્તેહાનનો સિલસિલો પહેલેથી જ ચાલ્યો આવે છે. જનાબે આદમ (અલય્હિસ્સલામ)નું ઈમ્તેહાન જન્નતની જુદાઈથી અને જનાબે હવ્વાના ફિરાકથી લેવામાં આવ્યું. હઝરતે નૂહ (અલય્હિસ્સલામ)નું ઈમ્તેહાન તેમની ઉમ્મતના ઝુલ્મોથી લેવામાં આવ્યું. જયારે હઝરતે નૂહ પોતાની કૌમને હિદાયત કરતા હતા ત્યારે લોકો એટલો બધો પત્થરોનો વરસાદ વરસાવતા હતા કે આપ ઝખ્મી થઈ પડી જતા હતા. આપને મરેલા સમજીને શહેરની બાહર મુકી આવતા હતા. જિબ્રઈલે અમીન આપનો ઈલાજ કરતા હતા. જયારે આપ સાજા થઈ જતા હતા ત્યારે ફરી પોતાની કૌમ પાસે જઈને ફરમાવતા હતા. 'કુલુ લાએલાહ ઈલ્લલ્લાહ' કહો કે અલ્લાહ એક છે. આપ તવહીદનો સબક આપતા હતા અને તકલીફ ઉઠાવતા હતા. તવારીખ બતાવે છે, કે હઝરતે નુહ (અલય્હિસ્સલામ) નવસો વરસ સુધી પોતાની કૌમને હિદાયત કરી પણ થોડાક સિવાય કોઈએ ઈમાન કબુલ કર્યું નહીં.

દુનિયામાં જેટલા હાદી ગુજર્યા છે અને જેઓએ હિદાયતનો અલમ બલંદ કર્યો છે, તેમની સાથે કૌમે ગદ્દારી કરી છે. હકીકતમાં હિદાયત કરવાવાળાની કદર થતી નથી. જનાબે નૂહ (અલય્હિસ્સલામ)ની સાથે એમની કૌમને એટલી બધી દુશ્મની હતી, કે જયારે બાળકો સમજદાર થતા હતા ત્યારે તેમના વડીલ હ. નૂહ (અલય્હિસ્સલામ) પાસે લાવતા હતા અને બાળકોને કહેતા હતા કે : જુઓ બેટા! આ માણસ જુઠો છે. જાદુગર છે. તેની વાતો ઉપરથી ભરમાઈ ન જતા, તેના ધોકામાં આપણા ખુદાઓને ભુલી ન જતા, બની શકે ત્યાં સુધી તેને તકલીફ આપવાની કાશિષ કરજો. એક વખતે એક માણસ પોતાના છોકરાને લઈને આવ્યો અને જનાબે નૂહ (અલય્હિસ્સલામ)ની તરફ ઈશારો કરીને કહ્યું કે : દિકરા! જયારે તું જવાન થાય તો તારાથી બની શકે એટલી આને તકલીફ આપજે. છોકરાએ કહ્યું કે : અય મારા બાપ! કદાચ હું જવાન થાઉં ત્યાં સુધી આ માણસ જીવતો ન રહે અને મને હસરત રહી જાય કે મેં તમારી વસીયત પુરી ન કરી, માટે તમારી ગોદમાંથી મને ઉતારો. તેના બાપે છોકરાને ઝમીન ઉપર ઉતાર્યો. છોકરાએ ઉતરીને ઝમીન ઉપરથી પત્થર

લીધો અને જનાબે નૂહ (અલય્હિસ્સલામ)ના માથા ઉપર એવો માર્યો કે, માથું ફાટી ગયું અને ખૂન વહેવા લાગ્યું. છતાંય આપે હિદાયતના કામને છોડયું નહિ. એવી જ રીતે જનાબે ઈબ્રાહીમ (અલય્હિસ્સલામ)નું ઈમ્તેહાન લેવામાં આવ્યું. આપનો જન્મ એવા લોકોમાં થયો કે જે બુત પરસ્ત હતા. જેમકે આપના કાકા આઝર. કેટલેક સ્થળે તવારીખમાં અને કલામે મજીદમાં પણ આઝરને જનાબે ઈબ્રાહીમ (અલય્હિસ્સલામ)નો બાપ કહેવામાં આવ્યો છે. પણ અરબના મહાવરામાં કાકાને બાપ કહે છે અને એટલા માટે જ કલામે મજીદમાં અરબોના મહાવરાના કારણે બાપ કહેવામાં આવ્યો છે. હદીકતમાં આપના વાલીદ તારૂખ હતા. જનાબે ઈબ્રાહીમ (અલય્હિસ્સલામ)મે મોટા ઝાલીમ બાદશાહનો મુકાબલો કર્યો કે જે ખુદા હોવાનો દાવો કરતો હતો. માલ - દોલત અને લશ્કર પણ તેની પાસે પુષ્કળ હતું. કોઈની હિંમત ન હતી કે બાદશાહ વિરૂધ્ધ કાંઈ કહી શકે. છતાં પણ નમરૂદને હક વાત કહેવા આપે પાછી પાની કરી નથી. એક દિવસ નમરૂદે જનાબે ઈબ્રાહીમ (અલય્હિસ્સલામ)ને દરબારમાં બોલાવ્યા અને કહ્યું કે : અય ઈબ્રાહીમ! તમારો ખુદા જે આસમાનની સલતનત કરે છે તે એવું શું કરી શકે છે, કે જે હું નથી કરી શકતો? હઝરત ઈબ્રાહીમ (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું : **‘રબ્બેયલ્લઝી યોહયી વ યોમીતો** - મારો ખુદા મુરદાને જીવતા કરે છે અને જીવતાને મુરદા કરે છે.’ નમરૂદે કહ્યું : કે હું પણ એમ કરી શકું છું. પછી થોડાક એવા કેદીઓને બોલાવ્યા કે, જેને મોતનો હુકમ આપવામાં આવ્યો હતો. તેમાંથી કેટલાકને કતલ કર્યા અને કેટલાકને છોડી દીધા અને કહ્યું કે : જુઓ ઈબ્રાહીમ! મેં જીવતાઓને મુરદા કર્યા અને મુરદાઓને જીવતા કર્યા. કારણ કે હું તેઓને મુકત ન કરતે તો તેઓને જરૂર કતલ કરવામાં આવતે. જો કે નમરૂદની આ દલીલ બિલકુલ વાહિયાત હતી. તેની સાથે વધારે વાત કરવી નક્કામી હતી. તેથી કહ્યું કે : અય નમરૂદ! **‘ઈન્નાલ્લાહ યઅતી બિશ્શમ્સે મેનલ મશરેકે ફ અતબેહા મેનલ મગરેબ** - મારો ખુદા સુર્યને પૂર્વથી ઉદય કરે છે, અગર તું શક્તિવાન

હો તો સુર્યને પશ્ચિમથી ઉદય કર. તેનો જવાબ નમરૂદ આપી શકયો નહીં. જનાબે ઈબ્રાહીમ (અલય્હિસ્સલામ) નમરૂદને સમજાવતા રહ્યા. પરંતુ તે ઝાલીમ દરેક વખતે આપને દુ:ખ દેતો રહ્યો. ઈબ્રાહીમ (અલય્હિસ્સલામ)ને બાળી નાખવા માટે નમરૂદે હુકમ આપ્યો કે, ચાર મોટી દિવાલો તૈયાર કરવામાં આવે. ત્યાર પછી પોતાના માનવાવાળાને હુકમ કર્યો, કે બને એટલા લાકડાં તે સ્થળે ભેગા કરવાં. પરિસ્થિતી એટલી હદે પહોંચી કે લોકો લાકડાં પહોંચાડવાની મન્નત માનતા હતા કે, અમારૂ ફલાણું કામ પુરૂ થઈ જશે તો અમુક લાકડીઓ તે મકાનમાં નાખશું. બે વરસ સુધી લાકડીઓ ભેગી થઈ. દિવાલની બાહેર પણ લાકડીઓનો મોટો ઢગ થયો અને તેને સળગાવવામાં આવી. દસ દિવસ સુધી એ આગ સળગતી રહી અને તેના ભડકા એટલા ઉંચા જતા હતા કે કોઈ પંખી ત્યાંથી પસાર થતું તો બળી જતું હતું. નમરૂદે હુકમ કર્યો કે હવે : ઈબ્રાહીમને તે આગમાં ફેંકી દો, પણ આગની નઝદીક જાય કોણ? તે વખતે તેણે તમામ દરબારીઓને ભેગા કરી સલાહ લીધી કે, ઈબ્રાહીમને આગમાં કેવી રીતે નાખવા? બધાએ કહ્યું કે, એક ગોફણ તૈયાર કરવામાં આવે અને તેમાં ઈબ્રાહીમને રાખીને ફેંકવામાં આવે. ઈબ્રાહીમ (અલય્હિસ્સલામ)ને ગોફણમાં રાખવામાં આવ્યા. આસમાન અને ઝમીનમાં શોર મચ્યો. બધાએ મળીને અર્ઝ કરી કે : બારે ઈલાહા! દુનિયામાં તારો એક હકીકી માનવાવાળો છે અને તેના ઉપર નમરૂદ ગાલીબ થએલ છે, તે ચાહે છે કે, તેને બાળી નાખે. અમોને રજા આપ કે અમો ઈબ્રાહીમને મદદ કરીએ. કહ્યું કે, જાઓ અગર ઈબ્રાહીમ કબુલ કરે. સૌથી પહેલા એ ફરિશ્તો હાજર થયો કે, જે હવા ઉપર મોવક્કલ હતો તેણે આવીને સલામ કરી. ઈબ્રાહીમ (અલય્હિસ્સલામ)મે કહ્યું કે : ભાઈ! તું કોણ છો, કે મારા જેવા ગરીબને સલામ કરે છે? ફરીશ્તાએ કહ્યું : અય ખુદાના નબી! હું હવા ઉપર મોવક્કલ છું મને રજા આપો, તો આ તમામ આગને એ કાફીરોના ઘરોમાં ફેલાવું કે કોઈ જીવતો રહેવા ન પામે. હઝરતે કહ્યું કે : હું ખુદા સિવાય કોઈની મદદ ચાહતો નથી. ત્યાર પછી વાદળા ઉપર મોવક્કલ હતો તે ફરીશ્તો આવ્યો. તેણે કહ્યું કે : હું

પળવારમાં પાણી વરસાવીને આગને બુઝાવી નાખું. હઝરત ઈબ્રાહીમ (અલય્હિસ્સલામ)મે કહ્યું ખુદા જે ચાહશે તે કરશે. છેવટે ગોફણમાંથી ઈબ્રાહીમ (અલય્હિસ્સલામ)ને ફેંકવામાં આવ્યા. હવામાં આપ જઈ રહ્યા હતા. હાથ પગનું ઠેકાણું ન હતું, પણ દિલ ખુદા તરફ હતું. જે વખતે ઈબ્રાહીમ (અલય્હિસ્સલામ) આગની નઝદીક પહોંચ્યા તે વખતે જિબ્રઈલે અમીને નઝદીક આવીને કહ્યું કે : અય ઈબ્રાહીમ! કોઈ હાજત હોય તો બયાન કરો? જવાબ મળ્યો કે તમારાથી કોઈ હાજત નથી. જિબ્રઈલે કહ્યું કે : જેનાથી હાજત હોય તેનાથી ચાહો. આપે ફરમાવ્યું કે, તે મારા હાલથી ખુબ જ વાકીફ છે, સવાલ કરવાની શું જરૂરત છે? અને કેટલાકથી એમ જાણવામાં આવે છે કે, જિબ્રઈલે કહ્યું કે : જેનાથી હાજત છે તેની પાસે કેમ બયાન કરતા નથી? હઝરત ઈબ્રાહીમે જવાબ આપ્યો કે, જયારે દોસ્ત દોસ્તનું સળગી જવું પસંદ કરે છે, ત્યારે ઝિન્દગી બેકાર છે. રબ્બુલ ઈઝઝત તરફથી ખિતાબ થયો કે ઈબ્રાહીમ જયારે દોસ્તની ખુશી ચાહે છે તો પછી સળગવું મુનાસીબ નથી. ત્યા પછી કુદરતે હુકમ આપ્યો કે **'યા નારો કુની બરદંવ વ સલામન અલા ઈબ્રાહીમ** - અય આગ! ઈબ્રાહીમ ઉપર સલામતીના સાથે ઠંડી થઈ જા.' ઈબ્રાહીમ (અલય્હિસ્સલામ) આગમાં પહોંચ્યા, એક બાલ પણ સળગ્યો નહીં અને આગ ગુલઝાર થઈ ગઈ!

અઝાદારો! આપે સાંભળ્યું અંબીયાઓનું જુદી જુદી રીતે ઈમ્તેહાન લેવામાં આવ્યું હતું અને તમામ ઈમ્તેહાનમાં સૌથી વધુ સખત ઈમ્તિહાન કરબલામાં લેવામાં આવ્યું અને તેમાં કામયાબ થવાવાળા માત્ર મર્દો જ ન હતા પરન્તુ સ્ત્રીઓ અને બચ્ચાઓ પણ હતા.

અગીયારમી મોહર્રમથી અઝાદારો! બીબીઓનું સખ્ત ઈમ્તેહાન શરૂ થયું. અરે કરબલાથી કુફા અને કુફાથી શામ સુધી ફેરવવામાં આવ્યા. અગીરયારમી મોહર્રમના પીસરે સાઅદે હુકમ આપ્યો કે તેની ફૌજની તમામ નજીસ લાશોને દફન કરવામાં આવે. એક સરદારે પુછ્યું : હુસૈન અને તેમના

સાથીઓની લાશના માટે શું હુકમ છે? તે મલઉને જવાબ આપ્યો કે, એમ જ ખાક ઉપર રહેવા દો. સવારથી તે બપોર સુધી તે દુશ્મનોની નજીસ લાશો દફન થતી રહી. જયારે એ લાશો દફન થઈ ચુકી ત્યારે પીસરે સાઅદે અહ્લેહરમને ગીરફતાર કરી કુફા તરફ રવાના કરવાનો હુકમ આપ્યો. બીબીઓ ખાક ઉપર બેઠી હતી કે એકા એક શિમ્ર અને ખુલી મલઉન એક ટુકડી લઈને ત્યાં આવ્યો. બીબીઓના બાઝુઓમાં રસ્સીઓ બાંધવામાં આવી. બીમારે કરબલાના ગળામાં તૌક અને હાથ પગમાં ઝંજીર પહેરાવવામાં આવી અને પીસરે સાઅદના લશ્કર તરફ લઈ ગયા. ત્યાંથી ઉઘાડી પીઠવાળા ઉંટો ઉપર સવાર કર્યા કે, જેના ઉપર ન કજાવો હતો ન અમારી હતી. ત્યાર પછી કુફાની તરફ રવાના થયા. આ વખતે અહ્લેહરમની ગિરયઓ ઝારીનો શું હાલ બયાન કરવામાં આવે? અરે! બીબીઓ પોતાના સગા ઉપર આખરી આંસુ વહાવતી હશે. અરે! પોતાના અઝીઝોની લાશોને બેકફન છોડી જઈ રહી હતી. અરે! જેમને ઉંટો ઉપર બેસવાની આદત ન હતી, તેમને કજાવા વગરના ઉંટો ઉપર બેસાડવામાં આવી. કમજોરી અને કેદની હાલત એ ઉપરાંત ના મહેરમોનો હોજુમ! કદમ કદમ પર ગશ આવી રહ્યો હતો. ઉંટો ઉપરથી પડી જતી હતી. ત્યારે અશ્કીયા તાઝીયાના મારતા હતા. સાંજના વખતે આ કાફલો મકતલે હુસૈનથી પસાર થઈને કુફા તરફ રવાના થયો. થોડે દુર ગયો હતો કે એકાએક ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ)નું સર મુબારક જે નેઝા ઉપર હતું તે નેઝો રોકાઈ ગયો. નેઝાને ઉખેડવાની લોકોએ બહુજ કોશિષ કરી, પરંતુ નેઝો જરા પણ મચક આપતો ન હતો. આખર શિમ્ર બીમારે કરબલાની પાસે આવ્યો અને કહ્યું કે : અય અલી ઈબ્નુલ હુસૈન! શું કારણ છે કે તમારા બાપનું સર આગળ નથી વધતું! હઝરતે ફરમાવ્યું કે અય શકી! મારી નાની બહેન સકીના ઉંટ ઉપરથી પડી ગઈ છે જયાં સુધી સકીના નહીં આવે ત્યાં સુધી મારા બાબાનું સર હટવાનું નથી. આ સાંભળીને શિમ્ર ગુસ્સાની સાથે મકતલે શોહદા તરફ ગયો અને બચ્ચીને ગોતવા લાગ્યો. આહ! તે વખતે હુસૈનની લાડલી લાશને લીપટીને ફરીયાદ કરી રહી હતી કે : બાબા! તમો ચૈનથી અહીંયા સુઈ

રહ્યા છો અને અમો કૈદ થઈ જઈ રહ્યા છીએ. બાબા! બીબીઓના સરો ઉપર ચાદર પણ રહેવા ન દીધી. આપે અમારી ખબર ન લીધી. અરે! ઝાલીમે મારા કાન ચીરી ગોશવારા ઉતારી લીધા, જુઓ! મારૂ પહેરણ ખૂનથી ખરડાએલું છે. અય બાબા! તમારી છાતી ઉપર સુનારી આખી રાત ખાક ઉપર પડી રહી છે. બાબાજાન! મને બતાવો કે પ્યારી સકીનાથી કેમ નારાજ થઈ ગયા? અવલાદવાળાઓ! હજુ જનાબે સકીનાએ બાપથી પોતાની દુ:ખની કહાની પુરી બયાન પણ કરી ન હતી એટલામાં શિમ્ર મલઉન ત્યાં આવ્યો અને ગુસ્સામાં જનાબે સકીનાને જોરથી તમાચા લગાવ્યા અને નાજુક બાઝુઓને જોરથી આંચકો મારી હુસૈનની લાશથી જુદી કરી કાફલા તરફ લઈ ચાલ્યો. સકીના પાછું જોઈ જોઈને બાપની લાશને ફરિયાદ કરતી હતી. અફસોસ એ બચ્ચીની હાલત ઉપર કે, તે મલઉને રહમ ન કરી અને ઉંટ ઉપર સવાર કરી રવાના થયો.

**_અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝઝાલેમીન_**

# મજલીસ : ૨૦

## *જનાબે સય્યદા (અલય્હિસ્સલામ)નું શાદીમાં જવું અને ઉમ્મે હબીબાની રિવાયત*

# બિસ્મિલ્લાહિર્ રહ્માનિર્ રહીમ

*કાલ રસુલુલ્લાહે (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) ફાતેમતો બિન્તી સય્યદતુન્નિસાઈલ આલમીન, વહેયા બિઝઅતુમ મિન્ની હેય હેયલ્લતી બયન જમ્બી મન અઝાહા ફકદ અઝાની*

જનાબે રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)મે ફરમાવ્યું કે : મારી બેટી ફાતેમા તમામ આલમની ઓરતોની સરદાર છે. તેણી મારો ટુકડો છે, મારો જીવ છે, કે જે મારા પહેલુમાં છે. જેણે તેને ઈઝા આપી તેણે મને ઈઝા આપી.

જનાબે ફાતેમા એટલા બધા રસુલિલ્લાહથી મળતા આવતા હતા કે, જનાબે આયશાથી રિવાયત કરવામાં આવે છે કે : મેં કોઈને એટલા મળતા જોયા નથી. જયારે આપ વાતચીત કરતા હતા તો એમ ભાસ થતો હતો કે, જનાબે રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) વાત કરી રહ્યા છે. જયારે આપ ચાલતા હતા એ વખતે એમ જણાતું હતું કે, રસુલિલ્લાહ જઈ રહ્યા છે! જયારે જનાબે સય્યદા હઝરતની ખિદમતમાં હાજર થતા હતા તો આપ ફરમાવતા હતા : મરહબા, અને આપના હાથ ચુમીને પોતાની જગ્યાએ બેસાડતા હતા. રસુલિલ્લાહને જનાબે સય્યદાથી એટલી બધી મોહબ્બત હતી

કે, જયારે આપની ખિદમતમાં એક અરબની જમાત હાજર થઈ અને કહ્યું કે : આપની પારએ જીગર અમારે ત્યાં શાદીમાં પધારે. હઝરતે ફરમાવ્યું કે : ફાતેમા રાજી ન હોય ત્યાં સુધી હું કાંઈ કહી શકતો નથી. એમ કહીને આપ ઘરમાં તશરીફ લાવ્યા અને ફરમાવ્યું કે : બેટી ફાતેમા! અરબના શ્રીમંત લોકો આવ્યા છે અને તેઓ તમોને શાદીમાં લઈ જવાની ઈચ્છા બતાવે છે. જનાબે ફાતેમાએ અરજ કરી કે : આપનો હુકમ બ સરોચશ્મ. પણ હું જાણું કે, મને દાઅવત આપવાથી તેમની આબરૂમાં વધારો થાય એવો તેઓનો હેતુ નથી પણ તેઓ મને બેઈઝઝત કરવા ચાહે છે. તેઓની સ્ત્રીઓ સુંદર રેશમી કપડાંઓ અને ઘરેણાં પહેર્યા હશે. મારી પાસે જુની થીગડાવાળી ચાદર અને ફાટેલા પહેરણ સિવાય કાંઈ નથી. હું એવી હાલતમાં શાદીમાં કેવી રીતે જાઉં?

**'ફલમ્મા સમેઅના નબિય્યો કલામોહા ઈંગતમ્મ કલ્બોહુ વ બકા.'**

આ સાંભળી રસુલે ખુદા બેઈખ્તીયાર રોવા લાગ્યા તે વખતે જિબ્રઈલ નાઝિલ થયા અને કહ્યું : યા રસુલિલ્લાહ! પરવરદિગારે આલમ સલામના તોહફા પછી ઈરશાદ ફરમાવે છે કે, તમો ફાતેમાને પુરાના કપડાની સાથે જ શાદીમાં મોકલો. અમારૂ કામ હિકમત અને મસલેહતથી ખાલી નથી. હઝરતે પોતાની બેટી ફાતેમાને ઈલાહી પૈગામ સંભળાવ્યો. આપે શુક્ર કર્યો અને આજ્ઞાનું પાલન કર્યું. તે પહેરણ અને ખજુરના પાંદડાંના થીગડાંવાળી જુની ચાદર ઓઢીને ઘરેથી શાદીમાં જવા બાહર નિકળ્યા. સાત કદમ આગળ વધ્યા હતા કે, જિબ્રઈલ જન્નતી કપડાં અને ઘરેણાં હુરોની સાથે લઈને નાઝિલ થયા. બેહિશ્તી લિબાસમાં જનાબે સય્યદા સજ્જ થયા. ચારે તરફ હુરોએ જનાબે સય્યદાને ઘેરી લીધા અને માલીકની તાઅરીફ કરતી દુલ્હનના ઘરે ગયા. સય્યદાને જોઈને તમામ સ્ત્રીઓ ઉભી થઈ ગઈ. જન્નતી હુરો અને ઠાઠમાઠ જોઈને કેટલીક ઓરતો બેહોશ થઈ ગઈ. જયારે આપ અંદર દાખલ થયા ત્યારે ઓરતો તાઅઝીમનો સિજદા કરવા લાગી. જન્નતની ખુશ્બોથી ઓરતોને ગશ આવવા લાગ્યો. ખાસ કરીને દુલ્હન એવી બેહોશ થઈ ગઈ કે તે જ હાલતમાં મરણ પામી. બધાય ગમગીન થયા. જનાબે સય્યદાને પણ ખુબ જ રંજ થયો. આપ

વઝુ કરી બે રકાત નમાઝ પડયા અને માલીકને સિજદો કરી કહેવા લાગ્યા : અય માલીક! અય મૌત પછી જીવન અતા કરનાર! તને વાસ્તો આપું છું મોહમ્મદ અને અલીનો કે, આ દુલ્હનને હયાત (જીંદગી) અતા કર. જનાબે સય્યદાએ સિજદામાંથી સર ઉપાડયું ન હતું કે દુલ્હન જીવતી થઈ અને તેને છીંક આવી અને કહ્યું કે : અલ્હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન. શહેઝાદીને જોઈને કહેવા લાગી : અસ્સલામો અલયક યા બિન્તે રસુલિલ્લાહ. બેશક તમારા પદરે બુઝુર્ગવાર પયગમ્બર છે. હું સાચા દીલથી કહું છું કે : અશ્હદોઅન લાએલાહા ઈલ્લલ્લાહો વહદહુ લાશરીક લહુ વ અન્ન મોહમ્મદન અબ્દોહુ વરસુલોહુ વ અન્ન અલિય્યન વલિય્યોહુ વ વઝીરોહુ. ત્યાર પછી સાતસો મર્દ અને ઓરતો ઈમાન લાવ્યા અને આપની ઉપરથી જવાહેરાત નિસાર કરવામાં આવ્યા. તેમજ એક નાની ઉમરની કનીઝ જનાબે સય્યદાને ભેટ આપી. આપ કનીઝની સાથે ઘરે આવ્યા અને વાલીદે બુઝુર્ગવારને બધોય હાલ કહી સંભળાવ્યો હઝરતે ખુદાનો શુક્ર અદા કર્યો અને તે કનીઝનું નામ જનાબે સય્યદાએ ઉમ્મે હબીબા રાખ્યું. **(સલવાત)**

ઉમ્મે હબીબા હંમેશા જનાબે હસનૈન, જનાબે ઝયનબ અને ઉમ્મે કુલસુમ સાથે રહેતા હતા. જનાબે સય્યદાએ વફાતના વખતે ઉમ્મે હબીબાને જનાબે અમીર (અલય્હિસ્સલામ)ને સોંપ્યા. હઝરત તેને ખુબ જ સારી રીતે રાખતા હતા. જયારે આપને જાહેરી ખિલાફત મળી ત્યારે કુફામાં ઈબ્ને હારીસની સાથે ઉમ્મે હબીબાના નિકાહ કર્યા. ત્યાર પછી જનાબે અમીર (અલય્હિસ્સલામ) મસ્જીદે કુફામાં શહીદ થયા. એહલેબૈત પાછા મદીના આવ્યા. ઉમ્મે હબીબા નાનપણથી એહલેબૈતની સાથે રહ્યા હતા. જયારથી એહલેબૈતનો સાથ છુટયો ત્યારથી આપ બેચૈન રહેતા હતા. અને રાત દિવસ રોયા કરતા હતા અને લોકોને મદીનાની ખબર પુછતા હતા. ઈમામે હસન (અલય્હિસ્સલામ)ની શહાદતની ખબર પડી ત્યારે ખાવું પીવું હરામ થઈ ગયું હતું. માથું ઓળવું અને સુરમો લગાડવો છોડી દીધો. ચાલીસ દિવસ સુધી સોગ

રાખ્યો અને બરાબર દોઆ કરતી હતી કે : બારે ઈલાહા! પંજેતનમાં એક મારો શાહઝાદો હુસૈન (અલય્હિસ્સલામ) બાકી છે તેને દુશ્મનોથી બચાવજે. દસ વરસ પણ પુરા પસાર થયા ન હતા કે, હઝરતથી પણ ઝમાનો ફરી ગયો. નાનાની કબ્ર છોડવી પડી, ખુદાના ઘરમાં પનાહ લીધી. ત્યાં પણ દુશ્મનોએ ચૈનથી રહેવા ન દીધા. કરબલાના જંગલને વસાવ્યું, થોડીક કબરોની જગ્યા ખરીદી અને ત્યાં ઝિન્દગી બસર કરવાનો વિચાર કર્યો, ત્યાં પણ રાહત ન મળી. બે દિવસ થયા ન હતા કે ફૌજ ઉપર ફૌજ કુફાથી આવવા લાગી. મદીનાના મુસાફર ઉપર લાખો દુશ્મનોએ ચઢાઈ કરી, ત્રણ દિવસ સુધી પાણી બંધ કર્યું, મોહર્રમની દસમીના બે પહોરના આખું ઘર સાફ થઈ ગયું. અસરને વખતે ફાતેમાના ચિરાગને ઓલવી નાખ્યો. જિબ્રઈલે નિદા આપી 'કોતેલલ હુસૈનો બે અર્ઝે કરબલા' આલમની શાહઝાદીઓ કૈદ થઈ ગઈ, અહ્લેહરમના ખૈમાઓ સળગાવવામાં આવ્યા. આ બધું થયું પણ ઉમ્મે હબીબાને કશી ખબર ન પડી!

એક દિવસ ઉમ્મે હબીબા ઘરમાં બેઠી હતી કે, કુફામાં શોર મચ્યો. કેટલીક સ્ત્રીઓએ આવીને કહ્યું કે : થોડાક કેદીઓના કપાયેલા માથાંની સાથે આ શહેરમાં આવેલ છે, અય ઉમ્મે હબીબા! ચાલો આપણે તમાશો જોવા જઈએ. ઉમ્મે હબીબાએ કહ્યું : મારી શાહઝાદી જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)મે મને મના કરી છે કે, કેદીઓનો તમાશો ન જોતી. તે ઓરતોએ કહ્યું કે : આ કેદીઓ જોવામાં કાંઈ વાંધો નથી. આ કેદીઓ અને માથાં એ લોકોનાં છે જેણે અમીરે શામ ઉપર ચઢાઈ કરી હતી. ઉમ્મે હબીબાએ કહ્યું કે : મારો ધણી સફરમાં છે, તેની રજા વગર હું બાહર નહીં જાઉં. તેણીઓએ કહ્યું : બાહર જવાની જરૂરત નથી. ચાલો અગાસી ઉપરથી જોઈએ. તમામ ઓરતો અને ઉમ્મે હબીબા અગાસી ઉપર ગઈ. કેટલાંક પ્યાદાઓ અને ઘોડે સવારો તલવારો ખેંચી અને નેઝાઓ બુલંદ કરી આગળ આગળ જઈ રહ્યા છે, તેની પછવાડે બચ્ચાંઓ અને જવાનોનાં કપાયેલાં અઢાર માથા નેઝા ઉપર એવી રીતે હતાં કે, તેમના બાલ ધુળથી ભરાએલા હતા અને ચહેરાઓ ઉપર ખૂનના

ડાધા હતા. એક મોટા નેઝા ઉપર એક એવું સર હતું કે, જેની આંખોમાં ખાડા પડયા હતા, હોઠ સુકાઈ ગયા હતા અને દાઢી હવાથી હલી રહી હતી. આ સરને ઉમ્મે હબીબા ધ્યાન દઈને જોવા લાગી પણ ખૂનમાં ખરડાયેલું હોવાથી, ઓળખી ન શકી! દિલમાં કહેવા લાગી કે મેં આ ચહેરાને કયાંક જોયો છે. ત્યાર પછી કેટલાંક ઊંટ જોયા કે તેના ઉપર વીસ બીબીયો તુર્ક અને (રૂમની બંદીયોની જેમ બેઠી છે, પણ તેમની અજબ હાલત છે કે તેમના ગાલો લીલા થઈ ગયા છે. માથાં ઉઘાડાં છે, વાળ વિખરાયેલા છે અને તેઓ રડી રહી છે. તેમની આગળ એક ઊંટ ઉપર જોયું કે એક બિમારને તૌક અને ઝંજીરમાં જકડેલા છે, તેમના હાથ પછવાડે બાંધી દીધા છે અને પગ ઊંટના પેટ સાથે બાંધેલા છે. રસ્તાની તકલીફથી પીંડલીઓમાંથી ગોશ્તના લોચા નીકળી પડયા છે અને ત્યાંથી ખૂન વહી રહ્યું છે! ઉમ્મે હબીબાનું દિલ કપાએલા સર જોઈને જ ભરાઈ આવ્યું હતું. હવે તેમનાથી ન રહેવાયું, બિમારને જોઈ રોવા લાગી અને પુછ્યું કે : અય નાતવાન! તું ક્યા ખાનદાનથી છો? તે વખતે બિમારે કરબલાએ જવાબ આપ્યો કે : હું બોલી શકતો નથી માટે આ બીબીઓને પુછી લે. જયારે બીબીઓનાં ઊંટ નઝદીક આવ્યા ત્યારે ઉમ્મે હબીબા પુછવા લાગ્યા કે : અય કેદીઓ! તમે કયા કબીલાના છો? તે ઊંટ ઉપર જનાબે સકીનાને લઈને જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા) બેઠા હતા અને બીજી રિવાયત મુજબ જયારે એ બે ક્સોના ઊંટ ઉમ્મે હબીબાની સામે આવ્યા તે વખતે જનાબે સકીનાને એવી તરસ લાગી હતી કે એક એકથી પાણી માગતા હતા. આ જોઈ ઉમ્મે હબીબા બેતાબ થઈ ગયા અને કહેવા લાગ્યા કે, અય બચ્ચી! સબ્ર કર, હું પાણી લઈ આવું છું. તરત જ પાણી લાવ્યા અને કહ્યું કે : અય કેદીઓ! હું ચાહું છું કે, આ શાહઝાદી મારા માટે બે વાતની દોઆ કરે. કારણ કે એવા બેક્સ યતીમની દોઆ જલ્દી કબુલ થાય છે. જનાબે સકીના (સલામુલ્લાહે અલય્હા) પાણી પીવા ચાહતા હતા. ત્યાં જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા)મે ફરમાવ્યું : અય બેટી! સબ્ર કરો, પહેલા આ ઓરતથી બન્ને હાજતો પુછી લો. જનાબે સકીનાએ પુછ્યું કે : તમારી શું હાજત છે?

તેણીએ કહ્યું કે : પહેલી હાજત મારી એ છે કે, તમો દોઆ કરો કે ખુદા મારા બચ્ચાંઓને આવી રીતે યતીમ ન કરે જેવી રીતે તમો યતીમ થઈ ગયા છો. અને બીજી હાજત એ છે કે, ખુદાવંદે આલમ બહુ જ જલ્દી મારી શાહઝાદી જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા)ની ઝિયારતથી મને મુશર્રફ કરે. તે વખતે જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા) સમજી ગયા કે આ ઉમ્મે હબીબા છે. કહ્યું કે તેં કોઈ દિવસ ઝયનબને જોઈ છે? શું ઝયનબને જોઈશ તો તું ઓળખી શકીશ? ઉમ્મે હબીબાએ કહ્યું : કેમ ન ઓળખું? હું તેમની એક અદના કનીઝ છું અને વરસો સુધી મેં તેમની ખિદમત કરી છે. ફરી જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા)મે કહ્યું કે :અય ઝઈફા! તું ઝયનબને ઓળખી શકીશ? તેણીએ કહ્યું : જરૂર ઓળખી શકીશ. હવે જનાબે ઝયનબ (સલામુલ્લાહે અલય્હા) સબ્ર ન કરી શકયા. રડી રડીને કહેવા લાગ્યા કે : અય ઉમ્મે હબીબા! તેં ઝયનબને ન ઓળખી. "અના ઝયનબો બિન્તે અલીયુંવ વ ફાતેમહ - અય ઉમ્મે હબીબા! હું જ ઝયનબ દુખ્તરે અલી વ ફાતેમા છું, ન મારા માથા ઉપર ચાદર છે, ન મકના છે! અરે! ઊંટ ઉપર ઝયનબ તારી સામે મવજુદ છે. અય ઉમ્મે હબીબા! મદીના બરબાદ થઈ ગયું, મારો ભાઈ માર્યો ગયો, અરે! અમો લૂંટાઈ ગયા, તારા આકાનું સર નેઝા ઉપર તારી સામેથી પસાર થયું પણ તેં ન ઓળખ્યું! અરે, સર વગરનું જિસ્મ કરબલાની ધગધગતી ગર્મ રેતી ઉપર પડયું છે, અરે, મોતે અમારા ઘરને બરબાદ કર્યું, આહ! એક બીમાર ફરઝંદ કે જે તૌકો ઝંજીરમાં ગિરફતાર છે તેના સિવાય મરદોમાં કોઈ બાકી ન રહ્યું! ઉમ્મે હબીબાએ તે વખતે એટલું બધું માતમ કર્યું કે, ગશ ખાઈને અગાશી ઉપરથી ઝમીન ઉપર પડી. માથું ફાટી ગયું અને ç રૂહ જન્નતમાં પરવાઝ કરી ગઈ.

*અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝઝાલેમીન.*